ડિસેમ્બર, ૨૦૧૪

પાવન હૃદય

# દૂત

મૂળ સામયિકની સ્થાપના: ૧૯૧૨


વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/-



નગર નગર આનંદ ભર્યો,
મારીઆ-ખોળે આજ પ્રભુએ જનમ ધર્યો.

# *Congratulations on 25th Wedding Anniversary*

## 29/12/1989 – 29/12/2014



Congratulations to you my beloved Papa **Dineshbhai** and Mummy **Anitaben** on completing 25 sweet years of walking together on the path of blessed life. I wish and pray God to shower His blessings on you and may the years ahead be filled up with joy, peace and happiness.



***Your Loving Daughter***
***Era***

## HAPPY RETIREMENT DAY
## 30/11/2014



We are thankful to God for enabling Shri Dineshbhai Parmar to complete his services as an Executive Engineer (Electrical) from ONGC, Ahmedabad and wish him healthy and happy retirement life.

*

***Anita & Era***





'સકલ મારું અંતર ગાયે પ્રભુજી તુજ આભાર
દેવદૂતોની આગળ હું તો તારો કરું જયકાર.'

# આભાર... અભિનંદન... શુભેચ્છા...





સર્વશક્તિમાન પરમાત્માની કૃપા અને આશીર્વાદથી સભર,

આપના ૬૦મા જન્મદિને

આપનો આભાર...
આપને અભિનંદન...
તથા શુભેચ્છા.

***Many many Happy Returns of the Day!***

***Happy Birthday Dear Peter Macwan***
***Date of Birth: 22-11-2014***

આપે જીવનમાં મોજમઝાને પ્રાધાન્ય ન આપ્યું. કઠોર પરિશ્રમ કરી શૂન્યમાંથી સર્જન કર્યું.
આપનું સુઆયોજિત સાદગીપૂર્ણ સરળ પ્રભુમય જીવન અમારે માટે આદર્શ છે.
પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ આપ હંમેશ આનંદિત રહ્યા.
કરકસરયુક્ત સહજ જીવનમાં આપે આગળ અને આગળ ધપતા રહી, નિશ્ચિત ધ્યેય પ્રાપ્ત કર્યો.
આપના અથાગ પ્રયાસથી જ આજે અમે સુખી અને આનંદિત જીવન
આપની છત્રછાયામાં જીવી રહ્યાં છીએ. આપનો ખાસ આભાર.
આપનું શેષ જીવન આનંદિત અને નિરામય બને એજ અભ્યર્થના યાચતાં,



આપની સહધર્મચારિણી રેગીના મેકવાન
તથા
આપનાં સંતાનોઃ વિજય, સંજય, પ્રિયંકા અને લાડલો પ્રિન્સ
મુંબઈ (મો. ૯૮૯૨૧ ૫૦૭૯૫)

*સ્વજનો-સ્નેહીજનોને નાતાલ તથા નૂતનવર્ષની શુભકામના.*
*Wishing you A Merry Christmas & A Happy New Year 2015*

## ફ્લેટની કિંમતમાં તમારું પોતાનું ઘર

## N.A., N.O.C., Title Clear

# Purshottam Park

**૨ બેડરૂમ + બેઠકરૂમ + રસોડાના અદ્યતન રો-હાઉસ**



- દરેક રો-હાઉસની આગળ ૫'૬" જગ્યા.
- દરેક રો-હાઉસને પોતાનો સ્વતંત્ર પાણીનો બોર.
- અગાસીમાં જવા માટે સુવ્યવસ્થિત દાદર કેબિન સાથે.
- સોસાયટીની અંદરના P.C.C.ના પાકા રસ્તા.
- સોસાયટીનો સુંદર મેઈન-ગેટ.
- દરેક રો-હાઉસના સ્વતંત્ર પાર્કિંગ એરિયામાં પેવર બ્લોક.
- સોસાયટીના મેઈન રોડ ૨૫' પહોળા.
- શરતોને આધીન.

**વધારે વિગત માટેઃ**

**૮૮૬૬૧ ૬૮૯૨૭, ૯૯૨૪૬ ૮૬૬૦૦**

**સાઈટ એડ્રેસઃ**

પુરષોત્તમ પાર્ક, ગ્રીનલેન્ડ સોસાયટીની બાજુમાં,
સરકારી વસાહત પાછળ,
મિશન રોડ, નડીઆદ - ૩૮૭૦૦૨

Jeremy Education Centre
JEC
Result Oriented - Quality Education









GRE TOEFL GMAT IELTS PTE
SAT ACT PSAT CMAT
ENGLISH SPEAKING GRAMMAR
PERSONALITY DEVELOPMENT

*Online Coaching at Various Countries*

*Material and Soft copies provided*
*Individual attention guaranted*
*Separate Mock tests facility*
*Library facility available*
*Online tests available.*

## AUTHENTIC VISA COUNSELING AND PROCESS SUPPORT

**Head office:** 45, 4th floor, “Shilalekh” complex, Above SBI bank, Nehru park, Vastrapur Lake, Ahmedabad.
**(O)** 079- 2675 2676 **(M)** 9724031501 / 9601421347

**Branch office:** 201, 2nd floor, “Sunmars” complex, Near SR petrol pump, Nizampura main road, Vadodara.
**(O)** 0265- 2788 501 **(M)** 96014 21347 / 88663 47586

**E-mail:** usmlegujarat@gmail.com **Website:** www.jeremyeducation.org


Advait PSAT 180


Arnim IELTS 8.5


Denil GMAT 650


Komal GRE 316


Nitesh TOEFL 107


Dhruv SAT 2190


Ujjval ACT 31





## ફક્ત ખ્રિસ્તી ભાઈ-બહેનો માટે જ વહેલા તે પહેલા ધોરણે બૂક કરવા

:: સંપર્ક ::

**નરેશભાઈ આર. પ્રજાપતિઃ ૯૮૯૮૮ ૪૦૪૭૫**
**રોની આર. મેકવાનઃ ૯૯૦૪૫ ૫૪૯૪૭**
**મહેશ એન. પ્રજાપતિઃ ૯૭૨૩૭ ૨૦૮૦૩**
**કાન્તીભાઈ ટી. મેકવાનઃ ૯૮૫૮૫ ૨૮૪૬૬**

## SITE PLAN




### સ્પેસીફીકેશન


- બારી બારણાં : એલ્યુમિનીયમ તેમજ વોટરપ્રુફ ફ્લશ ડોર, મુખ્ય દરવાજો ડેકોરેટીવ, બારણાનાં ચોકઠા સિમેન્ટના રહેશે.
- પ્લાસ્ટર : અંદર સ્મુધ પ્લાસ્ટર તથા બહાર સેનફેસ પ્લાસ્ટર.
- ફ્લોરીંગ : વિટ્રો ટાઇલ્સ ફ્લોરીંગ તથા બાથરૂમમાં સ્પાટેક.
- પ્લેટફોર્મ : પ્લેટફોર્મ ઉપર ગ્રેનાઇટ, પ્લેટફોર્મ સેન્ડવીચ તથા દાદરમાં ગ્રીન માર્બલ
- ગ્લેઝડ ટાઇલ્સ : કીચનમાં લીન્ટલ લેવલ ડેડો, બાથરૂમમાં ફૂલ હાઇટ, સંડાસમાં 3'
- કલર : અંદર ડિસ્ટેમ્બર અને બહાર સ્નોસેમ પેઇન્ટ
- અગાસી : આઇ.પી.એસ. તળીયું.

### સામાન્ય શરતો

- ☑ બાંધકામ આર્કીટેકની સલાહ મુજબ થશે. બહાર એલીવેશનમાં કોઇને કોઇપણ જાતનો ફેરફાર કરવા દેવામાં આવશે નહિ.
- ☑ લોન પેપર્સ, દસ્તાવેજ તેમજ જી.ઇ.બી. પાવરનો ખર્ચ અલગથી ચુકવવાનો રહેશે.
- ☑ બ્રોશરમાં દર્શાવ્યા મુજબના સ્પેસીફિકેશન સિવાયના કોઇપણ પ્રકારના એકસ્ટ્રા કામ માટે જે તે કામનું પેમેન્ટ એડવાન્સ આપવાનું રહેશે.
- ☑ પ્રસ્તુત બ્રોશરમાં દર્શાવેલ કેટલીક વિગતો ફકત ઘર કે સોસાયટી કેવી રીતે સુંદર અને આકર્ષક બનાવી શકાય તેના ભાગરૂપે છે તે કોઇ કાયદાકીય કરાર નથી.
- ☑ બાંધકામ તથા એલીવેશનમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવાનો હક્ક ડેવલોપર્સનો રહેશે.

### પેમેન્ટ શરતો

- ☑ ૩૫ % બુકીંગ સમયે
- ☑ ૨૫% ફર્સ્ટ ફ્લોર સ્લેબ સમયે
- ☑ ૨૦% પ્લાસ્ટર સમયે
- ☑ ૧૫% ફ્લોરીંગ સમયે
- ☑ ૦૫% પઝેશન સમયે




**સુવિધાઓ : આર.સી.સી. રોડ - ગટર લાઈન - પાણીનું કનેક્શન - કમ્પાઉન્ડ વોલ - વિશાળ કોમન પ્લોટ**

## બુકીંગ ચાલુ છે

# પિનલ એવન્યુ

**સંપર્ક :**

નરેશભાઈ આર. પ્રજાપતિ : ૯૮૯૮૮૪૦૪૭૫,
મેહુલ એન. પ્રજાપતિ : ૯૭૨૩૭૨૦૮૦૩
રોની આર. મેકવાન : ૯૯૦૪૫૫૪૯૪૭,
કે. ટી. મેકવાન : ૯૫૫૮૫૨૮૪૬૬

**ઓર્ગેનાઈઝર :**

નરેશભાઈ રૂપાભાઈ પ્રજાપતિ,
મેહુલ નરેશભાઈ પ્રજાપતિ

**સેન્ટ મેરી સ્કુલની પાછળ, પીનલ પાર્ક પાસે, મરીયમપુરા, રંગાઈપુરા, તા. પેટલાદ, જી. આણંદ.**

Wishing You Happy Christmas and
Prosperous New Year-2015



Dr.Rashmin Cecil * Mrs. Nita Cecil
* Koral * Samashti
&
Killol Hospital Family

Killol Children's Hospital, Mahavir Marg,ANAND-388001 Guj.
Ph.(02692)259211,268089. E:r4rashmin.cecil@gmail.com

facebook.com/kchanand YouTube youtube.com/kchanand twitter.com/kchanand

**Publisher's Name**
**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**
Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**
**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**
**Anand Press**
P.B. No. 95,
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**
**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રીઃ**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રીઃ**
જસવંત મેકવાન (મોઃ ૯૪૨૭૩ ૮૨૯૯૭)

**સહતંત્રીઃ**
શૈલેષ ક્રિસ્ટી (મોઃ ૯૪૨૭૦ ૦૪૦૦૨)

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેશ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
ફાધર રત્નાસ્વામી

**જાહેરાત અને પ્રસાર**
ઈલોમીના એ. મહિડા

**લવાજમઃ** બિનલ પી. મેકવાન

**ટાઈપ સેટિંગઃ** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈનઃ** વિજય મેકવાન

# અનુક્રમણિકા

**તંત્રીની કલમે**

આનંદ, પૂર્ણ આનંદ ✧ જસવંત મેકવાન ૧૧

**કાવ્યધારા (સંપાદકઃ ડો. સિલાસ પટેલિયા)** ૧૩

કવિ પ્રકાશ 'જલાલ' ✧ યાકુબ પરમાર ✧ જોસેફ વાય. મેકવાન ✧ સિલાસ પટેલિયા ✧ બકુલ મેકવાન

**તમારો પત્ર** ૧૪

ઉષાબેન ✧ 'રાજબંધુ' જયંત એમ. પરમાર ✧ આલોઈસ પીટર ડાભી ✧ શાંતિલાલ મેકવાન ✧ બ્ર. સેમ્યુલ ક્રિશ્ચિયન ✧ રવિ મેકવાન ✧ મનોજ ક્રિસ્ટી ✧ નિલેશ સાયમન પરમાર ✧ ફ્રાન્સિસ ગાલુસ મેકવાન ✧ રંજના રાજેન્દ્ર પરમાર ✧ કિરણકુમાર આર. શાહ

**લેખો**

વિશ્વશાંતિના વાહકો બનવા આહ્‌વાન ✧ બ્રધર બાલુ મદાનુ ભાસ્કર ૧૮
ગોવાના સંત ઝેવિયર ✧ સંકલન. થોમસ પરેરા ૨૦
વિશ્વ વિકલાંગ દિન ✧ સંકલન. તંત્રી ૨૧
મુક્તિ પોતાની પસંદગી ✧ ધર્મગુરુ હેરી પિન્ટો ૨૪
HIV - એઈડ્સ ✧ વિક્ટર મેકવાન ૨૬
ડિસેમ્બરના શાસ્ત્રપાઠ ✧ ગુજરાત વિદ્યાદીપ - સેવાસી ૨૮
મે'રી ક્રિસમસ ✧ ઈન્દુ રાવ ૩૧
ઈસુનો જન્મ ✧ ફ્રા. જેમ્સ બી. ડાભી એસ.જે. ૩૨
ઈસુ કેમ આવ્યા? ✧ ડો. ફાધર અરસકુમાર ૩૪
નાતાલનું નજરાણું ✧ સ્નેહલતા ભાટિયા ૩૬
શ્રદ્ધાંજલિ ૩૮

**કિશોરમિત્ર (સંપાદકઃ રાજેશ ક્રિશ્ચિયન)** ૪૩-૪૬

શબ્દ માનવ બન્યો ✧ અનુ. જોન ફિલીપ મેકવાન ૪૭
કુટુંબ જીવન અને શ્રદ્ધા ✧ રેવ. ફાધર ફ્રાન્સિસ પરમાર એસ.જે. ૪૮
પરિવારની સંબંધ યાત્રા ✧ ફાધર મયંક પરમાર એસ.ડી.બી. ૫૦
મારી હાકલ ✧ ડીકન મહેશ ઈ.સ. ૫૨
આભાર ✧ શૈલેષ ક્રિસ્ટી ૫૩

**પંખીની પાંખે (સંપાદકઃ શૈલેષ ક્રિસ્ટી )** ૬૫


**આવરણઃ** દેવદૂતે ભરવાડોને કહ્યું : "બીશો નહિ, સાંભળો, હું તમને ભારે આનંદના શુભસમાચાર આપવા આવ્યો છું, આખી પ્રજાને પણ એથી આનંદ આનંદ થઈ રહેશે. આજે દાવિદના નગરમાં તમારો મુક્તિદાતા અવતર્યો છે એજ ખ્રિસ્ત અને પ્રભુ છે, એની એંધાણી એ કે તમે એક બાળકને કપડામાં લપેટીને ગમાણમાં સૂવાડેલો જોશો." (લૂક ૨:૧૦-૧૨)

આ અંકમાં અને કિશોરમિત્રમાં લીધેલ ફોટોગ્રાફ્સ સૌજન્યઃ ગુગલ




"આપણો ઉત્કટ આનંદ ખ્રિસ્તમાંથી જ ઉદ્‌ભવે છે, જે આપણને તેમના શિષ્ય બનવા, તેમનું અનુકરણ કરવા, સાયુજ્ય સાધવા અદમ્ય ઉત્સાહ પ્રેરે છે."

## ગુજરાતના કેથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કેથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કેથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.


### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ,
આણંદ - ૩૮૮ ૦૦૧

### કાર્યાલયનો સમયઃ

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847**
**http://www.gspbooks.in/periodicals.php**
**e-mail : phdoot@gmail.com**

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૪૫૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

### જાહેરખબરના દર

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૯,૫૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : | રૂા. ૯,૦૦૦ |

### અંદરનાં સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૬,૦૦૦ |
| અર્ધુ પેજ | : | રૂા. ૩,૦૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૧,૫૦૦ |
| ટચુકડી | : | રૂા. ૫૦૦ |

દર મહિને જાહેરાત આપવાની છેલ્લી તારીખ ૧૫ અને જાહેરાતનું રૂબરૂ પ્રુફ જોવાની તારીખ ૨૦ રહેશે.

### લવાજમ/જાહેરાતની રકમ ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધા જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો તેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧
**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847 e-mail : phdoot@gmail.com**

## તંત્રીની કલમે...

# આનંદ, પૂર્ણ આનંદ



'વહેલી સવારે દુઃખને ટોપલામાં ભરીને શાકભાજીવાળો, શાકબજારમાં વેચવા જાય છે, દુઃખની લાકડી હાથમાં ટેકીને એક વૃદ્ધ દફ્તરનો દાદર ચઢે છે, સૂકાયેલાં પાંદડાની જેમ દુઃખને પાઠ્યપુસ્તકની વચ્ચે રાખીને એક શિક્ષિકા વિદ્યાર્થીઓને કબીરના દુહા ભણાવે છે, દુઃખના દીવડા પ્રગટાવીને મંદિરનો પૂજારી દેવતાની આરતી ઉતારે છે, દૂધથી અડધા ભરેલા પ્યાલામાં દર્દ ભરીને એક ગરીબ બાળક પીએ છે, દુઃખનાં તણખલાં વીણીને એક ચકલી પોતાનો માળો બનાવે છે.' જેવાં શબ્દચિત્ર હિન્દી કવિ અશોક વાજપેયી 'દુઃખ' કવિતામાં રજૂ કરે છે, જે વાસ્તવિક વિશ્વથી દૂર નથી!

'એક બાળહરણી, મૃગજળને જળ માની લઈને, તરસ છીપાવવા દોડ્યા કરે છે, ઉનાળાનો પ્રખર સૂર્ય તેને દઝાડે છે, આખરે પાણી વિના બાળહરણી તરફડી મૃત્યુ પામે છે.' કથાનું વર્ણન કરીને કવિ કાન્ત 'મૃગતૃષ્ણા' કાવ્યને અંતે વિધાતાને પ્રશ્ન કરે છે :

'નથી ઈશ્વર દુઃખીનો, થયું જે જે હતું થવું :
દુનિયામાં હવે શાને, અરેરે! હાય! જીવવું?'

સવારથી સાંજ સુધી, વર્ષના પ્રથમ દિવસથી અંતિમ દિવસ સુધી જેટલા લોકો આપણા સંપર્કમાં આવે છે, તેમાંના મોટાભાગના લોકો દુઃખી હોવાનો એકરાર કરતા હોય છે, બહુ ઓછા લોકો 'સુખી છું' એમ સંતોષ વ્યક્ત કરતા હોય છે. દુનિયામાં મહદ અંશે દુઃખનો પ્રભાવ જોવા મળે છે, એટલે કોઈને પણ પ્રશ્ન અચૂક થાય કે, પરમેશ્વરે માણસનું સર્જન કેવળ દુઃખી જીવન જીવવા માટે જ કર્યું છે? કે પછી અન્ય કોઈ કારણ છે જે માનવને સુખથી વંચિત રાખે છે? ખ્રિસ્તજયંતી અને નૂતનવર્ષ-આનંદના મંગલ ટાણે આપણે સૌ આ પ્રશ્ન અંગે વિચારીએ, આનંદની ખોજ કરીએ, રોજબરોજના જીવનમાં આનંદ આનંદ થાય, પૂર્ણ આનંદ મળે તેનું ચિંતન કરીએ.

મારા એક મિત્ર દંપતીએ એક અનાથ આશ્રમમાંથી બાળક દત્તક લેવાનું નક્કી કર્યું. આશ્રમની પ્રારંભિક તપાસથી માંડીને બાળકને ખરેખાત દંપતીના ખોળામાં સોંપવામાં લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડ્યું. આશ્રમના સંચાલકનો આભાર માનતાં મેં એક પ્રશ્ન પૂછ્યો : 'બાળક દત્તક લેવાની વિધિમાં આઠ-દસ મહિના વીતી ગયા, શું આ સમયગાળો ઓછો થાય એવો કોઈ ઉપાય ખરો?' સંચાલકે જે જવાબ આપ્યો, તેણે મને વિચાર કરતો કરી દીધો : 'સર, આ સમયગાળો નિઃસંતાન દંપતીમાં બાળકને સ્વીકારવાની ઉત્કટતાને વેગ આપવાનો છે, બાળકને મેળવવાની ઝંખના જેટલી વધારે પ્રબળ, તેટલું બાળક વધારે સુરક્ષિત.'

કવિ વાજપેયી 'દુઃખ' કાવ્યના અંતે ઉમેરે છે : 'માનવજીવનમાં દુઃખ આકાશની જેમ અનિવાર્ય છે, ગ્રીષ્મના તાપમાં ગુલમહોર મહોરી ઉઠે છે તેમ સંઘર્ષ અને દુઃખની વચ્ચે સુખનું કમળ ખીલે છે.'

વિધાતાને વેધક પ્રશ્ન પૂછનાર કવિ કાન્ત પણ વાંચન અને અનુભવના અંતે 'ચક્રવાક મિથુન' ખંડકાવ્યમાં પરમાત્માને કરુણાદ્ - સુખનો સાગર તરીકે વર્ણવે છે. દુનિયામાં સુખદુઃખની વાતો-બાબતો-કથાઓ રજૂ કરનારાઓ અસંખ્ય છે. ધર્મ, ધર્મગુરુઓ, ધર્મશાસ્ત્રો, સંત-મહાત્માઓ વગેરેનાં જીવનકવનમાં કોઈને કોઈ રીતે આનંદની ખોજ જોવા મળે છે. વાણી, વિદ્યા, જ્ઞાન, જપ, વ્રત, તપ, ભક્તિ, પ્રાણ, મોક્ષ, શાશ્વત જીવનની કેટકેટલી ચર્ચાઓ થઈ છે? પણ તેની અવગણના થાય છે, તેનું આચરણ નહીવત્ થાય છે એટલે આનંદની ખોટ વર્તાય છે.

એક તત્ત્વચિંતકે યથાર્થ કહ્યું છે : 'જે પોતાની ઈન્દ્રિયોને કાબૂમાં રાખી શકતો નથી. જેને જગતનાં પ્રલોભન નિરંતર આકર્ષે છે, જેઓ દંભમાં જીવન ગાળે છે, તેઓ આનંદથી દૂર જાય છે. સયંમી અને સત્યવાદી જ જીવનના આનંદ, પરમાનંદ તરફ ગતિ કરી જ શકે છે.' આહાર, નિદ્રા અને ભય, મનુષ્ય અને પશુમાં સમાન લક્ષણ છે પણ પરમાત્માની પ્રતિમૂર્તિરૂપ મનુષ્યની સયંમ અને તપ કરવાની શક્તિ તેને પશુથી ચડિયાતો, ઉન્નત સિદ્ધ કરે છે. ઈન્દ્રિયપરાયણતા પશુ સામાન્ય ધર્મ છે, જિતેન્દ્રિયતા મનુષ્યની વિશેષતા છે. મનુષ્યને અન્ન, વસ્ત્ર, મકાન મળવાં જોઈએ પણ તેથી વધારે સંયમ-જિતેન્દ્રિયતા મળવાં જોઈએ, ઈન્દ્રિયદમન-તપસ્યાની યોગ્યતા મળવી જોઈએ.

'વર્ષા તમારી રાહ જુએ છે' નિબંધમાં લેખક ભૂપત વડોદરિયા, વર્ષાની શીતળતાના અનુભવ માટે ગ્રીષ્મના આકરા તાપને પૂર્વશરત તરીકે ગણાવે છે. વૃક્ષોનું ઉદાહરણ આપતાં સમજાવે છે કે, ઉનાળાના ધોમધખતા તડકાને સહી લેનાર વૃક્ષો વરસાદની એક એક બુંદની આહ્લાદતાની અનુભૂતિ કરે છે, પ્રસન્નતાનો અનુભવ કરે છે. 'વસન્તયાપન'માં કવિગુરુ રવીન્દ્રનાથ ટાગોર પાનખરની તીવ્રતાને હેમંતના અંકુરણ માટે જવાબદાર ગણાવે છે. એજ પ્રકૃતિદત્ત ન્યાયે આનંદપ્રાપ્તિ માટે પણ સંયમ-આત્મનિયમન, અનુશાસન અને સાધના-તપસ્યા અનિવાર્ય બને છે.

સંપૂર્ણ બાઈબલમાં ઉત્પત્તિના ગ્રંથમાં સર્જનની કથા (અધ્યાય: ૧)માં ઈશ્વરે પોતાની પ્રતિમૂર્તિરૂપે માણસને પેદા કર્યો અને આશીર્વાદ આપ્યા. આશીર્વાદ દુઃખી થવા તો હરગિજ આપ્યા નથી,

હવે પછીના અધ્યાય(૨:૧૫-૧૭)માં 'પ્રભુ પરમેશ્વરે માણસને લઈને તેને એદનના બગીચાને ખેડવા અને સંભાળવા માટે તેમાં મૂક્યો. તેણે તેને આજ્ઞા કરી કે "તારે બગીચામાંના બધાં ઝાડનાં ફળ છૂટથી ખાવાં, પણ સારાસારના જ્ઞાનના વૃક્ષનાં ફળ તારે ખાવાં નહિ, કારણ જે દિવસે તું એ ફળ ખાશે, એ દિવસે તારું મોત નિશ્ચિત માનજે." અહીં છે અનુશાસન-સંયમની વાત. પછી તો અનેક પયંગબરોના મુખે સંયમ-તપસ્યાની વાતો પ્રગટ થઈ છે. નવા કરારમાં ભગવાન ઈસુએ વિવિધ દૃષ્ટાંતો દ્વારા આજ વાતને અનુમોદન આપ્યું છે. આ બધાની ફળશ્રુતિરૂપ આનંદના વરદાનનો સમાવેશ પણ થયો છે જ.

ઈસુના અગ્રદૂત યોહાનના જન્મની ભવિષ્યવાણી ઉચ્ચારતાં દેવદૂતે ઝખરિયાને કહ્યું હતું : 'તારો આનંદ માશે નહિ અને એના જન્મથી પુષ્કળ લોકો હરખ પામશે.' (લૂક ૧:૧૪) ઈસુના જન્મ પછી પૂર્વમાંથી કેટલાક પંડિતો ઈસુનાં દર્શન કરવા નીકળી પડ્યા હતા. યરુશાલેમમાં અદશ્ય થઈ ગયેલો તારો તેમની આગળ આગળ ચાલવા લાગ્યો અને આખરે પેલો બાળક જ્યાં હતો તે જગ્યા પર આવીને થંભી ગયો. 'તારાને જોઈને તેમના આનંદનો પાર રહ્યો નહિ.' (માથ્થી ૨:૧૦) એટલે ઈસુના અગ્રદૂત યોહાનના જન્મની ભવિષ્યવાણી, જન્મ તેમજ ઈસુના જન્મની વધામણી જ આનંદની વધામણી બની હતી, એમ જ આજે પણ બનવું જોઈએ.

જાહેર જીવનમાં શિષ્યસમુદાયને ઈસુએ આનંદ-પૂર્ણ આનંદની પ્રાપ્તિ માટે (તપસ્યાનો) આદેશ આપ્યો છે. 'પિતાએ જેમ મારા ઉપર પ્રેમ રાખ્યો છે તેમ મેં તમારા ઉપર પ્રેમ રાખ્યો છે. મારા પ્રેમની છાયામાં તમારો વાસ રહો. ' મેં જેમ મારા પિતાની આજ્ઞાઓ પાળી છે અને તેમના પ્રેમની છાયામાં હું વસું છું, તેમ મારી આજ્ઞાઓ જો તમે પાળશો તો મારા પ્રેમની છાયામાં તમારો વાસ રહેશે. આ મેં તમને એટલા માટે કહ્યું છે કે **જેથી મારો આનંદ તમારો આનંદ બને અને તમારો આનંદ પૂર્ણતાને પામે.'** (યોહાન ૧૫:૯-૧૧)

ભગવાન ઈસુનો જન્મ, જાહેરજીવન, ચમત્કારો, પુનરુત્થાન, પવિત્ર આત્માનું વરદાન, ધર્મસંઘનો આરંભ, એમ સઘળે ઠેકાણે આનંદનાં દર્શન થાય છે. આ બધાના પરિપાકરૂપે વર્તમાન વડાધર્મગુરુ ફ્રાન્સિસે 'શુભસંદેશનો આનંદ' પરિપત્ર પ્રકાશિત કરીને સાંપ્રતકાળમાં પણ તેની આવશ્યકતા સ્વીકારી છે.

કેવળ આનંદ નહીં પરંતુ પૂર્ણ આનંદનું વરદાન માનવજાતને મળ્યું છે પણ એ માટે આજ્ઞાપાલનનો આદેશ છે. સયંમ અને તપસ્યા વિના આજ્ઞાપાલન શક્ય છે ખરું? તેથી ઉલટું આજ્ઞાભંગ આપણને આનંદથી વંચિત રાખી શકે! માતા ધર્મસભા આગમનઋતુના ચાર રવિવાર-અઠવાડિયાં ખ્રિસ્તજયંતીની આધ્યાત્મિક તૈયારીરૂપે શ્રદ્ધાળુઓ આગળ ધરે છે, જેથી ખ્રિસ્તજયંતી - નૂતનવર્ષ સૌના માટે આનંદનું પર્વ બની રહે.

આગમનઋતુના ત્રીજા રવિવારને ધર્મસભા આનંદનો રવિવાર તરીકે ઓળખાવે છે. આવા એક રવિવારે, વડાધર્મગુરુ ફ્રાન્સિસે 'દૂત વંદના' માટે એકત્ર થયેલાં દર્શનાર્થીઓને સંબોધન કરતાં કહ્યું હતું :

'ખ્રિસ્તના સંદેશને શુભસંદેશ કહેવામાં આવે છે એટલે કે શુભ મંગલપ્રદ, કલ્યાણકારી. સર્વ પ્રજા માટે આનંદની ઘોષણા. ધર્મસભા એ દુ:ખી લોકોનું આશ્રયસ્થાન નથી, આનંદનું ધામ છે.' આનંદના રવિવારના શાસ્ત્રપાઠ આનંદનું આમંત્રણ છે. ખ્રિસ્તજયંતીની ઉજવણી માટે નવેસરથી તૈયારી કરવાનો અનુરોધ છે. શુભસંદેશનો આનંદ એ કોઈ સામાન્ય પ્રકારનો સ્થૂળ આનંદ નથી. જીવનના કોઈપણ સંજોગોમાં પરમેશ્વર આપણને આવકારે છે. ઈશ્વરપુત્ર આપણા ઉદ્ધાર માટે પધારે છે, ખાસ કરીને જેઓ આશા ગુમાવી બેઠાં છે! આપણા ગુનાઓ ગમે તેટલા ભયંકર હોય, મુશ્કેલીઓ ડગમગાવી નાખે, તેમ છતાંય આપણી નબળાઈઓ વિજેતા બને એવું પરમેશ્વર ઈચ્છતા નથી! દયાસાગર પરમેશ્વર ભાંગેલા હૈયાના ઘા રુઝાવવા, કેદીઓને છુટકારો આપવા, બંદીવાનોને મુક્તિની જાહેરાત કરવા સર્વશક્તિમાન છે.

ખ્રિસ્ત આપણો આનંદ છે. એટલે જે ખ્રિસ્તીઓ શોક કરે છે તેઓ ખ્રિસ્તથી દૂર છે એમ કહી શકાય, એટલે ખ્રિસ્તના અંતેવાસીઓએ પયંગબર યશાયાના શબ્દોમાં એકરાર કરવો જોઈએ.

'પ્રભુના ઉપકારો સંભારીને મારો આનંદ સમાતો નથી, મારા પરમેશ્વરને સંભાળીને મારું હૈયું હર્ષથી ઉભરાય છે, કારણ તેણે મને મુક્તિનાં વસ્ત્રો પહેરાવ્યાં છે, વિજયના વાઘા સજાવ્યા છે.'

(યશાયા ૧:૧૦)

મહાશ્રી પોપ ફ્રાન્સિસે 'સંન્યસ્તજીવન વર્ષ'ના ઘોષણાપત્ર 'રીજોઈસ' (Rejoice)માં આનંદની સંકલ્પના સ્પષ્ટ કરી છે : આપણી અલ્પ સ્મરણશક્તિ અને છીછરા અનુભવો, અવારનવાર આપણને 'આનંદપ્રદ ક્ષણો' માણવા રોકી રાખે છે, જ્યાં આપણે પરમાત્મા અંગેના મનન-ચિંતનનો આસ્વાદ કરી શકીએ. આનંદમગ્ન રહેવા માટે આપણી પાસે હજારો કારણો છે.

જગતમાં મહદ્ અંશે આનંદનો અભાવ જોવા મળે છે, કોઈ બૃહદ મહાકાવ્યનાં પરાક્રમ સફળ-સિદ્ધ કરવા કે વિદ્‌તાપૂર્ણ વાણીમાં ઉપદેશ આપવા આપણને હાકલ મળી નથી પરંતુ અમારો ઉદ્ધાર થયો છે એવા વિશ્વાસના બળે અને પરમાત્મા અમને પ્યાર કરે છે. એવા જ્ઞાનથી ભરપૂર, આનંદની સાક્ષી આપવાની હાકલ છે.

આનંદની ચાવી હાથમાં આવી જાય તો કેવળ તહેવાર કે ઉત્સવ પૂરતો જ નહીં પણ રોજ રોજ આનંદ થાય, આનંદ પૂર્ણતા પામે.

સ્તોત્રસંહિતા (૧૨૬:૩)માં મુક્તિનો આનંદ પ્રગટ થયો છે :

'અમારી કાજે પ્રભુએ જ કેવાં,
સાચે કર્યાં કાર્ય મહાન મોટાં!
આનંદ નહોતો ઉરમાં સમાતો.'

ખ્રિસ્તજયંતી ૨૦૧૪નું પર્વ આપને માટે આનંદનું પર્વ બની રહે અને નૂતનવર્ષ - ૨૦૧૫ આપના આનંદને પૂર્ણ આનંદ તરફ ઉર્ધ્વગતિ કરનારુ બને એજ શુભેચ્છા.

— જસવંત મેકવાન
Email: jasvantmacwan@ymail.com

# કાવ્યધારા



## ઈસુ પધારશે

હૈયે બધાંનાં એક દિ' ઈસુ પધારશે,
સંવેદનાથી, પ્રેમથી, ઈસુ પધારશે!
કરજો પ્રતીક્ષા એની હૃદયના જ ઉંબરે,
બાળક બની ગભાણથી ઈસુ પધારશે!
એને નડે ન કાળ અને સ્થાનના નિયમ,
પોકારશો તે સ્થાનથી ઈસુ પધારશે!
એ ન્યાયના દિવસની કંઈ રાહ નહીં જુએ,
સામાન્ય વાતચીતથી ઈસુ પધારશે!
કોઈને પ્રેમ કરતી વખત દિલ ન કાંપજો,
કે પ્રેમના પ્રવાહથી ઈસુ પધારશે!

— કવિ પ્રકાશ 'જલાલ'

## નાતાલ (મુક્તકો)

નાચવા ગાવા સુધી સીમિત છે,
કેકના ખાવા સુધી સીમિત છે,
આપણા ને ઈસુના સંબંધ તો,
દેવળે જાવા સુધી સીમિત છે.

પ્રભુના વ્હાલનાં તોરણ અમે બાંધી નથી શકતા,
તૂટેલા તાર હૈયાના અમે સાંધી નથી શકતા,
વરસ પૂરું થતાં નાતાલ રંગારંગ જામે છે,
છતાં સૂનકાર હૈયાનો અમે ભાંગી નથી શકતા.

નવી થઈ આવતી હરસાલ એ
નાતાલ ચાલી ગઈ,
જગાવે પૂર જેવું વ્હાલ એ નાતાલ ચાલી ગઈ,
હવે ઉજવાય છે નાતાલ યાદોમાં અમારી,
કરે સીધા જીવનના તાલ એ નાતાલ ચાલી ગઈ.

મજાના બાળને પાયે પડીને જોઈ લેવા દો,
ખુશીનાં આંસુની આજે રડીને જોઈ લેવા દો,
પછી એ ક્રોસ ઉપર લોહીમાં સુકાઈ જાવાનાં,
પ્રભુનાં રેશ્મી ઝુલ્ફો અડીને જોઈ લેવા દો.

— યાકુબ પરમાર

## વીણા વાગે છે

રાજા દાઉદને દરબાર વીણા વાગે છે
વાગે છે વીણા વાગે છે
વાગે છે સૂરમંડળ વાગે છે
વાગે છે ખંજરી વાગે છે...
વાંચે છે શાસ્ત્રો વાંચે છે
વાણી ભવિષ્યની કથાય...
દેવપુત્ર જન્મશે એવા અવનિ પર
શુભ સંદેશા અપાય... વીણા વાગે છે...
પાપીઓનાં પાપ પ્રજાળવા
દેવ જન્મ લેશે જગમાંય
પૂર્વમાં તારલો પ્રકાશસે
એતો એંધાણી દેનાર...
ભરવાડો, માગી રાજાઓ
દેવના દરશને જાય... વીણા વાગે છે...
સૌ ગરીબ તવંગર હરખાશે
સૌનું થાશે કલ્યાણ...

— જોસેફ વાય. મેકવાન

## નાતાલ

થીજી ગયેલો
કાળમીંઢ અંધકાર
શિશુ ઈસુની આંખના
પવિત્ર તેજમાં ઓગળતો રહે...
તેજ
એ તારાઓમાં ઝબકે!
સ્તબ્ધ રાત્રિના ખભે
થથરતો અજંપો
કણકણ થતો
વેરાઈ જાય, એ તેજમાં...
ગભાણને વળોટીને
એ શિશુનેત્ર,
મંડાયું છે વિશ્વની વેદના પર!

— સિલાસ પટેલિયા

## મેરી ક્રિસમસ

ડિસેમ્બરની કડકડતી મધરાતે,
મેદની ઉતાવળે બસ ભાગે,
ઈસુ જન્મનાં વધામણાં લેવાને,
લોક નિંદર ત્યાગી જાગે.
વસ્ત્રોની ઝાકઝમાળ ને આભૂષણોના તેજ-
લિસોટા લાગે,
મેદનીમાંના સહુ,
જિંદગીનો તમામ વૈભવ માંગે.
મધરાતના ઘંટનાદે,
આકાશ ફટાકડાઓના ઘોંઘાટે ગાજે,
ને ખીલેલા ચંદ્રની ઝાકઝમાળ શીતળ
રોશની પણ લાજે.
હાય... હેલો... 'મેરી ક્રિસમસ'ના નાદ
ખુલ્લી હવામાં ફરકે,
સૂટેડ-બૂટેડ, શણગારે મઢેલાં નર-નારીઓ
ખોટેખોટું મરકે.
દેવાલયની બા'ર, ભિક્ષુક બાળની
આંખોની લાચારી નાચે,
ઉજવણીની મદહોશીમાં, કોણ ક્યારે એને
વાંચે?
કૃપાથી છલકાતા ભક્તજનોની પ્રગતિના
વધતા રહે આંકડા,
પણ તાગ ના મળતો ક્યારે ને કેમ મન
બન્યાં સાંકડાં?

— બકુલ મેકવાન





# તમારો પત્ર



### (૧)

ગતાંક માટે 'દૂત'ના તંત્રી અને સહતંત્રીને ખૂબખૂબ અભિનંદન. 'દૂત'ના મુખપૃષ્ઠથી શરૂ કરી તેને આવરણને અનુરૂપ વાક્ય કે સ્તોત્ર, તંત્રીલેખ, મહાશ્રી પોપની ટવિટસ વેગેરેને કારણે 'દૂત' હાથમાં આવતાં જ અનેરો આનંદ થાય છે. પરિવર્તન પામતા વિશ્વ, સમાજ સાથે તાલ મિલવવા લાગેલ 'દૂત' ફક્ત કેથલિક જ નહીં હરકોઈ વ્યક્તિ માટે ઉપયોગી સામયિક નીવડ્યું છે.

આવકાર દાયક બાબત તે 'દૂત'માં આગામી બીજા મહિનાની અગત્યની તવારિખ આપવામાં આવે છે, લેખકો સર્જકો-વાંચકો દરેકને ખૂબ મદદકર્તા નીવડશે, કેમકે કેટલીક વખત 'દૂત' પહેલા અઠવાડિયામાં નથી મળતો અને જે તે તારીખ જતી રહી હોય અથવા લેખન માટે સમય ઓછો રહ્યો હોય.

ઓક્ટોબર માસના 'દૂત'માં 'વિકાસ કોના માટે? કોના ભોગે?' ખૂબ જ સચોટ, મર્મસ્પર્શી તો 'ભેટ પ્રભુની, માવજત માબાપની' વિવિધ પરિબળો દ્વારા છણાવટ. 'ગાંધીસંદેશ' - સ્નેહલત્તા ભાટિયા - પંખીની પાંખે અને કિશોરમિત્ર પણ પ્રસંશનીય છે. કોને વખાણું, કોને રહેવા દઉં. સર્વાંગસુંદર 'દૂત' આમ જ ઉત્તરોત્તર પ્રગતિ કરે એજ શુભેચ્છા.

— ઉષાબેન (નડિયાદ)

### (૨)

ઓક્ટોબર, ૨૦૧૪નો 'દૂત' અંક વાંચી આનંદ સાથે સંતોષ પણ થયો. તેમાં ઉઘડતા પાનથી છેલ્લા પાન સુધી જીવન જીવવાનું ભાથું તંત્રીલેખ 'પરિવારની પ્રાર્થના' ખરેખર પ્રશંસનીય છે. પવિત્ર ગુલાબમાળાનો ઈતિહાસ મુરબ્બી શ્રી થોમાસભાઈ પરેરાએ વર્ણવી ધર્મજનોને તેની જાણકારી આપી. નવમી ઓક્ટોબર, ૨૦૧૪ની સંધ્યાએ સંત જોસફ સ્કૂલના રંગમંચ સામે 'મા-બાપને ભૂલશો નહિ' નાટક જોતાં મને ભાઈશ્રી શૈલેષ ક્રિસ્ટીનો લેખ 'ભેટ પ્રભુની, માવજત માબાપની' વાતનું સ્મરણ થયું. ત્યારે ભાઈનાં વખાણ કરવા નહિ. પણ તેમનાં બુદ્ધિચાતુર્ય જોતાં ધન્યવાદ આપવા ઘટે જ.

ફાધર ડો. અરસકુમારને અભિનંદન પાઠવું છું. જેમણે યુવાવર્ગ, ધર્મ અને મા મરિયમનો જીવન સંદેશ આપી યુવાપેઢીને ફરજ અને અધિકારનું ભાન કરાવ્યું. અંતે 'વિકાસ કોના માટે? કોના ભોગે?' પ્રશ્નનો ઉત્તર આપતાં સરૂપ ધ્રુવને ધન્યવાદ તથા સુરતના મહિલા પ્રમુખ-ડીરેક્ટર સ્નેહલતાબહેન ભાટિયાને 'ગાંધી સંદેશ, જીવન સંદેશ' આપવા બદલ અભિનંદન.

— 'રાજબંધુ' જયંત એમ. પરમાર (વડોદરા)

### (૩)

નવેમ્બર 'દૂત'નાં કાવ્યો, લેખો પ્રાસંગિક છે. ખાસ તો 'અંતર ઝૂરતું એવુ...' સ્વ. રમેશભાઈ વાઘેલાનો લેખ બહુ ગમ્યો. Human intrest story કાયમ મનને સ્પર્શે છે. એવાં લખાણ માણસની લાગણીને વાચા આપે છે. એટલે લોકોને ગમે છે.

રમેશભાઈ પ્રખર બુદ્ધિશાળી, સામાજિક નિસબત ધરાવનારા ઉદાર દિલના માણસ હતા. સાહેબ જજ જ નહોતા, સમાજ-ધર્મ માટે સમર્પિત માનવી હતા. ધર્મસભા અને સમાજને જરૂર પડી ત્યારે અડીખમ બની ઊભા રહેતા હતા. ગરીબો, શોષિતોના હામી હતા. એ ઉપરાંત આહ્‌વાન-પરંપરા અને શ્રદ્ધા સંકલન લેખ પણ ગમ્યો.

— આલોઈસ પીટર ડાભી (ચાવડાપુરા-આણંદ)

### (૪)

સને ૨૦૧૪ માહે નવેમ્બર, પાવન હૃદય 'દૂત'નું વાંચન કર્યું. નવેમ્બર મહિનામાં આવતા સર્વ સંતોનું પર્વ, સદ્‌ગત મુએલા શ્રદ્ધાળુઓનું પર્વ, રાજ રાજેશ્વરનું પર્વ તેમજ માતા મિરિયનું સમર્પણ પર્વના તહેવારોને અનુરૂપ વિચારો રજૂ કરતા લેખ વાંચવા મળ્યા. મહદ્ અંશે લોક લાગણીને અનુરૂપ લેખનશૈલી માણવા મળી જે સમયોચિત હોતાં પ્રેરણાદાયી બની રહેશે.

વધુમાં સૌ પ્રથમ તંત્રીશ્રીનો 'શ્રદ્ધાપર્વ' ખૂબ મનન-ચિંતન અને વાગોળવા જેવો જણાયો. ઐતિહાસિક ઉદાહરણ સાથે રજૂ કરેલો શ્રદ્ધાપર્વ લેખ સૌ કોઈને સ્પર્શે જ તેમાં બેમત ન હોઈ શકે. 'રતનનું જતન' લેખ પરિવાર માટે લાભદાયી રહેશે. આજના આધુનિક યુગમાં સીમિત પરિવાર અને ભ્રૂણહત્યાના રંગે રંગાયેલા પરિવારોમાં જે કંઈ ઈશ્વર આપે છે તે સાચવી રાખવા માટે પ્રસ્તુત લેખ ખૂબ જ સફળ પુરવાર થશે. શ્રી કલ્પેશભાઈને અભિનંદન.

સિસ્ટર રેશ્મા મેન્યુઅલ મેકવાનનો લેખ 'એક સમર્પિત આયખુ' પ્રત્યેક ઈસુપંથી માટે પડકારરૂપ હોવા છતાં પ્રસ્તુત વિચારો અશંતઃ અમલમાં મૂકાય તો ભયો ભયો. 'મૃત્યુ એટલે મહોત્સવ' લેખ ધર્મજનો માટે પ્રેરણા સ્રોત બની રહેશે અન્ય લેખોમાં સંત કુરિયાકોસ ચાવરા અને સિસ્ટર યુફ્રેસિયાના કર્મયોગી માહિતીસભર લેખ સૌને પ્રેરણારૂપ બની રહેશે. 'દીવાથી દીવો પ્રગટે' શૈલેષ ક્રિસ્ટી સહતંત્રીનો ફાધર ગારીઝના સંસ્મારણરૂપે રજૂ કરેલ મુલાકાત લેખ ખૂબ પ્રસશંનીય જણાયો, અભિનંદન. છેલ્લે, આહ્‌વાન પરંપરાઓ અને શ્રદ્ધા-લેખમાં વિવિધ લેખકોના મંતવ્યો વાંચવા મળ્યા.

સૌ લેખકોનો સૂર એકજ કે મૃત્યુ નિશ્ચિત છે, શોક નિરર્થક. પુનરુત્થાનની પ્રભાતે મળીશુ. આ બધુ વર્ષોથી ચર્ચાતુ આવ્યું છે. અને સાંભળતા આવ્યા છીએ પણ બધુ જ મગરનાં આંસુ જેવું બન્યા કરે છે. સ્વજનના મૃત્યુ માટે શોક થાય તે મુનાસિબ છે પણ ક્યાંક નાટક જેવું બને છે. શોકસભા ક્યાંક ચૂંટણી પ્રચાર સભા જેવી બનતાં મૃતકના આત્માને શાંતિની પ્રાર્થનાને બદલે, જીવન ઝરમરને અગ્રતા આપવાથી ક્યારેક અન્ય ઉપસ્થિત લોકોના ટીકાટીપ્પણી સાંભળવા મળે છે. ક્યાંક મૃત્યુની શોકસભાનો મલાજો જળવાતો નથી. મૃતકની પ્રાર્થના સભામાં આવનાર સૌ કોઈ મૃતકની માહિતી જાણતા હોઈ જન્મથી મૃત્યુપર્યંતની કથની હાસ્યાસ્પદ લાગે છે. ખેર ઘણાખરા લેખકોએ ઘણું સારું લખ્યું છે. પણ તેમાંથી કાંઈક મેળવીએ અને અનુસરણ કરીએ તો સૌ લેખકોની કલમ ફળદાયી નીવડશે. સૌ લેખકોને અભિનંદન. — શાંતિલાલ મેકવાન (બોચાસણ)

**(૫)**

'પાવન હૃદય દૂત' સાથે સંકળાયેલ તમામને મારી પ્રેમી સલામ. માહે નવેમ્બર, ૨૦૧૪નો 'પાવન હૃદય દૂત' અંક એક બેઠકે વાંચી ગયો. આત્મિક ભાથુ મળે તેવું પિરસણ રહ્યું છે. 'આહવાન : પરંપરાઓ અને શ્રદ્ધા' વિષયે એવા પ્રભુના સેવકોના વિચારો, અભિપ્રાય વાંચ્યા ત્યારે સંકલન અંગે કંઈક કહેવું જોઈએ એ નાતે પત્ર પાઠવી રહ્યો છું. સંજય વાઘેલા ઉપરોક્ત વિષયાન્વયે શાસ્ત્રોક્ત શિક્ષણને વળગી રહ્યા છે તેમણે બે વચનો ટાંક્યા છે. ૧) મરેલાને દાટી દીધા પછી તેની સ્મૃતિને દાટી દેવી. ઉપદેશમાળા ૩૮:૧૬૨૭, ૨) ..... જેમના માટે આશા નથી એમના માટે શા સારું શોક કરવો. ૧-થેસ્સા. ૪.૧૩.૧૮ અપનાવવાનું છે તે આ છે હું એ વાતે સંમત થાઉં છું.

વિનુભાઈ શાહે દફ્ન પર સારો પ્રકાશ પાડ્યો છે. એક ગામમાં એક વૃદ્ધ પ્રભુમાં ઊંઘી ગયા તો તેમની કોફિન બોક્ષમાં હુકલી મૂકી. પાળકે પૂછ્યું ભાઈ આ શું છે! તો કહ્યું એ એમને માટે ખાસ હતી. તો પાળકે કહ્યું, સોનાનાં બટણ મૂકવાં હતાં ને એય એમનાં ખાસ હતાં! વિક્ટર મેકવાને (U.S.A) સિદ્ધાંતો અંતર્ગત સારી છણાવટ કરી છે જે આજના માટે પડકાર છે. પિટર મેકવાન 'દ્વિતારક' પ્રાર્થનાસભાના કે પ્રસંશાસભા! આ બે શબ્દો ઘણું કહી જાય છે. સુધરવા જેવું ખરું. આવા સંવેદનશીલ મુદ્દાને ધર્મજનો સમક્ષ લાવવાનું કાઠું કામ. સહતંત્રીએ કર્યું છે ધન્યવાદ.

સાચુ કહું આવા ઘર કરી ગયેલા રિવાજોમાંથી બહાર નીકળવાનો સમય પાકી ગયો છે. વચન પણ કહે છે કે બે મત વચ્ચે ક્યાં સુધી ઢચુપચુ રહેશો? — બ્રધર સેમ્યુલ ક્રિશ્ચિયન (ગોધરા)

**(૬)**

"જીવન જો ઉત્સવ, તો મૃત્યુ મહોત્સવ." નવેમ્બર માસના તંત્રીલેખ દ્વારા એક બાબત સુંદર રીતે સમજાય છે કે મૃત્યુ એ શાશ્વરજીવનનું પ્રવેશદ્વાર છે અને પૃથ્વી પરનું આપણું જીવન હેતુસભર તથા ફળદાયી હોવું જોઈએ, તે વાત રાણી લક્ષ્મીબાઈ તથા અન્ય દૃષ્ટાંતો દ્વારા તંત્રીશ્રીએ માર્મિક રીતે સમજાવી છે. લેખાંતમાં ઉચિત રીતે યોબની કસોટી યાદ કરી છે. કસોટી બાદ યોબને પ્રભુ બમણી સંપતિ, બમણી જહોજલાલી, બમણા પ્રાણીઓ આપે છે, પરંતુ, જેટલા સંતાનો, કસોટી દરમિયાન મરણ પામ્યા હતા, તેટલા જ સંતાનો પ્રભુ તેને આપે છે, બમણા નહિ! આમ કેમ હોઈ શકે છે?

તેનો જવાબ તંત્રીલેખમાં છુપાયેલો છે. યોબને પ્રભુએ બમણા જ સંતાનો આપેલા છે! પ્રથમ એ સંતાનો કે જે ઈશ્વર-પિતા પાસે અનંત જીવન જીવી રહ્યાં છે, અને બીજાં સંતાનો એ કે જે કસોટી બાદ યોબની કુટુંબવાડીમાં પાંગરી રહ્યાં છે!

'મૃત્યુ એક મહોત્સવ' લેખ દ્વારા ઈન્દુબેને અનેરું પૈષિતિક કાર્ય કર્યું છે. શ્રદ્ધાની જ્યોત પ્રગટાવી છે. 'દીવાથી દીવો પ્રગટે' મુલાકાતલેખ દ્વારા ઉત્તર ગુજરાત મિશન વિશે ઘણું જાણવા મળ્યું. અનેક પડકારો ઝીલી લઈ મિશનના વિકાસમાં સદ્‌ભાગી થનાર દરેક વ્યક્તિ અભિનંદનને પાત્ર છે. 'દૂત'ની વિકાસયાત્રાને આગળ ધપતી રાખનાર તંત્રીમંડળને સુંદર, મનનીય અંક માટે અભિનંદન પાઠવું છું. — રવિ મેકવાન (વડોદરા)

**(૭)**

'દૂત' સામયિકમાં આ મારો પ્રથમ પત્ર છે. તંત્રી, સહતંત્રી તથા સમગ્ર તંત્રીમંડળને 'દૂત'નું સમૂળગું ક્લેવર બદલવા અંગે હાર્દિક ગૌરવ સહ આવકાર.

'દૂત'માં સિદ્ધહસ્ત વ્યક્તિઓની મુલાકાત, ગુણવત્તાયુક્ત નાવિન્યસભર લેખો, પંખીની પાંખે વિભાગમાં લેટેસ્ટ અપડેટેશન તથા અનુક્રમણિકામાં નાવિન્ય લાગ્યું.

વધુમાં નવેમ્બર, ૨૦૧૪ 'આહ્‌વાન : પરંપરા અને શ્રદ્ધા'ના વિષયમાં પ્રાર્થનાસભા સંબંધી સચોટ અને વાસ્તવિક વિચારો માટે ફાધર વિલ્યમને અભિનંદન. પ્રાર્થનાસભા સંબંધી તેમનું નિરીક્ષણ સાચું છે. ફાધરની રજૂઆત યોગ્ય સમયની છે તેમણે બેસણાની દિશા ચીંધી છે તે અંગે વિક્ટર મેકવાનના પ્રશ્નોના જવાબની સુંદર રજૂઆત ફાધર ડો. અરસકુમાર કરી છે. આમ આહ્‌વાન સંવાદની સુંદર ભૂમિકા પૂરુ પાડી રહેલ છે.

ક્લ્પેશ સોલંકીનો 'રતનનું જતન' બાળઉછેર અંગેનો આરોગ્યલક્ષી લેખ બાળઉછેર માટે ઉપયોગી સાબિત થશે.

'દૂત' ઉત્તરોત્તર વધુ પ્રગતિ કરી સમાજ અને ધર્મસભા વચ્ચે સેતુરૂપ બની વધુ બળવત્તર બને તે માટે સમગ્ર તંત્રીમંડળ ગતિશીલ બને અને એવા આયામો સર કરો એવી મારી શુભકામના.

— મનોજ ક્રિસ્ટી (નડિયાદ)

**(૮)**

દેર આયે દુરસ્ત આયે, નવેમ્બરનો અંક વૈવિધ્ય રહ્યો. અંક બોલે છે કે, તંત્રી રસ લઈને લેખનસામગ્રી તૈયાર કરે છે. લખાણમાં ભૂલોને નિવારી શકાય તો 'દૂત' વધુ વાચનભોગ્ય બની શકશે.

ભૂલોને કારણે વાચનમાંથી રસ જતો રહે છે. નવેમ્બર અંકમાં વિશેષ ધ્યાનાકર્ષક લેખ અંતર ઝૂરતું એવું....'. લેખમાં સ્વ. શ્રી રમેશભાઈ વાઘેલાની અંતરંગ લાગણીની વાચાને કારણે હૃદયસ્પર્શી બની રહ્યો છે. જીવનનાં લેખાજોખાં વ્યક્તિ મૃત્યુને નજીક જોતાં કરતો જ હોય છે. રમેશભાઈએ જીવન અને મૃત્યુ બંનેને ઝિંદાદિલીથી લીધું છે.

ગત ફેબ્રુઆરીમાં તેમના મૃત્યુના સમાચાર જાણ્યા પછી 'દૂત' તેમના મૃત્યુ અને કાર્યોની વિશે નોંધ લેશે તેમ જાણી બે-ત્રણ અંકોના ચાતક નજરે વાટ જોતો હતો. કારણ, રમેશભાઈ માત્ર ખ્રિસ્તી સમાજમાંની પહેલી એવી વ્યક્તિ હતા જે જિલ્લા ન્યાયાધીશ તરીકે નિયુક્ત થયેલા. બલ્કે સમાજ સાથે તેમને નિસબત હતી. સમાજોપયોગી એવા સામાજિક, રાજકીય અને કાયદાકીય રીતે અનેક નોંધપાત્ર કાર્યો કરેલા છે. 'દૂત'ના નિયમિત લેખક હતા. એટલે વાઘેલા સાહેબના અવસાનની નોંધ 'દૂત' લેશે એવી અનેક લોકોની અપેક્ષા હતી. ભવિષ્યમાં 'દૂત' ઓછામાં ઓછું સમાજ માટે કાર્યરત વ્યક્તિના મૃત્યુસમયે, નોંધ લેવાનું ચૂકશે નહીં તેવી અપેક્ષા. — નિલેશ સાયમન પરમાર (અમદાવાદ)

## (૯)

નવેમ્બર માસનો પાવન હૃદય દૂતાંક મળ્યો. આ અંકમાં તમામ લેખોનું મૂલ્યાંકન કરતાં સઘળા લેખો ઉત્તમ રહ્યા. સર્વ લેખકોને અભિનંદન. વિશેષમાં સિ. રેશ્મા મેન્યુઅલ મેકવાન દ્વારા લખાયેલ લેખ 'એક સમર્પિત આયખુ' ખૂબ જ મર્મસભર બની રહ્યો. યહુદી સમાજના પ્રથમ સંતાનને પ્રભુપિતાને ચરણે અર્પણ કરી દેવાની પરંપરાને ખૂબ જ માર્મિક રીતે સમજાવી છે. આજના સમયમાં તો દંપતીને પ્રભુ તરફથી મળેલ પ્રથમ ભેટનો અર્થ જ બદલાઈ ગયો લાગે છે! પ્રથમ સંતાનના ગર્ભધારણથી જ સ્વૈચ્છિક ગર્ભપાત, જીવનની ભૌતિક ભાગદોડમાં વધતું જતું મીસ કેરેજનું પ્રમાણ, કારકિર્દીની લાલસામાં અપૂરતા પોષણનો ભોગ બનતું બાળક, રિસામણાં મનામણાં, અનેકોનેક સમસ્યાઓને લીધે સીંગલ પેરેન્ટસનું વધતું વલણ, ખરેખર અયોગ્ય છે! ધર્મસભાનું પર્વ : "કુમારી મરિયમનું મંદિરમાં સર્મપણ" અનુસંધાનમાં લખાયેલ લેખ અતિ પ્રસંશનીય રહ્યો. સિ. રેશ્મા મેકવાનને હાર્દિક અભિનંદન.

'સંત કુરિયાકોસ ચાવરા' અને 'સંત સિ. યુફ્રેસિયા' બંને સંતોની જીવનયાત્રાની અને તેમની જીવનકાર્યોથી વાકેફ કરનાર બંને લેખકોને ખૂબ અભિનંદન. મારા મત પ્રમાણે જો દરેક અંકમાં કોઈ એક સંતનું જીવનચરિત્ર આલેખવામાં આવે તો એ આપણા સમાજની પાંગરી રહેલી પેઢી માટે ખૂબ લાભદાયક બની શકે. જેમ લીમાના સંત રોઝના જીવનથી કિશોરી રોસ સંત સિ. યુફ્રેસિયા ઘણા પ્રભાવિત હતાં એમ જ 'દૂત'નું આલેખન વાંચતાં-સાંભળતાં કોઈક કિશોર-કિશોરીના જીવનમાં પણ કોઈક ચમત્કારિક ઈશ્વરીય કાર્ય બને. અંતે સુંદર કૃતિઓ બદલ નવેમ્બર દૂતાંક સફળ રહ્યો.

— રંજના રાજેન્દ્ર પરમાર (બરોડા)

## (૧૦)

ચાલીસેક વર્ષની પ્રાથમિક શિક્ષક તરીકેની નોકરી પૂર્ણ કરી નિવૃત્ત થયેલ છું પરંતુ એટલાં વરસોમાં જે કંઈ શીખવાનું મળ્યું નથી તે માત્ર બે દિવસની કાર્યશાળામાં શીખવા મળ્યું છે. હું પત્ર, લેખ, કવિતા વગેરે લખું છું પરંતુ તે કોઈપણ જાતના બંધારણ કે નિયમ વિના લખું છું. હવે મને પત્રકારત્ત્વ એટલે શું? અને પત્ર, કાવ્ય વગેરે કેવી રીતે લખી શકાય તે જાણવા મળ્યું છે.

બે દિવસની કાર્યશાળામાં શ્રી શૈલેષ ક્રિસ્ટી, શ્રી નવીન મેકવાન, શ્રી હસમુખ ક્રિશ્ચિયન સાથે ફાધર વિલ્યમ પિયુષ, શ્રી ડો. રોમાન ભાટિયા તથા ફાધર વિનાયક જાદવ, ડો. સિલાસ પટેલિયા જેવા સાહિત્યના ધૂરંધરોએ જે ભાથું પિરસ્યું છે તે અમૂલ્ય છે તેઓને ખૂબ ખૂબ ધન્યવાદ. આયોજકોને અભિનંદન. યુવાન લેખકોને લેખનકળા વિશે માહિતી મળી રહે એ માટે આવી શિબિરો અવારનવાર ગોઠવી શકાય.

મારી દૃષ્ટિએ આયોજકોએ કરેલ કાર્યશાળાનો પ્રયોગ ઘણોજ સફળ રહ્યો છે, જેનું ભવિષ્યમાં સારું પરિણામ મળી શકશે.

— ફ્રાન્સિસ ગાલુસ મેકવાન (ચાવડાપુરા)

## (૧૧)

પાવન હૃદય 'દૂત' ગુજરાતના કેથલિકોનું સર્વાંગી માસિક બની રહ્યું છે તેનો આનંદ છે.

'દૂત' કાર્યશાળા આયોજન 'દૂત'ના વર્તમાન તંત્રીમંડળ દ્વારા તારીખ ૦૮-૧૧-૨૦૧૪ અને ૦૯-૧૧-૨૦૧૪ના રોજ એમ બે દિવસના રોજ વડોદરા જીવન દર્શન ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાના તમામ વક્તાઓએ 'દૂત' બનીને તેમની મહેનત અને તેમના જીવનનો નિચોડ કે જે તે લોકોએ પત્રકારત્વ પાછળ તથા ધર્મજનો માટે કર્યો છે, તેનાં દર્શન કરાવીને જ્ઞાન અને પત્રકારત્ત્વ અંગેનું ભાથું પિરસ્યું. સૌને અભિનંદન.

વડોદરાના માનનીય ધર્માધ્યક્ષશ્રીએ દીપ પ્રગટાવી તથા અમૂલ્ય વાણી દ્વારા પ્રોત્સાહિત કરેલ તથા માનદ્ તંત્રીશ્રીએ માધ્યમોનો પરિચિય કરાવીને આધુનિક સમાજને ઉજાગર કરેલ. અમદાવાદના માનનીય ધર્માધ્યક્ષશ્રી પ્રભુયજ્ઞ અર્પણ કરીને તેમજ રાતનું વાળું સાથે કરીને જુસ્સો અને જોમ પૂરા પાડ્યાં. વડોદરા સંત જોસેફ પેરિશના માનનીય સભાપુરોહિતના હસ્તે પ્રમાણપત્ર એનાયત થયાં અને પ્રાર્થના સાથે આશીર્વચન અમ સૌને ફળ્યા અને ફળશે તેવી લાગણી અનુભવું છું.

આવી કાર્યશાળાઓ ટકી રહે તેવી શ્રદ્ધા, કેથલિક શ્રદ્ધા જે 'દૂત' સાથે સંકળાયેલ છે, તેને ઉજાગર કરે છે. પ્રણામ.... આપને.

— કિરણકુમાર આર. શાહ (અમદાવાદ)

## હાર્દિક શુભેચ્છા

'દૂત'ના સ્વયંસેવકો, વાચકો, લેખકો, કવિઓ, સંવાદદાતાઓ, વિજ્ઞાપનદાતાઓ, શુભચિંતકો ૨૦૧૪ના વર્ષ દરમિયાન મળેલા આપના સહકાર બદલ આભાર.

સમગ્ર વર્ષ દરમિયાન શાસ્ત્રપાઠનું મનન-ચિંતન તૈયાર કરી આપનાર ગુજરાત વિદ્યાદીપ સેવાસી, વડોદરાના ધર્મબંધુઓ અને ધર્મગુરુઓનો વિશેષ આભાર.

આપ સૌને નાતાલ-નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છાઓ.

૨૦૧૫માં આપનો ઉમદા સહકાર મળશે જ એવી અપેક્ષા.

*Wish you a Very Happy Christmas*
*And a Happy New Year*
*Thank u for All...*

— ગુજરાત સાહિત્ય પ્રકાશ, ગામડી, આણંદ.

## આહ્‌વાન : યુવાનો ડિજિટલ ટેક્નોલોજીને આરે

ફેબ્રુઆરી - ૨૦૧૫ 'દૂત' અંક માટે

ટેક્નોલોજી, માનવજાતને અનેક રીતે મદદરૂપ છે, પણ જ્યાં સુધી ટેક્નોલોજી માનવજાતના નિયત્રણમાં હોય ત્યાં સુધી.. જો તે આપણું નિયંત્રણ કરે તો.... ગુલામ બનાવે તો... સમગ્ર માનવજાતને, વિશેષમાં યુવાનોને આ બાબતે સભાન કરવા માટે આપને આહ્‌વાન છે.

આહ્‌વાન : 'યુવાનો - ડિજિટલ ટેક્નોલોજીને આરે'

વિષય પર આપના વિચારો ૫૦૦ શબ્દોમાં, ૧૦ જાન્યુઆરી - ૨૦૧૫ સુધી મોકલી આપવા વિનંતી... આ આહ્‌વાનમાં યુવાન-યુવતીઓ વિશેષ જોડાય એવી અપેક્ષા.

— સહતંત્રી

## કવિ/લેખક... 'દૂત' લેખનકાર્ય માટે આપને હાર્દિક નિમંત્રણ

**ફેબ્રુઆરી ૨૦૧૫ની ત્વારિખ મહત્ત્વના દિવસ**

૦૨ - વિશ્વ જળપ્લાવિત દિન
૧૪ - વેલેન્ટાઈન્સ ડે
૧૯ - પંચાયતની રાજદિન
૨૧ - વિશ્વ માતૃભાષા દિન
૨૨ - વિશ્વ સ્કાઉટ અને ગાઈડસ દિન
૨૮ - રાષ્ટ્રીય વિજ્ઞાનદિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસ**

૦૨ - મંદિરમાં બાળઈસુનું સમર્પણ
૦૪ - સંત જોન દે બ્રિતો (ભારતીય સંત)
૧૧ - લૂર્ડસનાં માતા મરિયમ
૧૭ - કુમારી મરિયમના
સેવકસંઘના સાત સ્થાપકો
૧૮ - ભસ્મ બુધવાર - તપઋતુનો આરંભ

## સ્વ. ફાધર એસ્પિતાર્તે એસ.જે. 'દૂત' રૌપ્ય ચંદ્રક

**દાતા પૂર્વતંત્રી ડો. થોમસ પરમાર. રકમ રૂા.૫૦,૦૦૦/-**

ઉપરોક્ત રકમના વ્યાજમાંથી દર વર્ષે 'દૂત' માટે વિશિષ્ટ સેવા આપનાર વ્યક્તિને આ ચંદ્રક અર્પણ કરવામાં આવશે. ગુજરાત સાહિત્ય પ્રકાશના નિયામક, તંત્રી તેમજ 'દૂત' સાથે સંકળાયેલા અન્ય પ્રતિષ્ઠિત મહાનુભાવ આ અંગે નિર્ણય કરશે.

વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષ માટે પ્રતિષ્ઠિત મહાનુભાવ તરીકે શ્રી જોન કાનીસ રહેશે. દર વર્ષે ઓક્ટોબર કે નવેમ્બર 'દૂત'માં, 'દૂત' રૌપ્ય ચંદ્રકની જાણકારી આપવામાં આવશે.

પ્રકાશક
ફાધર જેરી સિક્વેરા એસ.જે.

## સુધારીને વાંચવા વિનંતી

નવેમ્બર - ૨૦૧૪ના 'દૂત' અંકમાં પ્રકાશિત લેખ 'રતનનું જતન'ના લેખક કલ્પેશ સોલંકીનો મો. નં — ૯૮૯૮૯ ૯૯૫૯૬
Email: rikalp50@gmail.com

તેમજ સિ. રેશ્મા મેન્યુલ (વાઘોડિયા)નું
Email: reshmamanuel@ymail.com

# વિશ્વશાંતિના વાહકો બનવા આહ્વાન

## (ડિસેમ્બર મહિનાનો પ્રાર્થનાનો હેતુ)

✍ બ્રધર બાલુ મદાનુ ભાસ્કર

***શુભ ભાવના ધરાવનાર હરકોઈ માનવને તારણહારના જન્મથી શાંતિ અને આશા સાંપડે અને પોતાનાં બાળકોને શ્રદ્ધાની કિંમતી ભેટ ધરનાર માબાપ શુભસંદેશના સાચા વાહકો બની રહે એ હેતુ માટે પ્રાર્થના.***

**દુનિયામાં શાંતિ માટેની ઝંખના** : પ્રભુ ઈસુના આગમનનાં ૮૦૦ વર્ષો પહેલાં શાંતિ માટેની લોકોની તાલાવેલીને પયગંબર યશાયા વાચા આપે છેઃ દાવિદના વંશરૂપી ઠૂંઠાંમાંથી એક ફણગો ફૂટશે, ...એક નવો રાજા પાકશે. ...એ રાજા પ્રભુને માથે રાખીને ચાલવામાં રાચશે. ...ત્યારે વરુ ઘેટાં સાથે વસશે અને ચિત્તો લવારાં સાથે એક ઝોકમાં સૂશે.. (યશાયા ૧૧:૧-૯). ત્યારે લોકો તલવારને ટીપીને હળનાં ફળાં બનાવશે અને ભાલાઓનાં દાતરડાં બનાવશે; પ્રજાઓ એકબીજા સામે તલવાર નહિ ઉગામે કે કદી યુદ્ધની તાલીમ નહિ લે. (યશાયા ૨:૨-૪)

**શાંતિદાતા પ્રભુ ઈસુનો જન્મ** : લોકોની એ તાલાવેલીને સંતોષવા ઈશ્વરપિતા તેમના પુત્રને શાંતિદાતા તરીકે આ દુનિયામાં મોકલે છે. તેમના જન્મ પ્રસંગે સ્વર્ગીય દૂતો સ્તુતિગાન કરે છે, પરમધામમાં ઈશ્વરનો મહિમા અને પૃથ્વી ઉપર ઈશ્વરના પ્રીતિપાત્ર માણસોમાં શાંતિ! શુભ ભાવના ધરાવનાર હરકોઈ માનવને તારણહારના જન્મથી શાંતિનો અનુભવ થાય છે. એટલે જ શાંતિદાતા પ્રભુ ઈસુનો જન્મ ૨૫મી ડિસેમ્બરે આખા વિશ્વમાં ઉજવવામાં આવે છે.

**શાંતિનો શુભસંદેશ** : દુનિયામાં શાંતિ સ્થાપવા માટે પ્રભુ ઈસુએ એક જ આજ્ઞા આપી છેઃ તમને હું એક નવી આજ્ઞા આપું છું; "પરસ્પર પ્રેમ રાખજો. મેં જેમ તમારા ઉપર પ્રેમ રાખ્યો છે તેમ તમારે પરસ્પર પ્રેમ રાખવાનો છે" (યોહાન : ૧૩:૩૪). પ્રેમ એ અશાંતિ ઉપર વિજય મેળવીને શાંતિ સ્થાપવા માટેનું ઉત્તમ સાધન છે. જ્યાં પ્રેમ હોય ત્યાં દુશ્મનાવટ ને યુદ્ધ માટે સ્થાન નથી. કારણ કે પ્રેમના આલિંગનમાં શત્રુ પણ મિત્ર બની જાય છેઃ હું તમને કહું છું કે, તમારા શત્રુ ઉપર પ્રેમ રાખો અને તમને રંજાડનાર માટે દુઆ માગો (માથ્થી ૫:૪૪). દુનિયામાં શાંતિ સ્થાપવા માટેનો એક માત્ર રસ્તો એ પ્રભુ ઈસુએ ચીંધેલા પ્રેમના શુભસંદેશ મુજબ જીવવું.

> દુનિયામાં શાંતિ સ્થાપવા માટે પ્રભુ ઈસુએ એક જ આજ્ઞા આપી છેઃ તમને હું એક નવી આજ્ઞા આપું છું; ''પરસ્પર પ્રેમ રાખજો. મેં જેમ તમારા ઉપર પ્રેમ રાખ્યો છે તેમ તમારે પરસ્પર પ્રેમ રાખવાનો છે''
>
> (યોહાન : ૧૩:૩૪)

**શુભસંદેશ વાહકો કોણ?** : દરેક માનવ હૈયામાં શાંતિ માટેની જે ઝંખના છે તે તૃપ્ત કરવા માટે પ્રભુ ઈસુના શુભસંદેશની ઘોષણા કરવાની જરૂર છે. પ્રભુ ઈસુ કહે છે, "શાંતિના સ્થાપકો પરમસુખી છે, તેઓ ઈશ્વરનાં સંતાન કહેવાશે" (માથ્થી ૫:૯). પણ શાંતિ સ્થાપવાનું કામ કરનાર કોણ? અમુક લોકોમાં એવી ખોટી માન્યતા છે કે ફક્ત સંન્યસ્ત વર્ગનું જ આ કામ છે. આ માન્યતાને લીધે બે હજાર વર્ષો પહેલાંની ઈસુની વાત હજુ પણ સાચી પડે છેઃ ફસલ ખરેખર મબલક છે, પણ કામ કરનાર થોડા છે (લૂક ૧૦:૨). વિકસિત દેશોમાં યુવાનો પ્રેષિતિક કાર્ય માટે ધાર્મિક જીવન ગાળીને શુભસંદેશ ફેલાવવા અને ઈસુ ખ્રિસ્ત પર લોકોની શ્રદ્ધા વધારવા માટે ખૂબ જ ઓછી સંખ્યામાં આગળ આવે છે. એ જ અવસ્થા આપણા ભારત દેશમાં પણ લગભગ જોવા મળે છે. શાંતિ, પ્રેમ, શ્રદ્ધા અને આશાનો શુભસંદેશ ફેલાવનાર ઈસુ પહેલા હતા. ત્યાર પછી એ મહાન પ્રેષિતિક કાર્ય તેમણે પોતાના શિષ્યોને સોંપ્યું. તેમના દ્વારા ઈસુનો શુભસંદેશ આપણને પણ મળ્યો છે.

**દરેક ઈસુપંથી શુભસંદેશનો વાહક છે** : આપણને મળેલો એ શુભસંદેશ બીજાને પહોંચાડવાની જવાબદારી આપણા બધાની છે; નહિ કે ફક્ત સંન્યસ્ત વર્ગની. બીજી વેટિકન વિશ્વપરિષદના દસ્તાવેજોમાં ગૃહસ્થ ધર્મજનોના પ્રેષિતિક કાર્ય વિશેના ઘોષણાપત્રમાં તેમની અત્યંત અગત્યની ભૂમિકાને વેગ આપવામાં આવેલ છે. એક ગૃહસ્થ્ ધર્મજને તીખી વાણીમાં કહ્યું હતું કે, લગભગ બે હજાર વર્ષોના ધર્મસભાના 'પ્રેષિતિક જીવન'માં ગૃહસ્થ ધર્મજનોનું પ્રેષિતિક કાર્ય 'પાછોતરી મશાલ' બની રહ્યું હતું. છેવટે બીજી વેટિકન વિશ્વ પરિષદના ધર્મગુરુઓ એને 'આગોતરી મશાલ' લેખે લઈ આવ્યા ને આખા માર્ગ પર એની ઉષ્મા સિંચી. એ આપણી આશા છે કે ગૃહસ્થ ધર્મજનોનું પ્રેષિતિક કાર્ય સાચે જ ઉષ્માસભર બની જાય. કારણ કે આધુનિક જમાનામાં ધર્મસભાના મિશનકાર્યની સફળતા ગૃહસ્થોના પ્રેષિતિક કાર્ય પર આધારિત રહે છે.

ગૃહસ્થ ધર્મજનો એ, ધર્માધ્યક્ષો, પુરોહિતો તથા સાધુ-સાધ્વીઓના સહકાર્યકરો છે. સૌએ ખભેખભા મિલાવી આધુનિક જગતને પ્રભુ ઈસુનો મુક્તિ સંદેશ પહોંચાડવાનો છે. આવો સહકાર અનિવાર્ય છે, કારણે કે આધુનિક જગતમાં મૂલ્યો અને શુભસંદેશના સંદેશ વચ્ચે મોટી ખાઈ પેદા થઈ છે. વડાધર્મગુરુ પાઉલે છઠ્ઠાએ કહ્યું છે, ગૃહસ્થ ધર્મજન જ ધર્મસભા તથા આધુનિક જગત વચ્ચેનો સેતુ છે.

**શુભસંદેશ ફેલાવવામાં માબાપનું ખાસ કર્તવ્ય** : કુટુંબ એ સ્થાનિક ધર્મસભા છે. તેમાં પણ પ્રભુ ઈસુના શુભસંદેશનો ફેલાવો કરવો દરેક માબાપનું ખાસ કર્તવ્ય છે.

**માબાપ કેવી રીતે શુભસંદેશના વાહકો બની શકે છે? :** ૧. માબાપની પહેલી ફરજ એ છે કે તેઓ તેમનું કુટુંબ સારી જમીનની જેમ બનવા દોરવણી આપે. (માથ્થી ૧૩:૨૩) સારી જમીનમાં પડેલું બી એટલે એવો માણસ, જે વાણી સાંભળે છે, અને સમજે છે અને જેના જીવનમાં પાક પણ બેસે છેઃ કોઈમાં સોગણો, કોઈમાં સાઠગણો, કોઈમાં ત્રીસગણો. એવાં કુટુંબમાં રોજ શુભસંદેશનું પઠન થાય અને તેનાં મૂલ્યો અનુસાર જીવવા કુટુંબના બધા સભ્યો પ્રયત્ન કરે.

વાલીઓએ પોતાનાં સંતાનોને ખ્રિસ્તમય જીવનમાં ઉછેરવાં જોઈએ. દરેક કુટુંબમાં ખ્રિસ્તી વાતાવરણ પેદા કરી બાળકને સારા સંસ્કારો શીખવવા જોઈએ. નાનપણથી જ બાળકના જીવનમાં ખ્રિસ્તી મૂલ્યોને (પ્રેમ, શાંતિ, ક્ષમા, શ્રદ્ધા, સારું વલણ, આશા, ભરોસો) સિંચવાની ફરજ વાલીઓની છે.

૨. આજે આપણા સમાજમાં ઘણા બધા જંગલી ઘાસ (૧૩:૨૪-૩૦) ઉગતાં જોવા મળે છે. જેમ કે, કોમવાદ, નશીલા દ્રવ્યોનું વ્યસન, પુરુષ અને સ્ત્રી વચ્ચેનો ભેદભાવ, ગર્ભપાત, સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ, વૃદ્ધો પ્રત્યેનો દુર્વ્યવહાર, કુટુંબમાં મારપીટ, અશાંતિ, આત્મહત્યા વગેરે વગેરે. આ બધું ખ્રિસ્તી મૂલ્યોની વિરુદ્ધમાં છે.

> **"શાંતિના સ્થાપકો પરમસુખી છે,**
> **તેઓ ઈશ્વરનાં સંતાન કહેવાશે"**
> **(માથ્થી ૫:૯)**

વાલીઓએ બાળકોના જીવનમાં ખાસ ધ્યાન આપી, એવા પ્રકારના જંગલી ઘાસ તેમના જીવનમાં ના ઉગવા દે એ જરૂરી છે.

૩. પ્રભુ ઈસુ આપણા સાચા ગોવાળ છે (યોહાન ૧૦:૧-૮). તેઓ આપણને તેમનાં ઘેટાંના સાચા ગોવાળ, પાળક બનવા માટે બોલાવે છે. કુટુંબમાં માતાપિતાએ પોતાનાં બાળકોનાં સાચા ગોવાળ બનવું જોઈએ. પોતાનાં બાળકો પ્રભુના માર્ગે ચાલે, સાચા ઈસુપંથી બને, તેની સંપૂર્ણ જવાબદારી માતાપિતાની છે.

૪. માબાપ તેમનાં બાળકોની આર્થિક અને સામાજિક જરૂરિયાતો તૃપ્ત કરવાથી સંતોષ ન પામે, પણ તેમની આધ્યાત્મિક જરૂરિયાતો તૃપ્ત કરવા તેમનાથી બનતું બધું કરે. બાળકોને શ્રદ્ધાની કિંમતી ભેટ ધરવા માબાપે બિલકુલ ભૂલવું ન જોઈએ. આ નાતાલઋતુમાં દરેક પાળકને — ભલે તેઓ સંન્યસ્ત વર્ગના હોય કે ધર્મજનો હોય - ધર્મસભા પોતાનાં ઘેટાંની જવાબદારી સોંપે છે. વાલીઓ ખ્રિસ્તનું હૃદય ધરાવતા સાચા પ્રેષિતો બને, તારણહાર ઈસુ ખ્રિસ્તમાં શ્રદ્ધા રાખે, અને શુભસંદેશની ઘોષણા માટે સંપૂર્ણ રીતે સમર્પિત બની રહે તે માટે પ્રાર્થના કરીએ. ●





'અશાંત જગતમાં શાંતિ મેળવવી, એટલે પ્રભુનું શરણું'
'પ્રભુના પ્રેમમાં પાગલ મનુષ્ય કેવળ પ્રભુની સ્તુતિ કરે છે.'

'સંપૂર્ણ બાઈબલ'માં સ્ત્રોતસંહિતામાં જીવનની તમામ પરિસ્થિતિમાં પ્રભુનું શરણું સ્વીકારીને પ્રભુની સ્તુતિ પ્રગટ કરે છે.

અગણિત સ્ત્રોતોમાંથી પસંદ કરેલ સ્તુતિપંક્તિઓ, હરતાં ફરતાં કામકાજવેળા રટણ કરી, પરમેશ્વરનું સાન્નિધ્ય માણી શકાય એવી સ્તુતિપંક્તિઓ...

ફાધર ફ્રાન્સિસ ક્રૂસ એસ.જે.ની પુસ્તિકા
**'પ્રભુને શરણે શત શત પુષ્પાંજલિ'**માં પ્રકાશિત થઈ છે.
પુસ્તિકા વસાવો... જીવનમાં પ્રભુનું સાન્નિધ્ય માણો...
પરમેશ્વરની સદૈવ સ્તુતિ કરો...

'આ નાનકડી પ્રાર્થના-ચોપડી પોતાના કદ, સરળ ભાષા અને વ્યવહારુ ઉપયોગીતાને લીધે આપણી વચ્ચે પ્રખ્યાત થશે ને ભક્તજનોને શ્રદ્ધામય જીવનમાં પરિપક્વ થવા મદદરૂપ બનશે એવી આશા રાખું છું. ફાધર ક્રૂસને ધન્યવાદ...

— ફાધર કુમાર ગુજરાત વિદ્યાદીપ, સેવાસી

**પ્રાપ્તિ સ્થાન :** **ફાધર ફ્રાન્સિસ ક્રૂસ એસ.જે. (મોઃ ૯૭૨૭૦ ૭૯૫૯૬)**
કેથોલિક ચર્ચ, મહાત્મા ગાંધી રોડ, ભરૂચ - ૩૯૨૦૦૧

# ગોવાના સંત ઝેવિયર

✍ **સંકલન : થોમસ પરેરા**

સંત ફ્રાન્સિસ ઝેવિયર તેમની કોલેજ કારકિર્દી દરમિયાન ખૂબ જ બુદ્ધિશાળી, અસાધારણ વિદ્યાર્થી અને આકર્ષક વ્યક્તિત્વ ધરાવતા પ્રથમ હરોળના રમતવીર હતા. અહીં લંગડાતી ચાલવાળા એક માણસ ઈનીમોનો તેમને ભેટો થયો, જેઓ પાછળથી લોયલાના સંત ઈગ્નાસ અને ઈસુસંઘના સ્થાપક તરીકે પ્રખ્યાત થયા હતા. 'કોઈ માણસ આખું જગત જીતે પણ પોતાનું સાચું જીવન ખોઈ બેસે તો એમાં એ ખાટ્યો શું?' (માથ્થી ૧૬:૨૬). વચન અવારનવાર સંત ઈગ્નાસ, જુવાન ફ્રાન્સિસને યાદ કરાવતા અને ફ્રાન્સિસ દુન્યવી કીર્તિને તિલાંજલિ આપી, ઈસુસંઘમાં જોડાયા.

પોર્ટુગલના રાજાની વિનંતી ગ્રાહ્ય રાખી મહાશ્રી પોપે મિશનરીઓને વેપારીઓ સાથે ભારત જવા તૈયારી બતાવી અને કોને મોકલવા તેની નિર્ણય ઈગ્નાસ પર છોડ્યો. લિસ્બત (પોર્ટુગલ) ની સુવિધાજનોનો ત્યાગ કરી ફ્રાન્સિસ ૧૩ મહિનાની હરિફાઈ મુસાફરી ખેડી છેવટે ૧૫૪૨માં ભારતમાં ગોવાના દરિયા કિનારે ઉતર્યા. અહીં તેઓ ગરીબ-બીમારની મુલાકાત કરતા, સારવાર કરતા, કેદીઓની મુલાકાતે અને એમ શુભસંદેશની ઘોષણા કરતા. જેઓ ખ્રિસ્ત પર ભરોસો મૂકતા તેમને સ્નાનસંસ્કાર કરાવતા, ગોવા અને દક્ષિણ ભારતમાં ત્રણેક વર્ષ ગાળી તેઓ સપ્ટેમ્બર-૧૫૪૫માં મલાક્કા (મલેશિયા) ગયા. અહીં દરિયાઈ વાવાઝોડું-વરસાદના સમયે, ક્રોસ આગળ ધરી, વાવાઝોડાને શાંત કરવા પ્રાર્થના કરી અને દરિયો શાંત થઈ ગયો! પણ પ્રાર્થના વખતે ક્રોસ દરિયામાં સરી પડ્યો, વ્યથિત ફાધર ફ્રાન્સિસ રાતે ઊંઘી શક્યા નહીં. સવારે કિનારે પહોંચતાં કાચબાના મોઢામાં ક્રોસ જોઈ આનંદથી, પરમાત્મા પ્રત્યે આભારવશ બની ગયા.

૧૫૪૯માં એન્જિરો નામના નવાનીલ સાથી સાથે, જાપાન પહોંચ્યા, ભાષાને કારણે તેઓ અહીં સુવાર્તા સેવી શક્યા નહીં, એટલે ગોવા પરત આવી પોર્ટુગલના કેદીઓને છોડાવવાના હેતુસર ચીન તરફ પ્રયાણ કર્યું. ઓગસ્ટ ૧૫૫૨માં તેઓ શાંસમૂઅન ટાપુ પર પહોંચ્યા જવાંથી ચીન માત્ર ચૌદ કી.મી. દૂર હતો. તેમની સાથે ક્રિસ્ટોફર-એક સેવક અને અલ્વેરો-ઈસુસંઘી ઉમેદવાર હતા. ચાઈનીસ વેપારીની સહાયથી ચીનમાં જવાનું શક્ય ન બન્યું એવામાં સખત તાવમાં ફાધર ફ્રાન્સિસ પટકાયા, સારવાર છતાંયે ૩ ડિસેમ્બર ૧૫૫૨માં તેમનું અવસાન થયું. "ઓ મારા પ્રભુ, મને તારામાં સમાવી દે, મને કદી તરછોડીશ નહીં" પ્રાર્થના - શબ્દો તેમના અંતિમ શબ્દો હતા.

સાથીદારોએ શબ્દપેટીમાં ચૂનાના પથ્થરો સાથે તેમને દફનાવ્યા. અસ્થિઓ મેળવવાની લાલસામાં ૭૬ દિવસ પછી શબપેટી ખોલી તો શોકગ્રસ્ત સાથીદારોના આશ્ચર્યનો પાર ન રહ્યો. ફાધર ફ્રાન્સિસનું મૃતશરીર ગાઢ નિદ્રામાં હોય તેવું તરોતાજુ હતું! ખૂબજ કાળજીપૂર્વક મલેશિયા જતાં જહાજ ખાડીમાં ફસાઈ ગયું, સાથીદારોએ ફાધર ફ્રાન્સિસને મદદ માટે વિનંતી કરી અને વહાણ ઝડપથી આગળ વધ્યું. ત્યાંથી "મહિના પછી ગોવા જવા નીકળ્યા, એ વખતના ગોવાના લાઈસરોય નોરાન્હાના આદેશથી ત્રણ ડોક્ટરની પેનલે મૃતદેહની દાક્તરી તપાસ કરી. 'મૃતદેહમાં સડો અટકાવવા કોઈ દવા ભરી નથી છતાં દેહ તાજો છે, આ એક ચમત્કાર ન હોઈ શકે?' એવું કારણ ડોક્ટરે આવ્યું હતું.

ફાધર ફ્રાન્સિસને સંતપદ માટેની ગતિવિધિ માટે ૧૬૧૩માં પવિત્ર દેહને રોમ લઈ જવામાં આવ્યો. સુપીરિયર જનરલ (જેસુઈટ) ના આદેશથી ૩ નવેમ્બર, ૧૬૧૪માં કોણીથી નીચેનો જમણો હાથ અંગછેદન કરી રોમમાં અને ૨૭ એપ્રિલ ૧૬૧૯માં બાકીનો જમણો હાથ - ખભાથી કોણી સુધીનો ભાગ, જાપાનમાં દર્શનાર્થે રાખવામાં આવ્યા હતા. ૧૨ માર્ચ ૧૬૨૨માં મહાશ્રી પોપ ગ્રેગોરી ૧૫માએ પુનિત ફાધર ફ્રાન્સિસને અને લોયલાના ઈગ્નાસને સંત તરીકે જાહેર કર્યા. ૧૭૦૭ થી ૧૭૪૪ સુધી ૩૬ વર્ષ પવિત્ર પાર્થિવ દેહને પેટીમાં બંધ રાખવામાં આવ્યો, ત્યારબાદનાં વર્ષોમાં વાઈસરોય, આર્ચબિશપ જ તેનાં દર્શન કરી શકતા. ૧૮૬૦ પછી વખતોવખત એકાદ મહિના ડિસેમ્બર મહિનામાં જાહેર જનતાના દર્શનાર્થે તેને પ્રદર્શિત કરવામાં આવતો. ૧૯૫૨ સુધી લાકડાની પેટીમાં પવિત્ર દેહને રાખવામાં આવતો પણ ગોવાના આર્ચબિશપના આદેશથી ચાંદીની ફ્રેમમાં કાચની પેટીમાં દર્શનાર્થે પ્રદર્શિત કરવામાં આવે છે.

છેલ્લે ૧૨ ફેબ્રુઆરી, ૧૯૭૫ના રોજ અનુભવી ડોક્ટરો દ્વારા પવિત્ર પાર્થિવ દેહની ચકાસણી કરવામાં આવી અને તેમના અહેવાલ મુજબ તેમનાં અંગો-જેમના તેમજ હતાં, માત્ર થોડો સુકાઈ ગયાં હોવા છતાં હમણાં જ ચિર નિદ્રામાં પોઢ્યા હોય તેમ લાગે છે. ગોવાના સંત ફ્રાન્સિસ ઝેવિયરના નામે અનેક સંન્યસ્ત મંડળો, સંસ્થાઓ અસ્તિત્વમાં છે. સમગ્ર વિશ્વને આજે પણ પોતાના મિશનરી જીવન દ્વારા પ્રેરણા આપતા રહ્યા છે અને રહેશે.

આ વર્ષે સંતના પવિત્ર પાર્થિવ દેહ દર્શનાર્થે રાખવામાં આવ્યો છે. દેશ-પરદેશના લાખો શ્રદ્ધાળુઓ તેનાં દર્શન કરી સંતોષ અનુભવે છે. ગોવા મહાધર્મપ્રાંતમાં શિક્ષણ, આરોગ્ય અને સમાજ ક્ષેત્રે અનેકવિધ સેવામાં જોતરાયેલાં સાધુ-સાધ્વીના ૬૫ ધાર્મિક સંઘમાંથી ૩૩ સંઘના પ્રતિનિધિઓએ પોતાના 'ધ્યેયકથન'નું પ્રદર્શન, સંત ફ્રાન્સિસ ઝેવિયરના પવિત્ર પાર્થિવ દેહના ૪૪ દિવસ ચાલનાર, ૧૭મા દર્શન-પ્રદર્શન સાથે રજૂ કરવામાં આવ્યાં છે, એમ આર્ચબિશપના સેક્રેટર ફાધર જોહાકીમે જણાવ્યું હતું. આપણે સૌ તેમની મિશનરી જિંદાદિલીને જીવનમાં અપનાવીએ, ધર્મપરાયણ જીવન ગાળીએ તો પ્રત્યક્ષ દર્શન કરતાંયે અનોખો આનંદ અચૂક મળશે.

'કૃપા ભરેલા સંત ઝેવિયર, સદાય કરજો અમ પર મ્હેર' ●

Email: thomaspereira_1952@yahoo.com

# વિશ્વ વિકલાંગ દિન

✍ **સંકલન : તંત્રી**

3જી ડિસેમ્બર, ઈસુસંઘ-ધર્મસભા માટે મહાન દિવસ છે. ઈસુસંઘના સ્થાપક સભ્યમાંના એક સંત ફ્રાન્સિસ ઝેવિયરનો તહેવાર માતા ધર્મસભા ઉજવે છે. વિશેષમાં સમગ્ર વિશ્વ આ દિવસને 'વિકલાંગ દિન' તરીકે પણ ઉજવે છે. ખ્રિસ્તના એક અનુયાયી તરીકે ઝેવિયર્સડે સાથે વિકલાંગ દિવસ પણ એટલા જ ઉત્સાહથી ઉજવીએ તો વધારે સાર્થક ગણાશે.

સર્વ સામાન્ય માનવીની જેમ જ વિકલાંગ વ્યક્તિમાં પણ અગણિત પ્રકૃતિદક્ષ શક્તિ-કૌશલ્ય હોય છે જ, જરૂર છે માત્ર તેમની કદર કરવાની. તેમની ઉત્સાહયુક્ત શક્તિ, હોંશિયારી, ક્ષમતાઓને તેમની ખરેખાત નબળાઓ કરતાં પ્રાધાન્ય આપીએ આગળ ધરીએ.

ત્રણેક વર્ષ સુધી જેની વાચા ફૂટી ન હતી અને શાળામાં ગણિતથી જોજન દૂર ભાગતો આલ્બર્ટ આઈસ્ટન જતે દિવસે મહાન ગણિતશાસ્ત્રી અને ભૌતિકવિજ્ઞાની તરીકે ઓળખાય છે. પોલિયોગ્રસ્ત ફ્રન્કલિન રૂઝવલ્ટ ન્યુયોર્કનો ગવર્નર હતો અને ચાર વખત અમેરિકાનો પ્રમુખ તરીકે ચૂંટાયો હતો. ૪૬ની ઉંમરે માંદગીને કારણે શ્રવણશક્તિ ગુમાવી બેઠેલ ફ્રાન્સિસકો દે ગોયાએ અદ્દ્ભુત ચિત્રોનું સર્જન કર્યું, આજે પણ સ્પેનિશ ચિતારો-પેઈન્ટર જાણીતો છે. દૃષ્ટિ, શ્રવણ અને વાચા વિહીન હેલન કેલરનું જીવન અન્ય વિકલાંગ માટે ઉદાહરણરૂપ બની ગયું છે. ૫૩ વર્ષની ઉંમરે અંધાપાનો ભોગ બનેલ જોન મિલ્ટનનું પ્રસિદ્ધ મહાકાવ્ય 'પેરેડાયસ લોસ્ટ' અંધકવિની સર્જનશક્તિનું ઉત્તમ દૃષ્ટાંત છે.

ભારતીય અભિનેત્રી અને શાસ્ત્રીય નૃત્યાંગના સુધા ચંદ્રને જયપુર ફૂટ સાથે બહાદુરીપૂર્વક નૃત્ય રજૂ કર્યો છે, 'નાચે મયુરી' જેવા ફિલ્મમાં શાસ્ત્રીય નૃત્ય સાથે અભિનય આપ્યો છે. આજે વિવિધ ટી.વી સિરિયલમાં વખતોવખત અભિનય આપે છે.

યુદ્ધમાં ગંભીર રીતે જખ્મી થયેલા, ખોડંગાતા એક સવિશેષ વિકલાંગ વ્યક્તિ 'આધ્યાત્મિક ગુરુ' તરીકે ઉભરી આવે છે અને 'ઈસુસંઘ'ની સ્થાપના કરે છે, 'આધ્યાત્મિક સાધના' દ્વારા ત્યારે અને આજેપણ સંત ઈગ્નાસ અનેકના જીવનના પ્રેરક બની રહ્યા છે.

બંધુત્વ અને ભાઈચારાની સદ્દ્ભાવનાના હિમાયતી પ્રત્યેક માનવીએ વિકલાંગ વ્યક્તિને તેની પરિસ્થિતિમાં જ સહાયરૂપ બનવાનું છે, તે માટે કેટલીક બાબતો પ્રત્યે સભાનતા કેળવીએ...

– 'અન્ન અધિકાર'ને ગંભીરતા પૂર્વક ધ્યાનમાં લઈએ. અનેક વિકસિત દેશોમાં કુપોષણને કારણે બાળકો વિકલાંગતાનો ભોગ બને છે.

– આંતરરાષ્ટ્રીય સમુદાય વિકાસ કાર્યક્રમના આયોજનમાં વિકલાંગની જરૂરિયાત પ્રત્યે નહિવત ધ્યાન રાખવામાં આવે છે.

– વિકલાંગ મહિલાઓની પરિસ્થિતિ અત્યંત દયનીય હોય છે. પ્રતિકૂળ સંજોગો, ભેદભાવભર્યું વલણ, ગરીબી રેખા જાતે જીવાતું જીવન અને દોઝખ દારુણ ગરીબી તેમને પાયમાલ કરી નાંખે છે. વિકલાંગ મહિલા સમાજનો બમણો માર વેઠે છે.

– જોખમકારક નાદુરસ્તીમાંથી બહાર આવવા માટેની માહિતી-જ્ઞાનથી લગભગ વંચિત હોય છે.

– ઘર અને જાહેર સ્થળોએ ચડવા-ઉતરવા માટેની વિશેષ અલાયદી વ્યવસ્થા તેમને અવરજવર-હેરફેર માટે મદદરૂપ બને છે.

– 'શિક્ષણ અધિકાર'માં વિકલાંગના શિક્ષણનો સમાવેશ અને જોગવાઈ કરવાં છતાં તેઓ શિક્ષણ મેળવવા આગળ આવતા નથી.

– સિદ્ધિપ્રેરણા વિનાના વિદ્યાર્થીઓ અને જરૂરી સાધનસામગ્રી વિનાના શિક્ષકો અને સહાયકારી ભૂમિકા વિનાનાં માબાપ, વિકલાંગના વિકાસમાં ગંભીર સમસ્યા ઉભી કરે છે.

– ધંધા-રોજગાર અને વ્યવસાય અંગેના જ્ઞાનના અભાવે બેરોજગાર બને છે.

– સંપર્ક કે વ્યવહાર કરવા માટે કે માહિતીની આપલે કરવા માટેનો માર્ગક્ષેત્ર વિકલાંગ માટે મર્યાદિત હોય છે.

– જાતિગત અને વિકલાંગતાનો ભેદ, વ્યક્તિને મૌનમૂક બેહાલીમાં ધકેલી દે છે.

– એક વિકલાંગ મહિલા તરીકે તેઓનું શારીરિક કે જાતિય શોષણ થતું હોય છે, ક્યારેક અસહાય પરિસ્થિતિમાં તેમને છોડી દેવામાં આવે છે.

— ઘર કે સમાજમાં અપેક્ષિત કામગીરી કરવામાં નાકામયાબ મહિલાને તરછોડી દેવામાં આવે છે, ઘર કે સમાજ તેના તરફ દુર્લક્ષ સેવે છે. કપોલકલ્પિત માન્યતા કે ડરને કારણે વિકલાંગ મહિલાને લાંછનરૂપ ગણવામાં આવે છે.

— ખોટી માન્યતાઓને કારણે વિકલાંગ ક્ષોભ અનુભવે છે, ક્યારેક અપરાધભાવ અથવા સત્તાની લાગણી પણ અનુભવે છે. અંધશ્રદ્ધા અને દ્વેષભાવને કારણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વિકલાંગ વ્યક્તિની ઘર-સમાજની ઉપેક્ષામાં સદંતર વધારો થાય છે.

જીવનમાં તમામ ક્ષેત્રોમાં, સહાયક વિના, ગૌરવસભર જીવન જીવવા વિકલાંગને પ્રોત્સાહન આપવા અને મદદરૂપ બનવા આગળ આવવું જરૂરી છે. જે તે સંજોગોમાં તેમનો સંપૂર્ણ સ્વીકાર, આદર દ્વારા અરસપરસના વલણમાં પરિવર્તન લાવવું અનિવાર્ય છે, તે માટેનાં કેટલાંક સૂચનાઓ અહીં આપ્યાં છે.

વિકલાંગ પણ અન્ય સામાન્ય માનવીની જેમ, પરમેશ્વરની મૂલ્યવાન પ્રતિમૂર્તિ છે, તેનો સ્વીકાર અને સમય સંજોગો અનુસાર જાહેર કરો. બ્રહ્માંડના સર્જનમાં વિકલાંગ પણ અન્ય સર્જનની જેમ જ સર્વશક્તિમાન સર્જકનું વિશેષ સર્જન છે. માતાના ગર્ભમાંથી જ નિશ્ચિત પ્રયોજન, પરમાત્માનો મહિમા અને સેવા કરવા માટે તેમનો પિંડ ઘડાયો છે.

કોઈપણ વિકલાંગ મહિલા પર દમન કરવું કે અંકુશમાં રાખવા જેવી બાબતોને જાકારો આપવો. તેઓનો ખપપૂરતો ઉપયોગ કરી ફેંકી દેવા જેવા નહીં પણ આદરપાત્ર ઈન્સાન છે.

ગર્ભપાત અટકાવો, જન્મ લેનાર દરેક બાળક, વિશેષમાં દીકરીનો સહર્ષ સ્વીકાર કરો. તેમની શક્તિને પૂરી ભક્તિથી પિછાણો, તે જ મુક્તિનો સાચો રાહ છે.

સર્વસાધારણ જીવનતરાહમાં વિકલાંગનો પણ એક સન્માનીય વ્યક્તિ તરીકે સમાવેશ કરીએ. તેઓ સરળતાથી હળીમળી શકે તેવી તક ઉભી કરો. વિકલાંગ બહેન-દીકરી-માતાઓની લાગણીઓની ઉપેક્ષા કરવાને બદલે સમાજમાં તેમની લાગણીઓનો સ્વીકાર, સન્માન કરીએ.

સંન્યસ્તજીવન માટેનાં દ્વાર ખોલીએ. અંધ, અપંગ, બહેરા, કમ હોશિયાર વગેરેનો પણ કોઈપણ જાતની આનાકાની વગર. પરમેશ્વર અને તેની પ્રજાની સેવાની હાકલને અનુસરવા અંગીકાર કરીએ. યોગ્ય રીતે તાલીમ આપીએ. બ્રેઈલ લિપિ અને સાંકેતિક ભાષાનો ઉપયોગ કરીએ. તેમની પ્રાથમિક જરૂરિયાતો તરફ ધ્યાન રાખીએ અને તેઓ વાસ્તવિક ચહેરાનો સ્વીકાર કરે તેવું વાતાવરણ ઉભું કરીએ.

આપણી શિક્ષણસેવામાં વિકલાંગનો નિશ્ચિત રીતે સમાવેશ કરીએ. માનવ સમાજના તરછોડાયેલા, છેવાડાના, અદના માનવીની પડખે ઉભા રહીએ. વિકલાંગ તાલીમ કેન્દ્રમાં ભરતી માટે તેમને પ્રોત્સાહિત કરો. તેમને દત્તક સ્વીકારો, શિક્ષણ આપો, કાળજી રાખો. મંદબુદ્ધિવાળાઓને આપણા સહકાર-પ્રોત્સાહન પ્રાપ્ત કરવાનો અધિકાર છે. આ પ્રકારના વિદ્યાર્થીઓને ન્યાય મળે છે કે નહીં તે તરફ વિશેષ ધ્યાન આપો.

કાર્યક્ષમ વિકલાંગને રોજગાર મળી રહે તેવો સઘન પ્રયત્ન કરીએ. ઘરમાં, સમાજમાં, સંસ્થામાં તેમની ઉપસ્થિતિ તેમના વિશે અનોખી રીતે વિચારવા અને સદ્ભાવના પ્રગટ કરવા માટે આપણને તક પૂરી પાડે છે.

શારીરિક સજ્જતા સિવાયની આપણી અન્ય પ્રકારની વિકલાંગતા તરફ નજર કરીશું તો વિકલાંગની વિકલાંગતા પ્રત્યે અનુકંપા જાગ્રત થશે. જે વિકલાંગના તમે સંપર્કમાં છો તેમને અનુકૂલન પ્રસ્થાપિત કરી આપવા દૃઢતાપૂર્વક પ્રયત્ન કરો. વિકલાંગ સાથે મૈત્રી કેળવો

સાપ્રંત વિશ્વમાં લાખો વિકલાંગ લોકો છે. બીમારી, વાહન અકસ્માત કે યુદ્ધને કારણે બીજા અસંખ્ય વિકલાંગ તેમાં ઉમેરાતા રહે છે. તેઓને આપણા સાથ-સહકારની આવશ્યકતા છે. વિકલાંગ પ્રત્યે સહિષ્ણુ બનીએ. વિકલાંગ દિનની ઉજવણી પૂરતા જ નહીં આજીવન વિકલાંગના પુરસ્કર્તા બનીએ.

**સંમિલિતાલયમ્**

“સડકની બાજુમાં બન્ને પગે અપંગ છોકરીને જમીન પર ઘસડાતી જતી જોઈ ગાડી ઉભી રહી, દિલ દ્રવી ઉઠ્યું, મેં તેને ગાડીમાં બેસવા કહ્યું. શરૂઆતમાં તેણે ઈન્કાર કર્યો પણ હિંમત આપતાં તે બેઠી. હું તેના ઘેર મૂકવા ગયો. માબાપ અને દીકરી રડી પડી પડ્યાં. આશ્વાસન આપી હું પાછો વળ્યો” આવા અનેક વિકલાંગને જોતાં દિલ દયાથી ભરાઈ આવ્યું અને તેનું પરિણામ આ વિકલાંગ ભાઈ-બહેનો સાથેની અવિરત યાત્રા અને વિકલાંગના કલ્યાણ અર્થે ઊંટેશ્વરી સંમિલિતાલયમ્‌ની સ્થાપના થઈ એવી કેફિયત ઈસુસંઘી ફાધર ગિરીશ સંત્યાગો-ગિરીશ બાપુએ એક મુલાકાતમાં જણાવી હતી.

ગુજરાત રાજ્યમાં આજે વિકલાંગ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સેવામાં ભારત સરકાર માન્ય ૫૬ સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે, તેમાંની આ એક ઈસુપંથી સંસ્થા છે, ૧૪ વર્ષ પહેલાં તેની સ્થાપના થઈ હતી. ૨૦૧૨માં સંસ્થા દ્વારા બાઈબલનો નવો કરાર બ્રેઈલ લિપિમાં બહાર પાડીને પ્રજ્ઞાચક્ષુઓ માટે શુભસંદેશ વાંચનની સીમાઓ ખોલી હતી, જેની વિશ્વસ્તરે નોંધ લેવામાં આવી હતી અને સંસ્થાને આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળ્યો હતો.

‘તમસોમાં જ્યોતિગમય્’ના સૂત્રવિધાન સાથે અત્યાર સુધી ૨૦૦૦ વિકલાંગ બાળકોને સંસ્થાની સેવાનો લાભ મળ્યો છે. તદુપરાંત આરોગ્ય, રોજગાર, સશક્તિકરણ, સામાજિક, આર્થિક તેમજ આધ્યાત્મિક સેવાઓ દ્વારા સંસ્થા માનવજાતના અલગ અલગ પ્રકારનાં વિકલાંગપણાં દૂર કરવા કટિબદ્ધ છે. સંસ્થાની સેવાની વિશેષતા એ છે કે, તેઓ નિવાસીરૂપે નથી પણ પ્રવાસીરૂપે ગામડાંઓમાં અને શહેરોમાં વસતા વિકલાંગોની મધ્યે સામાજિક પુનઃવર્સન યોજના ચલાવે છે.

સંસ્થાના સ્થાપક તરીકે ૨૧ જુલાઈ થી ૨૮ જુલાઈ, ૨૦૧૪ના રોજ સ્લોવેનિયા(યુરોપ)ના સેલ્યા નગરમાં, આંતરરાષ્ટ્રીય ઈસુપંથ વિકલાંગ બંધુત્વસંઘની છઠ્ઠી પરિષદમાં એશિયાના ત્રણ પ્રતિનિધિઓમાંના એક ભારતીય તરીકે, ફાધર ગિરીશ અને એક વિકલાંગ સેનમા જેસંગભાઈ મૂળાભાઈએ ભાગ લીધો હતો. "ઉઠ અને તારી અને તારી પથારી ઉપાડી ચાલતો થા" એવા ઈસુના શબ્દોને પોતાના કર્મ દ્વારા ચરિતાર્થ કરતા વિશ્વતરના પ્રતિનિધિઓ અહીં ઉપસ્થિત હતાં, જેમની વચ્ચે પોતાના કાર્ય-વિચારોની આપલે થઈ હતી અને નવીન ઉત્સાહ પ્રાપ્ત કર્યાં હતાં. ૩૧ જુલાઈ, ૨૦૧૪ના રોજ 'આંતરરાષ્ટ્રીય ઈસુપંથ વિકલાંગ બંધુત્વ સંઘ' અન્વયે, વેટિકન રેડિયો પર તેમની મુલાકાત-વાર્તાલાપ તમિલભાષામાં પ્રસારિત થયો હતો. જ્યાં ફાધરે 'સૌ સાથે, સૌ સંગાથે' કેવી રીતે વિકલાંગ ભાઈ-ભાંડુઓની એક મિત્ર તરીકે સમય-સંજોગો પ્રમાણે સેવા કરી શકાય તેનું બ્યાન આપ્યું હતું.

'એન્ગેજ ડિસેબિલિટિ ઈન્ડિયા - ૨૦૧૪ કોન્ફરન્સ' દિલ્હીના ૧૮ સલાહકારી સભ્ય જૂથમાં, ફાધર ગિરીશની એક સભ્ય તરીકે પસંદગી અને નિમણૂંક કરવામાં આવી છે. કોન્ફરન્સમાં ૪૫૦ સભ્ય હાજર હતા.

'વિકલાંગ બાળકોના સંમિલિત શિક્ષણમાં પ્રોત્સાહન અને અમલીકરણ માટે ગુજરાતની ખ્રિસ્તી ધર્મની શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા' મહાનિબંધ વિષય પર, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણથી ફાધર ગિરીશે PhDની ઉપાધિ પ્રાપ્ત કરી છે. 'ઊંટેશ્વરી સંમિલિતાલયમ્', ઈરાણા રોડ-કડીના નિયામક તરીકે, તમામ પ્રકારના વિકલાંગની સેવામાં ઉન્નતિમાં ગુજરાત ખાતે, સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત-ગુજરાત ટ્રસ્ટી અને સલાહકાર તરીકે પણ તેઓ સેવા આપે છે. વળી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઈસુપંથ વિકલાંગ સંસ્થાઓના કોર કમિટિ મેમ્બર તરીકે સેવા આપે છે. મૂળ તમિલનાડુના પણ છેલ્લાં ૩૧ વર્ષથી ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવનાર ફાધર ગિરીશને હાર્દિક અભિનંદન. વિકલાંગના વિકાસમાં અંતરિયાત ગામડાથી માંડી આંતરરાષ્ટ્રીય સ્તરે આપ અધિકાધિક સેવા કરતા રહો એ જ અભ્યર્થના.

ગુજરાતમાં કેથોલિક ઉપરાંત અન્ય ઈસુપંથી મંડળીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ પણ વિકલાંગોની સેવામાં જોતરાયેલી છે. સિસ્ટર્સ ઓફ ચેરીટી ઓફ સેન્ટ આન્નાનાં સાધ્વીબેનો 'માધુર્યભુવન' ઊંટેશ્વરી નિવાસી કેન્દ્રમાં માનસિક ક્ષતિ ધરાવતા યુવા-યુવતીઓ માટે સેવારત છે.

વિકલાંગની વહારે જનાર સૌને વંદન. આપણે પણ વિકલાંગ પ્રત્યે આપણા વલણમાં પરિવર્તન લાવી, સમાજના અને અભિન્ન અંગ તરીકે સ્વીકાર કરી, તેના ઉત્થાન માટે ટેકારુપ બનીએ. ●


વિશેષ માહિતી માટે સંપર્ક કરોઃ ફાધર ગિરીશ સંત્યાગો
(મો. ૯૪૨૬૫ ૫૫૨૮૮) Email: girish@jesuits.net



**'ધ મિશનરીઝ ઑફ ક્રાઈસ્ટ ધ કિંગનો શુભારંભ, અખંડ ભારતમાં - કરાંચી (હાલ પાકિસ્તાન)માં ૧૯૩૭માં મોન્સિનિયર સલેસિયસ લમેન્સ (O.F.M.) અને મધર બ્રિજેટ સિક્વેરાના સંયુક્ત સાહસથી થયો હતો.**

- શાળાઓમાં બાળકોને શિક્ષણ.
- બીમાર અને એઈડ્સગ્રસ્ત લોકોની સેવા.
- ગરીબી રેખા નીચે જીવતાં પરિવારોનો વિકાસ.
- શેરીઓમાં રખડતાં બાળકોની સંભાળ.
- શુભસંદેશની ઘોષણા / ધાર્મિક પ્રવૃત્તિઓ.
- સામાજિક સભાનતા અભિયાન.



જેવાં નાનાવિધ કાર્યો સાથે મિશનરી હાકલનો પ્રતિસાદ આપીએ છીએ. અમે ગોવા, દમણ, પૂણે, મુંબઈ, વસઈ, કારવાર, દિલ્હી, નાગપુર, કેરાલા, બેલગામ, હરિયાણા, છત્તીસગઢ, ઝારખંડ, પાકિસ્તાન અને દુબઈમાં ઈશ્વરના રાજ્યની ઘોષણા કરીએ છીએ.

*ધર્મકાર્યમાં જાતને સમર્પિત કરવી એક પડકાર છે. શું તમે આ પડકાર-હાકલનો સ્વીકાર કરશો?*

**જો આપનો પ્રત્યુત્તર 'હા' હોય તો સંપર્ક કરોઃ**

(યોગ્યતાઃ ધોરણ ૧૨ પાસ)

**The Vocation Promoter**
**Lourdes Convent, Saligao, Bardez, Goa - 403511**
**Ph No. 0832-2278370, Mob.: 08698554510 / E-mail: fmckprovoc@gmail.com**

# મુક્તિ પોતાની પસંદગી

✍ ધર્મગુરુ હેરી પિન્ટો

*સભાપુરોહિત, કેથોલિક આશ્રમ, ડીસા (ઉ.ગુ)*

ગયા મહિને એક ગામની મુલાકાત દરમ્યાન મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળી વિશે પ્રચાર કતો હતો. હોસ્ટેલના એક વિદ્યાર્થીને ઘેર વાત ચાલતી હતી. મેં વિદ્યાર્થીને વિનંતી કરી કે એમના પડોશીને સહકારી મંડળી વિશે વાત સાંભળવા બોલાવો. એમણે પાછા આવીને જણાવ્યું કે પડોશી આવવાની ના પાડે છે અને આગળ વાત કરી કે જૂન મહિનામાં તેમની દીકરીને સ્કૂલમાં પ્રવેશ મળ્યો ન હતો, એટલે... મારે પ્રવેશ ન મળવાના કારણોમાં પડવું નથી પણ દીકરીનો પ્રવેશ અને સહકારી મંડળીમાં જોડાવવાની વચ્ચે કોઈ સંબંધ નથી તેમ છતાં મને મળવા સુદ્ધાં ન આવ્યા. ગુસ્સો, નફરત કે ધૃણાએ તેમને આંધળા બનાવ્યા હતા તેથી પોતાના જીવન ઘડતર કરવાના એક રચનાત્મક કાર્યથી તેઓ વંચિત રહ્યા. પોતાને સમજવામાં પેલા પડોશી નિષ્ફળ રહ્યા. કેટલીક વ્યક્તિઓ નાના નાના બનાવોને વર્ષો સુધી વાગોળે છે. સ્વેચ્છાએ નફરતનો નકામો બોજો ઉપાડીને પલાસ્ટિક સ્મિત આપીને ફરતા હોય છે. પરિણામે તેઓ પોતાનું સ્વાતંત્ર્ય ગુમાવે છે, પોતાના પગ પર કુહાડી મારે છે, હાનિકારક પસંદગી કરે છે.

મેં પણ એવી પસંદગી કરીને ૧૭ વર્ષ ઘણું ગુમાવ્યું છે. વાત એમ છે. ૧૪-૧-૧૯૯૬ લેંડમાર્ક ફોરમ સેમિનારનો ત્રીજો દિવસ. ભૂતકાળ સાથે સમાધાન કરવાની બેઠક ચાલતી હતી. મારી બાજુમાં બેઠેલી એક કોલેજિયન છોકરી સાથે લીડર વાત કરતા હતા. પોતાના પપ્પાને એ ખૂબ ધિક્કારતી હતી. લીડરે એમની પાસેથી વચન લીધું કે રિસેસ દરમ્યાન ફોન પર પપ્પા સાથે સમાધાન કરવું. છોકરીને પ્રોત્સાહન આપતાં અમે ફોનની દુકાને ગયાં. છોકરી પપ્પા સાથે વાત કરવા લાગી. એવામાં મને એક વિચાર આવ્યો કે આટલા બધા લોકો પોતાના ભૂતકાળ સાથે સમાધાન કરે છે, 'તું પણ કંઈક કર.' તરત જ મને યાદ આવ્યું કે 'મને મારાં ભાભી ઉપર નફરત છે.'

તરત જ હું બીજા ફોનની દુકાને ગયો અને ભાભીને ફોન લગાવ્યો. બનાવની એમને જાણ કરી. ૧૯૭૯માં મમ્મી અને નાની બહેન મુંબઈ ભાઈને ત્યાં આવ્યાં હતાં. હું પણ ઉનાળાની રજાઓ ગાળવા મુંબઈ ભાઈને ત્યાં ગયો. એક દિવસ ભાભી અને ભાઈ વચ્ચે ઝગડો થયો હતો. એ દરમ્યાન ભાભી એમ બોલ્યાં હતાં, "તમે બધાં મને મારી નાખવા અહીં આવ્યાં છો." આ વાક્ય સાંભળીને મને ખૂબ દુઃખ થયું હતું સાથોસાથ ગુસ્સો પણ આવ્યો હતો. બોલવાની ઈચ્છા થઈ હતી પણ હું બ્રધર છું એટલે કશું બોલ્યો નહિ. બધી વાત કર્યા બાદ મેં ભાભીને કહ્યું, "ભાભી, ૧૭ વર્ષ સુધી તમારા પ્રત્યે નફરત રાખી હું જીવ્યો એટલે મને માફ કરો." ભાભીએ ખુશીથી માફ કર્યો. દુકાનમાંથી બહાર આવ્યો ત્યારે મને એવો અનોખો સ્વર્ગીય અનુભવ થયો. હળવાશ અનુભવવા લાગ્યો, આનંદમાં ડૂબી ગયો. પછી પેલી છોકરીને મળ્યો તો એ પણ ખૂબ જ આનંદમાં હતી.

આનંદની લાગણી સાથે મને એવો અફસોસ થયો કે ૧૭ વર્ષ સુધી મેં મારું સ્વાતંત્ર્ય, પ્રેમ, હૂંફ, સંબંધ, નિખાલસતા, આપ-લે... ઘણું બધું ગુમાવ્યું. ટૂંકમાં મેં મોટો ખજાનો ગુમાવ્યો હતો, એ પણ સ્વેચ્છાએ! કેવી મૂર્ખામી! કેવી પસંદગી! ફૂટબોલ મેચમાં સેલ્ફ ગોલ કરીને હારી જવાનો અનુભવ. જો મેં તરત જ માફી માગી હોત તો હું આજ સુધી કેટલું બધું મેળવી શક્યો હોત! જો હું તમને પૂછું કે તમને અફસોસવાળું જીવન જીવવાનું ગમે? તો બધાં જ ના પાડશો. એકલી પસંદગી કરીને બેસી રહીએ તો ન ચાલે, આગળ પગલાં ભરવાં પડે.

કદાચ હું એમ વિચારું કે હું સામેની વ્યક્તિ પાસે જવું તો ઈજ્જત ન રહે, નાના દેખાઈએ. વાસ્તવમાં માફી માગવાથી કે આપવાથી આપણું કશું ઓછું થતું નથી, ઘટતું નથી, આપણે નાના થતા નથી બલ્કે મહાન બનીએ છીએ. મહાન વ્યક્તિઓ જ વિના શરતે માફ કરી શકે, નબળા વ્યક્તિ નહીં. જો હું કહું કે સામેની વ્યક્તિએ ભૂલ કરી છે અને તે માફી માગવા આવે તો માફ કરું. માફીમાં કોઈ શરત હોતી નથી. શરત સાથેની માફી એ ધંધો છે માફી નથી. યાદ રાખીએ કે બનાવ મારી સાથે થયો છે તેથી તેની અસર અમે બન્ને વ્યક્તિઓને થાય છે. સામેની વ્યક્તિ અને હું બન્ને ગુસ્સો, તણાવ, બેચેની અને દુઃખમાં પોઢ્યા રહીશું જો કાંઈક ન કરીએ તો.

આપણે પ્રભુ ઈસુની ચેતવણીને યાદ કરીએ, "જો તમે બીજાઓના અપરાધ ક્ષમા કરશો, તો તમારા પરમપિતા તમારા અપરાધ પણ ક્ષમા કરશે. પણ જો તમે બીજાઓના અપરાધ ક્ષમા નહિ કરો, તો તમારા પિતા તમારા અપરાધ પણ ક્ષમા નહિ કરે." (માથ્થી ૬:૧૪-

**"જો તમે બીજાઓના અપરાધ ક્ષમા કરશો, તો તમારા પરમપિતા તમારા અપરાધ પણ ક્ષમા કરશે. પણ જો તમે બીજાઓના અપરાધ ક્ષમા નહિ કરો, તો તમારા પિતા તમારા અપરાધ પણ ક્ષમા નહિ કરે."**

**(માથ્થી ૬:૧૪-૧૫)**

૧૫) સામેની વ્યક્તિને જો તમારી પાસે આવવાની હિંમત ન હોય તો હું બંધનમાંથી મુક્ત ન થાઉં. મારે બંધનમાંથી મુક્ત થવા પહેલ કરવી અને સામે ચાલીને માફી આપવી જરૂરી છે. એમ કરવાથી સૌ પ્રથમ ફાયદો મને થાય છે - હું બંધનમાંથી મુક્ત થાઉં છું અને સામે વ્યક્તિને બંધનમાંથી મુક્ત થવા અવકાશ ઊભો કરું છું. સામેની વ્યક્તિ પર મોટો ઉપકાર કરતો નથી બલ્કે હું પ્રથમ લાભાર્થી બનું છું, હું મુક્તિ અનુભવું છું.

જો હું એમ પણ વિચારું કે મેં વ્યક્તિને ઈશ્વર આગળ દિલથી માફ કર્યા છે અથવા માફી માગી છે માટે મારે વ્યક્તિને મળીને માફી માગવાની કે આપવાની જરૂર નથી. આપણે યાદ રાખીએ કે વ્યક્તિઓ વચ્ચેના બનાવોમાં ત્રિકોણીય અસર થાય છેઃ એક ઈશ્વર પિતાને, બીજું પડોશીને અને ત્રીજું પોતાને. એટલે જો હું વ્યક્તિને મળીને સમાધાન ન કરું તો એક પાસું અધૂરું રહી જાય અને અસર પૂરેપૂરી ન થાય, સ્વર્ગીય અનુભવથી, ખરી મુક્તિથી હું વંચિત રહું. ફક્ત મેં માફ કર્યા છે એવો આત્મસંતોષ થાય.

પ્રભુ ઈસુ આપણને તાકીદ કરે છેઃ "એટલે વેદી ઉપર નૈવેદ્ય ધરાવતાં તને યાદ આવે કે, તારા ભાઈને તારી સામે કંઈ ફરિયાદ છે, તો તારું નૈવેદ્ય વેદી આગળ રહેવા દઈ નીકળી પડજે. પહેલાં તારા ભાઈ સાથે સમાધાન કરજે, અને ત્યાર પછી આવીને નૈવેદ્ય ધરાવજે." (માથ્થી ૫:૨૩-૨૪) પ્રભુ ઈસુ સ્પષ્ટપણે સૂચવે છે કે વ્યક્તિને પ્રત્યક્ષ મળીને સમાધાન કરવું જોઈએ.

ખરી મુક્તિ મારી વ્યક્તિગત પસંદગીનું પરિણામ છે. નફરતરૂપી કુંડમાં પડ્યાં રહીને એજ સ્વર્ગ છે એમ માનવું એ ડહાપણ ભરેલું નથી ઉલટું મહામૂલ્ય જીવનને વેડફી નાખીએ છીએ. બંધનમુક્ત તથા આનંદમય જીવન ગાળવા અને ખરેખર પ્રભુ ઈસુના શિષ્ય તરીકે સાક્ષી પૂરવા નક્કર પસંદગી અનિવાર્ય છે. ચાલો, આપણને મુક્તિના પંથે વ્યક્તિગત પસંદગી કરીને આગળ વધીએ અને આપણી આજુબાજુ નાનાકડું સ્વગી રચીએ. આ દિશામાં પ્રયાણ કરવા જો તમે આવી નક્કર પસંદગી કરી હોય તો એક શાન્ત જગ્યાએ બેસીને જેની સાથે સમાધાન કરવાનું છે તેની યાદી બનાવો. (જેમ આ મુસાફરીમાં આગળ વધશો તો તમારી આ યાદી લાંબી થઈ શકે એમ છે! તમારી આ મુસાફરીમાં નીચે આપેલ ઈશ્વર-પડોશી-પોતાની સાથે સમાધાન કરવાની પદ્ધતિ ચોક્કસ મદદરૂપ થશે અને ચમત્કાર સર્જાશે.

સમાધાન કરવાની પદ્ધતિઃ

૧. પ્રભુએ શરણે જઈને આ સમાધાનની મુસાફરીમાં સાથ માગો.
૨. બનાવને પૂરેપૂરો સ્વીકારોઃ આમ કેમ થયું? એવો પ્રશ્ન વારંવાર આવે તો જવાબ આપોઃ "કારણકે એમ બન્યું":
૩. બનાવની છણાવટ કરોઃ
    અ. ગેરસમજ છે કે નહિ?
    બ. બનાવમાં પોતાની ભૂમિકા શી હતી?
        (માફી માગતી વખતે ઉપયોગમાં આવે.)
    ક. બનાવમાં સામેની વ્યક્તિની ભૂમિકા શી હતી?

૪. પૂર્વ તૈયારીઃ

અ. માનસિક તૈયારીઃ

૧. ઈરાદો સ્પષ્ટ કરોઃ તમે શા માટે આ પગલું ભરવા માગો છો તેની સ્પષ્ટતા. શુદ્ધ હેતુ છે મુક્ત થવાનો કે સાજા થવાનો. કોણ સાચો છે પૂરવાર કરવાનો સાચો હેતુ નથી.
૨. તિરસ્કાર માટે તૈયારીઃ સામેની વ્યક્તિ તરત જ તમને સ્વીકાર કરે કે ન કરે એની ખાતરી નથી તેથી અસ્વીકાર માટે માનસિક રીતે તૈયાર થઈએ તો મુલાકાતમાં અણધાર્યું પરિણામ ન આવે. ધીરજથી કામ લેવું જોઈએ.
૩. રજૂઆતઃ વ્યક્તિ પાસે જવું ત્યારે કેવી રીતે શરૂઆત કરવી, કયા મુદ્દાથી શરૂઆત કરવી...વગેરે.

બ. આધ્યાત્મિક તૈયારી.

૧. પોતાને માટે પ્રાર્થનાઃ બંધનમુક્ત થવા કૃપા, માર્ગ, હિંમત માગવી.
૨. સામે વ્યક્તિ માટે પ્રાર્થનાઃ પ્રભુ તેમને આશીર્વાદિત કરે જેથી તેઓ પણ બંધનમુક્ત થઈ જાય.

૫. વ્યક્તિને રૂબરૂ મળવુંઃ

૧. ઓછામાં ઓછું ૨૪ કલાક પહેલાં વ્યક્તિ સાથે સમય નક્કી કરો. (Take appoinment)
૨. મળવા જતાં તમારા ઈરાદાને ફરી યાદ કરોઃ બાંધવાનો નહિ કે નાશ કરવાનો.
૩. શરૂઆતમાં તમને જે લાગણી થાય તેને વ્યક્ત કરો જેથી એનાથી તમે મુક્ત થઈ જાઓ.
    દા.ત.ઃ બેચેની, ગભરામણ, ચિંતા...
૪. હકારાત્મક ભાષા વાપરો (દોષારોપણના શબ્દો નહિ)
૫. માફી માગવાનીઃ

- બનાવમાં તમારી ભૂમિકાનો ઉલ્લેખ કરો.
  દા.ત. ...મેં તમને બધાની આગળ ઠપકો આપ્યો.
- તમારા વર્તન વિશે અભિપ્રાય આપો. દા.ત. ...મેં તમને બધાની આગળ ઠપકો આપ્યો એ વર્તન યોગ્ય ન હતું.
- દિલગીરી વ્યક્ત કરોઃ દા.ત....
  મારા ગેરવર્તન માટે હું દિલગીર છું.
- અંતે માફી માગોઃ સ્પષ્ટ શબ્દોમાં કહો "મને માફ કરો."

બંધનમુક્ત રસ્તે જો હું ચાલતો હોઉં તો, "જેમ અમે અમારા અપરાધીઓને માફ કરીએ છીએ તેમ તું અમાર અપરાધોને માફ કર," 'હે અમારા બાપ' પ્રાર્થનાના શબ્દો બોલવા હું લાયક બનું તથા સ્વર્ગનો દરવાજો મારા માટે ખુલ્લો રહેશે. દરેકના માટે સ્વર્ગના દરવાજા ખુલ્લા રહે એવી મારી આશા પણ એ દરેક વ્યક્તિ ઉપર નિર્ભર છે, પોતાની પસંદગી મુક્તિ. ●

# HIV - એઈડ્સ

✍ વિક્ટર મેકવાન (યુ.એસ.એ.)

વિજ્ઞાન અને ટેક્નોલોજીના જમાનામાં મેડિકલ ક્ષેત્રે વિવિધ આધુનિક સાધનો-યંત્રો અને દવાની શોધખોળ થયા જ કરે છે. માનવનું સરેરાશ આયુષ્ય ૬૫ થી ૭૦ વર્ષનું થયું છે. તે તંદુરસ્ત સમાજની એક સારી નિશાની છે. મોટા ભાગના લોકો તંદુરસ્તી પ્રત્યે સભાન બન્યા છે. રોગમુક્ત રહેવા માટે પ્રયત્નો કરી રહ્યા છે. માનવ જીવનનું મહત્ત્વ કિંમત કે મૂલ્ય ખરેખર ખૂબ જ અમૂલ્ય છે તે સમજી શકાય છે. આમ છતાં HIV(પોઝિટિવ) કે એઈડ્સ જેવો ગંભીર ભયાનક્ ને જીવલેણ રોગ માનવને મરવા માટે મજબૂર કરે છે. તે વિજ્ઞાનની મર્યાદા છે.

એઈડ્સના નામ માત્રથી સામાન્ય લોકો ગભરાય છે, ડરે છે અને બીવે છે. એઈડ્સ વિશેની સાચી માહિતી અને જ્ઞાનને અભાવે ઘણા લોકો એઈડ્સ વિશેની ગેરસમજોનો ભોગ બને છે. સામાન્ય લોકોની સમજ, માન્યતા અને અભિપ્રાય પ્રમાણે માત્ર એકથી વધારે સ્ત્રી કે પુરુષો સાથે જાતીય સંબંધ બાંધવાથી એઈડ્સ થાય છે અને પરિણામે મૃત્યુ થાય છે. વિશ્વ આખું જેના વિશે ચિંતિત છે તે એઈડ્સ ખરેખર છે શું?

**AIDS - એઈડ્સ એટલે શું?**

A - એક્વાયર્ડ - મેળવેલ (આનુવંશિકપણે નહીં)
I - ઈમ્યુનો - રોગ પ્રતિકારક શક્તિ
D - ડેફિ’શન્સિ - ઊણપ કે ખામી
S - સીન્ડ્રોમ - ચિહ્નો

વ્યક્તિમાં (લોહીમાં) રોગપ્રતિકારક શક્તિની ઊણપ કે ખામી ધરાવતાં ચિહ્નો જોવા મળે તેને એઈડ્સ કહેવાય.

**HIV એટલે શું?**

H - હ્યુમન - માનવ શરીર
I - ઈમ્યુનો - રોગ પ્રતિકારક શક્તિ
V - ડેફિ’શન્સિ વાયરસ -નાશ કરનાર જતું કે વિષાણુઓ.

માનવ શરીરમાં લોહી અગત્યનું ઘટક છે, જેમાં રક્તકણ માનવશરીરનું પોષણ કરે છે. શક્તિ પ્રદાન કરે છે. અને બીજું શ્વેતકણ જે અન્ય રોગો સામે માનવનું રક્ષણ કરે છે. તે રક્ષક છે. તે લસીકાકણોને નામે પણ ઓળખાય છે.

કોઈપણ વ્યક્તિ (સ્ત્રી-પુરુષ કે બાળક)ના શરીરમાં એટલે કે લોહીમાં HIVના ખતરનાક જંતુઓ પ્રવેશે છે ત્યારે શ્વેતકણોની રોગપ્રતિકારક શક્તિ દિનપ્રતિદિન નબળી પડતી જાય છે. કોઈપણ વૃક્ષ કે મકાનને ઉધઈ કે લૂણો લાગે ત્યારે શરૂઆતમાં કોઈજ અસર દેખાતી નથી. પરંતુ લાંબા ગાળે, વર્ષો પછી એ વૃક્ષ કે મકાનનો નાશ થાય છે. એટલે કે HIV-એઈડ્સના ખતરનાક જંતુઓ જે વ્યક્તિના શરીરમાં પ્રવેશે છે તે વ્યક્તિ શરૂઆતમાં બહારથી તો હુષ્ટપુષ્ટ જ દેખાય છે પરંતુ ધીમે ધીમે સમય જતાં, વર્ષો જતાં તે વ્યક્તિનું શરીર ક્ષીણ થતું જાય છે. ગળતું જાય છે. ઘસાઈને ઓગળતું જાય છે. ટૂંકમાં લાંબા ગાળે વર્ષો પછી અસરો જોવા મળે છે.

HIV - એઈડ્સ એટલે કે લોહીમાં રહેલાં શ્વેતકણોનું, રોગપ્રતિકારક તંત્રનું, સામનો કરવાની શક્તિનો નાશ. શરૂઆતમાં કેટલાંક વર્ષો સુધી વિષાણુંઓ કે જંતુઓ(દુશ્મન)નું આક્રમણ મંદ હોવાથી પ્રારંભિક તબક્કામાં ખાસ કોઈજ લક્ષણો જોવા મળતાં નથી. આ તબક્કો લાંબો પણ હોઈ શકે છે. કેટલાં વર્ષો સુધી (?) તે જાણી કે કહી શકાય નહીં પરંતુ પોષક ખોરાકથી તે તબક્કો વધારે લાંબો થઈ શકે છે.

હળવાં અને અસામાન્ય લક્ષણો જોઈએ તો એકવાર રોગ પ્રતિકારક તંત્રને નુકસાન શરૂ થઈ ગયા પછી માનવ શરીર ઉપર તેનાં ચિહ્નો-લક્ષણો અને અસરો ધીમે ધીમે દેખાવી શરૂ થાય છે. મુખ્ય ચિહ્નો જોઈએ તો વ્યક્તિને થાક લાગ્યા કરે છે. પરિશ્રમ, શ્રમ, મહેનત કે કામ કર્યા વિના પણ થાકી જવાય છે. અશક્તિ લાગે છે. વજનમાં સતત ઘટાડો થતો જાય છે. ધીમે ધીમે દસ કિલોથી પણ વધારે વજન ઘટી જાય છે. કોઈપણ જાતના કારણ વગર તાવ કાયમી બની જાય છે. એક મહિનાથી વધારે લાંબો સમય ઝાડા રહે છે.

આ ઉપરાંત કેટલાંક ગૌણ ચિહ્નો કે અસરો પણ જોવા મળે છે, જેવી કે સારવાર ચાલુ રાખ્યા છતાં એક મહિનાથી વધારે સમય ખાંસી કે ઉધરસ ચાલુ રહે છે. શરીરમાં ખંજવાળ આવે અને ચામડી ઉપર ડાઘા પડી જાય છે. લોહી લઈ જનાર, વહન કરનાર - લસિકાગ્રંથિમાં સોજો આવી જાય અને જીભ ઉપર વધારે પ્રમાણમાં છારી બાઝવા માંડે છે.

HIVનો ચેપ લાગ્યાથી એઈડ્સ સુધીની પ્રક્રિયા સમજવા જેવી છે. HIV એટલે કે જેને માનવ શરીરના રોગ પ્રતિકારક તંત્રને નાશ કરનાર જંતુ કહેવામાં આવે છે. કોઈપણ રીતે માનવ શરીરમાં પ્રવેશ કરે છે અને લોહીમાં ભળી જાય છે. આ જંતુ ચેપ લાગ્યા પછી બેથી બાર અઠવાડિયા દરમિયાન લોહીમાં એન્ટી-બોડી બનાવવાનું કાર્ય કરે છે. ક્યારેક આ તબક્કો છ મહિના સુધી ચાલે છે. આ માટેના પરીક્ષણ ટેસ્ટને વેસ્ટર્ન બ્લોટ તથા એલિસા ટેસ્ટ કહે છે. ચેપ લાગવાથી શરૂઆતથી ‘સીરો કન્વર્ઝન’ થતાં સુધીના સમયગાળાને ‘વિન્ડો પીરિયડ’ કહે છે. આ સમયગાળામાં વ્યક્તિને ચેપ તો લાગેલો જ હોય છે. પરંતુ પૂરતા પ્રમાણમાં ‘એન્ટી બોડી’ના થવાથી ‘એબીસ’ ટેસ્ટ નેગેટિવ બતાવે છે. આથી એક વખતના ટેસ્ટ કે રિપોર્ટથી કોઈ વ્યક્તિને HIVનો ચેપ લાગી જ ગયો છે તેમ ન કહી શકાય, પરંતુ આવો ચેપ લાગ્યાની શરૂઆત હોવા છતાં પણ તેવી વ્યક્તિ બીજી અન્ય વ્યક્તિઓને ચેપ લગાડી શકે છે. રોગ આપી શકે છે. વળી છ મહિનાથી પંદર વર્ષ સુધી સંપૂર્ણ ચિહ્નો જણાતાં પણ નથી.

HIV એઈડ્સ જેવા ખતરનાક રોગના ફેલાવા માટે ઘણી બાબતો જવાબદાર હોઈ શકે છે. જેમ કે બાળકના જન્મ સમયે ઘણું લોહી વહી જાય છે. ઓર મારફતે પણ લોહી વહી જાય છે. એ ઓર કાપવાની

સાધનોનોની સ્વચ્છતા અને માતાનું ધાવણ પણ જવાબદાર હોઈ શકે છે. બીજું કે, ઈન્જેક્શન અને લોહી. અકસ્માત પછી મોટા ઓપરેશન વખતે બહારથી લોહી ચઢાવવું પડે છે. આવા બહારથી ચઢાવેલા લોહીમાં પણ ચેપી જીવાણુંઓ હોઈ શકે છે.

જાતીય સંબંધ મારફતે વીર્ય દ્વારા માસિકસ્રાવ અને યોનિસ્રાવ મારફતે પણ અન્યને ચેપ લાગી શકે છે. ટૂંકમાં શરીરના પ્રવાહીઓ જેવાં કે પ્રસૂતિસ્રાવ, રક્ત, યોનિસ્રાવ, વીર્ય, માસિક સ્રાવ, કરોડ-મગજનું પ્રવાહી અને ધાવણ મારફતે પણ HIVએઈડ્સ ફેલાય છે.

HIV એઈડ્સ જેવો જીવલેણ ચેપી રોગ અટકાવી પણ શકાય છે. સ્ત્રી-પુરુષના જાતીય સંબંધો માત્ર અને માત્ર એકજ વ્યક્તિ, જીવનસાથી કે પતિ-પત્નીની મર્યાદામાં રાખવા. આ મર્યાદા ક્યારેય ના ઓળંગવી. સ્ત્રી-પુરુષ અને પુરુષ-પુરુષ વચ્ચેના સજાતીય, સૃષ્ટિ વિરુદ્ધના સેક્સ સંબંધોથી દૂર રહેવું.

અકસ્માતે લોહીની જરૂર પડે ત્યારે ધંધાદારી રક્તદાતાનું લોહી ના લેતાં સ્વૈચ્છિક રક્તદાતાના લોહીનો ઉપયોગ કરવો અને તે પણ HIV રહિત છે કે નહીં તેની પૂરતી તપાસ કરીને જ લોહી લેવું.

ઉકાળેલી જંતુરહિત, ડિસ્પોઝેબલ સોય અને સિરીંજ વડે જ ઈન્જેક્શન અને બ્લડ ટેસ્ટ થાય તેવો આગ્રહ રાખવો.

લોહીના સીધા સંપર્કમાં આવતી વસ્તુઓ જેવી કે ટૂથ-બ્રશ, દાઢી કરવાનું રેઝર-બ્લેડ બીજાઓએ વાપરેલ ના હોવું જોઈએ.

જો વ્યક્તિને બાહ્ય કે આંતરિક જાતીય રોગો થયા હોય તો એઈડ્સની શક્યતા વધી જાય છે, માટે ડોક્ટરની સલાહ, તપાસ અને સારવાર તરત જ કરાવવી જોઈએ અને તે દરમિયાન જાતીય સંબંધથી દૂર રહેવું.

અકસ્માત થાય, વ્યક્તિ ઘવાય, શરીર ઉપર ઉઝરડા પડે અને ઘા થાય, લોહી નીકળે અને ત્યારે જેની સાથે અથડાયા હોય તે વાહન, સાધન, યંત્ર, મશીનરી, ફાલતુ ચીજવસ્તુઓ, રસ્તા ઉપર પડેલ ધૂળ-માટીના સંપર્કથી પણ ચેપી રોગ શરીરમાં પ્રવેશી શકે છે. જેની કાળજી રાખવી.

HIVથી ઘેરાયેલો વ્યક્તિ સમય જતાં વિભિન્ન બીમારીઓનો શિકાર બને છે અને લાંબે ગાળે તેને એઈડ્સ થાય છે. મેડિકલ સાયન્સ પ્રયોગો કરે છે, છતાં એઈડ્સની કોઈજ દવા શોધાઈ નથી. (આશા રાખીએ કે વહેલી તકે શોધાઈ શકે). પરંતુ HIV અને એઈડ્સને લીધે થતા અન્ય રોગોની દવા શોધાઈ છે. તેનો ઝડપી ઈલાજ કરવાથી આંશિક સુધારો થઈ શકે છે. HIVના જંતુઓ ઓછાં કરી શકાય છે. પરંતુ સંપૂર્ણ રીતે નાશ કરી શકાતાં નથી. દવાઓ જીવન પર્યંત, મરતાં સુધી, નિયમિત રીતે લેવી પડે છે, જે ખૂબ જ મોંઘી હોય છે. અને દવાની વિપરીત અસરો પણ થાય છે. આમ સારવાર કરવાથી જિંદગી થોડી લાંબી થઈ શકે છે પરંતુ મૃત્યુને રોકી શકાતું નથી જ.

HIV એઈડ્સ વિશેની કેટલીક ભૂલભરેલી ગેરસમજો સમાજમાં પ્રવર્તે છે. તે દૂર થવી જરૂરી છે. HIV એઈડ્સ એક ચેપી રોગ છે. પરંતુ તે આંસુ, ઉધરસ, ખાંસી, લાળ, પેશાબ, ઉલ્ટી કે પરસેવા મારફતે ફેલાતો નથી. સાથે ખાવું, સ્પર્શ કરવો, આલિંગન કરવું, હાથ મિલાવવા નજીક-અડોઅડ બેસવું, ચુંબન કરવાથી કે સાથે નોકરી કરવાથી ફેલાતો નથી. માથું ઓળાવવાનો કાંસકો, ચાદર, ટુવાલ કે કપડાંથી ફેલાતો નથી. એક જ સંડાસ-બાથરૂમ કે સ્વિમિંગપુલ વાપરવાથી ફેલાતો નથી. કપ-રકાબી, ચમચી કે અન્ય વાસણો વાપરવાથી ફેલાતો નથી.

ટૂંકમાં કોઈ એક દેશનું લશ્કર - સૈન્ય એટલે કે સૈનિકો સંપૂર્ણ હથિયારોથી સજ્જ થઈને, સરહદ ઉપર સીમાઓ ઉપર દુશ્મનો સામે લડ્યા કરે છે અને પોતાના દેશનું રક્ષણ કરે છે. પરંતુ કોઈપણ રીતે દુશ્મનોની છાવણીનો એકજ શત્રુ-સૈનિક પોતાની છાવણીમાં આવી જાય પછી ધીમે ધીમે તે લાંબાગાળે આપણા સૈનિકોને મારીને સૈન્યને નબળું પાડશે, અને એક દિવસ એવો આવે કે આપણું સૈન્ય તદ્દન તાકાત વગરનું બની જાય છે. એજ રીતે કોઈપણ રીતે HIV એઈડ્સના ખતરનાક ચેપી જીવાણુંઓ આપણાં લોહીમાં પ્રવેશી જાય પછી ધીમે ધીમે તે લોહીમાં પ્રસરી જાય છે. અને લોહીની રોગ પ્રતિકારક શક્તિનો નાશ કરે છે. જ્યારે શરીરની રોગપ્રતિકારક શક્તિ તદ્દન નાશ પામે છે ત્યારે શરીર તદ્દન નબળું, દુબળું, અશક્ત અને HIV એઈડ્સગ્રસ્ત બની જાય છે. આથી HIV એઈડ્સના ખતરનાક જીવલેણ જીવાણુંઓ આપણાં શરીરમાં ના પ્રવેશે તે માટે સમજપૂર્વકના પ્રયત્નો કરવા તે આપણું કર્તવ્ય છે.

જો ચેપી પ્રવાહીના સંસર્ગથી દૂર રહેવાની કાળજી રાખવામાં આવે તો HIV એઈડ્સ થયેલ વ્યક્તિ સાથે પણ આરામથી જિંદગી જીવી શકાય છે સમાજમાં સામાન્ય માનવીની જેમ જ જીવી શકે છે. તિરસ્કાર, ધૃણા, છૂટાછેડા કે બહિષ્કારની જગ્યાએ સમજણ, સ્વીકાર, સાથ, પ્રેમ અને ઉષ્માથી, ઉત્સાહસભર જીવન જીવી શકાય છે. લાચારી, મજબૂરી, નિઃસહાયતા અને તરછોડાયેલા એકલવાયા પણાને બદલે હૂંફ અને પ્રેમથી સહાનુભૂતિપૂર્વક જીવન જીવી શકાય છે.

પ્રયત્નપૂર્વકની થોડી સમજદારી અને અગમચેતીપૂર્વકની સાવચેતીથી HIV એઈડ્સ જેવી ખતરનાક જીવલેણ બીમારીથી અવશ્ય બચી શકાય છે. વળી પ્રેમ-લાગણી-હૂંફ અને સહાનુભૂતિથી HIV એઈડ્સ થયેલ વ્યક્તિ સમાજમાં સન્માનભેર જીવી પણ શકે છે. કેમકે HIV એઈડ્સ થવા માટે મોટે ભાગે જે તે વ્યક્તિ જવાબદાર હોતી જ નથી. HIV એઈડ્સની જાણકારી મેળવીને ઓછામાં ઓછું આપણે જાતે તેનાથી બચવા માટેના પ્રયત્નો કરવાનો સંકલ્પ કરીએ.

સમગ્ર વિશ્વ પહેલી ડિસેમ્બર, વિશ્વ એઈડ્સ દિન ઉજવે છે ત્યારે તેના વિશે જાણકારી મેળવીએ, એઈડ્સના જીવલેણ રોગથી દૂર રહીએ, તેની જાણકારી બીજાને આપીએ, ખોટી માન્યાતાઓ દૂર કરીએ. એઈડ્સ સહાનુભૂતિપૂર્વક સ્વીકારીએ. ●

Email: macwanvictor@yahoo.com

# ડિસેમ્બરના શાસ્ત્રપાઠ

✍ ગુજરાત વિદ્યાદીપ, સેવાસી

## આગમનઋતુનો ત્રીજો રવિવાર (૧૪-૧૨-૨૦૧૪)

**(યશાયા ૬૧:૧-૧૨; સ્તોત્રઃ લૂક ૧:૪૬-૫૦; ૧ થેસ્સ ૫:૧૬-૨૪; યોહાન ૧:૬-૮, ૧૯-૨૮)**

### હંમેશા આનંદમાં રહેજો

આગમનઋતુનો આ ત્રીજો રવિવાર આનંદ-મંગળના રવિવાર તરીકે ઓળખાય છે. આજનો ખ્રિસ્તયજ્ઞ, પ્રવેશપંક્તિ દ્વારા આપણને આનંદમાં રહેવા આમંત્રણ આપે છે (ફિલી ૪:૪). જે આજના બીજા શાસ્ત્રપાઠમાં પણ સાંભળવા મળે છે. આપણે બધાં પ્રકાશનાં સંતાન હોવાથી (૧ થેસ્સ ૫:૫) સંત પાઉલ આપણને હંમેશા આનંદમાં રહેવા અને બધી પરિસ્થિતિમાં ઈશ્વરનો આભાર માનવા શિખામણ આપે છે. (૫:૧૬-૧૮). પહેલો શાસ્ત્રપાઠ આપણને નવી દુનિયામાં લઈ જાય છે જ્યાં ભાંગી પડેલાઓના ઘા રુઝાય છે. બંદીવાનોને મુક્તિ મળે છે અને દુઃખી હૈયાં હર્ષથી ઉભરાય છે. ચોક્કસ, આ પરિવર્તનની નિશાની છે. આ સંદેશ, જ્યારે ઈસ્રાયેલીઓ દેશવટો ભોગવતા હતા અને ઈશ્વરમાં શ્રદ્ધા ગુમાવી બેઠા હતા, ત્યારે સંભળાવવામાં આવ્યો હતો. ઈસ્રાયેલીઓ, જીવન વિહોણા બની ગયા હતા અને તેઓ દિલગીર થઈ ગયા હતા. એવા સમયે પયગંબર યશાયા, ઈશ્વર ઉપર ભરોસો રાખીને આનંદ માણવા સલાહ આપે છે. આવી સલાહ આપવાનું કારણ એ છે કે ઈશ્વરે પ્રાર્થના સાંભળી છે. એટલે કે દિવસ તેમની ચિંતાઓ, દુઃખો, બંધનો અદૃશ્ય થઈ જશે. આંધળા અને લંગડા પોતાનું સ્વાસ્થ્ય પુનઃપ્રાપ્ત કરશે, સાથોસાથ નવજીવન પામશે. ઈશ્વરનો આ સંદેશ ફક્ત ઈસ્રાયેલીઓ માટે જ નથી, પણ આજે પણ આપણને હિંમત અને આશા આપે છે.

આપણે બધાં હંમેશાં આનંદમાં રહેવાની ઈચ્છા રાખીએ છીએ અને આનંદની શોધમાં રહીએ છીએ. પરંતુ એ વાત ભૂલી જઈએ છીએ કે દુન્યવી વસ્તુઓ આપણને કાયમી આનંદ આપી ન શકે. સંત પાઉલ શીખવાડે છે કે સાચો આનંદ સહનશીલતામાં પ્રગટે છે. જ્યારે આપણે ભયંકર દુઃખમાંથી બહાર આવીએ ત્યારે આપણે સાચા આનંદનો અનુભવ કરીએ છીએ. કારણ ઈશ્વર આપણી સાથે રહી (ફિલિ : ૪:૪) નવેસરથી પોતાનો પ્રેમ વરસાવે છે અને આપણું રક્ષણ કરે છે.

માતા બાળકને જન્મ આપતી વેળાએ ખૂબ વેદના અનુભવે છે. પણ જ્યારે પહેલી વાર તે બાળકને પોતાના હાથમાં લે છે ત્યારે વેદના આનંદમાં પલટાઈ જાય છે. આનંદ એક આંતરિક પરિબળ છે. તેને ખરીદી શકાતું નથી કે કોઈ તેને લૂંટી શકતું નથી. જ્યારે આપણે ઈશ્વરને અનુસરીને જીવીએ અને તેનો અનુભવ કરીએ ત્યારે આપણને આનંદનો અનુભવ થાય છે. આવી સ્થિતિમાં આપણે પણ માતા મરિયમની સાથે આનંદ વ્યક્ત કરી શકીએ છીએ કે, “મારો આત્મા મારા ઉદ્ધારક પરમેશ્વરમાં રાચે છે (લૂક ૧:૪૭). ભૂખ્યાંને એણે સુખ સૌભાગ્યથી ભરી દીધાં છે.” (લૂક ૧:૫૩).

શુભસંદેશમાં સ્નાનસંસ્કાર યોહાન આનંદથી પ્રભુ ઈસુની સાક્ષી પૂરે છે. પોતાનું સ્થાન સમજીને આપણી વચ્ચે પ્રભુ ઈસુના સ્થાનની વાત કરે છે. ઈસુ આપણી વચ્ચે પધાર્યા છે. જ્યારે આપણે એમને ઓળખીએ અને તેમની સાક્ષી પૂરીએ ત્યારે આપણે આનંદનો અનુભવ કરી શકીએ છીએ. આપણે આગમનઋતુમાં છીએ અને આગમનઋતુ સમજાવે છે કે આનંદ સાચા ખ્રિસ્તી જીવનનું એક મૂલ્ય છે. આપણાં દુઃખ અને મુશ્કેલીઓને બાજુએ મૂકીને આનંદમાં રહેવું જોઈએ. પ્રભુનો આનંદ એ સાચું બળ છે. તેથી હંમેશા આપણે આનંદ માનવો જોઈએ અને ઈશ્વરની સ્તુતિ કરવી જોઈએ.

થોડો સમય મનનચિંતનમાં ગાળીને વિચારીએ કે આપણી વાણી, વર્તન અને વિચાર દ્વારા આપણે બીજાના જીવનમાં આનંદ લાવીએ છીએ કે કેમ? જો, આપણે નિરાશા, મુશ્કેલી, કમનસીબી કે કસોટીમાં પ્રભુ ઈસુનું અનુકરણ કરીએ તો, ઈસુ દ્વારા સાચો આનંદ પામીશું. આપણો ઈશ્વર આપણને પ્રકાશ રૂપ થવા બોલાવે છે. જ્યારે, આપણે પસ્તાવો કરીને પરિવર્તન લાવીએ છીએ ત્યારે સાચા અર્થમાં પ્રકાશનાં સંતાન બનીએ છીએ. આમ હમેશાં બીજાના જીવનમાં ક્ષમા, શાંતિ અને આનંદ લાવવાનો પ્રયત્ન કરતા રહીએ.

— બ્રધર લિયો સ્ટીફન

## આગમનઋતુનો ૪થો રવિવાર (૨૧-૧૨-૨૦૧૪)

**(૨ શમુએલ ૭:૧-૫, ૮-૧૧; સ્તોત્ર ૮૯; રોમ ૧૬:૨૫-૨૭; લૂક ૧:૨૬-૩૮)**

### પ્રેમાળ હૃદયની સંપૂર્ણ શરણાગતિ

પરમેશ્વરને રહેવા માટે મોટા કે સુંદર મહેલની જરૂર નથી, જરૂર છે, પ્રેમાળ હૃદયની, એવો સંદેશ આજના ત્રણેય શાસ્ત્રપાઠમાં પ્રગટ થાય છે.

દરેક વ્યક્તિ રહેવા સારું મકાનની ઈચ્છા સેવે છે અને એ પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે. પોતે બાંધેલા મકાનને જોઈને એ આનંદ અને ગર્વ અનુભવે છે. પહેલા પાઠમાં રાજા દાવિદ ઈશ્વરને માટે એક મંદિર ચણવાની યોજના કરે છે પરંતુ ઈશ્વરના વિચારો અને યોજના તદ્દન અલગ છે એવું એમને નબી નાથાન સ્પષ્ટ કરે છે. સાથે સાથે જણાવે છે કે દાવિદના વંશજો કાયમ માટે રાજ્ય કરવાના છે. જે વચન ઈસુમાં સંપૂર્ણ થાય છે.

શબ્દ માનવ થઈને અવતર્યો અને તેણે આપણી વચ્ચે વાસ કર્યો અને આપણે એના મહિમાના પિતાના એકમાત્ર પુત્રને ઘટે એવા મહિમાનાં દર્શન કર્યાં (યોહાન ૧:૧૪). થોડાક દિવસમાં ઉજવવાના નાતાલ પર્વનું આ ગૂઢ રહસ્ય છે.

અનાદિકાળથી ગુપ્ત રાખવામાં આવેલું રહસ્ય ઈસુખ્રિસ્ત પોતે છે એ સત્ય સંત પાઉલ રોમના ધર્મસંઘ આગળ વિશ્વાસથી ઉદ્‌ગારે છે અને એ રીતે આપણી શ્રદ્ધાઘડતરમાં પણ મહત્ત્વનો ફાળો ભજવે છે. માનવીના મુક્તિનું કાર્ય ઈશ્વર-પ્રેમનું એક રહસ્ય છે જેને માનવી કદી પૂરેપૂરું સમજી શકવાનો નથી. આપણે ઈશ્વરના અવિચલ પ્રેમની ગાથાનો અંગત રીતે અનુભવ કરીને. બીજાને પણ એનો અનુભવ કરવા પ્રેરણારૂપ નીવડવાનું છે. એકમેકમાં બંધુત્વની લાગણીનો અહેસાસ થાય તો ઈશ્વરનું રાજ્ય શક્ય બને છે. ઈશ્વર માનવના ઉદ્ધારનું કાર્ય માનવને હાથે પાર પાડતો રહે છે. ભૂતકાળમાં તેમણે એમ કર્યું હતું ને હાલમાં પણ એમ જ કરતા રહે છે. આજના સ્તોત્રમાં પણ કીર્તનકાર ઈશ્વરના અવિચલ પ્રેમની ગાથા યુગોયુગ કહેવાની સ્પષ્ટ વાત કરે છે.

નશ્વર સંત પાઉલે ઈસુના નિષ્ઠાવાન ચાકર તરીકે શુભસંદેશની ઘોષણા કરી હતી. જે રીતે ઈસુ વિના શુભસંદેશ અશક્ય છે. તેજ રીતે માનવીની સહાય વગર અન્ય લોકો વચ્ચે ઈસુ-મુક્તિદાતાનો શુભસંદેશ ફેલાવવો અશક્ય છે. સંત પાઉલની જેમ, દરેક ખ્રિસ્તીને, ઈસુના પ્રેમનો સંદેશ દુનિયાના ખૂણેખૂણે ફેલાવીને ઈશ્વરનાં ગુણગાન ગાવા, શાસ્ત્રપાઠો આમંત્રે છે.

'પ્રભુના માનવ અવતારનો સંદેશ' એ આજનો શુભસંદેશ છે. મરિયમ પોતાને 'દાસી' ગણી ઈશ્વરની ઈચ્છાને તાબે થયાં તેથી જ ઈસુના માનવ અવતાર દ્વારા માનવજાતની મુક્તિ શક્ય બન્યાં. ઈશ્વરની રહસ્યમય ઈચ્છા પ્રમાણે જીવવા મરિયમ હમેશાં તત્પર રહ્યાં હતાં. એ પાઠ આપણને પ્રેરણારૂપ અને પડકારરૂપ નીવડ્યો છે. ખ્રિસ્તીધર્મનો પાયો, અર્થાત્ ઈશ્વરનાં દર્શન અને એના પ્રત્યેનો આપણો જવાબ. આપણા જીવનને મુક્તિની લહાણ કરાવે છે. દર્શન કેવળ ઈશ્વર તરફથી હોય છે. પ્રથમ પગલું હંમેશાં ઈશ્વરનું જ હોય છે. માનવ એ ઈશ્વર-પગલાંને સ્વીકારી મરિયમની જેમ આગળ વધે એવી ઈશ્વરેચ્છા છે : 'હું તો ઈશ્વરની દાસી છું, તારી વાણી મારા વિશે સાચી પડો.'

આજે માતા ધર્મસભા મા મરિયમ પાસેથી ઘણું બધું શીખવા આપણને આમંત્રે છે. તેઓ એક આદર્શ શિષ્ય તરીકે સંપૂર્ણ શરણાગતિ સ્વીકારે છે. ઈસુનું આપણા હૃદયમાં સ્વાગત કરવું હોય તો, આપણે પણ મરિયમની જેમ હમેશાં તૈયાર રહેવું જોઈએ. આજે દુનિયાના અલગ અલગ વિસ્તારોમાં, ખ્રિસ્તીઓ પર ક્રૂર રીતે અત્યાર ગુજારવામાં આવે છે ત્યારે કેવી રીતે ઈસુની જન્મજયંતી અસરકારક થઈ શકે? ઈશ્વર આજે પણ પોતાનો પ્રેમ અલગ અલગ સંજોગો અને સંજોગો અને પરિસ્થિતિમાં વિવિધ રીતે દાખવે છેઃ શુભસંદેશમાં, પ્રાર્થનામાં, સંસ્કારોમાં, ધર્મસભામાં, લોકોનાં જીવનમાં વગેરે વગેરે. એનો અનુભવ કરી, એ પ્રેમને કાર્યમાં પ્રગટ કરીએ ત્યારે કહી શકીએ કે આપણે મરિયમની જેમ સંપૂર્ણ શરણાગતિ સ્વીકારીએ છીએ.

— બ્રધર જોન પાઉલ

## પવિત્ર કુટુંબનું પર્વ - નાતાલનો પહેલો રવિવાર (૨૮-૧૨-૨૦૧૪)

## (ઉપદેશમાળા ૩:૨-૬, ૧૨-૧૪; સ્તોત્ર ૧૨૮:૧-૫; કલોસ્સા ૩:૧૨-૨૧; લૂક ૨:૨૨-૪૦)

## આપણાં આધુનિક કુટુંબો

આજે નાતાલ પછીના પ્રથમ રવિવારે આપણે પવિત્ર કુટુંબનું પર્વ ઉજવીએ છીએ. તેથી આજના શાસ્ત્રપાઠો પર કૌટુંબિક જીવન પર ભાર મૂકી આધુનિક સમાજમાં તેના મહત્ત્વ વિષે આપણું ધ્યાન દોરે છે. ઉપદેશમાળા, માતાપિતા પ્રત્યે બાળકોના ધર્મ વિશે અને તેના પાલનથી પરમેશ્વર દ્વારા વરસાવવામાં આવનાર બક્ષિસો વિશે વર્ણન કરે છે. જ્યારે સંત પાઉલ કુટુંબના સભ્યોને પ્રેમ, મમતા, નમ્રતા, ક્ષમા, વિનય તથા સહનશીલતા જેવા ગુણોને અપનાવવા આદેશ આપે છે. સાથે સાથે કુટુંબમાં પતિ, પત્ની અને બાળકો પોતપોતાના ધર્મનો અમલ જાળવી રાખે એમ સૂચવે છે. શુભસંદેશમાં સંત લૂક પવિત્ર કુટુંબ પોતાના સમયની સામાજિક અને ધાર્મિક જવાબદારીઓનું કેટલી ચીવટથી પાલન કરે છે એ તરફ નિર્દેશ કરે છે.

ઈસુ, મરિયમ અને યોસેફનું પારિવારિક જીવન પુષ્પની પથારી ન હતી. માનવીનું પારિવારિક જીવન એ સુખ-દુઃખનો સંગમ છે. પવિત્ર કુટુંબને પણ માનસિક, સામાજિક, પારિવારિક વગેરે મુશ્કેલીઓમાંથી પસાર થવું પડ્યું હશે. દાખલા તરીકે, મારિયાનું કૌમાર્યાવસ્થામાં જ ગર્ભધારણ, મરિયમને છૂટા કરી દેવાનો યોસેફનો વિચાર, મરિયમની પ્રસૂતિ પહેલાં અને પછી રહેઠાણના પ્રશ્નો, બાળ ઈસુના પ્રાણનો ખતરો, ખોવાયેલા બાળ ઈસુની ચિંતા, યોસેફનું મૃત્યુ અને શોક, કાલવારી પર મરિયમ અને પ્રભુ ઈસુની વેદના અને માની આંખો સામે દીકરાનું ક્રૂર મૃત્યું. આટલા બધા પ્રશ્નોની વચ્ચે પણ એ કુટુંબ તૂટ્યું નહોતું. એને લીધે આ કુટુંબ બન્યું. આ પવિત્ર કુટુંબમાં આપણને ઘણાં બધાં વ્યક્તિગત, પારિવારિક, સામાજિક, નૈતિક તથા આધ્યાત્મિક મૂલ્યો જોવા મળે છે.

આજકાલના કુટુંબની દશા અને દિશામાં ઘણાં બધાં પરિવર્તન આવ્યાં છે. પાશ્ચાત્ય દેશોની જેમ ભારતમાં પણ લગ્નજીવન એક સામાન્ય પુખ્તો માટેનો સ્વાર્થી સંબંધ બની ગયો છે. હકીકતમાં લગ્ન જીવન બાળકોને કેન્દ્રમાં રાખીને રચાયાલો સંસ્કાર હોવો જોઈએ. એમ ના હોવાથી ઘણાં બધાં ખ્રિસ્તી કુટુંબો પણ તૂટી પડ્યાં છે. પ્રાપંચિક બાબતોમાં પરોવાઈ ગયેલા આપણે આધ્યાત્મિક અને કૌટુંબિક ફરજોને નજર અંદાજ કરી દઈએ છીએ. ઈશ્વર આપણને સમજાવે છે કે લગ્ન સંસ્કાર એક શાશ્વત સંસ્કાર છે. એનો પુરાવો આપણને બાઈબલમાં જોવા મળે છે. 'ઈશ્વરે જેમને સાથે જોડ્યાં છે તેમને માણસે છૂટાં ના પાડવાં'. લગ્નની અને કુટુંબની બાબતે સંત પાઉલ કહે છે કે, પતિ-પત્ની એકબીજા પ્રત્યે હમેશાં પ્રેમ રાખવો જોઈએ, કેમ કે દરેક કુટુંબને પરમેશ્વર તરફથી એવી હાકલ મળી છે.

સ્વર્ગસ્થ વડાધર્મગુરુ જોન પોલ બીજા આપણને કુટુંબનું મહત્ત્વ સમજાવે છે અને કહે છે કે કુટુંબ જીવનનું એક આશ્રયસ્થાન અને સ્થાનિક ધર્મસભા છે. કુટુંબના સભ્યોએ પોતાના પર અને ઈશ્વર પર શ્રદ્ધા રાખવી જોઈએ. ઓક્ટોબર ૫-૧૯, ૨૦૧૪માં પણ વડાધર્મગુરુ ફ્રાન્સિસ દ્વારા આયોજાયેલ અખિલ વિશ્વ ધર્માધ્યક્ષ પરિષદમાં શુભસંદેશનો પ્રચાર અને પરિવારો સમક્ષ સર્જાતા પડકારો વિષે ચર્ચા કરવામાં આવી હતી અને કુટુંબને લગતી મહત્ત્વની બાબતો પર ચર્ચા-વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

આફતની ક્ષણોમાં કુટુંબનું રક્ષણ કરવાની ફરજ કુટુંબના દરેક સભ્યની છે. દરેક સભ્ય પોતાની ક્ષમતા અનુસાર પોતાનો ફાળો આપીને કૌટુંબિક અને વ્યક્તિગત સમસ્યાઓથી મુક્તિ મેળવવી જોઈએ. શાંતિ, ધીરજ અને પ્રેમ દ્વારા એકબીજાને સમજવા, સહન કરવા અને હળીમળીને રહેવા બધાજ પ્રયાસો કરવા જોઈએ. કુટુંબીજનો વચ્ચેના પ્રેમબંધન દ્વારા કુટુંબમાં સંપ મેળવી શકીએ તો ઈશ્વરના રાજ્યનો આનંદ અનુભવી શકીએ. જે રીતે મા મરિમય અને સંત યોસેફ બાળઈસુને ઈશ્વર પર શ્રદ્ધા રાખતાં શીખવ્યું હતું તે જ રીતે માબાપ તરીકે આપણે પણ ઈશ્વર પરની આપણી શ્રદ્ધાને બાળકોમાં ઉતારવાની જરૂર છે. નાઝરેથના પાવન કુટુંબનાં આદર્શ અને પ્રેરણા લઈને આપણાં કુટુંબને સાચાં ખ્રિસ્તી કુટુંબ બનાવીએ.

— બ્રધર બાલુ

## સ્વ. રેવ. બ્રધર અનેરીઝ મનોલો એસ.જે.



જન્મ
૨૮-૦૨-૧૯૨૬

અવસાન
૧૨-૧૧-૨૦૧૪

આધુનિક આણંદ પ્રેસના સ્વપ્નદૃષ્ટા, કુશળ વ્યવસ્થાપક, ઉત્સાહી અને જીવંત વ્યક્તિત્ત્વ, સેવાના ભેખધારી, સદાબહાર કાર્યદક્ષ એવા અનેક ગુણોના સ્વામી સ્વ. રેવ. બ્રધરને આણંદ પ્રેસ પરિવારનાં શત્ શત્ વંદન.

હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં, પરમાત્મા આપના સદ્ગત આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**આણંદ પ્રેસ પરિવાર, આણંદ**


# પ્રભુ ઈસુની પુણ્યભૂમિની ૧૩મી યાત્રા

**ઈઝરાયેલ - ઈજીપ્ત - જોર્ડન - દુબઈ**

**સમય :** એપ્રિલ - ૨૦૧૫ (૧૨ દિવસ)

**અંદાજિત ખર્ચ :** રૂા.૧,૦૫,૦૦૦/-

# યુરોપ યાત્રા પ્રવાસ

**ઈટાલી, ફ્રાન્સ, સ્વીત્ઝરલેન્ડ, સ્પેન, પોર્ટુગલ, બેલ્જીયમ, જર્મની, વિગેરે.**

**સમય :** મે - ૨૦૧૫ (૧૯ દિવસ) **અંદાજિત ખર્ચ:** રૂા. ૨,૨૫,૦૦૦/-

**સંપર્કઃ** કોકિલાબેન એ. પરમાર. રોયલ વર્લ્ડ ટુર્સ પ્રા. લિ. ક્રિશ્ચિયન સ્ટ્રીટ, લાંભવેલ - ૩૮૭૩૧૦ જિ. આણંદ (મો. ૯૪૨૯૬ ૬૩૩૫૪)
રેવ. ફાધર વિક્ટર દેવમણી એસ.જે. (મો. ૯૪૦૮૬ ૬૭૧૭૮)

# મે'રી ક્રિસમસ

✍ ઈન્દુ રાવ

*'દૂત'તંત્રીમંડળ સભ્ય*

કિરણને ઘરમાં કશું ચેન પડતું નહોતું, આલિશાન મકાનને હજી સુધી તે ઘર બનાવી શકી નહોતી. તેનો તેને અફસોસ થતો હતો. તે અહીં રહેવા આવી ત્યારથી જોઈ રહી હતી કે પોતાની આસપાસ રહેતાં પડોશીઓ એકબીજા સાથે હળીમળીને પરસ્પર પ્રેમપૂર્વક આનંદથી જીવી રહ્યાં છે. જ્યારે એને આ મકાનમાં રહેવા આવ્યે એક વર્ષ જેવું થવા આવ્યું છતાં તે હજી સુધી પાસ-પડોશીઓને પોતાની નાનકડી દુનિયામાં સમાવી શકી નહોતી. કિરણના સ્વભાવ પ્રમાણે એને બધાંની સાથે હળવું-મળવું ખૂબ ગમતું હતું પરંતુ એના પતિ તેજસનો સ્વભાવ ભારે અતડો હતો. એને કોઈની સાથે વાતચીત કરવી ગમતી નહોતી. ખૂબ જ ઓછા બોલો સ્વભાવ! કિરણે ન છૂટકે-અનિચ્છાએ પોતાની આજુબાજુ કિલ્લેબંધી બાંધી દીધી હતી. તે પણ એના પતિ તેજસને ખુશ રાખવાના આશયથી. આમ છતાં ક્યાંક-ક્યારેક કોઈ પડોશીનો ભેટો થઈ જાય તો તેમની સામું આછું સ્મિત કરી લેતી. એથી વિશેષ કશું જ નહીં!

ક્રિસમસના દિવસો નજીક આવતા હતા એમ એની બેચેની વધતી જતી હતી. પોતાનાં મા-બાપ અને ભાઈ-બહેનો સાથે બાળપણથી લઈને મેરેજ સુધી એણે ઉજવેલી ક્રિસમસ એને યાદ આવી ગઈ. તેઓ ક્યારેય એકલાં એકલાં ક્રિસમસ ઉજવતાં નહીં. તેઓ દર ક્રિસમસે મધરાતની પરમપૂજા પછી રસ્તા પર ઠંડીમાં ઠૂંઠવાતાં, સૂતાં ગરીબ-ગુરબાંઓ પર ગરમ ધાબળા ઓઢાડતાં ઓઢાડતાં ઘેર પહોંચતાં અને આસપાસના પડોશીઓ સાથે ક્રિસમસ ઉજવતાં. કિરણ માટે આ ઘરમાં પ્રથમ ક્રિસમસ હતી. એને એનાં મા-બાપની પ્રણાલી ચાલુ રાખવી હતી. તેજસને આના માટે કેવી રીતે તૈયાર કરવો એની અસંમજસ માં હતી. ત્યાંજ અચાનક એના મનમાં વિચાર ઝબક્યો કે બધી તૈયારી તો મારે જ કરવાની છે, એટલે તેજસને સરપ્રાઈઝ આપવામાં ઓર મઝા આવશે.

ક્રિસમસની રાતની પરમપૂજા પૂરી થતાં કિરણે પોતાના બધા પડોશીઓને ભેટીને ક્રિસમસની શુભેચ્છાઓ પાઠવી, સાથે પોતાના ઘેર આવવા આમંત્રણ પણ આપ્યું. પડોશીઓએ ખુશ થઈને તેના આમંત્રણનો સ્વીકાર કરતાં કહ્યું, "અમે તમારા ઘેર ચોક્કસ આવીશું, પરંતુ એ પહેલાં તમારે બંનેએ અહીંથી સીધા આપણી સોસાયટીની ક્રિસમસ ઉજવણીમાં પધારવું પડશે." કિરણે સહર્ષ તેમનું આમંત્રણ સ્વીકારી લીધું. તેજસ બધાંની હાજરીમાં કિરણને કશું ન કહી શક્યો, વળી ક્રિસમસની ખુશીમાં તે કિરણને અણગમતું બોલીને દુઃખી કરવા માંગતો નહોતો. પાછાં ફરતાં કિરણ જ બોલી, 'તેજસ હું જાણું છું કે તને આવું બધું પસંદ નથી. પણ સાચું કહું, બાળઈસુના જન્મનો આનંદ-ખુશી વહેંચવામાં તનેય વધુ મઝા આવશે!' હા, ચાલ આપણે એમની સાથે ઉજવણી કરવા પહોંચીએ, એ પહેલાં થોડા રસ્તાઓ રાતની નિરવતામાં ઘૂમી વળીએ. તેજસને આજે કિરણનું વર્તન સમજાતું નહોતું. કિરણને ખુશ રાખવાની તેણે મનથી પૂરેપૂરી તૈયારી રાખી હતી. એકાંતભર્યા રસ્તાએ કિરણે ગાડી થોભાવડાવી. પછી પાછળની સીટ પર અગાઉથી મૂકી રાખેલા ગરમ ધાબળાઓ લઈ, નીચે ઉતરીને ચૂપચાપ ઠંડીમાં ઠૂંઠવાતા ભિખારીઓને ઓઢાડી દીધા. તેજસ કિરણનો ક્રિયાકલાપ ડ્રાઈવરની સીટ પર બેઠો બેઠો નિહાળી રહ્યો હતો. પાછા ફરી પોતાની સીટ પર બેસતાં કિરણ બોલી, 'તેજસ, આ મારાં મા-બાપની પ્રણાલી મારે ચાલુ રાખવી છે. તને ગમ્યું?! તેજસે તેનો હાથ પ્રેમપૂર્વક પકડીને સ્મિત કર્યું. કિરણ મનોમન ઘણી ખુશ થઈ.'

સોસાયટીમાં પ્રવેશતાં તેમણે જોયું કે સૌ લોકો ક્રિસમસ કેરલ્સ ગાતાં ગાતાં નાચતાં હતાં. બાળઈસુનો જન્મ મહોત્સવ આનંદપૂર્વક ઉજવાઈ રહ્યો હતો. પ્રથમવાર સોસાયટીના લોકોના આનંદમાં સહભાગી થવા આવતાં તેજસ-કિરણને તેઓએ ઉષ્માપૂર્વક આવકાર્યાં. એટલું જ નહીં, સોસાયટીના સર્વે મેમ્બર્સ વતી બેઉને સુંદર પુષ્પગુચ્છ આપ્યાં. બે કલાક નાચ-ગાન અને નાસ્તાપાણી પછી સર્વે છૂટા પડ્યાં. બધાંની વિદાય લેતાં કિરણે સૌને સાંજે ચાર વાગ્યે પોતાના ઘેર ક્રિસમસ ઉજવણી માટે આમંત્રણ પાઠવ્યું. સૌએ ખુશીથી તેમનું આમંત્રણ સ્વીકાર્યું.

કિરણને પોતાની આ ક્રિસમસ તદ્દન અલગ રીતે ઉજવવી હતી. આથી તેણે અગાઉથી જુદા જુદા પ્રકારના નાસ્તા, મીઠાઈ, કેક વગેરેની વ્યવસ્થા કરી રાખી હતી. બાળકો માટે ક્રિસમસ ટ્રી તથા મોટેરાં અને વડીલો માટે જુદી જુદી રમતોનું આયોજન કર્યું હતું. કિરણને મનમાં થતું હતું કે તેજસ માટે આ પહેલી ક્રિસમસ હશે જ્યાં એને ક્રિસમસનો ખરો અર્થ સમજાશે કે 'પ્રભુ ઈસુના પગલે ચાલવું એટલે જરૂરિયાતમંદોની જરૂરિયાત પૂરી કરવી તથા પોતાના પડોશીઓ પર પોતાની જાત જેટલો જ પ્રેમ રાખવો. સાચે જ બાળઈસુના જન્મના આનંદમાં સૌને ભાગીદાર કરવા એજ ખરી ક્રિસમસ!'

રાત્રે મોડા ઊંઘવા ગયાં હોવા છતાં તેજસ સવારે વહેલો વહેલો ઊઠીને તૈયાર થઈ ગયો. તેણે કિરણને પણ તૈયાર થવા સૂચન કર્યું. દસ વાગ્યે તેજસે કિરણને કહ્યું, 'ચાલ મારી સાથે, મારે થોડું કામ છે. આપણે તરત જ પાછા આવી જઈશું. કિરણ તેજસનો મુડ ખરાબ કરવા ઈચ્છતી નહોતી, એટલે કમનેય તેની સાથે જવા તૈયાર થઈ ગઈ.' તેજસે એક વૃદ્ધાશ્રમ આગળ પહોંચીને પોતાની કાર ઊભી રાખી. તેજસ કિરણને વૃદ્ધાશ્રમની ઓફિસમાં લઈ ગયો. જ્યાં એણે અગાઉથી વૃદ્ધો માટે ક્રિસમસ ભોજનની વ્યવસ્થા કરાવી હતી તથા સૌને માટે તેઓની જરૂરિયાત મુજબની ભેટો તૈયાર રખાવી હતી. તેજસે કિરણને કહ્યું, 'કિરણ, પ્લીઝ આપણા બેઉ તરફથી આ ભેટો તું દરેક વડીલને આપે એવી મારી ઈચ્છા છે.' કિરણ બે ઘડી આશ્ચર્યથી તેજસની સામે તાકી રહી. એની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. તે ધીમેથી બોલી, 'મને માફ કર, તને સમજવામાં મેં મોટી ભૂલ કરી છે. તેજસ, તું નામ પ્રમાણે ખરેખર મહાન છે! મેરી ક્રિસમસ માય ડિયર તેજસ! તેણે ધીરેથી તેજસનો હાથ પકડી લીધો.' ●

Email: induanandrao@rediffmail.com

# ઈસુનો જન્મ

✍ ફાધર જેમ્સ બી. ડાભી એસ.જે.

*ડીન, ગુજરાત વિદ્યાદીપ - સેવાસી*

શુભસંદેશકાર માથ્થી ઈસુના જન્મને સમજાવવા પોતાના શ્રોતાઓને કંઠસ્થ થઈ ગઈ છે એવી એક પયગંબરીવાણી ટાંકે છે. એ પયગંબરીવાણી ઉચ્ચારવા માટેનો કારણભૂત પ્રસંગ કંઈક આવો છે. પોતાના દીર્ઘકાલીન ઈતિહાસના એક તબક્કે ઈસ્રાયલીપ્રજા, પોતાના રાજાના પ્રભુ પરના અલ્પવિશ્વાસ અથવા અવિશ્વાસને કારણે, નધણિયાતી થવાને આરે આવીને ઊભી છે. ઈસ્રાયલી પ્રજામાં રાજાશાહી વારસાગત છે. વારસ જ ના હોય અથવા વારસનું અણધાર્યું અવસાન થાય અને પ્રજા રાજાવિહોણી રહે એવી પરિસ્થિતિ ક્ષમ્ય અને સ્વીકાર્ય. પરંતુ ખુદ રાજા પોતે જ પોતાના એકાકી ગાદીવારસનો, પડોશીઓના ભયકારી આક્રમણમાંથી છૂટકારો મેળવવાના હેતુસર, મદદ કરનાર અન્ય દેશના દેવતાને ભોગ ચઢાવી દે ત્યારે તો પ્રજા અને પ્રભુ અવાક્ જ થઈ જાય. ઈસ્રાયલીરાજા આઝાદે આવું કારસ્તાન કર્યું છે. પોતાના પ્રભુ પર આધાર રાખવાને બદલે રાજા આઝાદે અશૂર પ્રજાના દેવતાનું શરણું સ્વીકાર્યું છે. રાજાને વાંકે ઈસ્રાયલીપ્રજા ગાદીવારસવિહોણી થઈ છે.

આ તબક્કે પ્રભુ પયગંબર યશાયા દ્વારા ઈસ્રાયલીપ્રજાના ઈતિહાસમાં હસ્તક્ષેપ કરે છે, અને રાજાને એક રાજકુંવરના જન્મના શુભસમાચાર આપે છે. આ રાજકુંવર દ્વારા ઈસ્રાયલની રાજાશાહી અતૂટ રહેશે. આ રાજકુંવરના જન્મને કારણે ઈસ્રાયલીપ્રજા પોકારી ઊઠશે, "ઈમ્માનુએલ", "ઈમ્માનુએલ" હિબ્રૂભાષી બે શબ્દોના સંયોજનથી બનેલો શબ્દ છે. "ઈમ્માનુ" એટલે આપણી સાથે અને 'એલ' એટલે ઈશ્વર. માથ્થીને મતે "આપણી સાથે ઈશ્વર" એટલે ઈસુનો જન્મ. ઈસુના જન્મનું વર્ણન કરી માથ્થી યશાયાની આ ઉક્તિ ટાંકે છે : "કુંવારી કન્યાને ગર્ભ રહેશે અને તે પુત્રને જન્મ આપશે અને લોકો તેનું નામ ઈમાનુએલ એવું પાડશે." માથ્થી પોતાના શુભસંદેશમાં ઈસુનાં જન્મ, જીવન, કવન્ ને કથનથી એ જ દર્શાવે છે કે ઈશ્વર આપણી સાથે છે. "આપણી સાથે ઈશ્વર"થી એટલે કે ઈસુના જન્મથી શરૂ થયેલો શુભસંદેશ ઈસુના સ્વર્ગારોહણથી પૂરો થાય છે ત્યારે માથ્થી ઈસુના અંતિમ શબ્દો નોંધે છે : "ખાતરી રાખજો કે, હું યુગના અંત સુધી તમારી સાથે છું."

શુભસંદેશકાર લૂક, ઈસુના જન્મ પહેલાં એક કુંવારી કન્યાના ગર્ભમાં ઈસુનો પિંડ બંધાય છે તે ઘડીથી ઈસુના જન્મને સમજાવે છે. આ કુંવારી કન્યા એ આપણી મા મરિયમ. દેવદૂત ગાબ્રિએલ મરિયમ સાથે નાઝરેથ ગામે સંવાદ સાધે છે. એ સંવાદ વાંચતાં ભક્તને હજારો વર્ષો પૂર્વે થયેલો એક અન્ય સંવાદ યાદ આવી પણ જાય. હજારો વર્ષો પૂર્વેનો એ સંવાદ થયો હતો. સાપ અને હવા વચ્ચે એદનના બગીચામાં, એ સંવાદને કારણે પ્રભુ અને માનવજાત વચ્ચેના સંબંધમાં તિરાડ પડી. એ સમયે પ્રભુએ જાણે કે શપથ લીધા કે પ્રભુ પોતે જ એક સ્ત્રી મારફતે અને તે સ્ત્રીના પુત્ર મારફતે એ તૂટેલો સંબંધ પુનઃ જોડશે. ભલે હાવા પ્રભુવિરોધી પરિબળ સામે ઝૂકી ગયાં, પણ મરિયમ નહિ ઝૂકે.

ભલે હવાનાં સંતાનો સેતાન સામે ઝૂકી ગયાં, પણ મરિયમનો પુત્ર નહિ ઝૂકે. લૂક મા મરિયમના ગર્ભમાંથી ઈસુની પ્રથમ પળથી જ ઈસુના જન્મનો અર્થ સમજાવે છેઃ તે યુગોના યુગો સુધી ઈસ્રાયલની પ્રજા ઉપર રાજ્ય કરશે, તેના રાજ્યનો અંત આવશે નહિ. ઈસુનો જન્મ એટલે સેતાનનો પરાભવ.

શુભસંદેશકાર યોહાન ઈસુના જન્મને સમજાવવા ગ્રીક ફિલસૂફીનો ઉપયોગ કરે છે. શબ્દ દ્વારા એક માનવ બીજા માનવ સાથે સંબંધે બંધાય છે. યોહાન કહે છે કે, પ્રભુ પોતાના શબ્દ દ્વારા માનવજાત સાથે સંબંધ બાંધે છે. પ્રભુનો આ શબ્દ માનવ બને છે અને આપણી વચ્ચે વાસ કરે છે. આવું સત્ય ઉચ્ચારવા પહેલાં યોહાન એક બીજું સત્ય ઉચ્ચારે છે કે આ શબ્દ ઈશ્વર છે. એટલે યોહાનને મતે ઈસુનો જન્મ એટલે ઈશ્વરનું માનવ બનવું. ઈશ્વર માનવ બને છે એ અત્યંત ઉમદા ઘટનાનું પ્રયોજન પણ યોહાન જણાવે છે : ઈશ્વરને જગત પર એટલો તો પ્રેમ હતો કે તેમણે પોતાનો એકનો એક પુત્ર આપી દીધો. ઈશ્વર પોતાના પુત્રને જગતમાં મોકલે છે તે જગતને સજાપાત્ર ઠરાવવા માટે નહિ, પણ એ પુત્ર મારફતે જગતનો ઉદ્ધાર કરવા. આમ, ઈસુનો જન્મ એટલે પ્રભુના આપણા પરના પ્રેમની પાકી ખાતરી અને આપણાં સહુનાં ઉદ્ધારની સજ્જડ બાંયધરી.

સંત પાઉલ ઈસુના દુન્યવી જીવન દરમિયાન તો ઈસુના અનુયાયી નહોતા. ઈસુને અનુસરનારાઓની યાદીમાં ક્યાંય પાઉલનું નામ જડતું નથી. ઈસુનાં મરણ અને પુનરુત્થાન પછી પ્રભુને માનનારાં ભક્તોને રંજાડનારાઓમાં પાઉલનું નામ મોખરે છે. પાઉલે પોતે પણ કબૂલાત કરી છે કે ધર્મસંઘને નેસ્તનાબૂદ કરવાનું તેમણે પણ લીધું હતું. આ પાઉલને તેમની આવી ધર્માંધતાના સિલસિલામાં જ પુનરુત્થાન પામેલા ઈસુ મળે છે અને પાઉલનાં દિવ્યચક્ષુ ખોલે છે. પાઉલમાં જે પલટો આવે છે તે તેમની વફાદારીમાં નહિ, અર્થાત્, પહેલાં તેઓ બેવફા હતા અને હવે તેઓ વફાદાર છે, પરંતુ આ વફાદારી જેને વરેલી હતી તે બાબતમાં પલટો આવે છે. પુનરુત્થાન પામેલા ઈસુનો માર્ગમાં ભેટો થયા પહેલાં પાઉલ વફાદાર હતા નિયમને. પુનરુત્થાન પામેલા ઈસુનો માર્ગમાં ભેટો થયા પછી પાઉલ વફાદાર બને છે પ્રેમને. વફાદારી ન બદલાઈ,

વફાદારી જેના પ્રત્યે હતી તે બાબત બદલાઈ. Law is replaced by love. પાઉલ ફરોશી સંપ્રદાયના હતા.

ફરોશી સંપ્રદાયની વિશિષ્ટ લાક્ષણિક્તા છે નિયમસંહિતાના સઘળા નિયમોનું અક્ષરશઃ પાલન. બધા મળીને ૬૧૩ નિયમોની સંહિતા ઘડવામાં આવી હતી, જેમાં ૨૫૦ ફરમાન છે અને ૩૬૩ પ્રતિબંધ છે. પાઉલને મતે આ નિયમોના પાલનથી જ માનવ પોતાની મુક્તિ કમાઈ શકે છે. પુનરુત્થાન પામેલા ઈસુના અનુભવ પછી પાઉલને સમજાયું કે મુક્તિ તો ઈસુમાં મળી ચૂકી છે, ઈસુમાં શ્રદ્ધા મૂકીને એ મુક્તિને માણવાની જ ખોટ છે. જાણે કે ભોજન તો પીરસેલું છે, ભોજનનો કોળિયો ઉતારવાનો જ બાકી છે. ગલાતિયા નિવાસી ધર્મજનોને ઈસુનો જન્મ સમજાવતાં પાઉલ લખે છે કે નિયમોનું પાલન કરવામાં માનવ ઊણાં ઉતર્યા એટલે પ્રભુને લાગ્યું કે હવે સમય પાકી ગયો છે. નિયમને બદલે હવે ઈસુ આપવામાં આવે છે. ઈસુ માનવમાતાને પેટે જન્મ લે છે અને નિયમોને આધીન બને છે. આ જન્મનો આશય નિયમપાલનમાં નિષ્ફળ રહેતી માનવજાતને નિયમોની જંજાળમાંથી મુક્તિ અપાવવાનો છે, સૌ માનવોને ઈશ્વરનાં સંતાન બનાવવાનો છે. હવે, પ્રવૃત્તિઓ થશે પરંતુ પ્રવૃત્તિઓનું ચાલકબળ નિયમ નહિ હોય, પણ પ્રેમ હશે. કોઈક અજાણ્યાને અકસ્માતમાં ઘવાયેલો જોઈ એને મદદ કરવા દોડી જઈશ ખરો, પણ ઘવાયેલાંની વહારે ધાઓ એવો નિયમ છે એટલા માટે નહિ, પણ ઘવાયેલા માનવ પ્રત્યેના પ્રેમને કારણે. પ્રેમ ન જુએ જાત કે ન જૂએ પાંત. નિયમ નહિ કરાવી શકે એ બધું જ હવે પ્રેમ કરાવી શકશે.

નવા કરારના લેખકો (માથ્થી, લૂક, યોહાન અને પાઉલ) ઈસુના જન્મને ઉપરોક્ત રીતે સમજાવે છે. ઈસુનો જન્મ એટલે આપણી સાથે ઈશ્વર, સેતાનના રાજ્યનો અંત, માનવજાત પરનો પ્રભુપ્રેમ, અને ભારેખમ નિયમાવલિમાંથી મુક્તિ. ઈસુનો જન્મ માતા ધર્મસભાએ નક્કી કર્યા મુજબ દર વર્ષે ૨૫મી ડિસેમ્બરે ઉજવાય છે. પ્રભુએ જ માતા ધર્મસભાને આવી તારીખ નક્કી કરવાનો અધિકાર આવ્યો છે. ધર્મસંઘની ઈમારત ચણવાનો પોતાનો મનસૂબો જણાવી, ઈસુ સંત પીતરને અધિકાર આપે છે કે પીતર જેની જેની પૃથ્વી ઉપર છૂટ આપશે તેની ઈશ્વર તરફથી પણ છૂટ આપવામાં આવશે. ૨૫મી ડિસેમ્બરનો દિવસ નક્કી કરવામાં આવ્યો, જેથી સમગ્ર ધર્મસંઘ એકીસાથે ઈસુનો જન્મ ઊજવી શકે.

પ્રભુ અમર્યાદિત, એટલે પ્રભુએ સમયને ત્રણ કાળમાં વિભાજિત ન કરવો પડે. માનવ તો મર્યાદિત છે, એટલે માનવ સમયને ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળમાં વિભાજિત કરે તો જ સમયને અનુભવી શકે. માનવ મર્યાદિત હોવાને કારણે માત્ર વર્તમાનકાળમાં જ જીવી શકે, જે કાળ ટૂંકામાં ટૂંકો છે. પ્રભુ તો એકી સાથે ત્રણેય કાળમાં જીવે છે. માનવ જ્યારે કહે કે આજથી બે હજાર વર્ષો પૂર્વે ઈસુનો જન્મ થયો, ત્યારે પ્રભુ માટે તો એ ઘટના વર્તમાનમાં જ છે. પ્રભુ માટે માત્ર વર્તમાનકાળ જ છે. પ્રભુની ઈચ્છા છે કે ઈસુના જન્મ જેવી ઈતિહાસસર્જક ઘટના બની ત્યારે પ્રભુની જે કૃપા તે ઘડીએ અને તે સ્થળે હાજર રહેલાં પાત્રો પર વરસી હતી તે જ કૃપાઓ આજે માનવજાત પર વરસે. ઈસુના જન્મની ઘડીએ અને સ્થળે મા મરિયમ, પવિત્ર યોસેફ, બેથલેહેમની સીમના ભરવાડો અને પૂર્વના પંડિતો હાજર હતાં. આ સહુ પાત્રોને પ્રભુની જે કૃપાઓ પ્રાપ્ત થઈ તે જ કૃપાઓ આજે આપણને પ્રાપ્ત થાય એ હેતુસર પ્રભુ માતા ધર્મસભાએ નક્કી કરેલી ૨૫મી ડિસેમ્બરને માન્ય રાખે છે. ૨૫મી ડિસેમ્બરની અત્યંત આવશ્યક ઉજવણી છે, પરમપૂજામાં સહભાગિતા. પ્રત્યેક ભક્ત ૨૫મી ડિસેમ્બરની પરમપૂજામાં અવશ્ય ભાગ લે છે જ. આ પરમપૂજા દરમિયાન પ્રત્યેક ભક્ત એ જ કૃપાઓ પ્રાપ્ત કરે છે જે કૃપાઓ મા મરિયમ પર, પવિત્ર યોસેફ પર, ભરવાડો પર અને પંડિતો પર વરસી હતી. પ્રત્યેક ભક્તના અંતરમાં પ્રભુ વસે છે, પ્રત્યેક ભક્ત સેતાન પર વિજય મેળવવાની શક્તિ પામે છે, પ્રત્યેક ભક્ત પ્રભુનો પ્રેમ અનુભવે છે, અને પ્રત્યેક ભક્ત મુક્તિની દિશામાં ડગલાં માંડે છે. તેથી જ આપણે આનંદી નાતાલ અથવા નાતાલની સોનેરી સલામ કહીએ છીએ. ગુજરાતી ભાષામાં ઘડી કાઢવામાં આવેલો શબ્દ "નાતાલ" લેટિન શબ્દ "નાતુસ" સાથે સંબંધ ધરાવે છે. લેટિન શબ્દ "નાતુસ" એટલે જન્મ. ગુજરાતી શબ્દ "સલામ, હિબ્રૂ શબ્દ "શલોમ" સાથે સંબંધ ધરાવે છે. હિબ્રૂ શબ્દ "શલોમ" એટલે શાંતિ. નાતાલની સલામ એટલે ઈસુના જન્મને કારણે ઊતરી આવેલી શાંતિ.

મારા ઘરે સાંજે લીધેલું દૂધ સવારે ફાટી ગયું અથવા ખાટું થઈ ગયું. પહેલાં તો મેં દૂધનો વાંક કાઢ્યો. પછી જે દૂધવાળા પાસેથી હું દૂધ ખરીદું છું તેની પાસેથી દૂધ ખરીદતાં અન્ય પરિવારોમાં તપાસ કરી તો એ જ સાંજે તેઓએ લીધેલું દૂધ ફાટી ગયું ન હોતું. વાંક દૂધનો ન હોતો, વાંક મારા વાસણનો હતો. અસ્વચ્છ વાસણમાં લીધેલું દૂધ, દૂધ રહેવાને બદલે દહીં થઈ ગયું. આ વર્ષે આવેલી નાતાલ મારા જીવનના પાત્રમાં ખાટી ન થઈ જાય, અર્થાત્ પોતાનો ધાર્યો હેતુ સર ન કરી શકે, એની તકેદારી રાખવાની જવાબદારી મારી. માટે જ માતા ધર્મસભા નાતાલ પહેલાં ચાર અઠવાડિયાની આગમનઋતુ આપે છે. આ આગમનઋતુમાં મારા જીવનને તૈયાર કરી શકું, મારા અંતરના મેલને ધોઈ શકું, મારાં હાનિકારક વ્યસનો વેગળાં કરી શકું. મારી વાસનાને અંકુશમાં રાખી શકું, અને એમ મારા હૃદયના ગભાણમાં ઈસુના જન્મની પ્રતીક્ષા કરી શકું એવી કૃપા પ્રભુ પાસે માગું છું. ●

## મદદ માટે હાર્દિક અપીલ

હું,પેટ્રિક થોમાસ ક્રિશ્ચિયનની નમ્ર અરજ કે, મારા ભાઈનો દીકરો અન્નનળીની બીમારીને કારણે છેલ્લા દોઢ માસથી હોસ્પિટલમાં છે. ઓપરેશન કરેલ છે. અત્યાર સુધીમાં ૬ લાખ (છ લાખ) જેટલો ખર્ચ થયેલ છે. હજી પણ ખર્ચ થાય તેમ છે. દાતાઓ ઉદાર હાથે દાન આપે તો મારા ભાઈના બાળકની જિંદગી બચાવી શકાય તેમ છે. દાન ચેક દ્વારા કે રોકડા રકમથી પણ નીચેના સરનામે મોકલી શકાય.

**દાન માટે:** સભાપુરોહિત ફાધર ચાર્લ્સ, કેથોલિક ચર્ચ, વટવા અથવા
પેટ્રીક થોમાસ ક્રિશ્ચિયન, સેક્ટર ૪-સી, મકાન નં. ૩૯૬,
વિવેકાનંદ નગર, વટવા - ૩૮૨૪૪૫ (મો. ૯૭૨૪૯ ૫૭૫૯૮)
SBI બેંક એકાઉન્ટ નં. ૨૦૨૩૩૮૧૩૫૮૧ (વટવા બ્રાન્ચ)

# ઈસુ કેમ આવ્યા?

## યુવાવર્ગને એક શીખ

✍ ડૉ. ફાધર અરસકુમાર

*પ્રાધ્યાપક, ગુજરાત વિદ્યાદીપ - સેવાસી અને સભાપુરોહિત - બોચાસણ*

અંગ્રેજીમાં એક ભક્તિ ગીત છે Every tiny star જેનો ટેક છે “God still loves the world” (ઈશ્વર હજુ પણ દુનિયાને/ આપણને પ્રેમ કરે છે). માત્ર ચંદ્ર-તારા કે નદી-નાળાં આપણને આ આશાસભર સંદેશ આપે છે એવું નથી. હકીકતમાં તો આ દુનિયામાં જન્મ લેતું દરેક બાળક આપણા માટે આ સંદેશ લઈ આવે છે. એનો પુરાવો એ જ છે કે પ્રસૂતિની વેદનાથી ગભરાતી ને રડતી સ્ત્રી પણ પોતાના બાળકને જોતાંવેંત આનંદ-ઉલ્લાસમાં આવી જાય છે. એટલું જ નહિ પણ એવા એક શિશુને જોનાર કોઈ પણ નિરાશ થયેલી વ્યક્તિને આશા મળી જાય છે. એના પર નજર નાખનાર કોઈપણ દુઃખી માણસ હસતો થઈ જાય છે. કોઈપણ સામાન્ય બાળક આ રીતે ઈશ્વરના પ્રેમનો સંદેશ લઈને આવતું હોય છે. તો જ્યારે ઈશ્વર ખુદ પોતે બાળકરૂપે આવે ત્યારે કેટકેટલાનાં સ્વપ્નોને સાર્થક બનાવતા હોય!

દરેક બાળક પોતપોતાના માબાપની આશાની પ્રતિરૂપે અને તેમનાં સ્વપ્નના પરિણામે આ દુનિયામાં આવે છે. એ પોતે પણ પોતાના સ્વપ્ન સાથે આવે છે. પણ સાથે સાથે ઈશ્વરની કોઈ ઈચ્છા કે યોજના પૂરી પાડવા આવે છે. ઈસુ તો સંખ્યાબંધ લોકોનું સ્વપ્ન હતા અને અસંખ્ય લોકોની આશા તરીકે પોતાના પિતાની માનવજાત માટેની પ્રેમની યોજનાને પાર પાડવા આપણી વચ્ચે અવતર્યા હતા. જે પ્રજા નાસીપાસ થઈ ગઈ હતી, જે લોકો ભરવાડ વગરનાં ઘેટાં જેવા થઈ ગયા હતા (એટલે કે સાચા માર્ગદર્શકો વિહોણા બની ગયા હતા), જે માણસો ‘મારા જીવનનો હવે કોઈ અર્થ રહ્યો નથી’ એમ વિચારતા થઈ ગયા હતા, એવા બધાને આશા તથા જીવનનો અર્થ આપવા સત્ય, માર્ગ ને જીવન તરીકે ઈસુ આ દુનિયામાં અવતર્યા હતા.

કદાચ મારાં માબાપ પાસેથી મને પૂરતો પ્રેમ મળ્યો નથી અથવા તેઓ મને સારી રીતે ભણાવી નથી શક્યા; અન્યાયી રીતે મારે નોકરી ગુમાવવી પડી અને હવે સારી નોકરી મને નથી મળતી; મારું લગ્ન જીવન ખૂબ જ ટૂંકું રહ્યું ને એમાં પણ મને સફળતા ન મળી; મારાથી મોટી ભૂલ કે પાપ થઈ ગયું ને મારાં માબાપ કે મારી પત્ની સુદ્ધાં મને સમજવા કે સ્વીકારવા તૈયાર નથી. આવી કપરી પરિસ્થિતિમાં શું હું દારૂ પીવાનું શરૂ કરું? મારો જીવ લઈ લઉં? ચોક્કસ નહિ! એવું તો કાયર કરે કે અશ્રદ્ધાળુ કરે. બાઈબલ સાક્ષી પૂરે છે કે ઈસુ તો ખાસ આવી પરિસ્થિતિમાં જીવનારા માટે જ અવતર્યા હતા.

ઈસુ આપણને એમ કહેવા આવ્યા છે કે God still loves the world; God still loves you (ઈશ્વર હજુ પણ તમને પ્રેમ કરે છે) કારણ, મારી જેમ અને મારા દ્વારા તમે પણ ઈશ્વરનાં બાળકો છો. પોતે પ્રેમસ્વરૂપ ને દયાસાગર હોવાથી ઈશ્વરે સર્જેલી આ વિશાળ દુનિયામાં ઈશ્વરે અપાર તક ને માર્ગની જોગવાઈ પણ કરેલી છે. એટલે એમાં એકાદી તક ને એકાદો રસ્તો ચૂકી જવાય એનો અર્થ એ નથી કે આપણું જીવન સમાપ્ત થઈ ગયું. નિરાશ થયા વગર આપણે આંખો ખુલ્લી રાખીને ચારેય બાજુ નજર નાખવી પડે તો જ આપણને બીજી તક ને બીજા માર્ગ દેખાય. આ સત્ય સમજ્યા વગર જો આપઘાતના માર્ગે જવાનું વિચારીએ અથવા દારૂ કે અન્ય વ્યસનોનો ગુલામ બની જઈએ તો એ મૂર્ખાઈ જ કહેવાય. એ તો ભક્તિ અને શિસ્ત વિહોણા કાયરોનો રસ્તો છે.

ઈસુ જે પ્રેમ અને આનંદનો સંદેશ લઈને આવ્યા એના પરિણામે એમના સંપર્કમાં આવનાર પાપી પુણ્યશાળી ઠરે છે (લૂક ૧૯:૧-૧૦); શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક બીમારીથી કંટાળી ગયેલા સંપૂર્ણ સ્વાસ્થ્ય પ્રાપ્તિ કરે છે (માર્ક ૨:૧-૧૨); વર્ષોથી અન્યાયી અસામાજિક તત્ત્વોથી દબાયેલી ‘આબ્રાહામની દીકરી’ (એટલે કે સ્વતંત્રતાનો હક્ક ધરાવનાર) છૂટકારાનો અનુભવ કરે છે; સમાજથી તિરસ્કાર કરવામાં આવેલાને સ્વર્ગમાં સ્થાન આપવામાં આવે છે (લૂક ૧૩:૧૦-૧૩); પોતાનો રસ્તો ગુમાવી ‘હું નાલાયક છું’ એમ વિચારનારને પોતાના જ કુટુંબમાં ફરી વાર સ્વીકાર મળે છે (લૂક ૧૫:૧૧-૨૪); લોકોની શરમ કે બીકને કારણે છૂપાઈને જીવન ગાળનાર, નીડરપણે જાહેરમાં શુભસંદેશની ઘોષણા કરીને ઘણા બધા લોકોનો ઉદ્ધાર કરાવે છે (યોહાન ૪:૫-૩૯). આવા અનેક દાખલાઓ આપી શકાય. પણ અગત્યની વાત એ છે કે આ બધી વ્યક્તિઓ ઈશ્વરે આપેલી બુદ્ધિનો ઉપયોગ કરે છે ને સમજદારીથી નિરાશાની વચ્ચે પણ આશાનાં કિરણો જુએ છે અને કપરી પરિસ્થિતિમાં પણ શ્રદ્ધા અને શિસ્તને વળગી રહીને પોતાને માટે નવો માર્ગ ને નવી તક શોધી કાઢે છે.

આ દુનિયા સંપૂર્ણ નથી અને આપણાં માબાપથી માંડી કોઈ પણ વ્યક્તિ બધી બાબતોમાં સંપૂર્ણ હોતી નથી - દરેકમાં કોઈ ને કોઈ ત્રુટી રહેવાની જ. ઈશ્વર સિવાય કોઈ સર્વાંગ સંપૂર્ણ હોઈ ન શકે.

એટલે જ્યાં સુધી આપણે આ દુનિયામાં રહીશું ત્યાં સુધી, આપણને જેની સદાય ઝંખના રહે છે એ સુખ, પ્રેમ, ન્યાય કે સમાનતા જેવાં મૂલ્યોની સાથે દુઃખ, અન્યાય, અસમાનતા, ગેરસમજ, અસ્વીકાર, તિરસ્કાર, ધિક્કાર, વગેરેનો પણ અનુભવ થવાનો જ છે. કોઈની પણ પાસેથી અને ક્યાંય પણ સર્વાંગ સંપૂર્ણતાની અપેક્ષા રાખવી એ મુસીબતને સામેથી આમંત્રણ આપવા જેવું છે. એવી અપેક્ષા રાખવી એ મૂર્ખાઈ છે. જેટલી ઊંચી આપણી અપેક્ષા તેટલી જ ઊંડી હશે આપણી નિરાશા. થાઈલેન્ડની સંસ્કૃતિમાં એક રિવાજ છે કે કોઈ પણ કાર્યમાં જાણીજોઈને કોઈ નજીવી ખામી રહેવા દેવી કેમકે તેઓ માને છે કે ફક્ત ઈશ્વર જ ખામીમુક્ત હોઈ શકે, માનવી નહીં.

સર્વાંગ સંપૂર્ણતા તો આપણો ધ્યેય હોઈ શકે અને એ ધ્યેય તરફ આપણને લઈ જવા માટે જ ઈસુ બાળ રૂપમાં પધારે છે અને તેઓ પોતાની વાણી, કાર્ય તથા જીવન દ્વારા આપણે એ ધ્યેયની પ્રાપ્તિ કેવી રીતે શક્ય બને એમ શીખવાડે છે. દુઃખની વાત એ છે કે ઈસુનું આ જીવનસંદેશ આપવાનું કામ કરનાર આજે ખૂબ જ ઓછા છે. આ કાર્ય માટે અલગ તારવવામાં આવેલા (ઈર્મિયા ૧:૫) પણ પ્રેષિતોની વાતને ભૂલી ગયા છે કે ઈશ્વરની વાણીને પડી મમૂકીને ભાણાંની ચિંતા કરવી એ ઠીક નથી (પ્રે.ચ. ૬:૨). તેમ છતાં આપણે બાઈબલ ઉપર આધાર રાખી એમાંથી આ જીવનસંદેશ મેળવી શકીએ છીએ.

ઈસુ પાસેથી આ બધી બાબતમાં નમ્રપણે ને વિવેકબુદ્ધિથી પ્રેરણા તથા શિખામણ મેળવનાર સંત એટલે સંત પાઉલ. આ ક્ષણભંગુર અને અપૂર્ણ દુનિયાની અને આપણને ઈસુ દ્વારા મળનાર શાશ્વત ને સંપૂર્ણ જીવનની વાત કરતાં પાઉલ કહે છેઃ જે મહિનાનો આપણને સાક્ષાત્કાર થવાનો છે તેની આગળ અત્યારનાં દુઃખો કંઈ વિસાતમાં નથી. સૃષ્ટિ પોતે જ આતુર ઉત્કંઠાથી ઈશ્વરપુત્રના પ્રગટ થવાની રાહ જોઈ રહી છે... આ સૃષ્ટિ પોતે જ નશ્વરતાની ગુલામીમાંથી મુક્ત થઈને ઈશ્વરનાં સંતાનોની મહિમાવંત મુક્તિની ભાગીદાર થશે (રોમ ૮:૧૮-૨૧). શ્રદ્ધાળુઓનું ખૂન કરી મોટું પાપ આચરનાર આ સાઉલને ઈસુનો અનુભવ થતાં, એ મોટો સંત ને ધર્મસભાનો પાયો બને છે. મૂર્ખાઈથી ભરેલા પાપમય ભૂતકાળના વિચારમાં એ ભાંગી નથી પડતો, નિરાશ નથી થતો ને દારૂ કે કોઈ વ્યસનનો આશરો લઈ એનો ગુલામ નથી બનતો. બલકે, હિંમતથી કહે છેઃ ...જે પાછળ છે તેને ભૂલી જઈને જે આગળ છે તેને પ્રાપ્ત કરવા મથી રહ્યો છું; ખ્રિસ્ત ઈસુ દ્વારા ઈશ્વરે જે ઈનામ મેળવવાનું સ્વર્ગમાંથી આહ્‌વાન કર્યું છે તે મેળવવા, ધ્યેયને લક્ષમાં રાખીને, હું આગળ ધપી રહ્યો છું (ફિલિપ્પી ૩:૧૨-૧૪).

ઈસુ આપણને જે આત્મા આપવા આવ્યા છે તે આપણને કાયર કે ગુલામ બનાવતો નથી બલકે તે આપણામાં શક્તિ, પ્રેમ અને સંયમ પ્રેરે છે (૨ તિમોથી ૧:૭; ગલાતિ ૪:૭). તે પ્રેરણા મુજબ જીવીશું તો પાઉલની જેમ આપણે પણ કહી શકીએ કે હું મંગલ શરતમાં ઝઝૂમ્યો છું, પૂરું અંતર દોડ્યો છું,... હવે તો વિજમાળા મારી રાહ જોઈ રહી છે (૨ તિમોથી ૪:૭-૮). ઊઠો ને જાગો, યુવા મિત્રો, ધ્યેય પ્રાપ્તિ સુધી, વણથંભ્યા આગળ વધો! ●

Mob.: 94265 12844 / Email: arayappan@gmail.com





# નાતાલનું નજરાણું

✍ સ્નેહલતા ભાટિયા

*ડિરેક્ટર સુરચના ટ્રસ્ટ, સુરત મહિલા પ્રમુખ-નેશનલ હ્યુમન રાઈટ્સ એસો. ફ્રી લેન્સ કન્સલટન્ટ અને કથક નૃત્યાંગના.*

ક્રિયાનાએ ઈન્ટરનેટ ઉપર પોતાનું ફેસબુક એકાઉન્ટ ખોલ્યું. જુલી પણ વેબસાઈટ પર ઓનલાઈન હતી. તરત જ તેનો સંદેશ આવ્યો.

"પ્રણામ! ક્રિયાના દી.. આજે ઘણા સમય બાદ આપણે "ઓન લાઈન" છીએ."

"હા જુલી, કેવું ચાલે છે કામકાજ?"

"ઠીક છે."

"તારી નોકરી કેવી ચાલે છે? હવે ઈઝરાયેલમાં ફાવી ગયું?"

"નોકરી સારી ચાલે છે. ઈઝરાયેલમાં લગભગ ગોઠવાઈ ગઈ છું, તમારી પ્રવૃત્તિઓ કેવી ચાલે છે?"

"મને તમારી સાથે વાત કરવાનું ગમે છે. તેથી તમને ઓન લાઈન જોયાં તો વાત કરવાનું ટાળી ન શકી."

વાંચીને, ક્રિયાનાના હોઠ મલકાયા.

"બસ! પ્રવૃત્તિઓ સારી ચાલે છે."

"ક્રિયાના દી, તમારી વાર્તાઓ, લેખ વાંચતી હતી અને વાંચુ છું. હું તમારાથી ખૂબ પ્રભાવિત છું."

ક્રિયાના જુલીના સંદેશાનો ઉત્તર આપે તે પહેલાં તેનો બીજો સંદેશો આવ્યો.

"તમે મારી સાથે અવાર-નવાર ચેટિંગ કરો છો તેને હું મારું અહોભાગ્ય સમજુ છું. અજાણતા જ તમને દીદી કહેતી થઈ ગઈ અને તમે પણ તેનો વાંધો નથી ઉઠાવ્યો."

"જુલી મને આનંદ છે એ બાબતનો," ક્રિયાનાએ સંદેશો મોકલ્યો.

"હા દી, તમારી અને મારી વચ્ચે લોહીની સગાઈ નથી, પરંતુ તમે મને મારાં સ્વજન લાગો છો." ક્રિયાના જુલી સિવાય તેના અન્ય મિત્રો સાથે પણ વાતચીત કરી રહી હતી. તેથી ક્રિયાના જુલીને તાત્કાલિક જવાબ આપી ન શકી. જુલીનો તરત જ બીજો સંદેશ આવ્યો.

"ક્રિયાના દી, ગયા અઠવાડિયે મારી મા અવસાન પામી."

"ઓહ! હું દિલાસો પાઠવું છું. તો તું અત્યારે અહીં ભારતમાં હશે?"

"ના, હું અહીં જ છું. મેં ભાઈને જણાવ્યું કે, "હું આવું છું." ભાઈએ કહ્યું, "તારી નોકરી સંભાળ" દી, હું અહીં દૂર બીજા દેશમાં કોઈની ચાકરી કરું છું અને મારી મા સારવારના અભાવે મૃત્યુ પામી."

"હશે! ભગવાનની મરજી માની લેવાની."

"દી,"

"ભગવાનનું તો નામ જ ન લેતા. તેના જેવો શિકારી કોઈ નથી. તે પોતાના શિકારને સહેલાઈથી છોડતો નથી."

"આજે મારી મા નથી ત્યારે મને અનુભૂતિ થાય છે કે મારો મીત મારા વિના કેમ રહ્યો હશે?"

"તારે મીત સાથે વાત થાય છે?"

"ના - દી, હું છેલ્લા છ મહિનાથી તો ઈઝરાયેલમાં છું, પરંતુ તે પહેલાંના આ પંદર વર્ષોમાં મીત ત્રણ વખત ભારત આવ્યો. મેં ત્રણેય વખત તેને મળવાનો, વાત કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે મને મળવા જ નથી માંગતો."

"તેના પિતાએ તેને મારી વિરુદ્ધ એટલું ઝેર પાયું છે કે તે મને જ દોષિત માને છે. દી, હું જાણું છું કે દરેક છોડનું આગવું અસ્તિત્વ હોય છે. છોડને વટવૃક્ષ બનવાનો અધિકાર છે, પરંતુ છાંયડાનું ઘર તો ઝાડ પાસે જ હોય છે, અને તે ઝાડ નથી જાણતું તેનું દુઃખ છે."

"અમે છૂટાં પડ્યાં ત્યારે હું રડતી રહી. આંસુઓના ગર્ભ સુધી રડતી રહી, પરંતુ મારા ભાઈઓએ મારા મીતને તેના પિતાને સોંપી દીધો. "અમારી બહેન અમારી જવાબદારી, તમારો દીકરો તમારી જવાબદારી" કહી મારા રડતા મીતને મારા હાથમાંથી ઝૂંટવી લેવાયો. મારા બે જ વર્ષના મીતને મારાથી વિખૂટા કરતા પાષાણ હૃદયના લોકો મારો અને મારા દીકરાનો વલોપાત ન જોઈ શક્યા? મારા દીકરાને ભાઈએ આપી દીધો કારણ, હું નોકરી કરતી ન હતી!"

સંદેશો વાંચીને, ક્રિયાના એ બીજા મિત્રો સાથે 'ચેટિંગ' બંધ કરી જુલી સાથેની વાતચીતમાં સમગ્ર ધ્યાન પરોવ્યું.

"જુલી હવે જૂની વાતો યાદ કરી શા માટે દુઃખી થાય છે?"

"હા દી, આ યાદો પણ કેવી હોય છે? સમયનો હાથ પકડીને રોકી રાખે છે. સઘળું થંભી જાય છે." જુલી સ્મિત જેવું રડી રહી હતી અને આંસુ જેવું હસી રહી હતી. જાણે કે તેનું સ્મિત તેના હોઠોને બિલકુલ અડકતું ન હતું.

"જુલી તેં ફરીથી મીતને મેળવવા પતિ સાથે સમાધાન કરવાનું કેમ ન વિચાર્યું? અને છેવટે તેં ફરીથી લગ્ન માટે કેમ ન વિચાર્યું?"

"દી, અલગ થયા બાદ, મા મને કહેતી, 'બેટા, મીતને લીધે પણ તું સમાધાન કર."

"પણ દી, મારા પતિ અને સાસરિયાના લોકો વિશેના, પહેલા લગ્નના કડવા અનુભવથી હું બીજા લગ્નના, વિચાર માત્રથી ધ્રૂજી જાઉં છું. જે કુટુંબની ચર્ચા નઠારા લોકમાં થતી તે કુટુંબમાં મારાં લગ્ન ધામધૂમથી લેવાયાં. લગ્ન માટે મા અને ભાઈએ હા પાડી, કારણ, હું કમાતી ન હતી. નોકરી ન કરતી છોકરી માટે છોકરો હા પાડે એટલે અધધધ, ભાગ્ય ખૂલી ગયું. બીજું કશું જ ન જોવાનું? હું નોકરી ન કરતી એટલે તુચ્છ ગણાતી, ઘરમાં મારાં કામકાજની કોઈ કદર નહિ? ઘરની દરેક વ્યક્તિની જવાબદારી મારી, એક-એકનો સમય મારે સાચવવાનો, સગવડ જોવાની. વાતે-વાતે ઘરનાં સૌ મને સંભળાવે "તું નોકરી તો કરતી નથી." "તું તો આખો દિવસ ઘરે છે." આજ કારણે ઝઘડા થતાં, જેથી અલગ થવું પડ્યું. પચ્ચીસ વર્ષે જ લગ્નજીવનનો અંત...."

"ઓહ! ઘણી દુઃખની વાત છે. હા જુલી, ઘણાને નોકરી કરતી વ્યક્તિ જોઈએ, પત્ની કે પુત્રવધૂ નહિ. પૈસાનો મોહ, બીજુ શું?"

"જુલી મેં વર્ષો પહેલાં તેલુગુ ગીત સાંભળ્યું હતું, જે અત્યારે મને યાદ આવ્યું, જેમાં મા પોતાની દીકરીને કહે છે કે તેણે બધા દુઃખ, અજંપા વચ્ચે પોતાનું ઘર વસાવવાનું છે. મા પોતાની દીકરીનું નસીબ જાણે છે, કારણ તેણે પણ વેઠ્યું છે. ગીતમાં વાત આ રીતે છે — નાનકડા તળાવમાં રમતી, કૂદતી દેડકી સાપની છાયામાં ઘર વસાવે છે. જાણે છે કે ઘરની બહાર સખત તડકો છે. એટલે દીકરીના માટે છત્ર ખરીદવાનું છે, પછી ભલેને તે સાપની ફેણનું છત્ર ન હોય? દીકરીના માથા ઉપર છત્ર એ દીકરી માટે ઈજ્જત છે, આબરુ છે. ભલેને ડંખનો ખતરો હંમેશાં માથા ઉપર લટકતો હોય? ગીતમાં મા કહે છે - દરેક દેડકીને સાપની છાયામાં જીવવાનું હોય છે!"

"ખૂબ જ પીડાદાયક ગીત છે, પરંતુ દરેક મા-બાપ દીકરીના માટે છત્ર તો ઈચ્છે જ છે. અપવાદરૂપ મા-બાપ જ હશે, જેને દીકરીના માથે છત્ર ન હોય તેની ચિંતા ન હોય."

જુલીનો વળતો સંદેશો આવ્યો.

"દી, હવે ચાળીસ વર્ષ પૂરાં થયાં, હવે ચાંદ ઉપર આકાશનો પહેરો કેમ લગાવું?"

કિયાના તુરંત ઉત્તર આપી ન શકી. ઘડીક સમય પસાર થવા દઈ તેણે લખ્યું.

"જુલી, મીતને ખાતર આ નાતાલના ટાણે એક વધારે પ્રયાસ સમાધાન માટે કરવામાં શો વાંધો? અને એ તેમ ન થાય તો બીજા લગ્ન માટે વિકલ્પ ખુલ્લો રાખ. બીજા લગ્નનો અનુભવ પહેલા લગ્ન જેવો ના પણ હોય."

"નહિ કિયાના દી, ઉદાસીનો એક દરિયો મારી નાવમાં આવીને બેઠો છે. સમયે મારો અવાજ પણ તોડી નાખ્યો છે. હું જોગણ નિર્જીવ ઝાડની લય પર નાચું છું. છાંયડાનું દુઃખ ઝાડમાં રહી ગયું છે. મારી દરેક રાત્રીનો અંધકાર વધુને વધુ ઘેરો હોય છે. મારો પડછાયો લાંબો, લાંબો થતાં મારી સામે આવી જાય છે." કિયાના વાંચીને વિચાર મગ્ન થઈ ગઈ. તેને લાગ્યું, જુલી હતાશા તરફ જઈ રહી છે.

જુલીએ અગાઉની ઈન્ટરનેટ પરની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેનો દીકરો મીત તેના પિતા સાથે કેનેડાના ટોરેન્ટો શહેર રહે છે. કિયાના એ જુલી સાથે 'ચેટીંગ' કરતાં કરતાં 'વાઈબર', 'હાઈક' 'લીંકડ ઈન' જેવી 'વેબ સાઈટ્સ' ખોલી, મીતની માહિતી મેળવવાનું શરૂ કર્યું.

'વા...ઉ...ગ્રેટ' કિયાના ઉત્સાહમાં બોલી ઉઠી. 'લીંકડ ઈન' પરથી તેને મીતનો ફોન નંબર મળી આવ્યો. પળનો પણ વિલંબ કર્યા વિના કિયાનાએ મીતને ફોન લગાવ્યો. પોતાની ઓળખાણ આપી કહ્યું, 'બેટા, હું તને ફોન નંબર લખાવું તે નંબર ઉપર તું હમણાં જ ફોન કર. તારી મમ્મી સાથે વાત કર.', 'દીકરા એક સેકન્ડનો પણ વિલંબ ન કરીશ.'

કિયાના દી, મારો ફોન આવે છે. હું ફરીથી ઓન લાઈન આવીશ ત્યાં સુધી 'બાય', 'ટેઈક કેર' કહી જુલીએ તેના 'ફેસબુક' એકાઉન્ટમાંથી 'લોગ આઉટ' કર્યું.

જુલીએ ફોન ઉઠાવ્યો, 'મમ્મી' સાંભળી તેના હાથ અને કાન થીજી ગયા. સમય વિતતો ગયો. તેના શરીરમાં ચેતન આવ્યું હોય તેમ, "હા બેટા, હા, મીત, બેટા" બોલ્યા કર્યું. તેને સૂઝ ન હતી કે શું વાત કરવી? પછી આપોઆપ વાતો થતી રહી... કલાક બાદ કિયાનાને 'ઓન લાઈન' પર આવવાનો સંદેશ આવ્યો. ફરીથી 'ચેટીંગ' શરૂ થયું.

જુલી આજે તો ક્રિસમસ છે. તું તો પ્રભુ ઈસુના દેશમાં છું. ત્યાં તારી પહેલી ક્રિસમસ. તારા મીતનો અવાજ તે પંદર વર્ષ પછી સાંભળ્યો."

"દી, તમારો આભાર માનવા મારી પાસે શબ્દો નથી. હું રોજ રાત્રે આલ્પાઝોલામ લઉં છું. કદાચ મેં આજે શીશીની બધી ગોળીઓ ખાઈને ગાઢ નિંદ્રામાં વિસામો લઈ લીધો હોત. એટલી હું હતાશા અનુભવી રહી હતી. દી, હું ભૂલી ગઈ હતી કે ચાંદમાં ડાઘ હશે, તેની ચાંદનીમાં નહિ. હું ભગવાનથી રીસાઈ હતી. હા દી, પગથિયું દરવાજાથી ઉંચુ નથી હોતું. મેં દરવાજાની ભીતર ઝાંક્યું જ નહિ, અને જીવનભર દરવાજાની કસોટી કરતી રહી. હું ભગવાનથી વિમુખ થઈ, પરંતુ આટલાં વર્ષે મને મારો મીત મળ્યો. મારો મીત મને ભૂલ્યો નથી દી. તેણે મને કહ્યુંઃ તે મને ચાહે છે. તેની જુલી મમ્મીને તે ખૂબ ચાહે છે. દીદી, હું તેની વ્હાલી મમ્મી છું. તમારું એહસાન મારા પર રહ્યું દી."

કિયાનાને લાગ્યું, કદાચ જુલી ખુશીના આંસુએ રડી રહી છે. તેણે તરત જ સંદેશો પાઠવ્યો.

"જુલી ક્રિસમસ ઉપર તો એકબીજાને ભેટ-સોગાત આપવાની હોય છે ને તો માનજે કે મીત સાથેનો તારો ફોન પર મેળાપ એ મારી તને નાતાલની ભેટ હતી."

"હા દીદી, તમે સાચા અર્થમાં મારા જીવનની સૌથી ઉત્કૃષ્ટ, ઉત્તમ, અમૂલ્ય ભેટ મને આપી છે. મને મીત મળ્યો છે, મારા જીવનમાં તમે તમારા નામ પ્રમાણે સૂર્યનું પહેલું કિરણ બન્યાં" ●

# શ્રદ્ધાંજલિ



## સ્વ. સિસ્ટર ક્રિશાન્તા A.C.

'તમે પ્રભુમાં વિશ્વાસ ધારો ને,
રાખો હૈયા માંહે હામ;
તમે પ્રભુમાં વિશ્વાસ ધારોને,
તમે સૌ બનજો બળવાન.

(સ્ત્રોત ૨૭:૧૪)

શાશ્વતધામમાં પ્રવેશ કરવાની ઉત્કંઠા સિસ્ટર ક્રિશાન્તા છેલ્લા એક વર્ષથી મનમાં ધરીને બેઠાં હતાં અને ૨૯ જુલાઈ, ૨૦૧૪ના રોજ સંધ્યાકાળે એપોસ્તોલિક કાર્મેલાઈટ સંઘને અલવિદા કરી તેઓ સ્વર્ગે સિધાવ્યાં. તેમનામાં મૃત્યુનો ડર ન હતો ઉપરથી પ્રભુદર્શનની તાલાવેલી તેમને લાગી હતી. 'વિશ્વશાંતિ' માટે પ્રાર્થના કરવા સુપિરિયર સિસ્ટર વેરોનિકાએ સિસ્ટરને વિનંતી કરી ત્યારે તેમનો પ્રત્યુત્તર હતોઃ 'બીમાર અને મરણ પથારીએ પડેલાં માટે મારી યાતના અર્પણ કરું છું.' સિસ્ટરને ઓળખતાં અન્ય સિસ્ટરો, ધર્મવિભાગના ધર્મજનો કે સહૃદયી મિત્રો સિસ્ટરના ઉમદા જીવન કવનથી પરિચિત હતા.

કુદરતી સમૃદ્ધિથી ભરપૂર નદી-દરિયાના સંગમસ્થાન ગામ કુંદાપુર (મેંગ્લોર)માં સિસ્ટરનો જન્મ ૧૨ જૂન, ૧૯૨૬માં થયો હતો. જોહાકીમ અને જોસફીનના બહોળા પરિવારમાં તેઓ તારલા સમાન હતાં જેનો પ્રકાશ સાધ્વીસંઘને પણ મળ્યો જ છે. ચૌદ ભાઈબહેનોમાં નવમા ક્રમે સિસ્ટર, જેઓ પોતાના મોટાભાઈ ટાઈટસ સાથે અમદાવાદમાં આવ્યાં બાદ માઉન્ટ કાર્મેલ સ્કૂલ-નવરંગપુરા હાઈસ્કૂલ-છાત્રાલયમાં રહ્યાં હતાં. શિક્ષણ પૂર્ણ કર્યા બાદ તેઓ સંઘમાં જોડાયાં. ૧૯૫૧માં પ્રથમ વ્રત ધારણ કર્યા અને પૂણે, કોદર્મા, બોકારો, ઉમરખાડી, નાગપુર, દિગ્વાડી, ગાંધીનગર, બાન્દ્રા, ચંદીગઢ, ખડગપુર, ગોઆ, શ્રીનગર અને છેલ્લે ગાંધીનગર સેવા આપી ૨૦૦૧માં નવરંગપુરા પધાર્યા હતાં. ભારતભરમાં તેમણે મદદનીશ શિક્ષિકા, છાત્રાલયના સંચાલિકા, આચાર્યા અને સુપિરિયર તરીકેની જવાબદારી ઉપાડી હતી. અથાક મહેનત અને કર્તવ્યનિષ્ઠાને કારણે બેએક ઠેકાણે નવી શાખા શરૂ કરવાની બુનિયાદ પણ બન્યાં છે.

વિનોદવૃત્તિ તેમનો સાહજિક ગુણ હતો. મનોરંજનની પળોમાં રમૂજી કથાઓ અને જોક્સ દ્વારા સૌને આનંદ લૂંટાવતાં. તેમના મધુર કંઠે ગવાતાં જૂનાં ગીત સાંભળવાં એક લહાવો હતો. કેટલાંક ગીત રેકોર્ડ કર્યા છે. તેમનું આધ્યાત્મિક જીવન અનુકરણીય હતું. જીવનના છેલ્લા દિવસ સુધી ખ્રિસ્તયજ્ઞ અને સામૂહિક પ્રાર્થનામાં તેઓ જોડાયાં હતા. ઉમેદવારોમાં શ્રદ્ધા ઘડતર માટે તેઓ ઉત્સુક રહેતાં. સમય મળતાંવેંત હાથમાંની ગુલાબમાળા તેમને ભક્તિમાં લીન બનાવી દેતી. ૨૮મીએ માંદગીમાં સપડાયાં અને ૨૯ જુલાઈ, એ તો સાથી સિસ્ટરના પ્રાર્થનાભર્યા સાંનિધ્યમાં તેમણે છેલ્લો શ્વાસ લીધો. પરમાત્મા સ્વર્ગસ્થ આત્માને શાંતિ અર્પે.

— સિ. જેનીફર ગોમ્સ

## સ્વ. સિસ્ટર કોચુરાની



ગુજરાતની ધર્મસભા, વિશેષમાં અમદાવાદ ધર્મપ્રાંતમાં સિ. કોચુરાનીના નિધનથી મોટો શૂન્યાવકાશ ઉભો થયો છે! વટામણ - કોઠ વિસ્તારમાં ગરીબની વહારે દોડી જનાર સિસ્ટર પોતાના મિશનકાર્યમાં દૃઢનિશ્ચયી હતાં. મુક્તિયાત્રામાં તેઓ વિરાંગનાં હતાં. સ્તોત્ર ૨૭ પ્રમાણે

મારી જ્યોતિ પ્રભુજી, મારી મુક્તિ; ક્યાંથી મુજને તે ડર હવે લાગે?
મારા જીવનનો ગઢ પ્રભુ પોતે; ક્યાંથી મારામાં ભય હવે જાગે?

ધર્મપ્રાંતનાં મિશન કેન્દ્રોમાં આ એક પડકારરૂપ કેન્દ્ર છે. ડોટર્સ ઓફ ધ હાર્ટ ઓફ મેરી કોંગ્રિગેશનના સંન્યસ્ત જીવનમાં કુલ ૩૮ વર્ષમાંથી ૩૨ વર્ષનું જીવન તેમણે ગુજરાતની ધર્મસભાને સમર્પણ કર્યું હતું. પોતાના કાર્યક્ષેત્રમાં વસતા લોકો સાથે એટલાં હળીમળી ગયાં કે, બહારની દુનિયામાં તેઓ લગભગ અપરિચિત રહ્યાં. અહીં પૂરા ઉત્સાહથી લોકોની સેવા કરી અને નવું જોમ પૂર્યું.

૨૦૦૩માં વિધિવત્ મુલાકાત વખતે જ સિસ્ટરને હું પ્રથમ વખત મળ્યો ત્યારે શુભસંદેશની ઘોષણા માટે તેમનામાં જે અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો તે જોઈને મને પારાવાર આનંદ થયો હતો. ભગવાન ઈસુ વિશે નહિવત્ જાણતા લોકો આગળ, ઈસુની ઓળખ આપવાની તેમની હિંમત અને જહેમત દાદ માગી લે તેવાં હતાં. ગરીબોની સેવાને આડે કંઈપણ તેમને અટકાવી ન શકે એવી મજબૂત ઈચ્છા શક્તિવાળાં તે હતાં.

છેલ્લું એક વર્ષ અનેકાએક તબીબી તપાસ-સારવારમાં પસાર થયું. હોસ્પિટલમાં એન્જિયોપ્લાસ્ટી માટે દાખલ કરવામાં આવ્યાં. પાલતુ કૂતરાઓએ તેમના પર હિંસક હુમલો કર્યો હતો. વડોદરાથી ઘેર પાછા ફરતાં બસસ્ટેન્ડમાં લપસી જતાં પગ ભાંગી ગયો અને આ બધાથી ઉપર ગર્ભાશયની ગાંઠ પ્રાણઘાતક નીવડી. અગત્યની વાત તો એ છે કે આમ બનવા છતાં તેમના ચહેરા પર ઉચાટ ન હતો, તેમના ચહેરા પર પ્રસન્ન સ્મિત રમતું હતું. જે કંઈ બની રહ્યું હતું, બનવાની શક્યતા છે તેનો જાણે કે સહર્ષ સ્વીકાર કર્યો હતો. ઈશ્વરની ઈચ્છાને સંપૂર્ણ આધીન બન્યાં. પોતાની તકલીફો અંગે બળાપો કે બડબડાટ ક્યારેય કર્યો ન હતો, કારણ, તેઓ ઈસુના અંતેવાસી બની ગયાં હતાં. મિશનરી ધગશથી છલોછલ ટૂંકુ આયખું જીવી જનાર સિસ્ટર અનેકને માટે પ્રેરક ઉદાહરણ છે. કચડાયેલા, શોષિત, ગરીબ, જરૂરિયાતમંદ લોકોને ઈસુના પ્રેમનો સાક્ષાત્કાર કરાવવામાં અને તેમના ઉત્થાનકાર્યમાં તેઓ અગ્રેસર હતાં. ગુજરાતને કર્મભૂમિ બનાવનાર સિસ્ટરે ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ વતન-કેરાલામાં પોતાનો દેહ છોડ્યો. ગુજરાતની ધર્મસભામાં તેમની ખોટ સતત વર્તાશે, પણ આત્મીય રીતે તેઓ આપણી સાથે જ હશે.

— બિશપ થોમસ મેકવાન



## સ્વ. ફાધર અમલરાજ

સ્વ. ફાધર એસ. અમલરાજ એસ.જે.ની અંતિમક્રિયા માટે જ્યારે એમના મૃતદેહને આણંદ દેવાલયમાં લાવીને મૂક્યો ત્યારે એના પર પુષ્પો મૂકી, અંજલિ અર્પવાની એમના ચાહકોની ભીડ જામેલી હું જોઈ રહેલો ત્યારે, કવિએ રચેલા શેરના આ શબ્દો શબપેટીમાં ચિરનિદ્રામાં પોઢેલા ફાધર અમલરાજને માટે જ ઉચ્ચારાયા હોય તેવી મને સતત પ્રતીતિ થતી હતીઃ

'આઝાદ', જિંદગી જો મહેંકે તો જિંદગી છે,
ફૂલોને લાવશો મા, મારી મઝાર પાસે.

સાચે જ, બેએક વર્ષના મારા ટૂંકા સહવાસ દરમ્યાન મેં નિહાળ્યું કે ફાધર અમલરાજની જિંદગી સતત અનેકવિધ સેવાપ્રવૃત્તિઓથી મહેંકતી રહેતી હતી. તેમની શારીરિક મર્યાદા ક્યારેય લોકસેવામાં એમને વિઘ્નરૂપ બની નહોતી. વાસ્તવમાં એમણે એ મર્યાદા, પગુંતા હોવા છતાં લોકસેવાર્થે દૂર દૂર થકવી નાખતી મુસાફરી કરવા ને અજાણ્યા, અપરિચિત કે અણગમતા ભૌગોલિક/સામાજિક સંજોગોમાં રહેવા એમણે સંમતિ દર્શાવી હતી એટલું જ નહિ, જેમની સાથે તે રહ્યા ને જેમની સેવા કરી તે સૌની લોકચાહના પણ પ્રાપ્ત કરી હતી.

એમનું સેવાક્ષેત્ર ગુજરાત પૂરતું મર્યાદિત નહિ, પરંતુ છેક વેનેઝુએલા, ઈસ્ટ ઈન્ડીઝ, આયરલેન્ડ ને અન્ય પ્રદેશો સુધી વિસ્તર્યું હતું. માનવસેવાર્થે એમણે કોઈ નિશ્ચિત સ્થળ, સમય, સમાજ, સેવાસ્વરૂપ આદિ પ્રકારની સીમા નહોતી આંકી કે નહોતી નક્કી કરી. માનવબંધુ/ભગિનીને કોઈક રીતે, ક્યાંક મદદરૂપ થવાય છે કે નહિ એવી એક માત્ર, સેવા પ્રવૃત્તિની પસંદગી માટેની તેમની પૂર્વ શરત હતી. વાસ્તવમાં સેવાપ્રવૃત્તિ પસંદ કરવાની આવી બહોળી ગુંજાઈશ(સ્કોપ)ને કારણે તેમનું સેવાકાર્ય વિશાળ અને વ્યાપક બની ગયું હતું, જેમાં જરિયાતમંદ એવા સહુ કોઈને આસાનીથી પ્રવેશ મળી શકતો હતો.

સને ૨૦૦૦માં કચ્છ-ભુજમાં ભૂકંપ થયો ત્યારે ત્યાં રહેવા-જમવા-કામ કરવા અતિ પ્રતિકૂળ સંજોગો હોવા છતાં તે ત્યાં દોડી ગયા અને તેમની ટીમ સાથે અત્યંત જરૂરી રાહતકામ શરૂ કરી દીધાં. રાહતકામો માટે એમણે આર્થિક સ્રોતો પણ ખૂબ પરિશ્રમ ઉઠાવીને શોધી કાઢ્યા, ને ભૂકંપગ્રસ્તોને ઘર બાંધવા સહાય કરી તથા રોજ રોજ અસરગ્રસ્ત પરિવારોના સભ્યોને સવાર સાંજ પૂરતું ખાવાનું મળે એની ચિંતા કરીને એ પહોંચાડ્યું. માળિયા મુકામે એક ગર્લ્સ હોસ્ટેલ બાંધીને શરૂ કરી, જેથી અસરગ્રસ્ત પરિવારોની દીકરીઓ ત્યાં રહીને નજીકની કોઈપણ શાળામાં પોતાનું ભણવાનું ચાલુ રાખી શકે. આજેપણ એ હોસ્ટેલ ચાલુ છે. માળિયા તો વિદ્યાનગરથી બહુ દૂર છે ને ત્યાં પહોંચતાં પાંચ કે છ કલાક લાગે. ફાધર અમલરાજ ફોન દ્વારા અવારનવાર હોસ્ટેલ વિશે તપાસ કરતા રહેતા હતા. એટલું જ નહિ, દર મહિને નિયમિત ત્યાં કંટાળાજનક ને થાક લાગે એવી લાંબી મુસાફરી ખેડતા હતા, તથા વિદ્યાર્થિનીઓને મળીને તેમની કશી ફરિયાદો હોય તો તેનું નિવારણ કરતા હતા. હોસ્ટેલમાં રહેતી એ વિદ્યાર્થિનીઓને માટે માઉન્ટ આબુ, સાપુતારા, ગિરનાર વગેરે સ્થળોના પ્રવાસ પણ કરાવતા હતા. ગઈ સાલ તેમને વિદ્યાનગર બોલાવીને અમૂલ ડેરી, ખેતીવાડી, કરમસદમાં સરદાર વલ્લભભાઈ પટેલનું ઘર, વિદ્યાનગરની વિવિધ કોલેજો તથા નજીકનાં જોવાલાયક સ્થળોની મુલાકાત કરાવી તેમને આનંદ કરાવ્યો હતો. એ બાળાઓને ફાધર માટે કેટલાં સ્નેહ-વાત્સલ્ય હતાં એ તો જ્યારે એ તેમને મળતા ને પાસે બેસી વાતો કરતા, હસતા ને હસાવતા ત્યારે ખ્યાલ આવતો હતો. આ હોસ્ટેલ દ્વારા એમણે કેટલીય ગરીબ ને પછાત પરિવારોની બાળાઓનું ભણતર બચાવી દીધું છે ને તેમને નિરક્ષરતાની ગુલામીમાંથી મુક્ત કરી છે. આજેય એ હોસ્ટેલ ચાલુ છે ને પ્રભુને પ્રાર્થીએ કે એ ચાલુ રહે.

'આશાદીપ'ની એક વિદ્યાર્થીલક્ષી ને ઘણી હિતકારી પ્રવૃત્તિ 'અંકુર' છે, જેનો લાભ બહુધા મધ્યમવર્ગી પરિવારોનાં હાઈસ્કૂલમાં ભણતાં સંતાનો લે છે. 'અંકુર' તેમને અભ્યાસ સાથે સાથે જીવનોપયોગી તથા અભ્યાસ બાદ ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે તેવું ઘણું શીખવે છે. ગરીબહિતેચ્છુ ફાધર અમલરાજે પ્રસ્તુત પ્રવૃત્તિનો લાભ, સામાન્ય તથા જરૂરિયાતમંદ પરિવારોનાં સંતાનોને પણ ઉપલબ્ધ થાય એવા શુભાશયે વિદ્યાનગરના ગરીબ વિસ્તારનું સર્વેક્ષણ કર્યું અને તેમાં વસતાં પરિવારોનાં સંતાનોને પણ અંકુરમાં દાખલ કરવાનું વિચાર્યું અને તેના માટેનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં. 'આશાદીપ'ની સેવાપ્રવૃત્તિઓ અમુક જૂથ પૂરતી સીમિત ન બની રહે એવી એમની ઈચ્છા હતી.

ફાધર અમલરાજે કાયદાનો અભ્યાસ કરીને એલ.એલ.બી.ની ઉપાધિ મેળવી હતી, જેથી લોકોને કાનૂની સહાય ને સલાહ વિના મૂલ્યે આપી શકાય. ઘણા લોકો તેમની આ સેવાનો પણ લાભ લેતા હતા.

અને છેલ્લે, મહત્ત્વની એક વાત. ફાધર અમલરાજની એક આગવી ખાસિયત જે મેં સતત નિહાળી છે તે આ છેઃ જરૂરિયાતમંદોને મદદ કરવાની તત્પરતા અને તે માટે આકાશ પાતાળ એકઠું કરવાની તૈયારી! એમના મૃત્યુ બાદ જે કોઈ મળે છે તે સહુ તેમની આવી ઉદાત્ ભાવનાનો ઉલ્લેખ કર્યા વિના રહેતા નથી. લોકોના મોંએ જ્યારે ફાધરની આવી પ્રશંસા સાંભળું છું ત્યારે શેરમાં કહેલું આ ઘણું જ સાર્થક લાગે છેઃ

જિંદગીનો એ જ સાચો પડઘો છે 'ગની'
વ્યક્તિ હોય ના ને એનું નામ બોલાયા કરે. ●

— ફાધર વિલ્યમ 'રિશ્તા'

# નિષ્ઠાવાન કર્મશીલ બ્રધર



'મામી, આજે બપોરે બ્રધર મનોલો ગુજરી ગયા. તમે જાણ્યું?' આણંદ પ્રેસના કર્મચારી, મારા ભાણેજ વિજયે ૧૨મીની સાંજે ફોન પર સમાચાર આપતાં કહ્યું, સમાચાર સાંભળી માનસપટ પર નિર્દોષ હાસ્ય અને તોફાની આંખો સાથે બ્રધર મનાલો ખડા થઇ ગયા. મન ખિન્ન થઇ ગયું. બ્રધર, આઠેક વરસથી જીવનદર્શન( વડોદરા )માં હતા. ત્રણેકવાર એમની મુલાકાત મેં અને રમેશજીએ લીધેલી. એમને આંખે દેખાતું નહોતું. પરંતુ અવાજથી વ્યક્તિને ઓળખી લેતા. મુલાકાત દરમિયાન, ખુશમિજાજમાં જ હોય. મારા માટે પ્રાર્થના કરજો અને હું પણ તમારા માટે પ્રાર્થના કરીશ. આ એમનું બ્રહ્મ વાક્ય.

આણંદ પ્રેસના બ્રધર અનેરી મનાલોનો પરિચય ૧૯૮૪માં 'દૂત'ના પૂર્વ તંત્રી ફાધર વર્ગીસે પહેલવહેલો પરિચય કરાવેલો. મોટાભાગનું મારું પ્રેસસંબંધી કામ બ્રધર એબ્રિલ અને 'દૂત'નું કામકાજ સંભાળતા પ્રેસના કર્મચારીઓ સાથે રહેતું. બ્રધર મનાલો પ્રોડક્શનનું કામકાજ સંભાળતા, એટલે એમની સાથેનો સીધો સંબંધ નહીંવત રહેતો. પ્રેસમાં સામે મળી જાય ત્યારે 'ગુડ મોર્નિંગ કે ગુડ આફ્ટર નૂન'નો પરિચય કેળવાયેલો.

એક દિવસ 'દૂત'ના મુદ્રણનું કામકાજ સંભાળતા કર્મચારી સાથે પ્રૂફ વહેલો મળે તો સારું એમ વાત કરતી હતી. એ દરમિયાન બ્ર. મનાલો અચાનક ટપકી પડ્યા. આવ જોયો ના તાલ. સીધું જ મને સંબંધીને બોલ્યા, 'બત્રીસ પાનાંનું 'દૂત' છપાવાનું અને આવી દાદગીરી. ના ચાલે. અમારી પાસે ખૂબ કામ છે. તમને વહેલાં પ્રૂફ ના મળે. તંત્રીને કહી દેજો.' સાંભળીને હું તો હતપ્રભ થઇ ગઇ. વાત ગંભીરતાથી કહેવાયેલી. છતાંય કર્મચારીએ એમની વાત સાંભળી-ના-સાંભળી કરી, મને ઇશારાથી જણાવ્યું, તમને સમયસર પ્રૂફ મળી જશે. પ્રેસનું કામકાજ આટોપી સાંજ ઘરે પહોંચી. અમદાવાદ પહોંચતાં સુધી મનમાં બ્ર. મનાલોની વાત ગુંજ્યા કરે. ટ્રેનમાં જ સંકલ્પ કરી લીધો. બીજા દિવસે 'દૂત' કાર્યાલય પહોંચી, ફાધરને વાત કરી, સંકલ્પ જણાવી દીધોઃ 'હવે પછી 'દૂત'ના કામથી હું આણંદ પ્રેસમાં જવાની નથી. તમે જજો અથવા તમારે જેને મોકલવા હોય એને મોકલજો' ફાધરે સમજાવી, 'બ્રધરે મજાક કરી હશે. એમનો સ્વભાવ ગમ્મતિયાળ છે.' પણ મને ફાધરની વાત ગળે ઉતરતી નહોતી. કારણ, એક તો એમનો ધીરગંભીર દેખાવ, એમાંય સપાટ સ્વરમાં કહેવાયેલી વાત. બીજા મહિને ફાધર વર્ગીસ સાથે જીપમાં આણંદ પ્રેસમાં ગઇ. છૂટકો જ નહોતો. જીપ પ્રેસ કંપાઉન્ડમાં દાખલ થઇ. જોગાનુંજોગ, બ્રધર મનાલો સામે જ ઊભેલા. અમને જોઇને, પાસે આવ્યા. મારી સામે જોઇ, તોફાની સ્મિત સાથે ફાધરને કહ્યું. "આગ્નેસે મારી ફરિયાદ કરી કે નહીં? મને તો ખૂબ મજા પડી. એક વ્યક્તિ ઉપર મારી ધમકીની અસર તો થઇ. પ્રેસમાં તો કોઇ મારાથી બીતું જ નથી." એમના એ નિખાલસ હાસ્ય અને ચશ્માની આસપાસ દેખાતી બિલોરી કાચ જેવી મોટી તોફાની આંખોએ મારા સંકલ્પને તહસનહસ કરી દીધો. 'મારાથી કોઇ બીતું નથી' બ્રધર મનાલોના લીસ્ટમાં હું પણ સામેલ થઇ ગઇ. પ્રેસમાં જાઉં ત્યારે એમની મુલાકાત અવશ્ય લેતી, વ્યસ્તતાને કારણે મળવા ના જવાયું હોય તો બ્રધર મળવા અચૂક આવે. એવી જ એક મુલાકાત દરમિયાન, બ્ર. મનાલોને ફરિયાદ કરી, 'બ્રધર, તમે દર મહિને 'દૂત'ના મુખપૃષ્ઠને બે-ચાર કલરમાં રિપીટ કર્યા કરો છો. કવરપેજના કલર તો બદલો.'

'મને સારો લાગે એ કલર પસંદ કરું છું. તમારી પસંદગીના કલરમાં કવરપેજ જોઇએ તો એ કલરનું સેમ્પલ મોકલો. કવરપેજ એવા જ કલરનું બનશે.' ત્યારપછી મુખપૃષ્ઠનો રંગ, અ...રે રંગનો શેડ સુદ્ધાં જે હું મોકલું તે કલરમાં જ બનતું. પછીના મહિને મળે ત્યારે અવશ્ય પૂછતાં, 'કવરપેજનો કલર ગમ્યો?'

ઇ.સ. ૧૯૯૩નું વર્ષ. ગુજરાતમાં ખ્રિસ્તીધર્મના આગમનની શતાબ્દી ઉજવણીનું વર્ષ. ધર્મપ્રાંતમાં ખુબ મોટા પાયે ઉજવણી થયેલી. શતાબ્દીને ધ્યાનમાં રાખીને, 'દૂતે' નવેમ્બર-ડિસેમ્બરનો અંક, વિશેષાંક તરીકે તૈયાર કરેલો. સામાન્ય રીતે ૩૨ પાનાંનો 'દૂત', એ મહિને ૧૦૦ પાનાંનો કરેલો. પ્રેસમાં શતાબ્દી સંબંધી ખૂબ કામકાજ રહેતું. એમાં સામાન્ય કરતાં 'દૂત'ના ત્રણ ગણાં વધારે પાનાં. એટલે ત્રણેક દિવસ સળંગ પ્રેસમાં જતી હતી. એ દિવસોમાં બ્રધર એબ્રિલ સ્પેન ગયેલા. બ્રધર મનાલો ઉપર પ્રેસની જવાબદારી. આણંદમાં વીજ-સ્ટેગરીના કારણે દર શુક્રવારે, પ્રેસના કામકાજનો સમય બપોરના ૨ વાગ્યાની રાતના ૧૦નો રહેતો. શુક્રવારે હું અને ફાધર, બપોરના બે વાગ્યાથી ત્યાંજ હતા. 'દૂત'ને આખરી ઓપ અપાઇ રહ્યો હતો. છેલ્લી ઘડીના ફેરફારને કારણે પાનાંની ગણતરી બદલાઇ ગયેલી. એના કારણે, એક લેખમાં પાનાંની ડાબી બાજુ મૂકેલો ફોટો, જમણી તરફ મૂકવો હતો. રાતના નવ-સાડા નવનો સમય. પ્રેસના કર્મચારીને સમજાવી રહી હતી ત્યાં બ્ર. મનાલો ધસી આવ્યા. અને લાગલા જ બોલ્યા. 'મુશ્કેલ છે. છેલ્લી ઘડીએ આવો ફેરફાર શક્ય નથી. અમારે ફરીથી આખું પાનું સેટ કરવું પડે.' પ્રેસનું કામકાજ ત્યારે મોનો ટાઇપ, ઓફ પ્રિન્ટમાં થતું હતું. બ્રધરની વાત સાચી હતી. છેલ્લી ઘડીનો બદલાવ વધારે સમય માંગી લે એવો હતો. મને એ ખબર હતી. પણ લે-આઉટની દૃષ્ટિએ બદલાવ જરૂરી હતો. એટલે મેં કહ્યું, 'બ્રધર સોરી, મને ખબર છે. પણ ફોટાની જગ્યા તો બદલવી જ પડશે.'

'એ શક્ય નથી.' બ્રધર ઉવાચ્યા અને પગ પછાડતા ચાલતી પકડી. 'ફોટાની જગ્યા બદલાયેલી જોઇશે જ.' મેં પણ મક્કતાથી કહ્યું અને બ્ર. એબ્રિલની ઓફિસમાં જઇને બેસી ગઇ. બાકીના પ્રૂફ સુધરવાના હતા, પણ મન લાગતું નહોતું. બ્રધર લે-આઉટ નહીં બદલે, તો પાનું નહીં સારું લાગે. એનો વરવસો ધ્યાનથી પ્રૂફ રીડિંગ કરવા નહોતો દેતો. પંદરેક મિનિટ પછી બદલાયેલા લે-આઉટ સાથેના પાનાં સાથે બ્રધર ઓફિસમાં આવ્યા. મારા હાથમાં પાનું મૂકતા બોલ્યા, 'બરાબર'.

'થેક્યું બ્રધર, તમે લે-આઉટ નહીં બદલો એવું હું વિચારતી હતી.' મેં કહ્યું.

## સ્વ. સિસ્ટર ફલાવિના એ.સી



'પ્રભુજી ગઢ છે મારો, અચલ આશરો મારો, મારો કરે ઉગારો.' (સ્ત્રોતસંહિતા ૧૮:૨) દૃઢશ્રદ્ધા જીવનકવનમાં ચરિતાર્થ કરનાર સિ. ફ્લાવિનાને સંન્યસ્ત જીવનની હાકલ તેમનાં ધર્મપરાયણ માબાપ-મિ. લોરેન્સ અને મિસિસ રોસા (મેંગ્લોર-કર્ણાટક)ના પવિત્ર જીવનમાંથી મળી હતી એવું અનેકવાર તેમણે કબૂલ કર્યું હતું. માબાપને કારણે જ બાળપણથી પ્રાર્થનામય જીવન, પરમાત્મા સાથે સંવાદ અને નિષ્કલંક માતા મારિયા તરફનો આદર પ્રાપ્ત થયાં હતાં. બાલ્યાવસ્થાના પડકારો અને કઠિનાઈઓને કારણે મોટીવયે પ્રત્યેક પરિસ્થિતિમાં અનુકૂલન સાધવાનું તેમને માટે સરળ બન્યું હતું. સંન્યસ્તજીવનમાં કદમ ભર્યા પછી ક્યારેય પાછાં પડ્યાં નથી. અજમેર ધર્મપ્રાંતમાં પુરોહિત દીક્ષા અંગીકાર કરનાર મોટાભાઈ ફાધર ગ્રેટિયન સિસ્ટરના મોટા પ્રોત્સાહક, વિશ્વાસપાત્ર અને માર્ગદર્શક હતા.

૩૧ મે, ૧૯૪૯માં સિસ્ટર એપોસ્તોલિક કાર્મેલ સાધ્વીસંઘમાં જોડાયાં. સંઘજીવનમાં જે પણ કામકાજ તેમને સોંપવામાં આવ્યાં તે પૂરી તાકાતથી તેમણે નિષ્ઠાપૂર્વક અદા કર્યા હતાં. કેલિક્ટ મેન્ગલોર, પૂણે, ગોઆ, દિલ્હી અને ગુજરાતમાં શિક્ષિકા અને સુપીરિયર તરીકેની જવાબદારીમાં ક્યારેય કોઈને કંઈ ફરિયાદ નહતી. તેમણે માઉન્ટ કાર્મેલ નવરંગપુરા(અમદાવાદ), જીવનસરિતા આશ્રમ-મહેસાણા અને કાર્મેલ કોટ-ખાનપુર (અમદાવાદ)માં જીવનસફરનાં ૩૯ વર્ષ કઠોર પરિશ્રમ કર્યો હતો એટલે કે સંન્યસ્ત જીવનની અડધી યાત્રા ગુજરાતમાં પૂર્ણ કરી હતી. તેમના સંપર્કમાં આવનારને તેમના ધીરગંભીર, શાંત, સમજદાર, પુરસ્કર્તા અને પ્રેમાળ વ્યક્તિત્વનો પરિચય અચૂક થતો હતો. અનેક ગુજરાતી કન્યાઓને સંઘમાં જોડવા-અનુકૂલન સાધવામાં તેઓ મદદરૂપ બન્યાં હતાં. નિરાડંબરી જીવનતરાહ, કદરદાન સ્વભાવને કારણે સિસ્ટર સમુદાયમાં તેઓ લોકપ્રિય બન્યાં હતાં. જરૂરિયાતમંદ પ્રત્યે તેમનામાં ભારોભાર સહિષ્ણુતા હતી. NBCLC બેંગ્લોરમાં ૫ વર્ષ ખજાનચી અને સંચાલક તરીકે સેવા આપી હતી. તદુપરાંત પ્રાંતપતિના ખજાનચી તરીકે પણ છ વર્ષ સેવા આપી હતી.

એક શિક્ષિકા તરીકે તેઓ અસરકારક સાબિત થયાં હતાં. કોઈપણ વિષયનું જ્ઞાન આપતાં જીવનમૂલ્યોના પાઠ અચૂક ભણાવે. શિક્ષણના કેન્દ્રમાં પરમેશ્વરને રાખી થતા અધ્યાપન કાર્યને આજે પણ તેમના વિદ્યાર્થીઓ યાદ છે. જીવનમાં ઊભી થતી સમસ્યાઓ, પરેશાનીઓ અને બીમારીને તેમણે પરમેશ્વર પરની દૃઢ આસ્થાથી હિંમતપૂર્વક વહન કરી હતી. ખ્રિસ્તયજ્ઞ તેમની શક્તિનો સ્ત્રોત હતો. જીવનના ઝંઝાવાત સમયે કલાકો સુધી તેઓ પ્રીતસંસ્કાર આગળ પ્રાર્થના કરતાં હતાં.

તેમના જીવનનો અંત અણધાર્યો આવ્યો. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ સમતોલન ગુમાવ્યું, પડી ગયાં જેથી તેઓ અશક્ત બની ગયાં. એક એક પણ વેદનાગ્રસ્ત હતી પણ મોંઢામાંથી ઉંહકારો સુદ્ધાં તેમણે ભણ્યો ન હતો, પરંતુ મુલાકાતીઓ અથવા નાનું સરખું કામ કરનાર પ્રત્યે આભારની લાગણી અચૂક પ્રગટ કરતાં હતાં. છેલ્લા દિવસોમાં તો પીડા અસહ્ય હતી પણ બધુંજ સ્વીકારી લેતાં અને જાણે પ્રભુએ, તેમનો સ્વીકાર કરી, શારીરિક યાતનામાંથી મુક્ત કર્યો સ્વર્ગનું પ્રવેશદ્વાર ખોલી નાખ્યું. પરમાત્મામાં સિસ્ટરના આત્માને દિવ્ય શાંતિ અર્પે એજ પ્રાર્થના. — Source - BBN

'આણંદ પ્રેસની પ્રેસ્ટીજનો સવાલ છે. તમે મોડે સુધી કામ કરો તો મારે સહકાર આપવો જ જોઈએ. ચાલો હવે, ચા પીઓ અને તાજામાજા થઈ જાવ, હજી ઘણું કામ બાકી છે.' બ્રધર ખુશખુશાલ ચહેરે ખુરશીમાં બેસતા બોલ્યા. રાતે અમદાવાદ આવવા જીપમાં બેઠા. પણ જીપ ચાલતી નહોતી. બ્ર. મનાલોએ પણ પ્રયત્ન કર્યો. ટેકનિકલ ખામીને કારણે જીપ સ્ટાર્ટ નહોતી થતી. રાત્રે અગિયાર વાગે બ્રધરે એમના ડ્રાઈવરને જગાડ્યા. એમની મેટાડોર અમને આપતા બોલ્યા, 'મારી મર્સિડિસ લઈ જાઓ. તમારો ખટારો અહીં મૂકી દો. કાલે તમે પાછા આવશો ત્યારે રીપેર કરાવી રાખીશ.' હું ઘણીવાર એમની મેટાડોરને ખટારો કહેતી હતી! બીજા દિવસે જીપ તૈયાર હતી. બહારથી કડક અને રુક્ષ દેખાતા બ્રધર મનાલો સંવેદનશીલ માનવી હતા. બીજાની તકલીફને મહેસૂસ કરતા હતા એટલું જ નહીં એ તકલીફનું નિવારણ કરવાની કુનેહ અને તૈયારી પણ રાખતા હતા.

બ્રધર મનાલોની કર્મભૂમિ આણંદ બની રહી. બ્રધરનું સમગ્ર જીવન આણંદ પ્રેસ, તેના કર્મચારીઓ અને તેની મુદ્રણ મિશનરીને સમર્પિત હતું. બ્રધર ગુજરાતમાં આવ્યા ત્યારે ગુજરાતની ધર્મસભા પા પા પગલી ભરતી હતી. પરમભૂમિમાંથી આવીને ભારત અને ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવનાર અનેક મિશનરીઓએ પોતાનું લોહી સીંચીને ગુજરાતની ધર્મસભાને વેગવંતી, જોમવંતી બનાવી છે. બ્રધર મનાલો પણ એમાંના એક હતા. સમય સાથે કદમ મિલાવીને દીર્ઘ દૃષ્ટિ સાથે આધુનિકરણ કરીને આણંદ પ્રેસને વિશ્વસ્તરે નામાંકિત કરવામાં બ્રધરનો સિંહફાળો છે.

ધરતીને ખૂણે ખૂણે શુભસંદેશની ઘોષણા માટે જીવન સમર્પણ કરી દેનાર મિશનરીઓમાંના એક બ્રધર મનાલોએ, પરમાત્માની હાકલને એમના કર્મયોગથી સિદ્ધ કરી છે. સંત પીતરે નિષ્ઠાવાન કર્મયોગી, રમૂજીવૃત્તિના બ્રધર મનાલોનું સ્વાગત આનંદભેદ જ કર્યું હશે. અસ્તુ. — આગ્નેસ વાઘેલા

## સ્વ. ફાધર કોરાલ



સ્વ. ફાધર કોરાલનો સ્વર્ગવાસ ૧૩ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ વહેલી સવારે જીવનદર્શન વડોદરા ખાતે થયો.

સ્વ. ફાધર કોરાલના મનમાં ને દિલમાં એક જ ધૂન હતી. એક જ લગન હતી. દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની માતૃભાષા અને સંસ્કૃતિમાં જ આપીને. સ્પેઇન દેશના હોવા છતાં તેમણે વસાવી, ગામિત અને ડાંગી ભાષાઓ ઉપર પ્રશંસાપાત્ર પ્રભુત્વ મેળવ્યું હતું. લોકો સાથે રહીને, લોકોની વાતો સાંભળીને, લોકોના જ્ઞાન ને ડહાપણ માન આપીને તેઓ લોકોમાં પૂરેપૂરી રીતે ભળી ગયા. માત્ર ભાષા જ નહિ, માત્ર સંસ્કૃતિ જ નહિ પણ લોકોના હૃદયની ધડકનોને, સ્પંદનોને તેઓ પારખતા, સમજતા, માન આપતા ને અમલમાં મૂકતા.

ઝંખવાવ કેન્દ્રથી અલગ પડેલા ઉમરપાડા કેન્દ્ર ખાતે પહેલવહેલી વાર વસાવી ભાષામાં ભજનાવલી કોરાલે પ્રકાશિત કરી હતી. લોકોની માતૃભાષામાં, લોકોની સંસ્કૃતિના નાચગાનમાં પ્રભુ ઈસુ પરની શ્રદ્ધા વણાઈ જવાથી એ ધીરે ધીરે લોકોના લોહીમાં ઉતરે છે એ સત્ય કોરાલ માનતા હતા. એટલે તેઓ જ્યાં ગયા ત્યાં બધે જ શ્રદ્ધા ઘડતરનો આ નવતર અભિગમ તેમણે પૂરા જોશથી ચાલુ રાખ્યો.

બીજી ભૂખ છે પેટની ભૂખ : કોરાલ એ બરાબર જાણતા હતા કે ભૂખ્યા પેટે ભગવાન ન ભજાય. પેટનો ખાડો પૂરવો જ પડે. મારી સમજ અને માહિતી પ્રમાણે દક્ષિણ ગુજરાતમાં આદિવાસીઓ વચ્ચે દૂધમંડળીઓના આદ્યપ્રણેતા ફાધર કોરાલ છે. વ્યારા ને માંડળ ખાતે ચાલુ કરેલો દૂધમંડળીઓનો આ નવતર પ્રયોગ લોકોના પેટની ભૂખ ભાંગવા માટેનો પ્રયાસ હતો અને છે. દક્ષિણ ગુજરાતમાં ચોમાસાનો પાક લણીનો જંગી સંખ્યામાં આદિવાસી મિત્રો સ્થળાંતર કરીને જીવનનિર્વાહની શોધમાં નીકળી પડે છે. આમ જંગી સંખ્યામાં સ્થળાંતર થવાથી કુટુંબ, ગામ ને સમાજ વેરણછેરણ થઈ જાય છે, એ સત્યથી આપણે સહુ વાકેફ છીએ. દૂધ મંડળીઓ શરુ કરવાથી ફાધર કોરાલે એક કાંકરે અનેક પક્ષીઓ માર્યા : ૧) આદિવાસીઓના પેટનો ખાડો પૂર્યો ૨) કુટુંબ, ગામ તથા સમાજને અમુક અંશે અકબંધ રહેવા તક પૂરી પાડી ૩) આદિવાસી મૂલ્યો જેવાં કે તીવ્ર સંઘભાવના, નૈતિક શક્તિસામર્થ્ય, જંગલ-રક્ષણ તેમ જ પર્યાવરણ પ્રત્યે મમત્વનું વાતાવરણ પૂરું પાડ્યું. કલાકાર હોવાને નાતે કોરાલે આદિવાસી યુવાનોને સ્ટેઈન્ડ ગ્લાસનો નાનો હુન્નર પણ શીખવ્યો, જો કે એમાં ધારી એવી સફળતા ન સાંપડી.

ત્રીજી ભૂખ એ છે શિક્ષણની ભૂખ છે : બાલવાડીઓ, ટ્યુશન ક્લાસો, હાઈસ્કૂલ, હાયર સેકન્ડરી વગેરે પર એમણે વિશેષ ભાર મૂક્યો ને આજના બદલાતા જમાનામાં આદિવાસી બાળકો શ્રેષ્ઠ શિક્ષમ મેળવી સમાજમાં માનભેર અને પગભર થઈને જીવે, તથા બીજાઓને પણ મદદરૂપ થાય એ એમની ઈચ્છા હતી. માંડળ કેન્દ્ર આ હેતુનું જ્વલંત ઉદાહરણ છે.

કોરાલ એક આદિવાસી હિતચિંતકને વિચારક : ગામીત તેમજ વસાવા આદિવાસીઓ પરના પ્રેમના લીધે કોરાલે ગામીત તથા વસાવીમાં ભજનાવલિઓ ઉપરાંત ૧) ડાયાહા ગોઠ ગામીત અને અંગ્રેજીમાં છપાવી ૨) આદિવાસી બાળકોમાં રહેલાં મૂલ્યોનું જતન થાય, પ્રસાર થાય તથા ફેલાવો થાય એ માટે નાની નાની પુસ્તીકાઓમાં ચિત્રો કે રેખાચિત્રો દોરીને ટૂંકી વાર્તાઓ, ટૂચકાઓ બહાર પાડ્યા. એમાં અંગ્રેજી તેમજ ગુજરાતી ભાષાઓને સમજીને તેમના ઉપર પ્રભુત્વ મેળવી શકાય એવી પણ પરિકલ્પના છે. ૩) દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ વિશેની માહિતી માત્ર ગુજરાત કે ભારત પૂરતી જ સીમિત ન રહેતા વિશ્વ સુધી પહોંચે એવી પણ તેમની ઈચ્છા હતી – તેથી સ્પેનીશ ભાષામાં – સાબુદુઈરા ગામીત – પુસ્તક લખ્યું. અને લગભગ બે વર્ષનો સમયગાળાનો ઉપયોગ કરીને અંગ્રેજીમાં દળદાર ગ્રંથ લખીને દક્ષિણ ગુજરાતના આદિવાસીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે મૂકી આપ્યા.

આપાં ઓલે દુઉને આપેહે કોરાલ ફાદરાલ છેલ્લી સલામ કોરાં હાટી યેનેહેં. મોયાતા વખતે આપેહેમાંય માંઅહાંન એંહે આખતા આંય વોનાયોહો કા મોત એટલે સેલ્લાં વોરાડ. જેંહે કોઓઈન વોરાડામાંય થેએ એન મારડો યોક બોની જાતેહેં તેહેં જ કોઓઈન માન લાગેહે કા ગામતડો કોરાલ ફાધરા આત્મા એન પોરમેહેરા આત્મા યોક બોની ગીયાહા. પોરમેહેર ત્યા આત્માલ શાંતિ દેય ઓલીહી પરાથના.

આમ, અનોખું પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા ઈસુસંઘી ફાધર કોરાલ આપણી વચ્ચેથી પ્રભુના દરબારમાં પહોંચી ગયા છે. એમના જવાથી સૌનાં હૈયામાં દુ:ખ છે. પણ પ્રભુના દરબારમાં પહોંચી ગયા છે એવી શ્રદ્ધા હૈયામાં આનંદ જન્માવે છે.

અલવિદા ફાધર કોરાલ... અલવિદા ●

– ફાધર રેમન્ડ ચૌહાણ એસ.જે.

**આપાં ઓલે દુઉને આપેહે કોરાલ ફાદરાલ છેલ્લી સલામ કોરાં હાટી યેનેહેં. મોયાતા વખતે આપેહેમાંય માંઅહાંન એંહે આખતા આંય વોનાયોહો કા મોત એટલે સેલ્લાં વોરાડ. જેંહે કોઓઈન વોરાડામાંય થેએ એન મારડો યોક બોની જાતેહેં તેહેં જ કોઓઈન માન લાગેહે કા ગામતડો કોરાલ ફાધરા આત્મા એન પોરમેહેરા આત્મા યોક બોની ગીયાહા. પોરમેહેર ત્યા આત્માલ શાંતિ દેય ઓલીહી પરાથના.**

# શબ્દ માનવ બન્યો

✍ અનુઃ જોન ફિલીપ મેકવાન

*(મૂ.લે, ફાધર સેબાસ્તિયન કત્તાકલ SSP)*

પ્રત્યેક વર્ષે આપણે ઘણાં જ આનંદ અને ઉલ્લાસથી ક્રિસમસના સંદેશાની ઘોષણા કરીએ છીએ: 'God became man.' પરમેશ્વરે માનવરૂપ ધારણ કર્યું; એ આપણી વચ્ચે વસ્યો, ઈશ્વર આપણાથી દૂર નથી. તેનું નામ ઈમાનુએલ, એટલે કે 'ઈશ્વર આપણી સાથે છે.' (માથ્થી ૧:૨૩) આ સુસમાચાર હરહંમેશ જોમવંતો છે, સૌને અભયદાન અને આશા પ્રદાન કરે છે. 'શબ્દ માનવ થઈને અવતર્યો અને તેણે આપણી વચ્ચે વાસ કર્યો. આપણે એનાં મહિમાનાં દર્શન કર્યાં, કૃપા અને સત્યથી એ સભર ભર્યો હતો.' યોહાન ૧:૧૪ની સાક્ષી પ્રમાણે આ માત્ર જાહેરાત/ઘોષણા નથી પરંતુ ઈતિહાસની ઘટના છે, જેને લોકોએ નજરે નિહાળી છે, નાઝરેથના ઈસુને એક વ્યક્તિ તરીકે સાંભળ્યા છે, તેમનો સ્પર્શ કર્યો છે.

શબ્દ માનવ બન્યો, એટલે કે ઈશ્વરે માનવઅવતાર ધારણ કર્યો એના પ્રગટીકરણ પહેલાં આપણને ફરી એક વખત નવાઈ લાગશે કે તે કેવી રીતે શક્ય બન્યું? હકીકતમાં Word (શબ્દ) અને Flesh (માંસ, અથવા માનવજાત) આ બન્ને શબ્દો એકમેકથી ભિન્ન અર્થ દર્શાવે છે, તો પછી કેવી રીતે એક શાશ્વત અને સર્વશક્તિમાન શબ્દ દુર્બળ બન્યો અને માનવ(ઈસુ) માટે ક્રોસની પીડા અને મરણ સાબિત થયો? તેનો ફક્ત એક જ જવાબ છે પ્રેમ! ઈશ્વરનો તેની પ્રજા પ્રત્યેનો પ્રેમ. પવિત્ર શાસ્ત્ર આપણને ઈશ્વરના લોકો સાથેના મહાન પ્રેમની વાર્તા દર્શાવે છે, જે પ્રભુ ઈસુખ્રિસ્તના નામે પરાકાષ્ઠાએ પહોંચે છે.

ઈશ્વરે મનુષ્યાવતાર લીધો તે સૃષ્ટિના નિર્માણની પરાકાષ્ટા છે, જ્યારે ઈશ્વરપુત્ર ઈસુએ માનવદેહ ધારણ કર્યો ત્યારે કાર્યરત પવિત્ર આત્મા અને પરમેશ્વર પિતાની ઈચ્છાથી માતા મરિયમના ગર્ભમાં તેઓ આકાર પામ્યા, અને આ રીતે ઈશ્વરનું અદ્‌ભુત સર્જન તેની ઊંચાઈનું શ્રેષ્ઠ શિખર સર કરે છે. સત્યનો પ્રકાશ એ લોકો સમક્ષ પ્રગટ થાય છે, જેમણે તેનો શ્રદ્ધાથી સ્વીકાર કર્યો હોય અને તેથી જ એ પ્રભુના પ્રેમનું મહાન રહસ્ય છે.

આ પૃથ્વી પરની સમગ્ર માનવજાતની સામૂહિક મુસાફરી માટે ક્રિસમસની ઘોષણા એક સત્યપ્રકાશ છે. 'ઈમાનુએલ' પ્રભુ ઈશ્વર આપણી સાથે છે, તથા ન્યાય અને શાંતિના રાજા તરીકે આપણી વચ્ચે પધાર્યા છે.

પ્રભુમાં આપણો વિશ્વાસ છે કે જેણે ઈતિહાસમાં પોતાના અસ્તિતવની નોંધ લેવડાવી છે, તે તેના બધા જ ઈન્કાર અને વિરોધાભાસ હોવા છતાં પણ આપણને સતત આપણી ઈતિહાસ પ્રત્યેની વચનપ્રતિબદ્ધતા માટે પ્રોત્સાહિત કરે છે. દુનિયાના પ્રત્યેક સ્ત્રી અને પુરુષને ગુલામીમાંથી મુક્ત કરવા માટે જ્યારથી બેથલેહેમમાં એક વ્યક્તિએ જન્મ લીધો છે ત્યારથી પ્રત્યેક વ્યક્તિ માટે આ એક આશાનો સ્રોત છે, જેમના ગૌરવ સાથે અન્યાય થયો હોય અને પ્રતિષ્ઠાનું ઉલ્લઘન થયું હોય.

આજે ક્રિસમસનો તહેવાર એક ધંધાદારી ઉજવણીની બાબત બની ગયો છે, પૈસા કમાવાનું સાધન બની ગયો છે. તેની ઝળહળતી, તેજસ્વી ભવ્ય લાઈટો તથા રોશની પ્રભુ ઈસુની વિનમ્રતા અને દીનતાના રહસ્યને ઢાંકી દે છે, જે વળતા જવાબમાં આપણને વિનમ્રતા અને સાદગી તરફ ઈશારો કરે છે, સંકેત આપે છે. આજે આપણે જોઈએ છીએ કે ક્રિસમસની ઝાકમઝોળ જાહેરાતો, બેનરો, ડી.જે. પાર્ટી તથા ઓર્કેસ્ટ્રા અને નાઈટ પાર્ટી દ્વારા પૈસા કમાવાની વિવિધ ધંધાદારી તરકીબો અપનાવીને સ્પર્ધાત્મક ઉજવણી થાય છે. બીજા અન્ય તહેવારોની ઉજવણીઓની જેમ ક્રિસમસ પણ મોંઘી ખરીદી અને સંપતિ તથા મોભો (હાઈસ્ટેટસ)ના ભવ્ય દેખાડાની ભરતી ઓટમાં બધું જ ધોવાઈ ગયું છે.

ક્રિસમસની મોંઘી ભેટસોગાદોમાં તેનું સાચું મહત્ત્વ વિસરાઈ ગયું છે અને તે વૈચારિક દૃષ્ટિથી નહીં, પરંતુ 'પૈસો' જેના દ્વારા તે ખરીદાય છે. ક્રિસમસનો તહેવાર કુટુંબના સભ્યો તથા મિત્ર અને સગાંસંબંધીઓ બધાં સાથે મળીને ઉજવે છે. તેમાં અમુક થોડા ઘણા વિશ્વાસ ધરાવતા લોકો પણ સામેલ થાય છે. પરંતુ હવે સમય આવી ગયો છે કે નાતાલના આ ખોવાઈ ગયેલા સાચા સ્વરૂપને, આત્માને પાછા લાવવાનો તથા તેને પુનઃસ્થાપિત કરવાનો છે, જેથી તેનો સાચો દિવ્ય આનંદ અને અનુભૂતિ મેળવી શકીએ.

તો ચાલો, આપણે સૌ સાથે મળીને પ્રાર્થના કરીએ કે આપણા મુક્તિદાતા પ્રભુ ઈસુનો જન્મ વિશ્વના લોકોની સાચી પ્રગતિ તથા અનંતકાળની શાંતિ માટે નવી ક્ષિતિજો ઉઘાડી નાખે, તથા પ્રભુ ઈસુનો જન્મ વિશ્વ ધર્મસભા પ્રત્યે વફાદારી અદા કરવા માટે આપણી શ્રદ્ધા, ધીરજ અને હિંમતને વધુ શક્તિશાળી બનાવે, અને એજ પ્રભુનો પ્રેમ આપણી સાથે રહે તથા અમને સતત શ્રદ્ધામાં ટકી રહેવાની શક્તિ આપો. ખાસ તો એ ખ્રિસ્તી ધર્મ માટે કે જેઓ જાતીય ભેદભાવ તથા જુલમ અને સતામણીનો ભોગ બન્યા હોય, અને સાથે સાથે રાજકીય તથા ધાર્મિક નેતૃત્ત્વને પ્રેરણા આપો કે તેઓ પ્રત્યેક વ્યક્તિની ધાર્મિક સ્વતંત્રતા ને સંપૂર્ણ માન-સન્માન અને સમર્થન આપે.

આવનારા દિવસોમાં આપણે પ્રભુઈસુના પ્રેમના મહાન રહસ્ય વિશે મનનચિંતન કરીશુ તથા પ્રાર્થના કરીશું. તો ચાલો, આપણે ઈચ્છીએ કે આપણું હૃદય એવા તેજ અને દિવ્યપ્રકાશથી ભરાઈ જાય કે જે પ્રકાશ બેથલેહેમના તબેલામાં બે હજાર વર્ષ પહેલાં ઝળહળી ઊઠ્યો હતો. ●

(Courtsy 'Petrus')

# કુટુંબજીવન અને શ્રદ્ધા

✍ રેવ. ફાધર ફ્રાન્સિસ પરમાર એસ.જે. પ્રાન્તાધ્યક્ષ ગુજરાત ઈસુસંઘ

*શ્રદ્ધા સમર્પિત વર્ષ જૂન-૨૦૧૩માં અમદાવાદ ધર્મપ્રાંતીય ધર્મપરિષદની બેઠકમાં રજૂ કરેલ 'પરિવારકેન્દ્રિ શ્રદ્ધા ઘડતર' વ્યાખ્યાનના અંશ 'પવિત્ર કુટુંબનું પર્વ' - ૨૮ ડિસેમ્બરની ઉજવણીમાં પ્રેરક બની રહેશે, એ અપેક્ષાએ અહીં રજૂ કર્યો છે. તંત્રી*

શ્રદ્ધા એટલે? સંસ્કારો લેવા, પરમયજ્ઞમાં ભાગ લેવો, શ્રદ્ધાઘોષણામાં વ્યક્ત કરાતી શ્રદ્ધા અંગેની બાબતોનો સ્વીકાર કરવો વગેરે વગેરે. એ સૌ દ્વારા શ્રદ્ધાની અભિવ્યક્તિ. પણ અભિવ્યક્તિમાં પૂરી શ્રદ્ધા આવી જાય? એમ જ હોય તો ખ્રિસ્તીધર્મ બહુ સહેલો ધર્મ બની રહે. એમાં બહુ વિચારવાની, સમજવાની કે પછી બાકીના જીવન પર એની કોઈ અસર પડે છે કે નહિ એ જોવાની જરૂર જ ન રહે.

શ્રદ્ધા એટલે પ્રભુ **ઈસુમાં પોતાની જાતને પ્રગટ કરનાર પરમેશ્વરને જાતનું સમર્પણ. શ્રદ્ધા સમર્પણ એક વ્યક્તિને, પ્રભુ ઈસુને. એને પગલે ચાલવા બીડુ ઝડપવું તે શ્રદ્ધા. એની સાથે સંબંધની સ્થાપના.** પોતાની જાતને પ્રગટ કરનાર પરમેશ્વર સૌ વાતે મારું ભલુ જ કરે છે એ વાતમાં પૂરો વિશ્વાસ.

તેથી, મારી જાતનો, મારા ઈતિહાસનો, મારી આસપાસના સૌનો, મારી પરિસ્થિતિનો શ્રદ્ધાથી સ્વીકાર. પરિવારથી શરૂઆત. મારા પરિવારના સૌનો શ્રદ્ધાથી સ્વીકાર. આપણા ઘણા બધા પારિવારિક સવાલો પાછળ અસ્વીકાર કારણભૂત.

જાતમાં શ્રદ્ધાથી શરૂઆત. બીજાનો સ્વીકાર કરવા માટે જાતનો સ્વીકાર. જાતમાં શ્રદ્ધા હશે તો મને પેદા કરનારમાં શ્રદ્ધા જનમશે. જાતમાં ને સર્જનહારમાં શ્રદ્ધા હશે તો એણે સર્જેલા ભાઈબહેનોમાં પણ શ્રદ્ધા. અને માનવોમાં શ્રદ્ધા હશે તો એમની સાથે મળી કામ કરવાની તૈયારી. સહકારથી ઈશ્વરનું રાજ્ય. પરિવારજનો પર શ્રદ્ધા છે? વિશ્વાસ મૂકી પેટ છૂટી વાતો? પરિવારમાં એ માટેનું વાતાવરણ છે? એ લાવવામાં યા જાળવવામાં મારો ફાળો કેટલો?

શ્રદ્ધાનો આદર્શ શ્રદ્ધાના આદ્યપિતા અબ્રાહામ (જુઓ રોમ ૪:૩-૧૩, હિબ્રૂ ૧૧, વિશેષ કડી ૮). સગાંવહાલાં, ઘરબાર, દેશ છોડી અજાણ્યા મુલકમાં જવા હાકલ. ક્યાં જવાનું છે? ખબર નથી. કેટલી રઝળપાટ કરવાની છે? ખબર નથી. ખબર છે એટલી કે ઈશ્વરે હાકલ કરી છે. વારસોને વારસાના વચન. એને ભાગે તો રઝળપાટ જ. છતાં સત્યપ્રતિજ્ઞ ઈશ્વરમાં વિશ્વાસ મૂકી એ ચાલી નીકળે છે.

મારા પરિવાર, ખાતર મારા બાળકોના ભાવિ ખાતર આ રીતે શ્રદ્ધાથી નીકળી પડવાની હાકલ. માતાપિતા ભલા માટે ચિંતિત, એ માટે જાત ઘસી નાંખે એનો અહેસાસ, આભારસહ સ્વીકાર. આવી શ્રદ્ધા વિકસાવવી હોય તો એ શ્રદ્ધાથી જુદે માર્ગે જવા લલચાવતી આસપાસની સંસ્કૃતિ ઉપર વિચાર કરવો પડે. ઉદારીકરણ, ખાનગીકરણ, વૈશ્વિકીકરણ - LPGના જમાઉધાર પાસાં વિશે સભાનતા કેળવાય એ માટે પ્રયત્ન કરવો પડે.

ઈશ્વરમાં શ્રદ્ધા, પણ ઠૂંઠામાં એથી વિશેષ વિશ્વાસ. મારાં ઠૂઠાં ક્યાં? મારા જીવનમાં જે કાંઈ બને છે એ સૌમાં ઈશ્વરનો સાથ છે, એવી શ્રદ્ધા ક્યારે આવે? આત્મીયતા હોય ત્યારે. આત્મીયતા ક્યારે આવે? સાથે સમય ગાળ્યો હોય ત્યારે. પ્રાર્થનામય જીવન. પ્રાર્થનાઓ બોલવી અને પ્રાર્થનામય જીવન ગાળવું એ બે એક નથી. ઈશ્વરની હાજરીમાં સમય ગાળો, એની પ્રેમાળ હાજરીનો અનુભવ કરો. આવું ક્યારે બને? જરૂર વર્તાય ત્યારે. 'સુખમાં સાંભરે સોની ને દુ:ખમાં સાંભરે રામ.'

કૌટુંબિક સામૂહિક પ્રાર્થના. રોજ ગુલાબમાળાનો જાપ. શ્રદ્ધાનો સહિયારો એકરાર. એ વેળા કુટુંબના આનંદના પ્રસંગો માટે આભાર અને દુ:ખના પ્રસંગો માટે દૈવી મદદ માટે આજીજી.

ખ્રિસ્તીધર્મ સરળ તો નથી જ. ખ્રિસ્તીધર્મશ્રદ્ધા એટલે પ્રભુ ઈસુમાં મૂકેલી શ્રદ્ધા. પ્રભુ ઈસુએ પોતાના પરમપિતામાં મૂકેલી શ્રદ્ધાનો આદર્શ સ્વીકારી એમની જેમ જીવવાની ને મરવાની તૈયારી. એ શ્રદ્ધા મુજબ જીવવા ને મરવા માટે ખુદ પ્રભુ ઈસુને દૈવી મદદની સતત જરૂર લાગતી હતી. એટલે જ નવાકરારમાં ઠેરઠેર પ્રભુ ઈસુને પિતા સાથે એકાંતમાં વાતો કરતા, પિતા સાથે ઘરોબો સાધતા દર્શાવવામાં આવ્યા છે. લાંબી પ્રાર્થના બાદ તેઓ કહી શકે છે. 'મારી નહિ, તારી ઈચ્છા પૂર્ણ થાઓ.' મારી શ્રદ્ધા મને ઈશ્વરેચ્છા શોધી એ મુજબ વર્તન કરવા હાકલ કરે છે. એ મુજબ વર્તવું હોય તો મારે પણ પ્રભુ ઈસુની જેમ પ્રાર્થનામાં સમય ગાળવો રહ્યો. મારે એમને આજીજી કરવી રહી, અમને પ્રાર્થના કરતાં શીખવો. આપણાં પરિવારો રોજ પરિવાર તરીકે ભેગા મળી શાસ્ત્રપાઠ કરે, કૌટુંબિક પ્રાર્થના કરે એ માટે વિશેષ ઝૂંબેશ. પારિવારિક પ્રાર્થના માટે ધર્મજનો રોજેરોજ સમય ફાળવે એ માટેની ઝૂંબેશ, પ્રાર્થનાશિબિરો, આધ્યાત્મિકતા સાધનાશિબિરો, એની જાહેરાત અને સમાચારો પ્રકાશિત.

મારી શ્રદ્ધા ઊંડી ક્યારે કહેવાય? એ શ્રદ્ધા મને મારું જીવનકાર્ય કરવામાં દોરી જાય ત્યારે. ખ્રિસ્તી તરીકે આપણને લૂણ, દીવા બની રહેવા હાકલ. લૂણનું કામ રસોઈને સ્વાદ આપવાનું છે, ખવાય નહિ એવી ખારી બનાવી દેવાનું નથી. દીવાનું કામ જાતે સળગતા રહીને બીજાને પ્રકાશ આપવાનું છે, બીજાના જીવનમાં આગ ચાંપવાનું નથી. સાચી શ્રદ્ધા મને લૂણ અને દીવારૂપ બની રહેવા પ્રેરે. એ જ એની કસોટી. આપણે એક પરિવાર તરીકે આપણી આસપાસના સમાજ માટે દીવારૂપ કઈ રીતે બની શકીએ? પરિવાર સાથે બેસી વિચારે અને એકાદ નાનકડી બાબતે દીવા બની રહી એની વાત ધર્મસમાજ આગળ કરે તો અન્ય સૌને પણ ધડો બેસે, ચાનક ચડે.

શ્રદ્ધાની એંધાણીઓ : ગરીબો પ્રત્યે હમદર્દી, ન્યાયની સ્થાપના. કુટુંબભાવનાનો વિકાસ, કુટુંબના સભ્યો તરફ સમજદારીભર્યું વલણ. કે પછી સ્વાર્થ ન સધાય તો આપઘાતની ધમકી, એ માર્ગે પ્રયાણ. વહેંચી લેવાની ભાવના.

વિન્સેન્ટ દે પોલ જેવા મંડળોમાં સક્રિય, ગરીબો માટે ઝૂંબેશ, આપણા પરિવારો ન્યાય માટે લડતા વિવિધ સંગઠનો સાથે મળી કામ કરતા થાય એવી ઝૂંબેશ. માનવમાત્ર માટે ન્યાય, માત્ર કેથોલિકો પર આપત્તિ આવી પડે ત્યારે જ નહીં, બલ્કે ગમે તે માનવ પર આપત્તિ આવી પડતાં એની ન્યાય માટે લડતમાં સહભાગી થવા સુધી પહોંચવું જરૂરી. આપણાં કુટુંબો સમાજના ગરીબ કુટુંબોની વહારે આવે, આપણી બહેન, દીકરીના કુટુંબને મદદ કરીએ એ તો સામાન્ય છે, પણ આપણા ઘરની વહુઓના કુટુંબોને મદદરૂપ થવાની ભાવના વિકસાવવાની તાતી જરૂરિયાત છે. પિયર અને મોસાળમાંથી મેળવવાની ભાવનાને સ્થાને એમની જરૂરિયાતને સમયે એમને મદદરૂપ થવાની ભાવના વિકસે એ પણ એટલું જ જરૂરી.

પોતાની વિરુદ્ધ જનાર દુનિયાના લોકોના પાપની માફી અર્થે ક્રૂસનું મરણ વેઠી લેનાર પ્રભુ ઈસુના અનુયાયી એક નાનકડી નિરાશા સહન કરી શકતા નથી. નિ:સ્વાર્થનો પદાર્થપાઠ શીખવનાર પ્રભુ ઈસુના શિષ્યો પોતાના સ્વાર્થ ખાતર બીજાનો જરાયે વિચાર કરવા તૈયાર નથી. યુવાવર્ગ આપઘાતને પંથે. નાના કુટુંબને કારણે બાળકમાં બાદશાહગ્રંથિ.

સંસ્કારપ્રદાન દિવસો સામાજિક મેળાવડાઓ ને મહેફિલોમાં પલટાઈ ગયા છે. આધ્યાત્મિક તૈયારી. પ્રસંગનો ઉપયોગ સૌની શ્રદ્ધા દૃઢ કરવા. બાળકના મામાપક્ષ માટે મોટા ખર્ચનો ને ખર્ચ ન કરી શકે તો મહેણાંટોણાનો પ્રસંગ. ઉજવણીમાં બધાંને બોલાવ્યા, રહી ગયા માત્ર પ્રભુ ઈસુ.!

રવિવારના પરમયજ્ઞોમાં લોકો હોંશે હોંશે. માતા મરિયમના મેળાવડાઓમાં મેદની. એ શ્રદ્ધા પ્રભુ ઈસુને માતા મરિયમ જેવું જીવન જીવવા પ્રેરે એ એથીયે વધું મહત્ત્વનું. 'મારે પગલે ચાલજો, જેમ હું ખ્રિસ્તને પગલે ચાલું છું' (૧ ક. ૧૦:૩૩). એ સાચી શ્રદ્ધા અને એ શ્રદ્ધાપ્રેરિત જીવનરીતિ. પ્રભુમંદિરે જઈએ છીએ, સારું લાગે છે. ધર્મમાં લાગણીનું મહત્ત્વ. ધર્મ માત્ર સારું લાગવાનો વિષય નથી. સારું કરવાનો વિષય છે.

શ્રદ્ધાની લાગણી અનુભવવા ઉપરાંત એ શ્રદ્ધાને સમજવાની પણ જરૂર. આપણામાંના ઘણાને ઘેર અનેક લોકો આવી આપણી શ્રદ્ધા ડગાવે એવા પ્રશ્નો કરે છે. સમજ આપણી ઊણી. પેલા બધા સવાલો આવતાં આપણી શ્રદ્ધા ડગી જાય છે. જરૂર છે એ શ્રદ્ધાની સમજ મેળવવાની. રોજના જીવાતા જીવનના સંદર્ભમાં સતત એની સમજ ઊંડી કરતા રહેવાનું છે અને તો જ આપણે એ શ્રદ્ધાને બળે જીવનના પ્રશ્નોનો સફળ સામનો કરી શકવાના. નહિ હોય તો આપણે જડ રૂઢિચુસ્તતામાં સરી જવાના. 'ધારયતિ ઈતિ ધર્મ.' ધારણ કરે, માણસનો ટેકો બની રહે તે ધર્મ એને સ્થાને લડાવી મારે તે ધર્મ/શ્રદ્ધા એવો ખોટો અર્થ ધર્મને નામે અધાર્મિક વાણી-વર્તન લઈ આવ્યો છે.

મારી શ્રદ્ધાને મારા જીવનમાં સાર્થક કરવી હોય તો મારે સવાલ ઉઠાવતા થવું પડે. સમજવું હોય તો પ્રશ્ન કરવા પડે. પણ પ્રશ્ન કર્યો તો ખુલ્લે દિલે એનો જવાબ સાંભળવાની, એના પર ચિંતનમનન કરવાની યે તૈયારી રાખવી પડે. પ્રશ્નો જ્ઞાન મેળવવા પૂછાય. બીજાને પકડમાં લેવા નહિ.

કુટુંબજીવનમાં શ્રદ્ધા બળવત્તર બને તે માટે સૂચનો :

૧) શ્રદ્ધાઘડતર માટે વેટિકનની બીજી વિશ્વધર્મ પરિષદ અને કેથોલિક ધર્મસભાના ધર્મશિક્ષણ ગ્રંથની સમજ મળે અને સમજીને આપણે સૌ આપણા સંદર્ભાનુસાર એના શિક્ષણને જીવનમાં ઉતારી શકીએ એ માટે વ્યાખ્યાનો, ક્વીઝ જેવી સ્પર્ધાઓ યોજી ICTનો ઉપયોગ કરી, એમનો બહોળો પ્રચાર, પ્રસાર કરી એ સૌમાં ઊંડો રસ જન્માવી શકાય.

૨) આત્મવિશ્વાસ, પરિવારજનો પર વિશ્વાસ, પરિવારમાં પરસ્પરના સ્વીકાર અંગે આ વિષયના નિષ્ણાંતોની મદદ લઈ, આ સવાલોની સભાનતા કેળવવા ને ઉકેલ તરફ અંગુલિનિર્દેશ કરતા કાર્યક્રમો યુ ટ્યુબ પર પ્રસારિત કરી શકાય.

૩) શ્રદ્ધાથી જુદે માર્ગે જવા લલચાવતી આસપાસની સંસ્કૃતિ ઉપર વિચાર કરી ઉદારીકરણ, ખાનગીકરણ, વૈશ્વિકીકરણ - LPGના જમાઉધાર પાસાં વિશે સભાનતા કેળવાય એ માટે શિબિરો ગોઠવી શકાય. લેખો પ્રસિદ્ધ કરી શકાય, ધર્મજનોને યોગ્ય NGOમા સક્રિય કરવા પ્રોત્સાહિત કરી શકાય.

૫) પારિવારિક પ્રાર્થના માટે ધર્મજનો રોજે રોજ સમય ફાળવે એ માટેની ઝૂંબેશ, પ્રાર્થનાશિબિરો, આધ્યાત્મિક સાધના શિબિરો જેવી પ્રવૃત્તિઓ યોજી, ધર્મજનો એમાં સક્રિય બને એ માટે સઘન પ્રયત્નો ને એની જાહેરાત અને સમાચારો પ્રકાશિત કરી શકાય તો ઉત્તમ.

૬) આપણે એક પરિવાર તરીકે આપણી આસપાસના સમાજ માટે દીવારૂપ કઈ રીતે બની શકીએ એ અંગે પરિવાર સાથે બેસી વિચારે અને એકાદ નાનકડી બાબતે દીવા બની રહ્યા હોય એની વાત ધર્મસમાજ આગળ કરે તો અન્ય સૌને પણ ઘડો બેસે, ચાનક ચડે. ધર્મવિભાગમાં ભીંતપત્ર, આપણાં સામયિકોમાં સમાચાર, યુ ટ્યુબ પર એનું પ્રસારણ વગેરે દ્વારા આ કામ આગળ ધપાવી શકાય.

૭) શ્રદ્ધાથી પ્રેરાઈ સમાજની કાયાપલટ કરવા ગરીબો પ્રત્યે હમદર્દી વ્યક્ત કરતા, ન્યાયની સ્થાપના માટે સક્રિય વિવિધ સંઘોની સ્થાપના, આપણા વિસ્તારના આવા સંઘોમાં સક્રિયતા, કુટુંબભાવના વિકસાવતા ને કુટુંબના સભ્યો તરફ સમજદારીર્યું વલણ રાખવાની જરૂર પ્રત્યે સભાનતા કેળવતા, ટૂંકી સ્વાર્થીવૃત્તિથી પ્રેરાઈ આપઘાતની ધમકી તેમજ એ માર્ગ અપનાવવા તરફ વળનાર સમાજની યુવાપેઢીને માર્ગદર્શન આપતી ને એમનામાં પરિસ્થિતિની સભાનતા કેળવતી શિબિરો, યુ ટ્યુબ પર પ્રસારણ વગેરેનું આયોજન કરી શકાય.

૮) સંસ્કારોની ઉજવણી નિમિત્તે ધર્મને બદલે સામાજિક મેળાવડાને વધુ મહત્ત્વ આપવાની વૃત્તિ અંગે સભાનતા કેળવવા ધર્મોપદેશો, યુ ટ્યુબનો ઉપયોગ.

૯) પોતાના ધર્મની સમજ ગાઢ બનાવવા દરેક કુટુંબમાંથી ઓછામાં ઓછી એક વ્યક્તિ ધર્મવિદ્યાના અભ્યાસમાં જોડાય એવી ઝૂંબેશ ઉઠાવી શકાય.

૧૦) અન્ય ધર્મોની માહિતી મેળવી એમને માનની નજરે જોઈ, એમની સાથે સંવાદ સાંધી શકાય એ માટે વ્યાખ્યાનો, મેળાવડા જેવા સાધનોનો ઉપયોગ કરી શકાય.

૧૧) આપણાં પરમયજ્ઞમાં ધર્મજનો સમજીને સક્રિય ભાગ લે એ માટે વ્યાખ્યાનો યોજી શકાય તથા પરમયજ્ઞમાં વિવિધ જવાબદારીઓ માટે ધર્મજનોને તાલીમ આપી એ જવાબદારીઓ એમને સોંપી શકાય. ●

# પરિવારની સંબંધ યાત્રા

✍ ફાધર મયંક પરમાર, એસ.ડી.બી.

*'દૃષ્ટિ' (સ્વૈચ્છિક સંસ્થા) નિયામક, હાકલ નિયામક, યુથ કોઓર્ડિનેટર ઉમરેઠ ડીનરી, ડોન બોસ્કો-કપડવંજ*

દક્ષિણ ચીનના ૧૦૪ વર્ષના પતિ અને ૧૦૦ વર્ષની પત્નીના, ૮૩મી લગ્નતિથિની ઉજવણીના સમાચાર અનેક ચાઈનીસ ન્યૂઝ પેપરમાં જુલાઈ ૨૦૦૩માં પ્રસિદ્ધ થયા હતા. પરંતુ સાપ્રંત જગતમાં આવા સમાચાર હવે કાલ્પનિક લાગે તો નવાઈ નહીં, કારણ - તાજેતરના સમાચાર પત્રો અને ટી.વી. સિરિયલોમાં પણ ટૂંકા લગ્નજીવનની જાણે હોડ મચી છે!

પોપ સ્ટાર્સ બ્રિટની સ્પિઅર્સે તેના બાળપણના મિત્ર જેસન એલન એલેક્ષાન્ડર સાથે ૩જી જાન્યુઆરી, ૨૦૦૫ના રોજ લગ્ન કર્યાં. અને બીજા દિવસે લગ્નવિચ્છેદ કર્યો.! 'માત્ર 'ફન' માટે લગ્ન કર્યાં હતાં' એવી મીડિયા સમક્ષની રજૂઆતે લગ્નજીવન પ્રત્યેની બેપરવાહી વ્યક્ત કરી છે. નિકોલસ કે જેનું માયકલ જેકસનની પૂર્વ પત્ની લીઝ મારી પ્રિફ્લે સાથેનું લગ્નજીવન માત્ર સાડા ત્રણ મહિના ચાલ્યું હતું! મિસ બેરી મોર (એક્ટ્રેસ) અને દારૂના પીઠાના માલિક જેરેલી થોમસ સાથેનું લગ્ન માંડ ૧૯ દિવસ અને ટોમ ગ્રીન સાથેનું બીજુ લગ્ન છ મહિના ચાલ્યું હતું.

ડેનિસ રોડમેન (એક્ટર અને બાસ્કેટ બોલનો ખેલાડી)નું કાર્મન ઈલેક્ટ્રા સાથેનું લગ્ન ફક્ત નવ દિવસ ચાલ્યું હતું. (૧૯૯૮) પોપ સિંગર જેનીફર લોપીસનું એક્ટર ક્રિઝ જુડ સાથેનું લગ્ન (૨૦૦૧-૦૨) માંડ આઠ મહિના ચાલ્યું હતું.

રોજબરોજ બનતા લગ્નવિચ્છેદના સમાચારો બળતામાં ઘી હોમવાનું કામ કરે છે! લગ્નજીવનની ખારાશમાં આવા સમાચાર ઉદ્દીપકનું કામ કરે છે, અને લગ્નજીવન સંધાવાની શક્યતા હોય ત્યાં ભંગાણ પડે છે! ઘણીવાર દંપતીઓ પોતાની તમામ શક્તિ લગ્નસંબંધના જતન સિવાયની બાબતો માટે ખર્ચી નાખે છે! ચીજવસ્તુઓ કે પાલતુ જાનવરોના પ્રેમમાં પાગલ દંપતીઓ, દામ્પત્યસંબંધ સહેલાઈથી તોડી નાખતાં ખચકાતાં નથી!

પ્રેમસંબંધ જ માનવજાતને - દંપતીઓને સમૃદ્ધ બનાવી શકે છે. સફળ અને સાર્થક દંપતીજીવનની યાત્રાની શરૂઆત પ્રેમથી જ થાય છે. પ્રેમસંબંધ જ પ્રસન્ન દામ્પત્યજીવનને નવું પરિમાણ આપે છે. લગ્નસંસ્કારથી શરૂ થયેલી પ્રેમસંબંધની યાત્રા પરિવાર જીવનમાં પૂર્ણતા પામે છે. પતિ-પત્ની, ઈશ્વરની વેદી, ધર્મસભા અને ધર્મજનો સમક્ષ સુખ-દુઃખમાં, તંદુરસ્તી-માંદગીમાં મૃત્યુ સુધી એકબીજાને વફાદાર રહેવાનાં વચન આપે છે, ત્યારે જ દંપતી સંબંધનો ઉદ્ભવ થાય છે, જે સ્વયમ્‌ને - પરિવારને - સમાજ - ધર્મસભાને હર્યોભર્યો બનાવે છે.

માણસ સામાજિક પ્રાણી છે એટલે સમાજથી અલિપ્ત જીવનની શક્યતા નથી. સમગ્ર બ્રહ્માંડ - સૃષ્ટિ હોવા છતાં આદમ, સર્જન પછી એકલતા અનુભવે છે. હેવાના સર્જનમાં સંબંધનો પ્રથમ અક્ષર ઘૂંટાયો, જેનો ઉત્તરોત્તર વારસો સમગ્ર માનવજાતને મળ્યો છે. પરમેશ્વરે માનવનું સર્જન કર્યું, આદમ-હવાનો મેળાપ કર્યો. હવે સમજ-સંબંધ વિકસાવવાની સ્વતંત્ર જવાબદારી ઈશ્વરે માણસને સોંપી., જેમાં તે બળવત્તર બને છે ક્યારેક નિષ્ફળ જાય છે! પરમેશ્વર જ આપણા સંબંધનો મૂળ સ્ત્રોત છે. પવિત્ર ત્રૈક્ય - પિતા, પુત્ર અને પવિત્ર આત્મા - ત્રિવિધ સ્વરૂપે એકમાત્ર ભગવાન - માનવસંબંધમાં એથી વધારે બહેતર આદર્શ બીજો કોઈ હોઈ શકે ખરો?

પ્રથમ પરમેશ્વર સાથેનો અને બીજો પતિ-પત્ની સાથેનો અરસપરસનો સંબંધ પરિવારને સ્વર્ગસમાન બનાવી શકે છે. ઈશ્વર પરાયણ પારિવારિક જીવન સુખનાં ઉન્નત શિખરો સર કરે છે. રોજબરોજના જીવનમાં પરમેશ્વરની ઈચ્છાને આધીન રહેવાની ઝંખના, શ્રદ્ધામય જીવનમાં પ્રસન્નતાની ભરતી લાવશે. કહેવાયું છે, 'જે કુટુંબ સાથે પ્રાર્થના કરે છે, તે સાથે રહે છે.' રોજના ખ્રિસ્તયજ્ઞમાં હાજરી, સવારની પ્રાર્થના, પ્રીતસંસ્કારની અંગત મુલાકાત, પ્રાર્થના, શાસ્ત્રપાઠ - વાંચન-મનન, ગુલાબમાળાની ભક્તિ, સાંજની પ્રાર્થના, દેવદૂતનાં વંદનનું ભક્તિભાવથી ઉચ્ચારણ, દિવસ દરમિયાન મનોમન બોલાતી નાની પ્રાર્થના (ઉ.દા. ઓ મારા, પ્રભુ અને પરમેશ્વર, બધું તારી ઈચ્છા પ્રમાણે થાઓ... માતા મારિયા મને માર્ગદર્શન આપ... મારા રક્ષકદૂત મારું રક્ષણ કર...) સમગ્ર દિવસને, દિવસ દરમિયાનની ફરજને પવિત્ર કરશે, જેમાં શંકા ન હોય!.

પરસ્પર સંવાદ, પરિવાર જીવનમાં રક્તસંચાર, પ્રાણસંચાર કરે છે. એકબીજાને કાન દઈને સાંભળવું, દિવસ દરમિયાન બનેલી

**પ્રેમસંબંધ જ માનવજાતને - દંપતીઓને સમૃદ્ધ બનાવી શકે છે. સફળ અને સાર્થક દંપતીજીવનની યાત્રાની શરૂઆત પ્રેમથી જ થાય છે. પ્રેમસંબંધ જ પ્રસન્ન દામ્પત્યજીવનને નવું પરિમાણ આપે છે. લગ્નસંસ્કારથી શરૂ થયેલી પ્રેમસંબંધની યાત્રા પરિવાર જીવનમાં પૂર્ણતા પામે છે. પતિ-પત્ની, ઈશ્વરની વેદી, ધર્મસભા અને ધર્મજનો સમક્ષ સુખ-દુઃખમાં, તંદુરસ્તી-માંદગીમાં મૃત્યુ સુધી એકબીજાને વફાદાર રહેવાનાં વચન આપે છે, ત્યારે જ દંપતી સંબંધનો ઉદ્ભવ થાય છે, જે સ્વયમ્‌ને - પરિવારને - સમાજ - ધર્મસભાને હર્યોભર્યો બનાવે છે.**

ઘટનાઓની આપલે કરવી, કુટુંબજીવનને સરળ રીતે - નિર્વિઘ્ને આગળ ધપાવે છે. ઈબોલા કરતાં અબોલા ભયાનક સાબિત થઈ શકે છે. પૂરેપૂરા અસંમત હોવા છતાં રજૂઆત ધ્યાનથી સાંભળીને, વ્યક્તિગત મત સ્વીકારે કે અસ્વીકારે તેવી ધીરજ સાથે જણાવી સંવાદની પરાકાષ્ઠા સાધી શકીએ. કોઈપણ બાબત-વસ્તુ અંગેના પ્રત્યેક સભ્યના નિખાલસ અભિપ્રાય-પ્રતિભાવ, નિર્ણયને વધારે સચોટ બનાવી શકે છે.

ક્યારેક ચડભડ થાય ત્યારે સમાધાન જ ઉત્તમ ઔષધ છે. સંબંધમાં ચઢાવ-ઉતાર, સરવાળા-બાદબાકી સર્વસામાન્ય છે ત્યારે ભાગાકાર કરતાં ગુણાકાર સંબંધને સુદ્રઢ કરી શકે એમ છે. એકબીજા પ્રત્યેનો બિનશરતી પ્રેમ જ સમાધાનના દરવાજા ખોલી શકે છે. સ્વાર્થી પ્રેમ તમામ બારી-બારણાં ક્યારેય ખૂલે નહીં તેવી રીતે બંધ કરી દે છે; પરિવારના સભ્ય પ્રત્યેનો કૃતજ્ઞભાવ, માફી માગવા અને માફી આપવા, વ્યક્તિને સક્ષમ કરી શકે છે.

કૌટુંબિક સંબંધમાં ઉષ્માની અછત વર્તાતી હોય ત્યારે 'વ્યક્તિગત ફોટોગ્રાફ'ની રમત, સંબંધ પુનઃ સ્થાપિત કરવા કારગર નીવડી શકે એમ છે.

રમતનું નામ : જૂના વ્યક્તિગત ફોટોગ્રાફ

ઉદ્દેશ્ય : એકમેકને સાંભળવા, મનભેદ ઓછો કરવો, સંબંધ સૃદ્રઢ કરવા.

પ્રવૃતિ : દરેક વ્યક્તિ જૂનો ફોટોગ્રાફ લઈ આવે. તેની સાથે સંકળાયેલ હાસ્યપ્રદ ઘટના યાદ કરે, અથવા તત્કાલીન સુખદ જિંદગીનો વિચાર કરે, ત્યારબાદ ફોટોગ્રાફ કુટુંબના અન્ય સભ્યને જોવા આપશે, બધા જોઈ લે પછી બેત્રણ મિનિટમાં ફોટો સાથે સંકળાયેલ ઘટના-વિચારની રજૂઆત કરશે, અન્ય સભ્ય આદર્શપૂર્વક સાંભળી ને જરૂર લાગે ત્યાં પ્રશ્નોત્તરી કરી શકે. એક પછી એક, પ્રત્યેક વ્યક્તિ પોતાની રજૂઆત કરે.

જૂના ફોટોગ્રાફ વ્યક્તિને વિચારવા, વ્યક્ત કરવા, સાંભળવા પ્રોત્સાહન પૂરું પાડે છે. વિચાર, અભિવ્યક્તિ અને શ્રવણ, સંબંધને તરોતાજો બનાવી શકે.

પ્રાર્થનાની પળ : કલ્લોસાના ધર્મસંઘ પર સંત પાઉલનો પત્ર ૩:૧૮-૨૧ પત્નીઓ, તમારા પતિઓને આધીન રહેજો : પ્રભુનાં ભક્તોને એ જ છાજે. પતિઓ, તમારી પત્નીઓ ઉપર પ્રેમ રાખજો, તેમના પ્રત્યે કઠોર થશો નહિ. બાળકો, બધી વાતમાં તમારાં માતાપિતાની આજ્ઞા પાળજો : પ્રભુને એ જ પસંદ છે. પિતાઓ, તમારાં બાળકોની કેડે ન પડશો, નહિ તો કદાચ તેઓનો ઉત્સાહ મરી જશે.

મનન - ચિંતન : સંત પાઉલના ખ્રિસ્તીજીવનના સિદ્ધાંતોના પરિપ્રેક્ષ્યમાં આપણું કુટુંબ જીવન, આદર્શ બતાવવાની હાકલનો પ્રત્યુત્તર શો હોઈ શકે! કુટુંબના સભ્યોનાં અદ્ભુત વરદાનોની સાથે તેમની નબળાઈઓ ક્ષુલ્લક નથી લાગતી? પરમેશ્વરના આશીર્વાદથી અશક્ય શક્ય બની શકે છે, એવા દ્રઢ સંકલ્પથી પરિવારમાં નવી આશા-સંબંધનો સૂરજ ઉગશે, જે ક્યારેય આથમશે નહીં. ●


# નર્સિંગ કોર્ષ (૧ વર્ષ)

ધોરણ ૧૦ પાસ / ધોરણ ૧૨ પાસ-નાપાસ

★ ટૂંકા અભ્યાસ બાદ પગભર થવાની તક ★ ૧૦૦% નોકરીની તકો ★ દરેકને પોષાય તેવી ફી ★ પ્રેક્ટીકલ માટે આધુનિક લેબોરેટરી ★ મલ્ટી મીડિયા (સ્માર્ટ ક્લાસ)થી શિક્ષણ.

**—: સંપર્ક :—**

## હોસ્પિટલ એડમિનિસ્ટ્રેટર

ગ્રો વેલ એકેડમી, કિલ્લોલ હોસ્પિટલ નીચે,
મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮૦૦૧
મો. ૯૯૧૩૫ ૫૭૫૦૫
Email: jctanand@gmail.com

- ટૂંક સમયમાં નવી બેચ શરૂ થાય છે, પ્રવેશ કાર્ય ચાલુ છે. (માત્ર ૨૫ બેઠકો)
- પોસ્ટ મારફતે ફોર્મ મંગાવવા માટે **"જતન ચેરીટેબલ ટ્રસ્ટ-આણંદ"**ના નામનો રૂા.૧૫૦ નો ચેક/ડીમાન્ડ ડ્રાફટ ઉપરના સરનામે મોકલવો.

# ગ્રો વેલ એકેડમી

શિક્ષણ | તાલીમ | સ્વવિકાસ

***(જતન ચેરીટેબલ ટ્રસ્ટ, આણંદ સંચાલિત)***

**:: સ્થાપક ::**

## ડૉ. રશ્મિન સેસિલ

(ડી.પેડ., એમ.ડી.પેડ)

# મારી હાકલ

✍ ડીકન મહેશ ઈ.સં.

મારો જન્મ એક આદિવાસી કુટુંબમાં થયો હતો. હું જ્યારે લગભગ બે વર્ષનો થયો ત્યારે હું એક મોટી બીમારીમાં સપડાયો. મારા મમ્મી-પપ્પાએ મારી ખૂબજ કાળજી લીધી. પણ આખરે દાક્તરે પણ કહ્યું કે તમારો દીકરો બહુ દિવસ જીવશે નહિ. પરંતુ મારા મમ્મી-પપ્પાએ આશા છોડી નહીં. એ સમય દરમ્યાન મારા પપ્પા ખ્રિસ્તી ધર્મશિક્ષક જાનુભાઈ અને રામુભાઈના સંપર્કમાં આવ્યા. તેઓએ મને સ્વ. ફાધર નવારો પાસે લઈ જઈ પ્રાર્થના કરાવવાની સલાહ આપી. મારા પપ્પા તો મારું જીવન જ ઈચ્છતા હતા એટલે તેઓ મને સ્વ. ફાધર નવારો પાસે લઈ ગયા અને ત્યારથી ફાધરે મારા માટે પ્રાર્થના ચાલુ કરી અને બીજી બાજુ મારા માટે ફરી દવા પણ ચાલુ કરી. મારી બીમારીમાં સુધારો થવા લાગ્યો અને ટૂંક સમયમાં હું સાજો થઈ ગયો. આ એક મારા જીવનનો યાદગાર પ્રસંગ છે કે મારા લીધે અમારા કુટુંબીજનોએ ઈસુને સ્વીકાર્યા, ઈસુમાં શ્રદ્ધા મજબૂત થઈ.



મોટા થયા બાદ મને પિપરી મિશન સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યો. હું જ્યારે પણ રજાઓમાં ઘેર આવતો ત્યારે મારી મમ્મી મને અવાર-નવાર મારા બાળપણની વાત કહ્યા કરતી પરંતુ મેં વાત પર બહુ ધ્યાન દોર્યું નહિ. હું જ્યારે હાઈસ્કૂલમાં આવ્યો ત્યારે મારા જીવનનો મને ખ્યાલ આવવા લાગ્યો. મને લાગ્યું કે, ખરેખર પરમેશ્વરે મને નવું જીવન આપ્યું છે અને આ જીવન સાથે હું શું કરું? પરમેશ્વર મારી પાસેથી શું ઈચ્છે છે? આવા અનેક પ્રશ્નો મારા મનમાં થયા કરતા હતા. હું જ્યારે હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો હતો ત્યારે મારા જીવનનો મને ખ્યાલ આવવા લાગ્યો. મને લાગ્યું કે, ખરેખર પરમેશ્વરે મને નવું જીવન આપ્યું છે અને આ જીવન સાથે હું શું કરું? પરમેશ્વર મારી પાસેથી શું ઈચ્છે છે? આવા અનેક પ્રશ્નો મારા મનમાં થયા કરતા હતા. હું જ્યારે હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો હતો ત્યારે ફાધરો-સિસ્ટરોના જીવન ઉપર થોડો ઊંડાણમાં વિચાર કરવા લાગ્યો. આ લોકો તો સંન્યાસી જીવન જીવે છે અને નિ:સ્વાર્થ ભાવે આદિવાસીઓની એટલે કે અમારી સેવા કરે છે. ફાધરો અને સિસ્ટરોનું જીવન, એમની સેવા, દયા, પ્રેમ અને લોકો પ્રત્યેની લાગણી જોઈને મને પ્રેરણા મળી અને વિચાર આવવા લાગ્યા કે હું પણ સંન્યાસી જીવન જીવી ઈશ્વરની યોજનાને પૂર્ણ કરું. પરંતુ, જ્યારે આ વિચાર આવ્યો તેની સાથે બીજો વિચાર આવવા લાગ્યો જે મારા પહેલા વિચારને ત્યાં જ કચડી નાખે એવો હતો. મને વિચાર આવ્યો કે, "હું તો આદિવાસી છું, હું કેવી રીતે ફાધર બની શકું?" કારણ કે, જે ફાધરો અને સિસ્ટરો ડાંગમાં કામ કરતા હતા એ બધા બહારના હતા. એટલે મને લાગ્યું કે આદિવાસી લોકો આ કાર્ય ના કરી શકે. મેં મનથી નક્કી કર્યું કે, હું સારો શિક્ષક બનીશ. વકીલ બનીશ અથવા તો સારો સમાજસેવક બનીને પણ લોકોની સેવા કરીશ. પણ મારા એ વિચારોને મારા મનમાં જ રાખ્યા કોઈની આગળ વ્યક્ત કર્યા નહિ.

મેં ધોરણ ૧૧ અને ૧૨ માટે ઉનાઈ કેન્દ્રમાં પ્રવેશ મેળવ્યો. અહીં મારા જીવનમાં એક નવો ફણગો ફુટવા લાગ્યો. એક દિવસે એક ફાધર આ કેન્દ્રમાં અમુક છોકરાઓની મુલાકાતે આવ્યા હતા. મેં મારા મિત્રને પૂછ્યું કે, "આ ફાધર કોણ છે?" મારા મિત્રે મને એ ફાધરનો આખો પરિચય આપ્યો. એ ફાધર આદિવાસી છે એ સાંભળતાની સાથે જ મેં મારા મિત્રને પૂછ્યું. "શું હું એ ફાધરને મળી શકું છું?" એ આદિવાસી ફાધર બીજા કોઈ નહિ પણ પીઠાદરાના ફાધર ગામીત ઈશ્વન એસ.જે. હતા. પ્રથમ વખત કોઈ આદિવાસી ફાધરને મળીને મને ખૂબજ આનંદ થયો અને એમની આગળ મેં મારી ફાધર બનવાની ઈચ્છા વ્યક્ત કરી. ઈસુનાં મૂલ્યો જીવનમાં ઊતારી એમને પગલે ચાલવું એ પડકાર છે. એ હકીકત સ્વીકારી મેં ઘર છોડવાની તૈયારી કરી.

આ આનંદના સમાચાર મેં મારા મમ્મી-પપ્પાને આપ્યા. તેઓ પણ આ સાંભળીને ખુશ થયાં અને મારા જીવનમાં આગળ વધવા પરવાનગી આપી. પણ જેમ અમારા બીજા સગાં-સંબંધીઓને ખબર પડી કે, મેં મારા જીવનનો માર્ગ બદલી કાઢ્યો છે, ત્યારે તેઓ ખૂબજ દુ:ખી થઈ ગયાં હતાં કેમકે, તેઓ અન્ય ધર્મમાં શ્રદ્ધા રાખતાં હતાં અને મારા મમ્મી-પપ્પાને ગુસ્સો કરવા લાગ્યા. પણ મારા મમ્મી-પપ્પા મને હંમેશાં સાથ સહકાર આપતાં રહ્યાં.

મારી હાકલની શરૂઆત ખુબ જ કપરી અને કઠીન લાગતી હતી. કેમ કે, પરમેશ્વરની યોજના અનુસાર જીવવું અને એમના માર્ગ પર ચાલવું એ કંઈ જેવું તેવું નથી. પણ ઈસુસંઘમાં જોડાયા પછી મને ખ્યાલ આવ્યો કે જો ઈશ્વર મારી સાથે હોય તો બધી મુશ્કેલીઓનો સામનો કરવો સહેલું લાગે છે. મારા અભ્યાસના વર્ષ દરમ્યાન ઘણાં સંઘર્ષો પણ કરવા પડ્યા. અમુક સમય એવો પણ હતો કે, હું મારા મનથી નક્કી કરી લેતો કે હું મારા જીવનનો રસ્તો બદલી કાઢું. પરંતુ ઈશ્વરની યોજનાને કોણ બદલી શકે એમ છે. મારા આધ્યાત્મિક ફાધરો, મારા સાથે રહી મને સતત સલાહ સૂચનો અને પ્રેરણા આપતા રહ્યા. સાથે મારી પ્રાર્થના અને મનન ચિંતન દ્વારા હું પરમેશ્વર પાસેથી કૃપાઓ મેળવતો રહ્યો. મારા પ્રાર્થનામય જીવનમાં હું હંમેશા માતા મરિયમને વિનંતી કરતો રહ્યો અને તેઓ મારી સાથે રહી મને બળ અને શક્તિ આપતાં રહ્યાં છે. મારા જીવનમાં મેં હંમેશાં પ્રભુ ઈસુની હાજરીનો અનુભવ કર્યો છે. હવે હું એક વાત દિલથી કહી શકું છું કે, મને હાકલ કરનાર અને મારા જીવનનું આયોજન કરનાર પરમેશ્વર પોતે છે.

ડિકન મહેશ બાગુલ ઈસુસંઘીની પુરોહિત દીક્ષા ૨૭ ડિસેમ્બર, ૨૦૧૪ શનિવારના રોજ શામગહાન (દક્ષિણ ગુજરાત)માં થશે. ●

અભિનંદન ફાધર મહેશ બાગુલ.

# આભાર

✍ શૈલેષ ક્રિસ્ટી (સહતંત્રી)

મારા ઘરથી પાંચ મિનિટના અંતરે બહેરા-મુંગાની એક શાળા આવેલી છે, જેને બધિર વિદ્યાલયથી ઓળખવામાં આવે છે. આ શાળામાં બહેરા-મૂંગા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. મારે દરરોજ આ વિદ્યાલય આગળથી પસાર થવાનું બને છે. બહેરા મૂંગા બાળકોને હું રોજ  રમતાં જોઉં છું, હાથની આંગળીઓનાં ઈશારાથી અને હાવભાવથી વાતચીત કરતાં હોય છે, રમતાં હોય છે, હસતાં હોય છે, ધીંગામસ્તી કરતાં હોય છે પણ ક્યારેય મેં  આ બાળકોની આંખોમાં લાચારી કે ફરિયાદ નથી જોઈ, હમેશાં તેઓ પોતાની મસ્તીમાં રમમાણ હોય છે! શું આ બાળકો જાણતાં નથી કે તેઓ બહેરામૂંગા છે? શું તેમને ખબર નથી કે તેમની દુનિયા બીજા લોકોની દુનિયા કરતાં જુદી છે? ફરિયાદ કરવા માટે શું આ વાજબી કારણ નથી? છતાંય તેઓ ક્યારેય ફરિયાદ કરતાં નથી, બલ્કે મસ્તીથી જીવે છે.

આપણે એવા કેટલાંક લોકોને ઓળખતાં હોઈએ છીએ કે જેમને હાથપગ નથી હોતા, તેઓ શારીરિક રીતે વિકલાંગ અને લાચાર હોય છે. તેઓ કેટલીક નાની મોટી બીમારીઓ સાથે જીવતા હોય છે, આ બીમારીઓ એવી નથી હોતી કે તેનાથી મરણ આવે, પણ આ બીમારીઓ હોય છે જેનાથી સારી રીતે જીવી ના શકાય, છતાંય તેઓ કોઈ ફરિયાદ વગર જીવતાં હોય છે.

પ્રભુ ઈસુએ એમનાં જીવનમાં જે ચમત્કાર કર્યા તે માટે તેઓ હમેશાં પરમેશ્વરનો આભાર માનતા હતા, ભલે ને ગમે તેટલી નાની વાત કેમ ના હોય! દરેક બાબત માટે ઈશ્વરનો આભાર માનતા હતા. આપણા જીવનમાં જે પણ પરિસ્થિતિ છે તે માટે ઈશ્વરનો આભાર માનવાની ટેવ વિકસાવી જ જોઈએ. જીવનમાં જ્યારે કોઈ મોટી ઘટના કે પ્રસંગ બને છે ત્યારે આપણે ઈશ્વરનો આભાર માનીએ છીએ પણ નાની વાતો કે રોજિંદી વાત માટે ઈશ્વરનો આભાર માનવાની ટેવ નથી હોતી. એમાં શું? એમ આપણે માનીએ છીએ પણ જ્યારે નાની વાતે ઈશ્વરનો આભાર માનવાની માનસિક્તા આપણે વિકસાવીએ છીએ ત્યારે આ જ બાબતો અનેકગણી થઈને તમને આપણને પરત મળે છે.

જીવનની રોજિંદી બાબતો માટે આભાર માનવાની માનસિક્તાના કારણે આપણા મનમાંથી નકારાત્મક બાબતો અને ભાવનાઓ દૂર થઈ જાય છે, અને તેની જગ્યાએ હકારાત્મક બાબતો વધે છે. જીવન એ ખરેખર તો નાની નાની ઘટનાઓની એક લાંબી હારમાળા છે, આવી નાની નાની બાબતો માટે ઈશ્વરનો આભાર માનવો જોઈએ પણ સામાન્યત્વે આપણે નાની નાની બાબતો માટે આભાર માનતા નથી. આવી વાતોને આપણે સહજતાથી લઈએ છીએ એમાં તો વળી શાનો આભાર માનવાનો હોય? એમ આપણે વિચારીએ છીએ! પણ જ્યારે આપણે પ્રત્યેક બાબત માટે ઈશ્વરનો આભાર માનીએ ત્યારે કુદરત અનેક ઘણું કરીને આપણને પરત આપે છે. તમારા જીવનમાં ભૂતકાળમાં તમને ઈશ્વર તરફથી જે આશીર્વાદ પ્રાપ્ત થયા છે, વર્તમાનમાં જે આશીર્વાદ પ્રાપ્ત થઈ રહ્યા છે, ભવિષ્યમાં તમે જે પ્રાપ્ત કરવા ઈચ્છો છો તેનાં માટે ઈશ્વરનો આભાર માનો, ભલે ભવિષ્યનું તમને હજી મળ્યું નથી પણ મળી જ ગયું છે એમ માની ઈશ્વરનો આભાર માનો.

આપણે શું કરીએ છીએ, જે છે તેની કદર નથી કરતા, અને જે નથી મળ્યું તેની ચિંતા કર્યા કરીએ છીએ! ખરેખર તો જીવનમાં આપણી પાસે બે જ રસ્તા હોય છે એક જે નથી મળ્યું તેનાં રોદણાં રડ્યાં કરવાં કે જે છે તે માટે ઈશ્વરનો આભાર માનવો? જે નથી તેને યાદ કરીને દુઃખી થવા કરતાં જે છે, તેને સ્મરીને આભાર માનવો જોઈએ. એ ન ભૂલશો કે ચકલી પૈસાની બબ્બે નથી વેચાતી? તેમ છતાં આપણા પરમપિતાની રજા સિવાય એવી એક ચકલી સુદ્ધાં ભોંય પડતી નથી. આપણા માથાના તો વાળે બધા ગણેલા છે એટલે ગભરાઈએ નહીં ઢગલાબંધ ચકલીઓ કરતાં આપણી કિંમત વધારે છે. આથી પ્રત્યેક પરિસ્થિતિ માટે ઈશ્વરનો આભાર માનવો જોઈએ. જો જીવનમાં આપણને બે ટંક સારી રીતે ભોજન મળતું હોય પીવા યોગ્ય પાણી ઉપલબ્ધ થતું હોય અને માથે છાપરું હોય તો ઈશ્વરનો આભાર માનવા માટે આપણી પાસે પૂરતાં કારણો છે પણ કરુણતા એ છે આપણી પાસે વિશેષ હોવા છતાંય આપણે ઈશ્વરનો આભાર માનવાનો ભૂલી જઈએ છીએ!

કેટલાંક લોકો ઈશ્વરનો આભાર માનવાનું યાદ રાખે છે પણ જે લોકો તેમને મદદરૂપ બન્યા હોય છે તેમનો આભાર માનવાનું ભૂલી જાય છે. નજીકનાં સગા વહાલાંનો આભાર માનવાની તો વળી શી જરૂર? ચાલે એ તો બધું, એવી બધાની માનસિકતા થઈ ગઈ હોય છે અને અજાણ્યા લોકોનો આભાર માનવામાં અહંકાર બાધારૂપ બની જતો હોય છે, આમ એક યા બીજી રીતે જાણીતા કે અજાણ્યા માણસોનો આભાર માનવાનું આપણે ચૂકી જઈએ છીએ, શક્ય છે કે આજે તમે જ્યાં છો, જે છો તે તમે તમારી મહેનત અને પ્રયત્નથી પ્રાપ્ત કર્યું હશે, પણ સચ્ચાઈ એ છે કે તમે આજે જ્યાં છો અને જે છો તેમાં ઘણા જાણીતા અજાણ્યા લોકોનું યોગદાન હશે જ. તમે આજે જે છો તે ફક્ત તમારા કારણે જ છો તેવું માનવાની ક્યારેય ભૂલ કરશો નહીં. જ્યાં પણ જ્યારે પણ પ્રકાશ જુઓ તો માનજો કે ત્યાં કોઈ સળગી રહ્યું છે, કોઈએ ભોગ આપ્યો છે, કોઈએ બલિદાન આપ્યું છે, ત્યારે જ તમે સુખી છો ભર્યાભર્યા છો આ માટે લોકોના અને પરમેશ્વરનો આભાર માનવો જોઈએ એવું તમને નથી લાગતું?

આભાર માનવા માટે પ્રથમ તો મનમાં આભારનો ભાવ હોવો જોઈએ અને આ ભાવ અભિવ્યક્ત થવો જોઈએ. ભાવ મનમાં જ રહે તો તેની અસર પડતી નથી. પણ આભાર યોગ્ય વ્યક્તિ સમક્ષ અભિવ્યક્ત થવો જ જોઈએ. ઘણી વખત કોઈ વ્યક્તિ માટે આભારની લાગણી થઈ આવે છે પણ તે વ્યક્ત થતી નથી કદાચ અહંકારના કારણે આપણે તેને વ્યક્ત કરતાં નથી. જીવનમાં જ્યારે પણ જ્યાં પણ આભાર માનવાતા સંજોગો ઊભા થાય ત્યારે આભાર માનવાનું ચૂકવુ જોઈએ નહીં કારણ વિવિધ અભ્યાસ અને સંશોધન બાદ એવું તારણ નીકળ્યું છે કે જીવનમાં જે લોકો નાની નાની વાતે આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કરે છે તે લોકો વધારે ખુશીથી જીવી શકે છે. અનેક રીતે આપણે નાતાલ અને નવા વર્ષની ઉજવણી કરતાં હોઈએ છીએ ત્યારે આ વર્ષે ઈશ્વરના અગણિત ઉપકારો બદલ આભાર માનીએ એ જ નાતાલની ઉજવણી ન બની શકે? ●

Email: shaileshchristie@yahoo.com

## સરકારી નોકરીઓ માટેનો અદ્ભુત સેમિનાર

તાજેતરમાં સરકારી નોકરીઓ માટેની પુષ્કળ જગ્યાઓ માટે જાહેરાતો આવી. હવે તેની ટૂંક સમયમાં પરીક્ષાઓ યોજાવાની છે. જેવી કે, PSI, ASI ક્લાર્ક (સચિવાલય અને બિનસચિવાલય) અને GPSC ક્લાસ વન-ટુની મેઈન પરીક્ષા – વગેરે માટેની તૈયારીના ભાગરૂપે એક દિવસનો સેમિનાર શ્રી રાજુલભાઈ આઝાદ દ્વારા નડિયાદના સેંટ મેરીઝ હોલ ખાતે પરમ આદરણીય પેરીશ પ્રિસ્ટ ફાધર મેરી જોસેફ અને અત્યંત ઉત્સાહી પેરીશ કાઉન્સિલના સભ્યોના સહયોગથી તા.૧૪-૧૨-૨૦૧૪ના રોજ સવારે દસ વાગ્યાથી યોજાવાનો છે. જેમાં, નવાં જ શરૂ કરેલાં 'કારકિર્દી માર્ગદર્શન' મેગેઝિન કે જેના માનદ્ તંત્રી શ્રી રાજુલભાઈ આઝાદ છે તેનાં અંકો પણ પ્રત્યેક વિદ્યાર્થીને ભેટ સ્વરૂપે આપવામાં આવશે. લાગણીથી ધબકતાં ક્રિશ્ચિયન યુથે રજીસ્ટ્રેશન માટે તાત્કાલિક એડવોકેટ શ્રી કનુભાઈ એસ. વાઘેલા (૮૭૩૫૮ ૩૯૯૭૭), સેક્રેટરી શ્રી જેમ્સભાઈ મેકવાન (૭૬૦૦૮ ૦૬૨૫૦) અથવા શ્રી રાજુલભાઈ આઝાદ (૯૯૨૪૮ ૯૮૫૯૪)નો સંપર્ક સાધવો. જીવન પરિવર્તનની પ્રક્રિયામાં આપનું સ્વાગત છે.


# યરૂશાલેમ ફર્નિચર

| કોલીન | નટુભાઈ |
|---|---|
| ૯૮૨૪૬ ૧૭૮૫૪ | ૯૭૨૩૪ ૦૫૪૭૭ |

અમારે ત્યાં ડભોઈની પ્રખ્યાત તિજોરી, સ્કૂલો માટે સ્ટોરવેલ, રીવો.ચેર, કોમ્પ્યુટર ચેર, ઓફિસ ટેબલ, પ્લાસ્ટિકની ખુરશીઓ મળશે.

વુડન ફર્નિચરમાં દરેક પ્રકારના સોફા, પલંગ, પેટી પલંગ, ડ્રેસીંગ ટેબલ, ટીપોઈ, વોસેબલ ગાદી, ટી.વી. યુનિટ વગેરે મળશે.

ચાઈનાની ટીપોઈ તેમજ ડાઈનિંગ ટેબલ મળશે.

**શોરૂમઃ** સામરખા રોડ પર, આઈડિયાના ટાવર પાસે, ભૂમિ ઈન્ડેનની બાજુમાં.

***અમારા માનવંતા ગ્રાહકોને નાતાલ તથા નવાવર્ષની શુભેચ્છા.***


## 'દૂત'ના સર્વ દાતાઓને નાતાલ તથા નવાવર્ષની સોનેરી સલામ.

## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

| | | |
|---|---|---|
| દિલીપ અને રેણુકાના લગ્નપ્રસંગે | સિંહોલ | ૧૦૦ |
| રેણુકા અને દિલીપના લગ્નપ્રસંગે | આણંદ | ૧૦૦ |
| સરોજબેન આર. ક્રિશ્ચિયન | મણીનગર | ૧૦૧ |
| સ્વ. જોસેફભાઈ સિમોનભાઈ | કરમસદ | ૨૫૧ |
| પ્રિતેશ અને જેનીફરના લગ્નપ્રસંગે | નિઝામપુર | ૧૦૦ |
| નરેશભાઈ કે. મકવાણા | બાંધણી | ૧૦૦ |
| ફિદેલીસ પાઉલભાઈ શાહ | આણંદ | ૧૦૦ |
| અંબાલાલ ડી. મેકવાન | લીંગડા | ૧૦૦ |
| સ્વ. મરીયમબેન મક્કાભાઈ | ડભાણ | ૧૦૦ |
| છોટુભાઈ તુલસીભાઈ ડાભી | અમદાવાદ | ૫૦૦ |
| સ્વ. રવિકાંત પાઉલભાઈ મેકવાન | ખંભોળજ | ૧૦૦ |
| ખુશ્બુબેન મુકેશભાઈ | આણંદ | ૧૧૧ |
| સ્વ. જેરેલ્ડીન જે. ડાભી | | ૧૦૦ |
| ઈસુદાસભાઈ દાઉદભાઈ | આણંદ | ૧૦૦ |
| ડાહ્યાભાઈ દેવજીભાઈના સ્મરણાર્થે | ભાલેજ | ૧૦૦ |
| સ્વ. સુમિત્રાબેન મણીલાલ મકવાણા | વડોદરા | ૧૦૦ |
| જોસેફ આપીયાન | વડોદરા | ૨૦૦ |
| સ્વ. જોસેફભાઈ બાસીલભાઈ રાઠોડ | ખંભોળજ | ૨૦૦ |
| કનુભાઈ પરમાર | ગામડી | ૧૦૧ |
| માર્થાબેન એ. મેકવાન | અમદાવાદ | ૧૦૧ |
| સવિતાબેન ઈશ્વરદાસ ડાભી | વડોદરા | ૧૦૦ |
| બાવજીભાઈ અજાભાઈ જાદવ | મંજીપુરા | ૧,૧૧૧ |
| સ્વ. મેરીબહેન નિકોલસ મેકવાન | સાબરમતી-અ'વાદ | ૧૦૦ |
| અરવિંદભાઈ ડી. મેકવાન | વલાસણ | ૧૫૧ |
| જશુભાઈ સેમ્યૂલભાઈ વાઘેલા | આણંદ | ૩૦૦ |
| અનામી દાતા | | ૧૦૦ |
| વિવાન રાજેશ સોલંકી | દીવ | ૧૫૦ |
| લેસ્ટર આલ્બર્ટ આલવોરેઝ | દીવ | ૧૫૦ |
| શ્રીમતિ ઉષાબેન ડેવિડ મેકવાન | મણિનગર-અ'વાદ | ૫૦૦ |
| સ્વ. જોનભાઈ રાઠોડના સ્મરણાર્થે | મણિનગર-અ'વાદ | ૧૦૧ |
| સ્ટીફન એલ. ક્રિશ્ચિયન | મણિનગર-અ'વાદ | ૨૦૧ |
| રાજુભાઈ આઈ. શાહ | ઉમરેઠ | ૧૦૦ |
| પાઉલભાઈ આઈ. શાહ | ઉમરેઠ | ૧૦૦ |
| ઝવરબેન હરિભાઈ | સલુણ | ૧૦૦ |
| અવનિકા રોઝા - દર્શન સુતરિયાના લગ્નપ્રસંગે | નડીઆદ | ૩૫૧ |

# Purshottam Park

N.A., N.O.C., Title Clear

**૩ બેડરૂમ + હોલ + કિચન + ડાઈનીંગના સુઆયોજિત બંગ્લોઝ**



- દરેક બંગ્લોઝને પોતાનું સ્વતંત્ર કાર પાર્કિંગ.
- દરેક બંગ્લોઝને પોતાનો આગવો પાણીનો બોર.
- અગાસીમાં જવા માટે સુવ્યવસ્થિત R.C.C. દાદર કેબિન સાથે.
- સોસાયટીમાં P.C.C.ના પાકા રસ્તા.
- સોસાયટીના મેઈન રોડ ૨૫' પહોળા.
- દરેક બંગ્લોઝના પાર્કિંગમાં પેવર બ્લોક ફિટિંગ.
- સોસાયટીનો સુંદર મેઈન ગેટ.
- શરતોને આધીન.

**વધારે વિગત માટેઃ**

**૮૮૬૬૧ ૬૮૯૨૭, ૯૯૨૪૬ ૮૬૬૦૦**

**સાઈટ એડ્રેસઃ**
પુરષોત્તમ પાર્ક, ગ્રીનલેન્ડ સોસાયટીની બાજુમાં,
સરકારી વસાહત પાછળ,
મિશન રોડ, નડીઆદ - ૩૮૭૦૦૨

**3 BHK**
**સ્ટોર યુટીલીટી**
**વરંડા સાથે**

# રેડી પઝેશન બંગલોઝ વેચવાના છે

**એન.એ. – એન.ઓ.સી.**

**ટાઈટલ ક્લીયર સાથે લોનની સુવિધા**



- પ્લોટ એરિયા : ૧૦૮૯ ચો. ફૂટ
- બિલ્ટઅપ એરિયા : ૧૫૫૮ ચો. ફૂટ ઉપર નીચે
- પૂરતું પાર્કિંગ : ૧ ફોર વ્હીલર / ૨ ટુ વ્હીલર માટે
- કમ્પાઉન્ડ વોલ : ગેટ સાથે
- ધાબા ઉપર ટીકડી ટાઈલ્સ
- ધાબા ઉપર જવા માટે R.C.C દાદર કેબિન સાથે
- મ્યુનિ. પાણી ❐ પાણીનો પોતાનો બોર
- એલ્યુમિનિયમ બારીઓ, માર્બલ ઉપર ફિટિંગ
- રસોડામાં લાખારેડ ગ્રેનાઈટનું પ્લેટફોર્મ અને ધાબા સુધી ટાઈલ્સનો ડેકો
- બાથરૂમમાં માઉન્ટીંગ - ટોઈલેટ ❐ બેડરૂમમાં એટેચ્ડ્ ટોઈલેટ

**યશોદા બંગલોઝ**

**પાસ્ટરલ સેન્ટર સામે, અનેરી હાઈટ્સની આગળ,**
**ઈન્દિરાનગરથી હાઈવે જવાના રસ્તે, નડીઆદ**
**દિલીપભાઈ : ૯૯૨૫૨ ૦૮૧૭૫, ૯૫૩૭૦ ૪૬૯૨૫**

*Merry Christmas & Happy New Year 2015*

**Sanjay Parmar**
99247 24100
84018 88839

**Ultra Tech**
**CEMENT**
The Engineer's Choice

**Kashyap Kotak**
98250 50242
99244 47107

**Utsav Kotak**
**99985 02424**

# ANSAL

ENTERPRISES

**સિમેન્ટ, વ્હાઈટ પુટ્ટી, કલર પુટ્ટી, ટાઈલ**
**એડહેસીવના જથ્થાબંધના વેપારી**
**(સિમેન્ટ, કંપની ભાવથી ઉતારી આપવામાં આવશે.)**

**:: OFFICE ::**
10, Surya Prakash Complex, Opp. Dev Ashish School,
Satellite, Ahmedabad - 380015
Phone: 079-65499017
**Email:** ansalenterprise@yahoo.com

**:: RESIDENCE ::**
9, Ishwarkrupa Soc., Opp. Nutan School,
B/h Hatkeshwar Bus Depo, Hatkeshwar,
Ahmedabad - 380008
**Email:** neil_sk2007@yahoo.com



**નાતાલ તથા નવાવર્ષની શુભેચ્છાઓ**

**અરવિંદભાઈ (જિંટોડિયાવાળા)**
**મો. ૯૮૭૯૩ ૪૧૪૭૬**

# જલારામ કેટરર્સ

તમારા પ્રસંગને શોભાવનાર તથા વ્યાજબી ભાવે સંતુષ્ટ કામ આપનાર લગ્ન તથા શુભપ્રસંગે રસોઈ ડીસ ઉપર તથા લેબર કોન્ટ્રાકથી લેવામાં આવશે. **પંજાબી, ગુજરાતી, ચાઈનીઝ, કાઠીયાવાડી** રસોઈનું કામ કરી આપવામાં આવશે.

ખુરશી, ગાંદલા, મંડપ, ડેકોરેશનના કામ માટે મળો.

**આપના સાથ-સહકારથી અમારું નવું સોપાન**

**"જલારામ ફરસાણ એન્ડ સ્વીટ માર્ટ"** તા.૨૦-૧૧-૨૦૧૪ થી શરૂ કરેલ છે. તેમાં જરૂરથી મુલાકાત લેવા પધારશો જી.
નાતાલ માટે સ્વીટ (મીઠાઈ)નો ઓર્ડર અગાઉથી આપવા મહેરબાની.

**અમારું એડ્રેસ:**

**જલારામ કેટરર્સ "જલારામ ફરસાણ એન્ડ સ્વીટ માર્ટ"**
ઉમાભવન કચ્છીવાડીની બાજુમાં, ગ્રાન્ડ હોટલની સામે, બોરસદ ચોકડી, આણંદ

**પરમાર કિરીટ વાય.**

મો. ૯૮૨૫૭ ૭૪૪૩૨, ૯૭૧૨૮ ૪૩૧૫૮

(ઓ) ૦૨૬૯૨-૨૬૯૪૩૨

# અગ્નેલ

## મંડપ એન્ડ કેટરર્સ

***આપ સર્વને નાતાલ તથા નવાવર્ષની સોનેરી સલામ.***

**વેજઃ** ગુજરાતી - પંજાબી - ચાયનીઝ - કાઠીયાવાડી - સાઉથ ઈન્ડિયન

**નોનવેજઃ** ચીકન બીરીયાની - ચીકન મસાલા - ચીકન ટીક્કા - મટન બીરીયાની - મટન મસાલા - મટન ખીમા - મચ્છી ફ્રાય - તવા ફ્રાય

**લગ્ન, બર્થ-ડે પાર્ટી, સગાઈ તથા**
**અન્ય શુભ પ્રસંગોએ સ્વાદિષ્ટ રસોઈ માટે સંપર્ક કરવો.**

અનુરાધા સોસાયટી, ગાયત્રી મંદિરની પાછળ, ગામડી-આણંદ



**પરમાર કિરીટ વાય.** **અમિત**

મો. ૯૮૨૫૭ ૭૪૪૩૨ ૯૮૨૪૫ ૨૫૮૦૧

# કેટરર્સ

***આપ સર્વને નાતાલ તથા નવાવર્ષની સોનેરી સલામ.***

**વેજઃ** ગુજરાતી - પંજાબી - ચાયનીઝ - કાઠીયાવાડી - સાઉથ ઈન્ડિયન

**લગ્ન, બર્થ-ડે પાર્ટી, સગાઈ તથા**
**અન્ય શુભ પ્રસંગોએ સ્વાદિષ્ટ રસોઈ માટે**
**સંપર્ક કરવો.**

શુભમ્ આર્કેડ, એસ.એસ. હોસ્પિટલની બાજુમાં,
પેટલાદ સુણાવ રોડ, પેટલાદ



# WORK IN ISREAL



## કેર ટેકર જોબ ઈઝરાયેલ

૧૦૦% ગેરન્ટેડ વિઝા

કમાઓ રૂા. ૬૦,૦૦૦ થી રૂા. ૮૦,૦૦૦ સુધી મહીને તથા
૮.૦ થી ૯.૦ લાખ વર્ષમાં સાથે રહેવા-જમવાનું સગવડ ફ્રી.
જોબ ટ્રેઈનીંગ તથા ઈન્ટરવ્યુ પિપ્રેરેશન ભારત/ગુજરાત સરકાર માન્ય
તથા ઈઝરાયેલી એજન્સી ઓથોરાઈઝડ સંસ્થા દ્વારા હવે આણંદમાં
૨૪ થી ૪૯ વર્ષ સુધીના ભાઈ-બહેનો જઈ શકશે.

૩ થી ૪ અઠવાડિયામાં વિઝા



રહેવા-જમવાની સગવડ ફ્રી

**WORKS & SETTLE IN CANADA**
- Doctors
- Registered Nurse
- IT Professionals
- Physiotherapist
- Professional Cooks
- Industrial Electrician
- Welders, Crane Operators
- All kind of Engineers
- Any Academic Professional



**બાઈબલ ટુર :-**
ઈઝરાયેલ-જોર્ડન-ઈજિપ્ત-પેલેસ્ટાઈન
(૮ અને ૧૨ દિવસ માટે)
જેમાં સમાવેશ થાય છે.
- રીટર્ન એરફેર, લન્ચ, બ્રેકફાસ્ટ, ડીનર
- ટેક્ષ, વિઝા અને પ્રવેશ ફી
- થ્રી સ્ટાર હોટેલમાં રહેવાની સગવડ
- માર્ગદર્શન માટે ગાઈડ, ટીપ્સ અને મેડીકલ ઈન્સ્યુરન્સ





૨ વર્ષ બાદ કેનેડાના વિઝા

*S.K.Healthcare & Education Foundation's*

**સંપર્ક**

# ANAND CARETAKER TRAINING CENTRE

૩૦૯, નથવાણી ચેમ્બર્સ, પટેલ માર્કેટ સામે,
સરદાર ગંજ, આણંદ - ૩૮૮ ૦૦૧
ફોન (૦૨૬૯૨) ૨૫૨૭૨૦ મો. ૯૪૨૬૬૫૨૭૨૦
E-mail :anandcentre@yahoo.com

નર્સ અને અંગ્રેજી સ્પોકનને પ્રથમ પસંદગી



વધુ માહિતી માટે એપોઈન્ટમેન્ટ લઈને રૂબરૂ સંપર્ક કરો

**ખાસ નોંધ :- અમારા સેન્ટરમાં ટ્રેનીંગ લીધેલા કોઈપણ ઉમેદવારને ઈઝરાયેલ હાઈકમીશન દિલ્હી કે મુંબઈ દ્વારા હજુ સુધી રીફ્યુઝ કર્યા નથી.**

## લગ્ન વિષયક

*Gujarati RC parents invite proposals for their daughter 1986 born, BE Comp. in India, MBA in USA, working with well reputed company in Philodephia USA. The interested parents of well qualified / settled boy [USA] may please contact.

**M. 96016 32496**

**Email: williamparmar3@gmail.com**

* * *

*Gujarati RC parents invite proposals for their son 27/5'11" completed (MS) Masters in Engineering throughout Eng. Medium and working in well-reputed company in US. Girl should be well-qualified preferable doctor/engineer. First prefrence to girls residing in US.

Parents may contact on **73833 34960**

* * *

*ગુજરાતી કેથોલિક યુવતી, ઉંમર ૨૯ વર્ષ, ઊંચાઈ ૫'૬", રંગ ગોરો, (GNM નર્સિંગ, સ્ટાફ નર્સ), હાલ વધુ અભ્યાસ અર્થે લંડન. યોગ્ય યુવકના વાલીઓએ સંપર્ક કરવો. એન્જિનિયર, ફાર્માસીસ્ટ તેમજ અમેરિકા તથા કેનેડાના વિઝા ધરાવનારને પ્રથમ પસંદગી. જાહેરાતનો હેતુ ફક્ત યોગ્ય પાત્રની પસંદગી માટે જ છે. **મો. ૯૫૩૭૯ ૧૮૧૮૫, ૯૦૩૩૬ ૧૪૫૩૦**


## બ્રેનુન લુક્સ

★ બ્રાઈડલ-ગાઉન ★
વર્ક અને ફુલ એસેસરીઝ સાથે

હેડપીસ - વેલ - બુકે - ગ્લોઝ - પર્સ - જ્વેલરી

પાર્ટી વેર ઈવનીંગ - ગાઉન ★ ટ્યુનીક્સ ★ બર્થ-ડે ફ્રોક
★ કોમ્યુનિયન ફ્રોક ★ ફ્લાવર-ગર્લ ફ્રોક

લગ્ન-રિસેપ્શન-ગરબાની ડિઝાઈનર ચણીયા-ચોલી

હવે અમારે ત્યાંથી બ્રાઈડલ - ગાઉન માટે ખાસ વ્હાઈટ / સીલ્વર સેન્ડલની વિશાળ રેન્જ મળશે

● બ્યુટી પાર્લરનાં બ્રાઈડલ પેકેજ ●

ભાઈઓ માટે સુટ ★ બ્લેઝર ★ ઈન્ડો-વેસ્ટર્ન ★ શેરવાની પણ તૈયાર કરી આપવામાં આવશે.

પીના ક્રિશ્ચિયન (ફેશન ડીઝાઈનર)
ડૉ. લોરેન્સ એવન્યુ, મેથોડિસ્ટ ચર્ચ પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ.

**Mobile No. : 99134 94340, 98257 01610**
(ફોન કરીને મળવા આવવા વિનંતી)



## ઓલીવીયા ક્રિએશન

લગ્નની મેક્ષી, કોમ્યુનિયન ફ્રોક, તથા
કોમ્યુનિયન સુટ (છોકરાઓ માટે) ફુલ સેટ.
રૂા.૩,૫૦૦/- થી શરૂઆત થાય છે.

**અંજના શૈલેષ (૯૮૭૯૧ ૮૧૩૪૮)**
૧૧, આશીર્વાદ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, પાધરીયા આણંદ



## "વેલી'સ બ્લિસ"

**પ્રિન્સ મેકવાન (ફેશન ડિઝાઈનર)**

**ડિઝાઈનર વેર બ્રાઈડ અને ગ્રુમ બન્ને માટે**

**કમ્યુનિયન ફ્રોક, મેક્ષી, સાડી, શૂટ, શેરવાની**

**સંપર્ક: પ્રિન્સ મેકવાન**
**૮-એ, નવજીવન કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧**
**મો.: ૮૦૦૦૯ ૫૭૦૮૦ / ૯૭૨૫૨ ૩૯૨૯૨**

## મોકાનો પ્લોટ વેચવાનો છે

સહયોગ સોસાયટી, જયપ્રભુ સોસાયટીની પાસે,
પવનચક્કી રોડ, નડિયાદ

**સંપર્ક: ૯૪૨૬૫ ૨૫૮૫૧, ૮૪૬૦૬ ૧૫૩૦૩**



## બ્રાઈડ એન્ડ બ્રાઈડલ્સ

લગ્ન માટે મેક્સી બનાવનાર
કમ્યુનિયન સેટ, બેપ્ટિસમ સેટ

**પારૂલ જે. મેકવાન** (ડિઝાઈનર)
ફોન: (૦૨૬૯૨) ૨૫૦૫૯૫, ૯૮૭૯૮ ૫૭૭૯૭, ૯૭૨૭૭ ૦૪૧૨૫

*ચંદ્રનિલય, સૂર્યનગર સોસાયટી, પુષ્પવિહાર સામે, આણંદ - ૩૮૮ ૦૦૧*

## વેચવાનું છે

(ખ્રિસ્તી સમુદાયને પ્રથમ પસંદગી)

૩ રૂમ, રસોડું, ટેનામેન્ટ ટાઈપ મકાન વેચવાનું છે.

મકવાણા અલ્પેશકુમાર લલ્લુભાઈ
૧૦, ઈશ્વર પાર્ક સોસાયટી, ચન્દ્રસેતુ સોસાયટી પાછળ,
પવનચક્કી રોડ, નડીઆદ - ૩૮૭૦૦૨

**ફોન નં. ૯૪૨૬૩ ૭૪૩૮૯, ૯૬૦૧૪ ૬૪૩૫૮**



## શેરોન વેડિંગ ડ્રેસ ડિઝાઈનર

ક્રિશ્ચિયન લગ્ન માટે બાર વસ્તુઓનું પેકેજ ફક્ત રૂા. ૩,૫૦૦/-માં.
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ ફક્ત રૂા.૧૨૦૦/-માં.
ફક્ત મેક્ષી ૨૫૦૦માં. ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.

શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો, બાકરોલ, તા.જિ. આણંદ

**પરવીન એસ.:** 'ઈવાઝ'ના સ્પેશ્યલ કારીગર
**મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩**

*બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે.*
*તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.*

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જાસિન્તા ફ્રાન્સિસ પરમાર**

જન્મ: ૧૮-૧૦-૧૯૬૨


અવસાન: ૧૭-૧૧-૨૦૧૩

**"હું જ પુનરુત્થાન અને હું જ જીવન છું,**
**જેને મારામાં શ્રદ્ધા છે, તેનું મૃત્યુ થાય તો પણ તે જીવતો થશે."**

માટીમાં મળી ગયો દેહ,
પરંતુ સદા તમારી યાદો અમારા હૈયામાં.
હૃદયનો ઘા ક્યારેય રૂઝાશે નહિ,
આંખના ચક્ષુ ક્યારેય સુકાશે નહિ.
તારી ગજબની સહનશક્તિ ભૂલાશે નહિ.
સદાય માયાળુ ચહેરો તારો, ઘરમાં દેખાતો નથી.
પ્રેમાળ પરમપિતા, તારા દિવ્ય આત્માને
ચિર શાંતિ અર્પે એજ અભ્યર્થના અમારી.

**લિ. ફ્રાન્સિસ પરમાર તેમજ તમારાં વહાલાં બાળકો**
**નેલ્શન અને જોયસી**
સાબરમતી, અમદાવાદ

# દશમી પુણ્યતિથિએ સ્મરણાંજલિ



**સ્વ. બાવજીભાઈ અજાભાઈ જાદવ**

જન્મ: ૦૧-૦૭-૧૯૪૩

અવસાન: ૨૭-૧૨-૨૦૦૪

વંદનીય બાપુ,

જીવન એવું જીવ્યા કે જોનારા જોયા કરે.
કર્મ સદા એવા કર્યા સૌના હૃદયમાં ગુંજ્યા કરે.
દુ:ખથી કદી ડર્યા નહિ, સુખમાં કદી છલકાયા નહિ.
વ્યવહાર કદી ચૂક્યા નહિ, ધરમ કદી ભૂલ્યા નહિ.
સુખ, દુ:ખ વણી જીવનમાં સદા હસતા રહ્યા તમે.
અણધારી વિદાય આપની હચમચાવી ગઈ અમને.
પ્રભુબાપની ઈચ્છા પૂર્ણ થઈ માની મન મનાવી લીધું અમે.
ઈશ્વરપિતા આપના અમર આત્માને ચિર શાંતિ અર્પે એજ
અમારા અંત:કરણની પ્રાર્થના.

**લિ. આપની યાદમાં શારદાબેન તથા પરિવારજનો**
ક્રિશ્ચિયન સ્ટ્રીટ, મંજીપુરા, તા. નડીઆદ

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. થેરેસ્યાબેન દાઉદભાઈ મેકવાન**

(ગામઃ બેડવા)

અવસાનઃ ૨૩-૧૨-૨૦૧૩

તમે ભલે આ દુનિયામાં નથી, અમારા દિલમાં આપનું અસ્તિત્ત્વ છે. તમે ભલે આ ઘરમાં નથી, પણ ઘરની દીવાલોમાં આપનું અસ્તિત્ત્વ છે. તમે ભલે પ્રભુ પાસે દૂર દૂર જતાં રહ્યાં, અમારી યાદોની ક્ષણોમાં આપનું અસ્તિત્ત્વ છે. વસ્યા રહી અમારા જીવનમાં નિરંતર. હાલ પ્રભુનાં ચરણોમાં આપનું અસ્તિત્ત્વ છે.

આપનો મહેનતુ અને પ્રેમાળ સ્વભાવ, પ્રાર્થનામય જીવન અને ઉદારતા, સમાજસેવાલક્ષી પ્રવૃત્તિમય જીવન અને સદાય હસતો ચહેરો આપની યાદ અપાવ્યા કરે છે. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે. પ્રાર્થના સહ

**આપનો પરિવાર**
**દાઉદ આલોઈસ મેકવાન, સિસ્ટર મીના એલ.ડી.**
**પુત્રઃ સતીષનો પરિવાર પુત્રીઃ ઉષાનો પરિવાર**
**તેમજ સ્નેહીજનો ગામઃ બેડવા**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સુમિત્રાબેન મણીલાલ મકવાણા**

જન્મઃ ૦૧-૦૬-૧૯૪૮

અવસાનઃ ૨૪-૧૨-૨૦૧૩

જીવન એવું જીવી ગયાં કે, જોનારા જોયાં કરે
કર્મ એવાં કર્યાં કે, હૃદયમાં સૌના ગુંજ્યા કરે.
દુઃખથી કદી ડર્યા નથી, વ્યવહાર કદી ચૂક્યાં નથી.
ધર્મ કદી ભૂલ્યાં નથી, સુખદુઃખમાં સદાય હસતાં રહ્યાં.
જીવનભર મહેનત કરી શૂન્યમાંથી સર્જન કરી
કુટુંબ માટે ફૂલો પાથર્યા.
પુનરુત્થાનની પ્રભાતે ફરીથી મળીશું એવી આશા.
પ્રભુ આપના આત્માને ચિર શાંતિ બક્ષે એજ અભ્યર્થના.

સુરભિ એવન્યુ, બી-૨૧૪
સરદારનગર, વડોદરા -૨

**લિ. મણીલાલ એમ. મકવાણા**
**તથા સમસ્ત પરિવાર**

## દ્વિતીય સ્નેહભરી સ્મરણાંજલિ



**સ્વ. સ્મિતા**

જન્મઃ ૨૦-૦૩-૧૯૭૦

અવસાનઃ ૨૮-૧૨-૨૦૧૨

વ્હાલસોયી સ્મિતા,

સમયરૂપી વહેણમાં તારી વિદાયને જોતજોતામાં બે વર્ષ વિતી ગયાં. તારું ઉદ્યમીપણું, પ્રેમાળ વ્યક્તિત્ત્વ, નમ્રતા, ઉદારતા, ધગશ, કાર્યશીલતા, સહનશીલતા અને કૌટુંબિક ભાવનાનાં સંસ્મરણો અમારાં હૈયામાં રહેશે. સમયનો સાથ ઘડીકનો સંગાથ આપી ગયાં છો. છોડી અમ સર્વનો સાથ હવે સ્વર્ગે ગયાં છો. નથી માનતું મન કે નથી તું અમ સહવાસમાં. એક ઝલક માગીએ છીએ સ્મૃતિ અમ નજરમાં છે. ખ્રિસ્તના વિશ્વાસુ છીએ, ખ્રિસ્તમાં વિશ્વાસ છે, પુનરુત્થાનની પ્રભાતે ફરી મળવાની એક આશ છે.

**તારાં સ્વજનો**
**જોસેફભાઈ તથા પુષ્પાબેનનો સમગ્ર પરિવાર**
નવજીવન કોલોની, આણંદ

## તૃત્તીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. માર્ગરેટ (માગી)**

જન્મઃ ૦૬-૦૩-૧૯૮૩

અવસાનઃ ૦૪-૧૨-૨૦૧૧

**ત્રી**જી પુણ્યતિથિ તું જ આવી, મનદુઃખ સાથે આંસુ લાવી.
**જી**વતી હતી જગમાં તું જ્યારે દુઃખ છુપાવી હસતી રહી ત્યારે
**પૂ**છતાં તારાં બાળ નાનેરા જ્યાં આઈ.સી.યુ.માં હતી સેવા તારી
**ન**થી ગમતુ તમ વિણ અમને કોણ લે સંભાળ અમારી,
**ય**દી પૂછશે આર્યન નાનો ફોઈ માગી સ્વર્ગે સિધાવી
**તિ**ક્ષણ વાગશે ઘા મુજ હૃદયે જવાબ આપવો પડશે ભારી
**થી**જી ગયા મુજ આંખમાં આંસુ અદ્ધર અટકી રહ્યા મુજ પ્રાણ
**એ**કલ પંડે જીવી રહ્યા અમ, તમ વિણ કોણ લે અમ સંભાળ
**મા**ગીએ ક્ષમા દીકરી તારી, ભૂલચૂક થઈ હોય જો અમારી
**ગી**રજા ઘરમાં પાય પડીને માંગીએ ક્ષમા પ્રભુ તમારી
**ને** સુણી વિનંતી મારી દીકરીને લેજે સ્વર્ગે તારી

**ફરી મળવાની આશા સહ તારાં સ્વજનો,**
**મમ્મી-પપ્પા (૩૩/૩૪, નવરંગ ટાઉનશીપ, નડીઆદ - ૨)**
**મોટાભાઈ ઈમાનુએલ તેમજ નાનો આર્યન (વડોદરા)**
**મોટી બહેન સરોજ (મધરમેરી - ૨-૩૦, નડીઆદ) હાલઃ ઈઝરાયેલ**
મો. ૯૬૩૮૬ ૩૬૪૯૬

## તૃતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. આગ્નેશબેન સાયમન મેકવાન**

જન્મ: ૦૧-૦૬-૧૯૪૧

અવસાન: ૩૦-૧૨-૨૦૧૧

"હું જ પુનરુત્થાન અને હું જ જીવન છું,
જેને મારામાં શ્રદ્ધા છે, તેનું મૃત્યુ થાય તો પણ જીવતો થશે."

જીવન એવું જીવી ગયાં કે, જોનારા જોયા કરે.
કર્મ સદા એવાં કર્યા, સૌના હૃદયમાં ગુંજ્યા કરે.
સુખ દુઃખ વણી જીવનમાં સદા હસતાં રહ્યાં તમે.
અણધારી વિદાય આપની હચમચાવી ગઈ અમને.
સમય જિંદગીનો ઓછો હશે, એ ક્યાં ખબર હતી?
વિદાય તમારી અણધારી હશે, એ ક્યાં ખબર હતી?

**લિ. જસ્ટીન સાયમન મેકવાન**

૩૦૩, શિવ ઓમ એન્કલેવ, ટી.પી.૧૩, છાણી જકાતનાકા, વડોદરા
સામરખા

## પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ઈલા દિપક મેકવાન**

જન્મ: ૦૮-૦૬-૧૯૬૩

અવસાન: ૦૯-૧૨-૨૦૦૯

"અમને ખાતરી છે કે ઈલા પ્રભુના સાનિધ્યમાં તું આનંદમાં હશે જ."

અતિ વ્હાલી મારી ઈલા,

તારા દેહાવસાનને આજે પાંચ વર્ષ વીત્યાં પણ મન હજુ માનતું નથી કે તું હયાત નથી. મૃત્યુને તે જીરવી જાણેલ, દુઃખને પચાવી જાણેલ, બાવીસ વર્ષ તે કષ્ટનો ક્રોસ લઈને હસ્તે વદને તારા દિપકને સથવારો આપેલો. તારું દુઃખ તે કદી વહેંચ્યું નહોતું અને એટલે જ તે દુઃખ પર વિજય મેળવેલો. દુઃખ તારાથી દુઃખી બન્યું તું અને વેદના તારી આગળ વલખા મારતી હતી. આજે તું નથી તેનું દુઃખ છે. પણ તું પ્રભુના સાનિધ્યમાં આનંદીત છું તેવો વિશ્વાસ છે. ઈશ્વર તને આવકારતાં જરૂર હરખાયા હશે.

પ્રભુ તારા આત્માને શાશ્વત શાંતિ આપે એવી પ્રાર્થના.

**લિ. તારા વહાલો દિપક લુકાશ મેકવાન**
**લુકાશ પરિવાર, અંતોન પરિવાર તથા પ્યારા સ્નેહીજનો**
૩, અલ્પેશ સોસાયટી, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ

## દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ફ્રાન્સિસ્કા(બબીબેન)**

જન્મ: ૩૦-૦૩-૧૯૩૨

અવસાન: ૦૩-૧૨-૨૦૦૪

"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."

'મા શબ્દની સોડમ 'બબીમા'
અતિથિનો આદર 'બબીમા'
પ્રેમનો પર્યાય 'બબીમા'
ફૂલની ફોરમ 'બબીમા'

આપની વિદાયને આજે દસ વર્ષના વહાણાં વીતી ગયાં છે. છતાં તમારી એ નિર્મળ, મમતાભરી છબી અને યાદ હજુ અમારા હૃદયમાં સ્થાપિત છે. પ્રભુ તમારા આત્માને અમર શાંતિ બક્ષે અને સ્વર્ગમાંથી તમે અમારા કુટુંબ ઉપર આશીર્વાદ વરસાવો એજ પ્રાર્થના સહ

**લિ. આન્દ્રેઆસના પરિવારજનો**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. કાન્તાબેન કાન્તિલાલ મકવાણા**

જન્મ: ૧૧-૦૩-૧૯૪૪

અવસાન: ૨૫-૧૨-૨૦૧૩

આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી.
આપનું વાત્સલ્ય અમારો પ્રાણ છે.
આપના સંસ્કાર એ શાશ્વત યાદ છે.
આપની કુટુંબભાવના એ અમારી શાન છે.
આપનો પ્રેમાળ સ્વભાવ અમારી પ્રેરણા છે.
આપની ધાર્મિક ભાવના અમારો આદર્શ છે.
આપના આશીર્વાદ એજ અમારી મૂડી છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ આપે એજ પ્રાર્થના.

"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."

**લિ. ગિરીશભાઈ કાંતિલાલ મકવાણા તથા સહ પરિવાર - પીજ**
(મો. ૯૯૭૪૯ ૨૦૧૯૯)

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મણિલાલ ગોપાલદાસ પરમાર**

જન્મઃ ૨૬-૧૧-૧૯૪૫

અવસાનઃ ૨૬-૧૨-૨૦૧૩

તમારી અણધારી વિદાયને આજે જોતજોતાં એક વર્ષ વિતી ગયું પણ હજી મન માનવા તૈયાર નથી કે તમે અમારી સાથે નથી. "આંખમાં આંસુ અને દિલમાં તમારી યાદ છે. આજે પપ્પા તમે નથી એજ અમારી ફરિયાદ છે." જીવનભર મહેનત કરી પરિવારને સુખશાંતિ આપતા ગયા. જ્યારે ખુશીની પળો વિતાવવાની આવી ત્યારે સ્વપ્નમાંય વિચાર્યુ ન હતું કે, તમે અમને છોડીને પ્રભુની પાસે ચાલ્યા જશો. તમારી સાથે વિતાવેલા દિવસોની યાદ હંમેશાં અમારા દિલમાં રહેશે. તમારો એ સદા સ્મિતભર્યો હસતો ચહેરો અમારી સામે હંમેશાં રહે છે. પપ્પા, છતાંય અશ્રુભીની આંખે અમે તમને શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. પ્રભુ, આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ અમારી દિલની પ્રાર્થના.

"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."

૪/બી, સૂર્યનગર<br>વડોદરા

**લિ. સવિતા એમ. પરમાર**<br>**તમારી વ્હાલી દીકરીઓઃ ટીની અને સંગીતા**

## શ્રદ્ધાંજલિ



**સ્વ. શિવાભાઈ જેઠાભાઈ મેકવાન**<br>જન્મઃ ૧૭-૦૧-૧૯૩૧<br>અવસાનઃ ૧૪-૧૨-૧૯૯૪

**સ્વ. મણિબેન શિવાભાઈ મેકવાન**<br>અવસાનઃ ૦૫-૦૮-૧૯૯૬

વંદનીય મમ્મી-પપ્પા,<br>
જીવન એવું જીવ્યાં કે જોનારા જોયા કરે<br>
કર્મ સદા એવાં કર્યા સૌના હૃદયમાં ગુંજ્યા કરે<br>
દુઃખથી કદી ડર્યા નહીં, સુખમાં કદી છલકાયાં નહીં<br>
વ્યવહાર કદી ચૂક્યાં નહિ, ધરમ કદી ભૂલ્યાં નહીં<br>
સુખ દુઃખ વણી જીવનમાં સદા હસતાં રહ્યાં તમે<br>
અણધારી વિદાય આપની હચમચાવી ગઈ અમને<br>
પ્રભુબાપની ઈચ્છા પૂર્ણ થઈ માની મન મનાવી લીધું અમે<br>
ઈશ્વરપિતા આપના આત્માને ચિર શાંતિ અર્પે એજ<br>
અમારાં અંતઃકરણની પ્રાર્થના.

સ્ટ્રીટ નં.૬, જીસસનગર, આણંદ

**આપની યાદમાં તમારાં બાળકો**

## સાતમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મનોજ એસ. મેકવાન**


જન્મઃ ૨૩-૧૦-૧૯૮૧

અવસાનઃ ૨૩-૧૨-૨૦૦૮

પ્રિય મનોજ,<br>
તારા પરલોકે પ્રયાણને સાત સાત વર્ષ વહી ગયાં,<br>
પણ સહેજે પ્રતીતિ થતી નથી કે, તું અમારી સાથે નથી.<br>
તારાં સ્મરણો છબીમાં જ નહિ, પણ અમારા સમગ્ર<br>
અસ્તિત્ત્વમાં પ્રસરી ગયેલાં છે.<br>
કવિ કલાપીના શબ્દોમાં કહીએ તો,<br>
"જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની..."<br>
પુનરૂત્થાનની પ્રભાતે ઈશ્વરના ધામમાં<br>
મળવાની અખૂટ શ્રદ્ધા સહ,

**તારાં મમ્મી-પપ્પા, પત્ની અને વહાલસોયી દીકરી એન્જલ**<br>
એચ-૨૪, કાશીધામ, અખંડ કવિતા પાર્કની પાછળ,<br>
ન્યુ સમા રોડ, વડોદરા - ૩૯૦૦૨૪<br>
મો. ૯૭૨૩૯ ૧૩૫૦૬

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. શૈલેષ(સિમોન) ગોવિંદ પરાસર**

જન્મઃ ૨૯-૦૮-૧૯૫૬

અવસાનઃ ૦૭-૧૨-૨૦૧૩

કોને હતી એવી ખબર છે જિંદગી એવી સફર, જે લઈ જશે મંઝિલ સુધી, ને રાખશે મંઝિલ વગર, તમારી વિદાયને આજે એક વર્ષ પૂરું થયું, છતાં આંખો અને મન માનતું નથી. જીવન એવું જીવ્યા કે, જોનારા જોયા કરે. કર્મ એવાં કર્યા કે હૃદયમાં સૌના ગુંજ્યા કરે. દુઃખથી કદી ડર્યા નથી, વ્યવહાર કદી ચૂક્યા નથી. ધર્મ કદી ભૂલ્યા નથી, સુખદુઃખમાં સદાય હસતા રહ્યા. જીવનભર મહેનત કરી શૂન્યમાંથી સર્જન કરી કુટુંબ માટે ફૂલો પાથર્યા. 'ચંકી', 'ચીકુ'ના રાહદાર ક્યાં ગયા? 'કૈલાશ'ના સાથીદાર સાથ છોડી ગયા.

"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."

સી/૭, નતાશા પાર્ક રેસીડન્સી,<br>વડોદરા

**લિ. તમારાં પત્ની કૈલાશ અને બાળકો**<br>**મૃગેશ અને પંકેશ તેમજ મા-બાપુ**

**નોંધઃ** *અમારા શૈલેષની માંદગી તેમજ અંતિમ વિદાય વખતે આપેલ મદદ બદલ સર્વે કુટુંબીજનો, ફાધરો, સિસ્ટરો, પેરિશના સર્વ ભક્તજનોનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.*

## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. રતનબેન આન્દ્રેઆસ જાદવ**


જન્મ: ૧-૫-૧૯૩૧ ★ અવસાન: ૨૯-૧૦-૨૦૧૩

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિનાં પુષ્પો અર્પણ કરતાં...

**લિ. આપનો દુ:ખિત 'જાદવ' પરિવાર**

દિવ્યદર્શન સોસાયટી, મોગરી, તા. આણંદ

## સોલર સિસ્ટમ




સોલર સિસ્ટમ, ઘર, ઓફિસ, શાળા, કોલેજ, હોસ્ટેલ, હોસ્પિટલ વગેરે સ્થળોએ પાવર પ્લાન્ટ નાખી આપવામાં આવશે. સોલરને લગતી લાઇટ, બેટરી, સ્ટ્રીટલાઇટ, પંખા વગેરે વસ્તુઓ મળશે.

**સંપર્ક:**

**કલ્પેશ મેકવાન: ૯૯૭૪૩ ૩૬૫૮૭**

## તૃત્તીય પુણ્યતિથિ



**સ્વ. આન્દ્રેઆસ ગાબ્રિએલ જાદવ**

જન્મ: ૧-૧૨-૧૯૨૭ ★ અવસાન: ૧-૧-૨૦૧૨

પરમપવિત્ર પરમાત્મા તમારા આત્માને શાશ્વત શાંતિ અર્પે. પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. આપનો દુ:ખિત 'જાદવ' પરિવાર**

દિવ્યદર્શન સોસાયટી, મોગરી, તા. આણંદ

## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. માધવભાઈ હિરાભાઈ ખંભોળજવાળા**

જન્મ: ૧૫-૬-૧૯૨૭ ★ અવસાન: ૨૨-૧૨-૨૦૧૩

પરમપવિત્ર પરમાત્મા તમારા આત્માને શાશ્વત શાંતિ અર્પે. પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. તમારો દુ:ખી પરિવાર**

**રાઠોડ જહોનભાઈ માધવભાઈ - બાકરોલ**

## પાંચમી પુણ્યતિથિ



**સ્વ. રાયમુન્દભાઈ ધનજીભાઈ મકવાણા**

જન્મ: ૧-૬-૧૯૫૨ ★ અવસાન: ૧૯-૧૨-૨૦૦૯

"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."

**લિ. કિરપાબેન આર. મકવાણા તથા પરિવાર**

દિવ્યદર્શન સોસાયટી, મોગરી, તા. આણંદ

## પાંચમી પુણ્યતિથિ



**સ્વ. ફિલીપભાઈ એ. મેકવાન**

જન્મ: ૮-૩-૧૯૩૭ ★ અવસાન: ૨૧-૧૦-૨૦૦૯

"હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું."

**લિ. સુશીલાબેન - દેવિદાસભાઈ**

**હેતલ - કેવેન - મયુર**

## પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. વસંત રાઠોડ**

જન્મ: ૦૫-૧૦-૧૯૫૧

અવસાન: ૨૬-૧૨-૨૦૦૯

વસંત-ઈન્દુ રાઠોડ પરિવારના તમે મોભી. ઈશ્વરના કોલને માન આપી, પરિવારમાંથી વિદાય લઈ સ્વર્ગે સિધાવ્યાને પાંચ વરસનાં વહાણાં વહી ગયાં. આ પાંચ વરસ દરમિયાન આપણા પરિવારમાં નાની-મોટી સુખદ અને દુ:ખદ ઘટનાઓએ આકાર લીધો. એ દરેક પ્રસંગે તમારું સ્મરણ અમને હૂંફ અને સાથનો અહેસાસ કરાવતી રહી છે.


એમાંની ત્રણ ઘટના દરમિયાન તમે વિશેષ યાદ આવ્યા. પહેલો પ્રસંગ. આપણો વહાલનો દરિયો 'શીતલે' પોતાનો ઘરસંસાર જયેશકુમાર સાથે વસાવી લીધો ત્યારે. જયેશકુમાર, આપણા દીકરા સચિનની જેમ જ ઘરનો દીકરો બની રહ્યા છે. બીજો પ્રસંગ. અમારા પિતા, પાઉલ વાઘેલા પરિવારના વડીલ-મુરબ્બી, રમેશભાઈ વાઘેલા (નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશ). જયેષ્ઠ બંધુ, અમને સૌને અલવિદા કરી, અસ્તિત્વમાં વિલીન થઈ ગયા ત્યારે. ત્રીજો પ્રસંગ, શીતલ-જયેશકુમારની દીકરી, આપણી દોહિત્રી, સચિન-નિલમની વહાલી ભાણેજ આશ્વીએ આપણા પરિવારમાં ઉમેરો કર્યો ત્યારે. આશ્વી પરિવારમાં ખુશી અને આનંદનો પ્રર્યાપ્ત બની, ઘરને કિલ્લોલતું કરી દીધું છે.

તમે અમારાથી તો દૂર થયા જ નથી. પણ દેહસ્વરૂપે તમારી ખોટ તો સાલે જ છે. ઈશ્વર તમારા આત્માને શાંતિ આપે.

**લિ. ઈન્દુ વસંત રાઠોડ તથા રાઠોડ પરિવાર**

શીતલ, સ્મૃતિ સોસાયટી, ગામડી, આણંદ - ૩૮૮૧૨૨

## છઠ્ઠી સ્નેહભરી શ્રદ્ધાંજલિ



**સ્વ. અંતોનભાઈ મીઠાભાઈ ડાભી**

જન્મ: ૨૩-૦૨-૧૯૩૯

અવસાન: ૨૫-૧૨-૨૦૦૮

ખ્રિસ્ત ઈસુમાં અંતોન આપને બાળઈસુના વધામણાં અને અમને આપેલ સંભારણાં સાથે નાતાલની સલામ.

સુખ દુ:ખ વણી જીવનમાં સદા હસતાં હસતાં અઢાર વરસ લકવારૂપી ક્રોસ ઉપાડી અમોને યાદગાર દિવસ આપી પ્રભુને પ્યારા થઈ ગયા. આપની વિદાયનાં ૬(છ) વરસ પૂરાં થયાં. હરપળ આપનાં સ્મરણો યાદ આવે છે. એ યાદોની સહારે જીવનપંથ કપાય છે. બસ એજ આશા પુનરુત્થાનની પ્રભાતે મળીશું. પરમપિતા આપના દિવ્ય આત્માને પરમશાંતિ બક્ષે એજ પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. જય ઈસુ.

**લિ. આપની શાન્તા તથા બાળકો**

**ફાધર પ્રમોદ એસ.જે. (દાર્જિલિંગ)** **સિસ્ટર સુધા એલ.ડી. (લીમડાપુરા)**

**રજનીકાંત-હીના** **નિલેશ-સ્મિતા** **સેલવમ-વંદના**

**કિંજલ, કાજલ** **ક્રિસ્ટલ, ક્લેરેન્સ** **અનાયા, આયાન**

૧૬, વૈભવ સોસાયટી, આણંદ (ગામ: જોળ) **લિ. સ્વ. અંતોન એમ. ડાભી પરિવાર**

***શુભેચ્છા:*** *સૌ સગાંવહાલાં, ઈસુપંથી અન્યોને નાતાલ નવા વરસની શુભેચ્છા.*

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. પરમાર પીયૂષભાઈ ફેલીક્ષભાઈ**

જન્મ: ૦૭-૦૩-૧૯૩૯


અવસાન: ૧૨-૧૨-૨૦૧૩

વ્હાલા બાપુજી,

આપની વિદાયને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. આપનાં જીવનનાં સંસ્મરણોને યાદ કરીને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. આપના પરગજુ સ્વાભાવથી હંમેશાં પરિવાર તથા સગાંસ્નેહીઓને મદદરૂપ બન્યા છો. પરિવાર અને સ્નેહીજનોની મુશ્કેલીઓ તમે કુનેહપૂર્વક પાર પાડી છે. ઉદ્યમશીલતા, ધર્મપરાયણતા આપના આગવા ગુણ હતા. આપે અમારામાં સિંચેલ સંસ્કારો થકી જીવન જીવવાની પ્રેરણા મળે છે. પ્રભુનું સાનિધ્ય આપને સુખસભર બનાવે એજ પ્રાર્થના.

**લિ. આપનો પરિવાર**
**શાન્તાબેન તથા સમસ્ત પરિવાર**
પ્રેસ કોલોની, આણંદ

## દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ઉમેદભાઈ મકાભાઈ રાઠોડ**

જન્મ: ૧૭-૦૪-૧૯૩૯

અવસાન: ૦૪-૧૨-૨૦૧૨

આત્માનો અવાજ કોઈ સાંભળી નથી શકતું.
દિલમાં થતું દુઃખ કોઈ જોઈ નથી શકતું.
પ્રેમનું અંતર કોઈ માપી નથી શકતું.
ધરતી પર આવેલા મનુષ્યનું મૃત્યુ કોઈ રોકી નથી શકતું.
જન્મ અને મૃત્યુ વચ્ચેનું સમય ભગવાને નક્કી કરેલ છે એને વધારે કે ઓછો કરી નથી શકતું.

તમારી ને અમારી વચ્ચે જીવનયાત્રાનો સમય ઓછો મળ્યો એ સમયની યાદો કદી ભૂલાશે નહિ. પ્રભુ આપના આત્માને દિવ્ય શાંતિ આપે એજ અમારી પ્રાર્થના.

**લિ. દુઃખી પરિવાર**
**લુશિયા, રાજેશ, અમિતા, રાજવી, હિતાશી, વિરાજ**


## દુનિયામાં રહીને દુનિયાના દીવા બનવા...

શું તમે તમારા કુટુંબ અને સમાજમાં રહીને જ ઈશ્વર સેવામાં સમર્પિત જીવન જીવવા માગો છો?

શું તમે આશાવિહોણા બનેલા લોકો માટે આશા, ગરીબો તથા ભૂલા ભટકેલા લોકો માટે ઈશ્વરીય પ્રેમ અને માર્ગ બનવા માગો છો?

શું તમે સંત ઈગ્નાસના પગલે ઈશ્વર સેવા કરવા તૈયાર છો?

તો આપને સેક્યુલર સંસ્થા
"The society of our Lady of the way" આવકારે છે.

**:: વધુ માહિતી માટે સંપર્ક કરો ::**

| Muriel Schooner | Anita Parmar |
|---|---|
| Jodhpur | Vadodara |
| (M) 08290631116 | (M) 90333 60187 |


## શ્રદ્ધાંજલિ



**સ્વ. રશ્મીકાંત હેનરી પરમાર**

જન્મ: ૨૨-૦૮-૧૯૬૮

અવસાન: ૦૭-૧૧-૨૦૧૪

પ્રભુ પાસે જવાનો સમય એ સત્ય છે પરંતુ આટલી ઉતાવળી વિદાયે અમોને અપાર દુઃખમાં નાખી દીધા. તમે આખું જીવન હસતા રહ્યા અને સૌને હસાવતા રહ્યા. શારીરિક રીતે દુઃખી હતા પણ સૌમાં તમારો પ્રેમ ફેલાવતા રહ્યા. જેમ તમે લોકોની સેવા માટે તમારા દિલના દ્વાર ખુલ્લા રાખ્યા તેમ તમને પણ લોકોએ બનતી સેવા અને સહકાર આપ્યા.

અમારા મનને અમે કેમ મનાવીશું? આપનો મિલનસાર સ્વભાવ અમને સદાયે યાદ રહેશે. પ્રભુ આપના આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી પ્રાર્થના.

**લિ. તમારાં ધર્મપત્ની દિનાબેન તથા**
**બાળકો: મિશાલ અને જેસન**
સર્વોદય સોસાયટી, નડીઆદ

# પંખીની પાંખે

# ધર્મવસુધા

## કાર્યશાળા : સન્માનપૂર્વક જીવન

**ઢાકા :** મિશનરી ઓફ ચેરીટીના સાધ્વીબહેનોએ બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં સન્માનપૂર્વક જીવન અને જાતીયતા અંગે એક કાર્યશાળાનું આયોજન કર્યું હતું. આ કાર્યશાળામાં મુસલમાન, હિન્દુ અને ખ્રિસ્તી સહિત ૨૦૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આ કાર્યશાળામાં અનિચ્છિત ગર્ભધારણની સ્થિતિમાં સ્ત્રીઓને મદદ કરીને જીવન જીવવાની પ્રેરણા તથા યોન સંબંધી પવિત્રતા જાળવવા બાબતે શિક્ષણ આપવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે મિશનરીશ ઓફ ચેરીટીનાં સાધ્વી-બહેનો પ્રતિમાસે ઘણી યુવતીઓને મદદ કરે છે જે યુવતીઓ બળાત્કાર / અનૈતિક સંબંધોના કારણે અનિચ્છાથી ગર્ભવતી બને છે.

બાંગ્લાદેશમાં મધર ટેરેસાના સાધ્વીબહેનોનું આ એક અત્યંત વખાણવા લાયક કાર્ય છે. જે એકલી માતાઓને સમર્થને આપે છે. તથા ગર્ભપાતનો વિરોધ કરીને આવી સ્ત્રીઓને જીવન જીવવા પ્રેરણા અને માર્ગદર્શન આપે છે. કાર્યશાળાના સંયોજક સિસ્ટર મારિયાએ કહ્યું હતું કે, ‘આવી દુઃખદ ઘટનાઓનો શિકાર મોટાભાગે ગરીબ અને વંચિત સ્ત્રીઓ જ બનતી હોય છે. કેવી કરુણતા છે!’ — એશિયા ન્યુઝ

## પરિવાર સામેની ગંભીર સમસ્યાઓ

**વેટિકન :** શુભસંદેશ ફેલાવવાના સંદર્ભમાં પરિવારો આજે અનેક પ્રકારના પ્રશ્નોનો, પડકારોનો સામનો કરી રહ્યાં છે. તેની ચર્ચા સીનડમાં કરવામાં આવી હતી. વર્તમાન કટોકટીભર્યા સમયમાં લગ્નના ધાર્મિક સંસ્કારો, લગ્નમાં વફાદારી અને પારિવારિક જીવન અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે. કાર્ડિનલ વેલાસીઓ ડી. પાઓલીસે જણાવ્યું હતું કે કુટુંબ અને લગ્ન એ સમાજનું મધ્યબિંદુ છે. કુટુંબ કટોકટીમાં હોય ત્યારે સમાજ પણ કટોકટીમાં આવે છે જ અને સમાજ કટોકટીમાં હોય તો કુટુંબ પણ કટોકટી અનુભવે છે જ. કાર્ડિનલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જે લોકોનાં લગ્ન વિચ્છેદ થયેલ છે તેમનાં પુનઃલગ્ન થાય એજ એકમાત્ર અગત્યનો મુદ્દો નથી.

જે પરિવાર જીવનને સ્પર્શતો હોય, પણ એવા ઘણા ગંભીર પ્રશ્નો છે જે પરિવાર જીવનને સ્પર્શે છે. એવા ઘણા છે જે લોકો લગ્ન કર્યા વગર સાથે રહે છે. આ એક મોટો પ્રશ્ન છે. વિશ્વભરનો આ પ્રશ્ન છે. કાર્ડિનલે ઉમેર્યું હતું કે, નામદાર વડાગુરુ કે સીનડ લગ્ન અંગેનાં સિદ્ધાંતો બદલવાના નથી પણ કુટુંબજીવન અને તેની સમસ્યાઓના ઉકેલ માટે નવા રસ્તાઓ શોધવાના પક્ષમાં છે. કેટલીક બાબત એવી છે જે બદલાઈ શકતી નથી. નામદાર વડાધર્મગુરુ પણ ધાર્મિક સિદ્ધાંતો બદલી શકે નહિ. કેટલાક સિદ્ધાંતો આધાર વિનાના છે તેને સમજી શકાય છે, તેને બદલી શકાય કે તેને પુનઃ ઘડી શકાય છે કે ફેરફાર કરી શકાય છે. આ પ્રશ્ન છે જેના માટે સીનડનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું કે જેથી આવા પ્રશ્નોનો અભ્યાસ કરી શકાય કે જે પ્રશ્નોનો સામનો આજે દુનિયાભરના મોટાભાગનાં ક્ષેત્રોનાં પરિવાર કરી રહ્યાં છે. — વેટિકન ન્યૂઝ

## જ્ઞાનવર્ધક સભા

**કન્યાકુમારી :** ઈન્ડિયન કેથલિક પ્રેસ એસોસિએશન (ICPA)ની સામાન્ય સભા અને રાષ્ટ્રીય કક્ષાની ૨૦મી જ્ઞાનવર્ધકસભા તમિલનાડુમાં કન્યાકુમારી ખાતે ‘તોળામાઈ ઈલ્લમ’ (ઈસુસંઘી ધ્યાનકેન્દ્ર) માં ઓક્ટોબરની ૨૪ અને ૨૫મી તારીખે યોજવામાં આવી હતી. ખ્રિસ્તી પત્રકારોની જ્ઞાનવર્ધકસભા (કન્વેન્શન)માં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ અને હાલ લઘુમતિ કમિટિના સભ્ય સીરિયક જોસેફ મુખ્ય વક્તા હતા. તેમણે કહ્યું કે, સંચાર માધ્યમોએ ભ્રષ્ટાચાર સામે લડવામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. ઘણીવાર માધ્યમોએ વૈજ્ઞાનિક સંશોધનોની પ્રગતિ લોકોની નજર આગળ લાવવામાં તેમ જ શિક્ષણનાં મૂલ્યો ફેલાવવામાં ખૂબ સારું કામ કર્યું છે. છતાં લેખન અને અહેવાલ લખવામાં કેટલાક લેખકો અને પત્રકારોએ અપ્રમાણિક્તાથી ભ્રષ્ટાચાર પણ આચાર્યો છે!

ચોક્કસ દાખલાદલીલથી પોતાની વાત સમજાવતાં ન્યાયાધીશ સીરિયક જોસેફે કહ્યું હતું કે આપણી વચ્ચે અન્યાયનું મૂળ કારણ માનવહક્કનું ઉલ્લંઘન છે. આપણે હરહંમેશાં માનવહક્કોનું રક્ષણ કરવું જોઈએ, એનું સમર્થન કરવું જોઈએ અને એને બચાવવા માટે સંરક્ષક બનવું જોઈએ પત્રકારોએ હમેશાં ન્યાય અને સત્યનો પક્ષ લેવો જોઈએ.

જ્ઞાનવર્ધક સભામાં મુખ્ય મહેમાન તરીકે બોલતાં CBIના સંચારમાધ્યમ કાર્યાલયના અધ્યક્ષ ધર્માધ્યક્ષશ્રી સાલ્વાદોર લોબોએ કહ્યું કે, “ખ્રિસ્તીધર્મ નીતિન્યાય અને સદાચારને રસ્તે ચાલવા પ્રતિબદ્ધ છે. ખ્રિસ્તી પત્રકારો અને લેખકોએ ઈસુએ ચીંધેલા સત્ય જીવનને માર્ગે માણસાઈ અને માનવગરિમાના સંવર્ધક તરીકે કામ કરવું જોઈએ.” સાંપ્રત સમયમાં પત્રકારોની કામગીરી વિશે ડો. જોન વિલાનિલમે કહ્યું કે, પત્રકારે પોતાના વિસ્તારથી બરાબર વાકેફ બનીને અવાજ વિનાના લોકોનો અવાજ બનીને કામ કરવું જોઈએ. આ પ્રસંગે સંચાર માધ્યમો સામેના પડકારો વિશે બોલતાં ફાધર સેડ્રિક પ્રકાશે કહ્યું હતું કે, “ખ્રિસ્તી પત્રકારોએ સત્ય, માનવહક્કો અને ન્યાય જેવા શુભસંદેશના મૂલ્યો સાથે કદી બાંધછોડ કરવાં ન જોઈએ.”

જ્ઞાનવર્ધકસભામાં માજી એમ. એલ. એ. રોસાકુટ્ટીએ મોટા ભાગની સ્ત્રીઓના ખેદજનક અનુભવોના દાખલાઓ સાથે સ્ત્રીશક્તિકરણના મહત્ત્વ વિશે વાત કરી હતી. CBCI સંચાર માધ્યમોના સેક્રેટરી ફાધર જોર્જ પ્લાતોટ્ટમે આ પ્રસંગે કહ્યું હતું કે કેથલિક સામયિકો પાસે સંપાદકીય કાર્યનીતિ કે વ્યવહારનીતિ (Policy) હોવી જોઈએ. તેમણે ઉમેર્યું કે આપણે સત્યને પ્રતિબદ્ધ રહીને પ્રેમથી કામ કરવું જોઈએ. બીજા દિવસની સામાન્ય સભામાં ગુજરાતમાંથી ડો. રોમાન ભાટિયા અને ફાધર વર્ગીસ સાથે ચાલીસેક સભ્યોએ ભાગ લીધો હતો. એમાં ફાધર વર્ગીસે સાર ન્યૂઝ સમિતિના અધ્યક્ષ તરીકે કારોબારી સમિતિમાં રજૂ કરેલ ‘સાર ન્યૂઝ વર્કીંગ પેપર’ની વાત તથા ICPA સર્વેનો સારાંશ રજૂ કર્યો હતો. સાંજે તુકલે (તમિલનાડુ) ના ધર્માધ્યક્ષ જોર્જ રાજેન્દ્રનના અધ્યક્ષપદે જાહેરસભા અને Journalism Awards કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

— ફાધર વર્ગીસ પોલ, અમદાવાદ

# ધર્મભારતી

## વાર્ષિક સામાન્ય સભા

**ગોવા :** સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલની રાષ્ટ્રીય સ્તરે વાર્ષિક સામાન્ય સભા (The Annual ganaral Meeting of the National Caucil of India, Society of St. Vincent De Paul)૧૨ થી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૪ મારગોવા ખાતે યોજવામાં આવી હતી જેનો વિષય હતો : 'સેંટ વિન્સેન્ટ મારફતે શ્રદ્ધાપ્રેરણાથી, આપણે સમાજની નવરચના કરીએ,' ગોવા-દમણના આર્ચબિશપ ફેલિપે નેરિના, હોલી સ્પીરિટ ચર્ચ ખાતેના ખ્રિસ્તયજ્ઞથી અધિવેશનનો આરંભ થયો. પ્રાસંગિક પ્રવચન આપતાં આર્ચબિશપે પુનિત ફેડરિક ઓઝાનામ્ના ઉદાહરણને અનુસરવા અનુરોધ કર્યો હતો. વિન્શેન્શિયન પરિવારની અદના આદમીની સેવાને તેમણે બિરદાવી હતી અને જરૂરિયાતમંદને ભૌતિક ચીજવસ્તુઓ ઉપરાંત આધ્યાત્મિક કાળજી લેવા માટે પણ અનુરોધ કર્યો હતો.

સંયુક્ત રાષ્ટ્રસંઘના આર્થિક અને સામાજિક સલાહકાર સભ્યપદ અને આંતરરાષ્ટ્રીય સ્વૈચ્છિક સંસ્થા તરીકેની રાષ્ટ્રસંઘની જાહેર ઓળખ સોસાયટીને મળી છે, એવું આંતરરાષ્ટ્રીય પ્રાદેશિક ઉપપ્રમુખ જોસફ પાંડિયને સભામાં જણાવ્યું હતું. હવે સોસાયટી આંતરાષ્ટ્રીય સ્તરે ગરીબ, કચડાયેલા, માનવઅધિકારથી વંચિત, સામાજિક ન્યાય, દૈનિક વેતન, બાળ અને મહિલા અધિકાર, ગરીબી વિરુદ્ધ અવાજ ઉંચો કરી, ઘટતું કરવા અગ્રેસર બનશે, એમ તેમણે ઉમેર્યું હતું.

સોસાયટીના નેશનલ પ્રેસિડેન્ટ વી.એમ.જે. બાલાસ્વામીએ વિન્શેન્શિયન પરિવારની નિ:સ્વાર્થ સેવાને બિરદાવી હતી. ગતવર્ષ દરમિયાન ૪૬૦૦૦ પરિવારોને માસિક રેશન, કપડાં, દવા વગેરેની સહાય આપી હતી. ૩૯૦૮ વિદ્યાર્થીઓને શિષ્ય-વૃત્તિ, ૧૫૯ પરિવારોને સ્વરોજગાર માટે સહાય કરવામાં આવી હતી. આ સભામાં સિરીલ મેકવાન(PMO) અને સુરેશ પરમાર (પ્રમુખ) તેમજ દાનિયેલ ક્રિસ્ટીએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

— સંવાદદાતા

## લઘુમતિઓ સામેની હિંસા અટકાવો

"જેસા (ઈસુસંઘી સામાજિક ચળવળ સંસ્થાન) નેટવર્ક"માં ભારતીય ઈસુસંઘીઓને જાણકારી મળી છે કે, ધાર્મિક લઘુમતીઓ સામે, હિંસા તથા ઘૃણા પ્રેરિત ચાલી રહેલ યોજનાબધ્ધ ઝૂંબેશ પર પૂર્ણ વિરામ મૂકવા ભારત સરકાર તથા ભારતનાં અનેક રાજ્યોની સરકારોને જોરદાર અપીલ કરવામાં આવી છે. આ પ્રવૃત્તિના કારણે દેશના અનેક ભાગોમાં આવેલાં અનેક નગરો અને શહેરોમાં સામાજિક સંવાદિતા પર નકારાત્મક અસર પડી રહી છે. આ અપીલમાં કરેલ રજૂઆત ભારપૂર્વક જણાવે છે કે, રાજકીય આગેવાનો દ્વારા ઉદ્દામવાદી જૂથો ્ને ઉદ્દામવાદી હિંદુઓને ખુલ્લેઆમ આપવામાં આવતો સહયોગ અનેક સ્થળો પર હિંસા ભડકાવવામાં જવાબદાર છે. સમાચાર માધ્યમોએ મે થી સપ્ટેમ્બર, ૨૦૧૪ દરમિયાન લઘુમતીઓ સામે ૬૦૦ કરતાં વધુ હિંસાની ઘટનાઓની નોંધ લીધી છે; જ્યારે દોષિતોને સજા થતી નથી.

ભારતીય ઈસુસંઘીઓના જણાવ્યાનુસાર "સજાથી મુક્તિ" કાયદાનું છડેચોક ઉલ્લંઘન કરનાર ઉદ્દામવાદીઓને પ્રોત્સાહિત કરે છે, જ્યારે નાગરિકો લાંબા સમયથી કુસંપ પેદા કરતાં અને સમાજના ધ્રૂવીકરણ માટે જવાબદાર તત્ત્વોને અટકાવવા ઉચ્ચ કક્ષાના રાજકીય સત્તાધીશો સમક્ષ લાંબા સમયથી માંગણી કરી રહ્યા છે. માનવ અધિકારોનું જતન કરતી ત્રીસથી વધુ સંસ્થાઓએ લઘુમતીઓના અધિકારો, વિશેષ કરીને ભારતના નાગરિકો તરીકે ગૌરવ અને સમાનતા સાથે, સ્વમાનભેર જીવવાના અધિકારનું રક્ષણ કરવા ભારપૂર્વક વિનંતી દોહરાવી હતી.

આજે પરિસ્થિતિ એટલી વિકટ બની છે કે, ખ્યાતનામ ન્યાયવિદ્ ફલી નરીમાને ખુલ્લેઆમ પોતાની ચિંતા વ્યક્ત કરી છે. ઈસુસંઘીઓના જણાવ્યા મુજબ, નવી સરકારના ૧૦૦ દિવસના શાસનમાં મુસ્લિમો અને ખ્રિસ્તીઓ સામે આગ ઓકતાં ભાષણોમાં વધારો થઈ રહ્યો છે. તેઓની ઓળખની હાંસી ઉડાડવામાં આવે છે, તેઓના નાગરિકત્વ સામે પ્રશ્ન ઉઠાવાઈ રહ્યા છે, તેઓની શ્રદ્ધાની ઠેકડી કરવામાં આવે છે. જુલમ, વિભાજન અને અવિશ્વાસ વધતાં રહ્યાં છે. ધાર્મિક લઘુમતીઓ સામેના હુમલાઓ ખતરાની ઘંટડી સમાન છે :

ઈસુસંઘીઓ અંતમાં જણાવે છે કે, તિરસ્કાર, હિંસા પ્રેરતી ઝૂંબેશ અને ધમકીઓએ ધાર્મિક લઘુમતીઓની વાચા જ હણી લીધી નથી, પરંતુ સભ્ય સમાજ, વકીલો અને શિક્ષણવિદ્દોને પણ સ્તબ્ધ કરી દીધા છે, જ્યારે સરકાર મૂક પ્રેક્ષક બની તમાશો નિહાળે છે. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં ખ્રિસ્તી સમુદાય ટોળાંઓ દ્વારા આચરવામાં આવતી હિંસાનો ભોગ બની રહ્યાં છે, એક અભિગમ મુજબ, અપીલની પદ્ધતિમાં ફેરફાર આવી ગયો છે : હિંસા બાદ મૃત્યુના બનાવો ઓછા હોય છે, પરંતુ હળવા પ્રમાણમાં હિંસાની દૈનિક ઘટનાઓ રોજિંદી બની રહી છે. સંભવત : આ જ કારણે, સમાજમાં તણાવ પેદા કરતાં આવાં તત્ત્વો સામે ઝડપી પગલાં ભરવા અને પોલિસકર્મીઓ ઉદ્દામવાદીઓ સમક્ષ શરણાગતિ ન સ્વીકારે તેવી સૂચના જારી કરવા અને આંતરિક બાબતોના મંત્રીને વિનંતી કરીએ છીએ.

## અંગદાન મહાદાન

**કેરેલા :** બ્રધર ગીઝન ડેવીડસનનું મૃત્યુ લેક્શોર હોસ્પિટલમાં (કોચી) કેરેલામાં થયું હતું. બ્રધરની ઉંમર ૨૪ વર્ષ હતી તેઓ એક સેમિનરીના વિદ્યાર્થી હતા. સેમિનરીમાંથી પેરિશનાં ચર્ચમાં જતી વખતે એક કાર અકસ્માત થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી, પણ તબીબી સારવારમાં તેઓ બચી શક્યા ન હતા. તેમના મૃત્યુના સમાચાર જાણી તેમના માબાપ શોકમાં ડૂબી ગયાં હતાં, પણ સ્વસ્થ થયા બાદ તેમણે તેમના દીકરાના શરીરનાં અગત્યનાં અંગો આંખ, કીડની, હૃદય તથા જઠર એવાં છ અંગોનું દાન કરવાનો નિર્ણય કર્યો હતો. આ રીતે તેમના દીકરાની સ્મૃતિને જાળવી રાખવાનું પ્રેરણાદાયી અને નમુનારૂપ પગલું ભર્યું હતું.

# ધર્મગુર્જરી

## લિજીયન કોંગ્રેસ - ૨૦૧૪

**આણંદ:** પ્રાર્થના અને મુલાકાતને પ્રાધાન્ય આપનાર પ્રભુભક્તોનું અધિવેશન-લીજિયન કોંગ્રેસ યોજાયું જેમાં માર્ગદર્શક ફાધર રીચાર્ડ લોપીસ દ્વારા સંગઠનના નીતિનિયમ વિશે વિસ્તૃત માહિતી અને સમજ આપવામાં આવી હતી. પોતાનો વિચાર કર્યા વિના એલિસાબેતને મળવા અધીરાં બનેલાં માતા મરિયમ, લીજિયનનો આદર્શ છે.

બીજી બેઠકમાં માતા મરિયમના જીવન અંગે તેમજ વડાધર્મગુરુના પરિપત્રની સમજણ ફાધર મેક્સિમે પૂરી પાડી હતી. તદુપરાંત વીતેલાં વર્ષોની પ્રવૃત્તિઓના ફોટોગ્રાફ્સનું પ્રદર્શન પણ પ્રેરક રહ્યું હતું. ત્યારબાદ નવી કમિટિની જાહેરાત કરવામાં આવી હતી. બાબુભાઈ (ક્યુરિયા પ્રમુખ, પેટલાદ), દીપકભાઈ (ઉપપ્રમુખ, નડીઆદ), વિક્ટર પ્રવાસી (મંત્રી, આણંદ), પ્રફુલ્લભાઈ (ખજાનચી, ચાવડાપુરા), ઉપરોક્ત હોદ્દેદારોએ ખ્રિસ્તયજ્ઞ દરમિયાન શપથ અંગીકાર કર્યા હતા.

— જસુ પ્રવાસી દ્વારા

## બાલિકાદિન

**બાલાસિનોર :** ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ માતા મરિયમની જન્મજયંતી નિમિત્તે દોમિનિકન સિસ્ટર્સ, માતૃછાયા દ્વારા ઉમરેઠ ડીનરીની ૧૨ થી ૧૬ વર્ષની આયુની બાલિકાઓ સાથે, બાલિકાદિનની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ૮૩ બાલિકાઓએ ભાગ લીધો હતો. યુવાવસ્થાનો ઉંબરો ઓળંગતી યુવતીઓમાં થતા શારીરિક-માનસિક ફેરફારો. મુંઝવણો અને તે સમયે જરૂરી કાળજી-સાવચેતીની વાત ફાધર મયંક પરમાર, યુથ કો-ઓડિનેટર ઉમરેઠ ડીનરીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરી હતી. વિવિધ રમતો અને પ્રવૃત્તિઓ દ્વારા વિશ્વસનીય વાતાવરણ ઉભું કરવામાં આયોજકો સફળ રહ્યા હતા.

સભાપુરોહિત ફાધર જોન બ્રિટો અને ઉમરેઠ ડીનરીના ડીન ફાધર આઈઝેક એસ. ડી.બી.એ બાલિકાઓ સાથે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. અન્ય સિસ્ટરોના સહકારથી સિ. મંજુલા ઓ.પી.એ બાલિકાદિનની ઉજવણીનું સંચાલન-આયોજન સફળ રીતે કર્યું હતું.

— ઈગ્નાસ પરમાર દ્વારા

## પુનિત ક્રોસનો તહેવાર

**ભૂમેલ (વડતાલ) :** ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૪થી ત્રિસંધ્યા ભક્તિ દ્વારા આધ્યાત્મિક તૈયારી કરી. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ગામ લોકોએ પુનિત ક્રોસના પર્વની શાનદાર ઉજવણી કરી. ઉજવણીના આરંભે ક્રૂસના માર્ગની ભક્તિ અને ત્યારબાદ ભવ્ય ખ્રિસ્તયજ્ઞ ફાધર અંતોન અપ્પાના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સભાયાજ્ઞિક ફાધર માર્ટિને ભૂમેલમાં આકાર લેનાર દેવાલયનું ડ્રોંઈગ શ્રદ્ધાળુઓ સમક્ષ ખુલ્લુ મૂક્યું હતું.

તહેવારની ઉજવણીમાં પુરોહિતગણ, સાધ્વીબહેનો, જાગૃતિ બાળ મંડળ, લીજિયન ઓફ મેરી મંડળ, પુનિત ક્રોસ મંડળ તથા ગામના યુવાવર્ગે ભારે જહેમત ઉઠાવી હતી.

— ફ્રાન્સિસ અંતોન મેકવાન દ્વારા

## મધ્યસ્થ જેલમાં કથા

**વડોદરા :** રચના ખાદી ગ્રામોદ્યોગ સેવાસદન દ્વારા ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ 'હૈયા ગુલાલ' - ઈસુકથાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કથાકાર ફાધર વિનયે પ્રભુની આસક્તિ, ભક્તિ દ્વારા મુક્તિનો માર્ગ દર્શાવ્યો હતો. ગમે ત્યાં, ગમે ત્યારે ઉભા થઈ નવેસરથી જીવતર માણવાનો તેમાં સંદેશ હતો. બંદીવાન ભાઈઓ અને જેલના અધિકારીઓ મળીને કુલ ૧૫૦૦ લોકોએ કથાનું રસપાન કર્યું હતું. બકુલ મેકવાન, એડવિન પટેલિયા, દેવેન્દ્ર પરમાર અને ફાધર વિનયની ટુકડીના સહયોગથી કથા યોજાઈ હતી. — સ્મિતા મેકવાન દ્વારા

## દશાબ્દી પર્વ

**વટવા (અમદાવાદ) :** સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ હોલી સ્પિરિટ કોન્ફરન્સનું દશાબ્દી પર્વ ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ આદરણીય ધર્માધ્યક્ષ થોમસ મેકવાનના અધ્યક્ષસ્થાને યોજાયું, જેમાં અમદાવાદ એરિયા કાઉન્સિલના હોદ્દેદારો-સભ્યો ઉપરાંત સેન્ટ્રલ કાઉન્સિલના પ્રમુખ સુરેશભાઈ પરમાર અને એરિયા કાઉન્સિલ અમદાવાદના પ્રમુખ દાઉદ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમતી અલકાબેને કોન્ફરન્સના દશ વર્ષની સંઘર્ષકથા રજૂ કરી હતી. સોસાયટીની પૂર્વ પ્રમુખ રાફાયેલ સાયમન અને વર્તમાન પ્રમુખ ઉષાબેનના પુરુષાર્થથી કોન્ફરન્સ મજબૂત બની હતી તે સૌએ આવકાર્યું. કાર્યક્રમનું સંચાલન પુષ્પાબેન માયકલે કર્યું હતું.

— પિયૂષ સોલંકી દ્વારા

## આભાર... અર્પણ

**વસો (માતર) :** માતા મારિયાની ટેકરીના પાંચ વર્ષ પૂર્ણ થતાં તાબાના યુવક-યુવતીઓના પ્રયાસથી, સભાયાજ્ઞિક ફાધર સેબીના હસ્તે ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ વિશેષ આભારયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો. ટેકરીની સજાવટ, ખ્રિસ્તયજ્ઞની ભવ્ય ઉજવણી વગેરેમાં યુવાધનનો પરિશ્રમ જોવા મળ્યો હતો. આ પ્રસંગે શ્રી શાંતિલાલ મહિડા તરફથી દેવળને માઈક સેટ અને શ્રદ્ધાળુઓને અલ્પાહાર આપવામાં આવ્યો હતો.

— સતિષ એસ. દેવા દ્વારા

## સુવર્ણજયંતી મહોત્સવ

**ઉમરેઠ :** ૧૯૬૩માં સ્વતંત્ર ધર્મવિભાગની રચના સાથે જ ૧૯૬૪માં ભાઈઓ માટે સેંટ ઝેવિયર્સ છાત્રાલયનો આરંભ ઈસુસંઘીઓએ કર્યો, જેનો મૂળ આશય ઉમરેઠથી ખેમપુર સુધી વિસ્તરેલા ધર્મવિભાગનાં બાળકોને ઉચ્ચશિક્ષણ આપવાનો હતો. સમયાંતરે સરકારી અનુદાન મેળવતી છાત્રાલય 'દીનદયાનંદ કુમાર છાત્રાલય' નામે ઓળખાઈ, જેનો સુવર્ણજયંતી મહોત્સવ અને અવર લેડી ઓફ ફાતિમા તહેવારની ઉજવણી ૫ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ કરવામાં આવી, જેમાં માનનીય ધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાને ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. ખ્રિસ્તયજ્ઞ બાદ સત્કાર સમારંભમાં ગૃહપતિ તેમજ કેટેકિસ્ટે અનુક્રમે છાત્રાલય અને ધર્મવિભાગનો અહેવાલ રજૂ કર્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન ધર્મવિભાગ

તરફથી સુવર્ણજયંતી પુરસ્કાર અને સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ તરફથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે છાત્રાલયના ભૂતપૂર્વ સંચાલકો, ગૃહપતિઓ તેમજ કર્મચારીઓને ભેટ દ્વારા સન્માન કરવામાં આવ્યા હતા.

મહેમાનપદે પધારેલા છાત્રાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી કેશવભાઈ મેકવાન અને જસવંત મેકવાન બન્નેએ ભાઈઓએ મળીને પુરસ્કાર માટે રૂા. ૨૫૦૦૦/-નું દાન જાહેર કર્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોનું બૂકે-શાલ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. છાત્રાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીગણ અને ધર્મવિભાગના શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિએ છાત્રાલયનો સુવર્ણજયંતી મહોત્સવ અવિસ્મરમણીય બની રહ્યો. દર વર્ષે સરેરાશ છાત્રોની સંખ્યા ધરાવતું આ છાત્રાલય અનેક માટે પ્રેરણારૂપ બને એ પ્રાર્થના. — કિરણભાઈ પટેલિયા દ્વારા

## ગુલાબમાળાની રાણીનો મેળો

**કેસરા (અમદાવાદ) :** સ્થાનિક ધર્મજનોના ઉત્સાહ અને સભાપુરોહિત ફાધર અંતોન મેકવાનના માર્ગદર્શન હેઠળ ગામમાં ગુલાબમાળાની રાણીનું પર્વ, ૬ ઓક્ટોબર, ૨૦૧૪ રવિવાર રોજ ઉજવ્યું, જેમાં ફાધર વિક્રમ મહિડાએ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો અને શ્રદ્ધાળુઓને ગુલાબમાળાનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે ગામનાં સિ. જેરુસા એલ. ડી. તેમજ પેરિશ કાઉન્સિલના સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું.

— ઈગ્નાસભાઈ પરમાર

## ગુલાબમાળાની રાણીનું પર્વ

**વડોદરા :** રોઝરી મહાદેવાલય (કેથેડ્રલ)નો તહેવાર - ગુલાબમાળાના મહારાણીનું પર્વ - ૧૨ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ ઉજવાયો. સેંટ ઝેવિયર્સ ટેકનિકલના ડાયરેક્ટર ફાધર વિન્સેન્ટ મુન્નુના અધ્યક્ષસ્થાને સભાપુરોહિત ફાધર વિલિયમ કરવાહો અને અન્ય પુરોહિતગણ સાથે તાબાના શ્રદ્ધાળુઓ ખ્રિસ્તયજ્ઞમાં જોડાયા હતા. ખ્રિસ્તયજ્ઞ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નેવી કમાન્ડર આર. પ્રકાશ અને તેમનાં ધર્મપત્ની ઉપસ્થિત રહ્યાં હતાં. સન્ડે સ્કૂલ અને અભ્યાસમાં વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરનાર બાળકોને મુખ્ય મહેમાનના હસ્તે ઈનામ આપવામાં આવ્યાં હતાં. બાળકો અને ધર્મજનોએ વિવિધ વિસ્તાર પ્રમાણે પ્રયાસે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી સૌનાં દિલ જીતી લીધાં હતાં.

— "રાજબંધુ" જયંત એમ. દ્વારા

## સીનિયર સીટિઝન ડે

**કડી (કલોલ) :** સિસ્ટર્સ ઓફ ચેરિટી ઓફ સેન્ટ આન્ના, ઈરાના રોડ કડીમાં 'સંધ્યા વિશ્રામ' વૃદ્ધાશ્રમનું સંચાલન કરે છે. આ વર્ષે ૫ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ સીનિયર સીટીઝન ડેની ઉજવણી કરવામાં આવી, જેમાં 'સંધ્યા વિશ્રામ'ના ૩૦ જેટલા રહેવાસીઓ, સાધ્વીબેનો, મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. ઊંટેશ્વરી માતા મંદિરના સભાપુરોહિત ફાધર ગિરીશબાપુએ ખ્રિસ્તયજ્ઞ દ્વારા ઉજવણીનો આરંભ કર્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં માધુર્યભુવનની બાળાઓએ ગરબો તેમજ 'સંધ્યા વિશ્રામના વડીલ ભાઈબહેનોએ પોતાની કેફિયત વિવિધ રીતે રજૂ કરી હતી. જીવનની સુખદુ:ખની પળોમાં પરમેશ્વરને પ્રથમ સ્થળ આપ્યાનું બ્યાન, અનુપભાઈએ, ગીત સંગીત મનોજભાઈએ, પીટરભાઈએ ગીત તથા નૃત્ય અને શ્રી અશ્વિનભાઈએ પત્તાંનો જાદુ દ્વારા વાતો રજૂ કરી સૌને મનોરંજન પૂરું પાડ્યું હતું. સેંટ આન્ના સ્કૂલ, કલોલના શિક્ષકો તરફથી દાદા-દાદીઓને ડોલ, ટબ, સાબુ, મોજાં જેવી જીવન જરૂરી ચીજવસ્તુઓની ભેટ આપી સહાનુભૂતિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

સંત આન્ના મંડળનાં સાધ્વીબેનોના સંગમાં 'સંધ્યા વિશ્રામ'નાં વયસ્કો આરામની જિંદગી વિતાવે છે, એવો સુખદ અનુભવ તેમણે વાગોળ્યો હતો. વૃદ્ધાશ્રમનાં સંચાલિકા સિ. રોસાલિયા અને અન્ય સિસ્ટરો પ્રત્યે સૌને આદરભાવ અનાયાસે પ્રગટે એ સાહજિક છે. 'બીજાઓ શું કરે છે તેનું ધ્યાન આપવાને બદલે પોતાનું ધ્યાન રાખવાથી ઘણી પરેશાનીઓ ઓછી થઈ શકે' એવો સંદેશ ફાધર ગિરીશે આપ્યો હતો.

— અશ્વિન સાયમન દ્વારા

## સીનિયર સિટીઝન ડે

**અમદાવાદ :** અવર લેડી ઓફ લુડર્સ ચર્ચ - સી.ટી.એમ. રામોલ ખાતે ૫ ઓક્ટોબરના રોજ સીનિયર સિટીઝન ડેની ઉજવણી સભાપુરોહિત ફાધર જેસુફાનીના સાંનિધ્યમાં, અન્ય મંડળોના સહકારથી યથેચ્છ રીતે થઈ. ખ્રિસ્તયજ્ઞમાં વડીલ ભાઈ-બહેનો માટે પ્રાર્થના કરવામાં આવી. સેંટ ઝેવિયર્સ કોન્ફરન્સ દ્વારા વડીલોને ભેટ આપવામાં આવી, સીનિયર સિટીઝને સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતાં, વડીલોના જીવનમાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા જોમ પુરવા અનુરોધ કર્યો હતો.

આજ દિવસે સંત વિન્સેન્ટ દે પોલના તહેવારની પણ સ્થાનિક ઉજવણી કરવામાં આવી હતી, જેમાં કોન્ફરન્સ તરફથી ત્રણ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી.

— પોલ મેકવાન દ્વારા

## તહેવારની ઉજવણી

**કરમસદ :** સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ તરફથી ૫ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ સોસાયટીના રક્ષક સંતના તહેવારની ઉજવણી કરવામાં આવી. સોસાયટીના સ્થાપક અને રક્ષક સંતની છબીનું પુષ્પહારથી અભિવાદન કરી, ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો. સભાયાજ્ઞિક ફાધર અંતોન અપ્પાએ સોસાયટીના સભ્યોને સતકૃત્યો અસરકારક રીતે કરવા પ્રેરણા આપી હતી. એરિયા કાઉન્સિલ આણંદના પ્રમુખ જોનભાઈ, સંત જોસેફનું કોન્ફરન્સના પ્રમુખ કાન્તિભાઈ અને સંત આલ્ફોન્સા વીમેન કોન્ફરન્સનાં પ્રમુખ ઉર્મિલા બેનના ઉત્સાહથી વર્ષ દરમિયાન સેવાકાર્ય ચાલુ રહે છે.

— રમણ ગાલુસ દ્વારા

## નિત્યસહાયક માતાનું પર્વ

**ચાવડાપુરા—જિંટોડિયા :** ત્રીજી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ, નિત્ય સહાયક માતાના ચોથા મેળા-પર્વની ઉજવણી શાનદાર રીતે ભક્તિમય વાતાવરણમાં થઈ. ૨૫ સપ્ટેમ્બરથી શરૂ થયેલ નવસંધ્યા ભક્તિમાં શ્રદ્ધાળુઓએ આધ્યાત્મિક તૈયારી કરી હતી.

ફાધર વિક્રમ મહિડા, ફાધર વિનાયક જાદવ અને માનનીય ધર્માધ્યક્ષ થોમસ મેકવાનના વરદ્‌હસ્તે અનુક્રમે ત્રણ ખ્રિસ્તયજ્ઞ પર્વ ટાણે અર્પણ કરવામાં આવ્યા હતા. પ્રત્યેક ખ્રિસ્તયજ્ઞમાં વિવિધ મંડળના સભ્યો, પેરિશ કાઉન્સિલના સભ્યો તેમજ ગાયકવૃંદે વિશેષ જવાબદારી બજાવી હતી. સભાયાજ્ઞિક ફાધર થોમસ વડક્કમ અને અન્ય પુરોહિતોના માર્ગદર્શન તેમજ પેરિશ કાઉન્સિલના ઉપપ્રમુખ તથા સભ્યગણની જહેમતથી ઉજવણી યાદગાર બની હતી.

— રવિકાન્ત જોન ડાભી દ્વારા

## સ્મૃતિચિહ્‌ન અર્પણ

**અમદાવાદઃ** છેલ્લા ઘણાં વર્ષોથી સેંટ ઝેવિયર્સ સોશ્યિલ સર્વિસ સોસાયટી, 'પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ' કાર્યક્રમ હેઠળ પોલિસ વિભાગ સાથે લોકભાગીદારીના કાર્યક્રમનું આયોજન કરે છે. સોસાયટી દ્વારા સરસપુર અને ગોમતીપુરના સ્લમ વિસ્તારમાં થતી કામગીરીથી પોલિસ વિભાગ માહિતગાર છે, એટલે કદરરૂપે ચુનીલાલ જેઠાલાલ વિસ્તારના રહીશો માટે વિવિધ કૌશલ્ય તાલીમ માટે તંબુ હોલ, પોલીસ વિભાગ તરફથી સંસ્થાને જરૂર પ્રમાણે ઉપયોગ કરવા આપ્યો છે, વળી આ સંવેદનશીલ વિસ્તાર હોવાને કારણે બન્ને સમુદાયના લોકોના શાંતિ સ્થાપના હેતુ મુલાકાત સ્થાન બની રહ્યો છે. વળી મહિલા પોલીસ વિભાગના સહકારથી ૩૫ જેટલા વિસ્તારમાંથી અસંખ્ય બહેનોને સુરક્ષા તાલીમ આપવામાં આવી છે. ૧૦મી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ મહિલા પોલીસ વિભાગના આઈ.પી.એસ. ઓફિસર, ફેની ત્રિવેદીએ જંગી મેદની વચ્ચે સોસાયટીને સ્મૃતિચિહ્‌ન અર્પણ કરી, અભિવાદન કર્યું હતું.

— ફાધર રાજીવ દ્વારા

## 'ઘર' ખ્રિસ્તાનુકરણની પાઠશાળા

**પણસોરા :** ઉમરેઠ ડીનરીના ધોરણ ૫ થી ૧૨ સુધીનાં બાળકો માટે સલેશિયન સિસ્ટરો દ્વારા, જગપ્રકાશ કન્યા છાત્રાલયમાં ૧૧,૧૨ ઓક્ટોબરના રોજ, 'ઘર' ખ્રિસ્તાનુકરણની પાઠશાળા વિષયને સાકાર કરતી શિબિર યોજાઈ, જેમાં ડીનરીનાં ૧૭૭ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. 'પ્રેમ અનંત છે' વિધાન ચરિતાર્થ કરતું શિબિરનું સૂત્રવિધાન 'આજે યુવાનો સાથેનો સંપર્ક, 'ઘર' ખ્રિસ્તાનુકરણની પાઠશાળા'ની અરજ પૂરી કરે છે.

પ્રેમનાં વિવિધ સ્વરૂપોને વ્યક્ત કરી, પરમાત્માના બિનશરતી પ્રેમનો ખ્યાલ સિ. મારિયાએ આરંભની પ્રાર્થનામાં આપ્યો હતો. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ફાધર ડેવીડ પરમારે શિબિરાર્થીઓ વચ્ચેનું અણઓળખનું અંતર ઓછું કર્યું હતું. ત્યારબાદ તેમણે 'પાપ એટલે શું?' અને સંસ્કારો દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર કેવી રીતે થઈ શકે તેની સંકલ્પના સ્પષ્ટ કરી હતી.

સાંજે સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ ઉમરેઠના હોદ્દેદારોએ સોસાયટીના સ્થાપક પુનિત ફ્રેડરિક ઓઝાનામ અને રક્ષકસંત સેન્ટ વિન્સેન્ટ દે પોલના જીવનના દયાકૃત્યોના પ્રેરક પ્રસંગોનું બ્યાન કરી, વિદ્યાર્થીકાળ દરમિયાન નાનાં નાનાં દયાકૃત્યો કરવા આગ્રહ કર્યો હતો.

'કેમ્પ ફાયર'નું સંચાલન બ્રધર જેરોમ એસ.ડી.બી. એ કર્યું હતું. વિવિધ ટૂકડીઓમાં વહેંચાયેલા જૂથે તેમનામાં પડેલી સુષુપ્ત શક્તિઓ, કૌટુંબિક જીવન આધારિત નાટિકાઓ, ટુકડીનાં નામ અને એકતાને ઉજાગર કરતાં સૂત્રો, કુટુંબજીવનમાં શ્રદ્ધા, પ્રેમ, આનંદ અને વિકાસ જેવા ગુણોને પ્રદર્શિત કરતી 'જાહેરાતો'માં અદ્‌ભુત રીતે વ્યક્ત થઈ હતી.

યોગ અને આગળના દિવસની પ્રવૃત્તિઓના અવલોકન દ્વારા બીજો દિવસ શરૂ થયો. ફાધર જોન બાપ્તિસે 'બે ઘરનાં બાંધકામ - ખડક ઉપર બાંધેલું ઘર અને રેતી પર બાંધેલું ઘર' (લૂક ૬ઃ ૪૭-૪૯) ના દૃષ્ટાંતની સમજ દ્વારા ઘરથી જ શ્રદ્ધા ઘડતર કેવી ઉમદા રીતે થઈ શકે તે સ્પષ્ટ કર્યું હતું. તેમણે ઉપરી ડીનરીના ફાધર આઈઝેક સાથે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યા હતા, અને ઘર બાળકોના ઉછેરમાં માબાપની તનતોડ મહેનતથી બાળકોને અવગત કર્યો હતો. ડોન બોસ્કો અને સંત મધર મઝરેલોના જીવનકવનને લગતાં પ્રદર્શને પણ બાળકોને પ્રેરિત કર્યાં હતાં. સમાપન કાર્યક્રમમાં શિબિરના સંચાલનમાં સહાયકો અને વિવિધ પ્રવૃત્તિઓના વિજેતાને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યાં હતાં. સિસ્ટર લવિતા અને સાથી સિસ્ટરોના અથાગ પરિશ્રમથી શિબિર સફળ અને સાર્થક રહ્યો હતો.

— બ્રધર જેરોમ (ડાકોર)

## પર્વ અને અધિવેશન

**નડીઆદ :** સેંટ મેરીસ ચર્ચ ખાતે ૧૨ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલના રક્ષક સંત સેન્ટ વિન્સેન્ટના તહેવારની ઉજવણી અને વાર્ષિક અધિવેશન, સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ અમદાવાદ, એરિયા કાઉન્સિલ ઓફ ખેડા અને નિર્મલ મિરિયમ કોન્ફરન્સના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. અમદાવાદ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાને પર્વનો ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો, જેમાં સેન્ટ્રલ કાઉન્સિલના નવા પ્રમુખશ્રી દાનિયેલ ક્રિસ્ટીએ શપથગ્રહણ કર્યા હતા.

ખ્રિસ્તયજ્ઞ બાદ વરિયા પ્રજાપતિ વાડીમાં વાર્ષિક અધિવેશન યોજાયું, જેમાં ધર્માધ્યક્ષશ્રી ઉપરાંત વેસ્ટર્ન રીજિયનના પ્રમુખ સિ. ક્લેરા, આમંત્રિત મહેમાનો, મંડળના હોદ્દેદારોએ, સભ્યોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. દીપ પ્રાગટ્ય, પ્રાર્થના, સ્વાગત, સન્માન, અહેવાલ, ગરબો થકી અધિવેશન જીવંત રહ્યું હતું. આમંત્રિત મહેમાનોએ - ચેતન ક્રિસ્ટી, રૂા. ૧૧૦૦૦/-, કોકિલા ક્રિશ્ચિયન ૫૦૦૦/-, ડો. વિન્સેન્ટ ક્રિશ્ચિયન રૂા. ૧૦,૦૦૦/- તેમજ અન્ય દાતાઓએ મંડળને દાન આપ્યું હતું.

સોસાયટી તરફથી રૂા. ૫૦૦૦/-નો ચેક ધર્માધ્યક્ષશ્રીને સેમિનરી ફંડ તરીકે અર્પણ કર્યો હતો. સેન્ટ્રલ કાઉન્સિલના પ્રથમ પૂર્વ પ્રમુખ સુરેશ પરમાર તેમજ 'દૂત'ના તંત્રી તરીકે વરાયેલા મંડળના સભ્ય જસવંત મેકવાનનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સ્થાનિક કોન્ફરન્સના સભ્યોના સહકારથી પર્વ અને અધિવેશન અર્થપૂર્ણ રહ્યાં હતાં. — વિન્સેન્ટ મેકવાન દ્વારા

## રજતજયંતી

**નડીઆદ :** સિસ્ટર્સ ઓફ ચેરીટી ઓફ સેન્ટ આન્ના સાધ્વીસંઘમાં કાર્યરત સિ.

દીના પરમારે, ૧૯ ઑક્ટોમ્બર, ૨૦૧૪ના રોજ, ફોરમેશન હાઉસ, નડીઆદમાં સંન્યસ્ત જીવનની રજતજયંતીની ઉજવણી કરી હતી. ફાધર જોન સાથે અન્ય પુરોહિતગણ, મહેમાનો અને સિસ્ટરનાં સ્વજનો આભારયજ્ઞમાં જોડાયાં હતાં.

સિ. મારિયા માયાની રાહબર નીચે મંડળમાં જોડાયા પછી વિવિધ તાલીમ-અનુભવ મેળવી ૧૯૯૪માં આજીવન વ્રત અંગીકાર કર્યા, કલોલ, ડીસા, વિજયનગર, મુંબઈ, છત્તીસગઢ એમ વિવિધ કેન્દ્રમાં શાળામાં શિક્ષણકાર્ય અને છાત્રાલયમાં બાળકોની સંભાળ રાખી છે. રક્તપિત્ત હોસ્પિટલ - ભાવનગરમાં દર્દીઓની અને બાપુનગર (અમદાવાદ)માં મંદબુદ્ધિનાં બાળકોની સંભાળમાં તેમના પ્રેમાળ સ્વભાવનો સૌને પરિચય થયો છે.

હાલમાં લોયલા ટેકનીકલ ઈન્સ્ટિટ્યુટ નડીઆદમાં અંગ્રેજીનાં શિક્ષિકા અને સેક્રેટરી કોર્સમાં જોડાયેલી બહેનોની છાત્રાલયમાં સંભાળ રાખે છે. ઉત્તરાયણ-૧૯૬૬માં જન્મેલાં સિ. દીનાનો પતંગ ઉંચે આકાશને આંબી જાય અને સુવર્ણ બને એજ પ્રાર્થના. — સિ. નિર્મલા બ્રુનો દ્વારા

## ભજન સંમેલન

**શામગહાન (દક્ષિણ ગુજરાત):** ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ ધર્મવિભાગના ગામડાંઓની ભજનમંડળીઓનું અને અનોખું સંમેલન યોજાયું જેમાં ૨૩માંથી ૧૫ ભજનમંડળીઓએ ભાગ લીધો હતો. અંદાજે એક હજાર લોકોએ જાહેરમાં પ્રભુભક્તિ અભિવ્યક્ત કરી એકબીજાની શ્રદ્ધાના પુરસ્કર્તા બન્યા હતા. આ પ્રસંગે સભાપુરોહિત ફાધર ઈશવન ગામીતે પ્રત્યેક ગામને રૂા. ૮૦૦/-નું રોકડ ઈનામ આપ્યું હતું. જોકે આ જ અરસામાં તૈયાર થયેલા નવા પાક માટે નૈવેદ્ય (ગહની પ્રાર્થના) પણ લોકોએ ચઢાવ્યું હતું.

— ગુજરાત જેસુઈટ સમાચાર દ્વારા

## શ્રદ્ધા ઘડતર શિબિર

**નારુકોટ :** ધર્મશિક્ષણ પરિવાર, સંત જોસફ ધર્મવિભાગ, વડોદરા દ્વારા ધર્મવિભાગનાં બાળકો માટે ૨૦ થી ૨૨ ઓક્ટોબર, ૨૦૧૪ દરમિયાન જીવન વિકાસ કેન્દ્રમાં શ્રદ્ધાઘડતર શિબિર યોજાઈ જેમાં ૮૦ બાળકોએ ભાગ લીધો.

બાળકોને સંસ્કારો, આજ્ઞાઓ, બાઈબલ ક્વિઝ, દૃષ્ટાંતો વગેરેની સમજ વ્યાખ્યાન, ફિલ્મ, જૂથચર્ચા, પ્રશ્નોત્તરી દ્વારા આપવામાં આવી. અભિનય ગીત, ક્રોસિંગ ધ ટનલ, સોલો એક્ટિંગ, ડી.જે ડાન્સ વગેરે દ્વારા બાળસહજ રુચિ-આનંદ જાળવી રાખવાની કોશિશ કરી. ફાઈન આર્ટર્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ પેઈન્ટિંગ અને ક્રાફ્ટસ એક્ટિવીટી દ્વારા બાળકોની સર્જનશક્તિને મેદાન આપ્યું. ખ્રિસ્તયજ્ઞ, કેમ્પફાયર, પર્વતારોહણ વગેરેમાં બાળકોએ સાહજિક્તાથી ઉત્સાહભેર ભાગ લીધો. કેન્દ્રના સાધ્વીબેનોનો સહકાર અમૂલ્ય રહ્યો. — ધર્મશિક્ષણ પરિવાર, વડોદરા

## પંચોતેરમો ભવ્ય મેળો

**ખંભોળજ :** ૨૩ ઓક્ટોબર, ૨૦૧૪ દિવાળીના રોજ અનાથોની માતાનો ૭૫મો ભવ્ય મેળો યોજાયો, જેમાં આગળના દિવસથી જ પદયાત્રીઓનું આગમન શરૂ થયું હતું. મેળાના દિવસે પણ શ્રદ્ધાળુઓનો ધસારો મોડી સાંજ સુધી ચાલ્યો રહ્યો હતો. સવારે ૬.૦૦ વાગે વહેલી સવારથી બપોરે ૧.૦૦ કલાક સુધી સતત ચારેક ખ્રિસ્તયજ્ઞ અનુક્રમે ફાધર અવિનાશ પરમાર (સેક્રેટરી, બિશપ), ફાધર રોકી પિન્ટો (વિકર જનરલ), મહાધર્માધ્યક્ષ સ્ટેની ફર્નાન્ડીઝ (ગાંધીનગર મહાધર્મપ્રાંત) અને ધર્માધ્યક્ષ થોમસ મેકવાન (અમદાવાદ)ના વરદ્‌હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા, જેમાં અન્ય પુરોહિતગણ તેમજ શ્રદ્ધાળુઓ જોડાયા હતા. સભાપુરોહિત ફાધર અરૂલ અને ફાધર બિપિન તેમજ સ્થાનિક ધર્મજનો, સાધ્વીબહેનોના સહકારથી પંચોતેરમા ભવ્ય મેળો નિર્વિઘ્ને પાર પડ્યો હતો.

— શૈલેષ પી. વાણિયા દ્વારા

## સુર્વણજયંતીની ઉજવણી

**ઉમરેઠ :** ૩૦ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ સલેશિયન મિશનરીઝ ઓફ મેરી ઈમ્માક્યુલેટે 'અવર લેડી કોન્વેન્ટ તથા સિ. જોસફા અને સિ. મર્સીની સુવર્ણજયંતી તથા સિ. પુષ્પા રોઝની રજતજયંતીની ઉજવણી કરી. આ પ્રસંગે સિસ્ટરનાં સગાંવહાલાં, મિત્ર સમુદાય, સાધ્વીબહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. સવારે ૧૦:૩૦ કલાકે ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ સ્ટેની ફર્નાન્ડીઝ તેમજ અમદાવાદ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષ થોમસ મેકવાન, ઉમરેઠ ડીનરીના ડીન ફાધર આઈઝેક એસ.ડી.બી. પ્રોવિન્શિયલના કાઉન્સિલર સિ. દયા, ઈસુસંઘના પ્રોવિન્શિયલના પ્રતિનિધિ ફાધર વિન્સેન્ટ તથા અન્ય પુરોહિતગણ હાજર રહ્યા હતા.

અવર લેડી કોન્વેન્ટના હાલનાં સુપીરિયર સિ. પ્રેમિલા તથા અન્ય સાધ્વીબેનોએ ઉપસ્થિત મહાનુભાવોનું શાલ અને બૂકેથી સ્વાગત કર્યું હતું અને આભાર વ્યક્ત કર્યો હતો. અવર લેડીઝ ડિસ્પેન્સરીમાં સેવા આપનાર સિ. મર્સી અને સંત જોસફ કન્યા છાત્રાલયના સંચાલક તરીકે સેવા આપનાર સિ. જોસફા તેમની અમૂલ્ય સેવાઓ માટે ઉમરેઠ ધર્મવિભાગમાં જાણીતાં છે. કોન્વેન્ટ સંચાલિત છાત્રાલયમાંથી ધર્મસભાને ૩૬ જેટલાં સંન્યસ્ત તેડાંની ભેટ મળી છે, જેમાંથી ૧૨ જેટલી બહેનો સલેશિયન સંઘમાં છે.

વિશેષમાં ગરીબ-જરૂરિયાતમંદને નજીવી ફીથી બીમારીમાંથી રાહત-આપનાર અવર લેડીઝ ડિસ્પેન્સરીમાં રોજના સરેરાશ સો જેટલા દર્દીઓ લાભ લે છે. ગામડાની નિયમિત મુલાકાત, સ્કૂલમાં, છાત્રાલયમાં નિયમિત શિક્ષણકાર્ય અને મહિલા તથા ઉત્થાનના વિવિધ કાર્યક્રમો સાધ્વીબહેનો દ્વારા પાર પાડવામાં આવે છે. કારિતાસ ઈન્ડિયાના સહયોગથી, એઈડ્સના દર્દીઓની સારવાર-સંભાળ સલાહ-સૂચન માટે 'કરુણા શક્તિ કેન્દ્ર'નું સફળ સંચાલન પણ કોન્વેન્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

— સિસ્ટર કિરણ દ્વારા

## પ્રાર્થના હોલનો આશીર્વાદ

**આણંદ :** બીજી નવેમ્બર સર્વ સદ્‌ગત ભક્તોની સ્મૃતિનું પર્વના રોજ સેંટ ઝેવિયર્સ ધર્મવિભાગમાં, સંત જોસફ કબ્રસ્તાનમાં

પ્રાર્થના હોલનો આશીર્વાદ વયોવૃદ્ધ ફાધર પરીઝાના વરદ્હસ્તે થયો. આ પ્રસંગે હોલના બિલ્ડર્સ સતીષભાઈ અંતોનભાઈ મેકવાન તથા અન્ય દાતાઓ - જોનભાઈ અને કમળાબેન પટેલિયા, રાજેશભાઈ પાઉલભાઈ ચૌહાણનું શાલ ઓઢાડી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. માનનીય ધર્માધ્યક્ષ થોમસ મેકવાને ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો અને ફાધર રીચર્ડ લોપીસે, દુન્યવી જીવન કરતાં મૃત્યુ બાદ મળનાર શાશ્વત જીવનની વધારે ચિંતા કરવા સંદેશ આપ્યો હતો.

કબ્રસ્તાન કમિટિના પ્રમુખશ્રી દાનિયેલભાઈ અને કમિટિના સભ્યો, સીનિયર સિટિજન ફોરમ, ક્વાયર ગ્રૂપના સક્રિય સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો. — કાન્તિભાઈ દ્વારા

## ૪૧મા વર્ષમાં પ્રવેશ

**વડોદરા :** ૫ નવેમ્બર, ૨૦૧૪ના રોજ ડોટર્સ ઓફ ધ હાર્ટ ઓફ મારીના સિસ્ટરો સંચાલિત નિર્મળા સમાજ કેન્દ્રએ ૪૦ વર્ષની પ્રશસ્ય સેવાના પૂર્ણ કરી ૪૧મા વર્ષ પ્રવેશની ઉજવણી જાણીતા કથાકાર ધર્મગુરુ વિનય મેકવાનની કથા દ્વારા કર્યો હતો. સંસ્થાના સ્થાપિકા સિ. મેરી આડેલેડ ડીસીલેના જીવન આધારિત કથાનો વિષય હતો. સામાજિક ન્યાય, શાંતિ, એકતા અને સમાનતા દ્વારા, ધર્મજાતિના ભેદભાવ વિના નબળા વર્ગના ઉત્થાના કાર્ય માટે અનેકવિધ પ્રવૃત્તિઓ કેન્દ્ર દ્વારા કરવામાં આવે છે.

કેન્દ્રમાં બહેનો માટે પરિચારિકા મદદનીશ તાલીમ વર્ગ, માનવ અધિકાર જાણકારી આપવી, ગરીબી અને રોજગારી હલ કરવા વ્યવસાયિક તાલીમ મારફતે સશક્તિકરણને વેગ આપવામાં આવે છે, એવી જાણકારી સિ. આગ્નેસે આપી હતી. કેન્દ્રમાંથી ગરીબ વિદ્યાર્થીઓને-સમાજને મળેલ સહાયનો ઉલ્લેખ કરી, રાજેશ પરમારે આભારની લાગણી વ્યક્ત કરી હતી. કેન્દ્રમાં આરંભથી સેવારત કેન્દ્રના મદદનીશ માગરેટબહેનનું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું. સંચાલિકાએ સૌનો આભાર માન્યો હતો.

— રાજેશ વિલિયમ પરમાર

## યુથ ધમાકા

**ખંભોળજ :** ૧૬ નવેમ્બર, ૨૦૧૪ના રોજ અનાથોની માતા દેવાલય ખાતે, અમૃત મહોત્સવના ભાગરૂપે ધર્મવિભાગના યુવાન-યુવતીઓ માટે એક દિવસીય 'યુવા ધમાકા-તાલીમ' કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જેમાં ધર્મવિભાગ શ્રદ્ધાઘડતર શિબિર નારુકોટનાં ૧૩૯ યુવાન-યુવતીઓએ ભાગ લીધો હતો.

અમદાવાદ ધર્મપ્રાંતના યુથ ડાયરેક્ટર ફાધર સંદીપ મધુકર અને યુવા તાલીમ તજજ્ઞ, પ્રેરકવક્તા તથા 'દૂત'ના સહતંત્રીશ્રી શૈલેષ ક્રિસ્ટીએ યુવા તાલીમની દોર સંભાળી હતી. વિવિધ ઉદાહરણો અને અસરકારક જબાનથી તેમણે યુવાનોને જકડી રાખ્યા હતા. ધર્મસભઆ અને સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના તેઓ સંક્રાત કરી શક્યા હતા, તે તાલીમનું જમા પાસું રહ્યું છે. સ્થાનિક સભાપુરોહિત ફાધર અરુલાનંદ, ફાધર બિપિન અને પેરીશ કાઉન્શિલના સભ્યોનો માર્ગદર્શન અને સહકાર મળ્યાં હતાં. — શૈલેષ પી. વાણિયા

## સીનિયર સિટીઝન ફોરમ

**ચાવડાપુરા - જિંટોડિયા :** ૧૭ નવેમ્બરના રોજ ફોરમ દ્વારા, રીટ્રીટ સેન્ટર નગરામાં એક દિવસીય રીટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું. સેન્ટરના નિયામક ફાધર પરેશ પરમારે શ્રદ્ધાળુઓને પવિત્રતા, સાદગી અને નમ્રતા વિશે બાઈબલ આધારિત સમજ આપી હતી. બપોરે બ્રધર વિલ્સને પવિત્ર ગુલાબમાળાની ભક્તિ કરતાં મર્માની સમજ પૂરી પાડી હતી. ખ્રિસ્તયજ્ઞ દ્વારા રીટ્રીટ પૂર્ણ થઈ હતી. ફોરમના સભ્યોએ ફાધર પરેશ અને બ્રધર વિલ્સનનો આભાર માન્યો હતો. — રમેશભાઈ ટી. પરમાર દ્વારા

## લગ્નજીવન - એક અભ્યાસ

**વડોદરા :** સેન્ટર ફોર કલ્ચર એન્ડ ડેવલોપમેન્ટ 'મેરેજ એન્ડ ડાયવર્સ એમોન્મ કેથોલિક ઓફ સેન્ટ્રલ ગુજરાત' (મધ્યગુજરાતના કેથલિકોમાં લગ્ન અને લગ્નવિચ્છેદ) વિષય પર અનુભવજન્ય અભ્યાસ પૂર્ણ કર્યો છે, જેમાં લગ્નભંગ, તેનાં કારણદર્શક વિવરણ, વાસ્તવિક લગ્નજીવન, પ્રસન્ન દાંમ્પત્યજીવન માટેના ઉપાય અને સૂચનોનો સમાવેશ થાય છે. દંપતી, માબાપ ધાર્મિક સંસ્થાઓ વગેરે માટેની ભલામણો તેના ઉપસંહારમાં જોવા મળશે. આ અભ્યાસની નકલ મેળવવા માટે ફાધર લેન્સી લોબોનો <drlancylobo@yahoo.com> પર સંપર્ક કરવો. સૌજન્ય : GJS. Nov.2014

## જીવનસાથી પસંદગી મેળો

**આણંદ :** ગુજરાત કેથોલિક સમાજ અને બાઈબલ પરિવાર દ્વારા, કમ્યુનિટિ હોલમાં ૨૬ ઓક્ટોબરના રોજ 'જીવનસાથી પસંદગી મેળો' યોજાયો, જેમાં ૨૮૦ લગ્ન ઉત્સુક ઉમેદવારો પોતાના વાલીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા. મેળાને અંતે ૪૫ યુવાન-યુવતીઓએ એકબીજાને પસંદ કર્યા હતાં, જે મેળાની મોટી સફળતા છે. પ્રાર્થના, દીપપ્રાગટ્ય, સ્વાગત પરિચય અને મહેમાનોના સન્માન બાદ પસંદગી મેળાની કાર્યવાહી શરૂ થઈ હતી. અધ્યક્ષસ્થાને માર્ટિનભાઈ યાકુબભાઈ તેમજ અન્ય મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

સમાજના પરિવર્તન સાથે મધ્યસ્થી-મેતરિયા વિના લગ્ન ગોઠવવામાં મુશ્કેલી પડે છે, એટલે સમાજે આ કાર્ય ઉપાડી લીધું છે. એવી લાગણી ગુજરાત કેથલિક સમાજ, આણંદના પ્રમુખ રાજેશભાઈએ વ્યક્ત કરી હતી. ઈન્ટરનેટથી થતાં લગ્નમાં ક્યારેક પસ્તાવાનો વારો આવે છે એટલે એ જોખમથી દૂર રહી પ્રત્યક્ષ ઓળખાણથી આગળ વધવાની સમજ ફાધર મેક્સીમે આપી હતી. લગ્ન પહેલાં સગાઈ દ્વારા યુવક-યુવતી પરિચયમાં આવતાં એ પ્રથા ફરી વિચારવી જોઈએ, એકજ દિવસે થતાં સગાઈ-લગ્ન, સમય-ખર્ચ બચાવશે પણ લગ્નભંગની શક્યતા ખરી, તેને બદલે સગાઈ તૂટે તો ઓછું નુકશાન છે એવી શિખામણ મેળાના કન્વીનર સતીષભાઈએ આપી હતી. સમાજ અને પરિવારના સ્વયંસેવકોની દિનરાતની મહેનતથી જીવનસાથી પસંદગી મેળો કોઈપણ જાતની અસુવિધા વિના પાર પડ્યો હતો એવો સંતોષ બાઈબલ પરિવારના પ્રમુખ રમણભાઈ પરમારે તેમજ ઉપસ્થિત સૌએ વ્યક્ત કર્યો હતો. આયોજકોને અભિનંદન.

— રાજુભાઈ પરમાર દ્વારા

## ડીનરી યુથ સેમિનાર

**કપડવંજઃ** સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ અને ડોન બોસ્કો સોસાયટીના સંયુક્ત ઉપક્રમે ઉમેરઠ ડીનરી (ઉમરેઠ, ડાકોર, ઠાસરા, કપડવંજ, બાલાશિનોર, કઠલાલ, ખેમપુર ધર્મવિભાગ)ના યુવાનો માટે ૨૪ ઓક્ટોબર થી ૨૭ ઓક્ટોબર, ૨૦૧૪ સુધી ડોન બોસ્કો - કપડવંજ ખાતે યુથ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

'જેમણે ઈશ્વર પર શ્રદ્ધા મૂકી છે તેઓ મન દઈને સત્કર્મોમાં મંડ્યા રહો.' (તિતસ ૩:૮) વચન શિબિરનું સૂત્રવિધાન હતું. આગમન-રજિસ્ટ્રેશન બાદ આરંભનો ખ્રિસ્તયજ્ઞ અમદાવાદ ધર્મપ્રાંતના યુથ ડાયરેક્ટર ફાધર સંદીપ મધુકરે અર્પણ કર્યો હતો. આરંભની બેઠક શ્રી હસમુખ વાઘેલા (નડીઆદ)એ શરૂ કરી હતી, જેમાં યુવાનોને શિબિર-જીવન માટે સાંગોપાંગ સિદ્ધિપ્રેરણા આપી હતી. ભોજન પહેલાં ફાધર મયંક પરમાર એસ.ડી.બી.(ડીનરી યુથ કો-ઓર્ડિનેટર)એ શિબિર દરમિયાન પાળવાના નિયમો-સૂચનની વાત કરી હતી. ભોજન બાદ ધર્મપ્રાંતના કથાકાર ફાધર ઈગ્નાસ એસ.જે.એ 'ખ્રિસ્તયજ્ઞનું મહત્ત્વ' કથા સ્વરૂપે સમજાવ્યું હતું.

૨૫ સવારે ચિંતન, પ્રાર્થના, ચા-પાણી બાદ દિવસની પ્રથમ બેઠકમાં બે પેઢી વચ્ચેનું અંતર વિશે રાજેશ ક્રિશ્ચિયન (અમદાવાદ) વિશદ્ સમજ ઉદાહરણ સાથે આપી હતી. 'માબાપ અને સંતાનો' અંગે શૈલેષ ક્રિસ્ટી (નડીઆદ)એ વિવિધ દૃષ્ટિકોણથી વિષયને ન્યાય આપ્યો હતો. બપોરે ઉમેરઠ ડીનરીના ડીન ફાધર આઈઝેક એસ.ડી.બી.એ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. બપોરની બેઠકમાં ખેડા સોશ્યિલ સર્વિસ સોસાયટીના નિયામક ફાધર જોસેફ અપ્પાઉ (અમદાવાદ) એ સમાજ અને યુવાનો અંગે રજૂઆત કરતાં યુવાનોને કર્તવ્યથી સભાન કર્યા હતા. તે પછીની બેઠકમાં ફાધર આઈઝેકે યુવાનો અને ધર્મસભા વિશેની સંકલ્પના વેટિકનના પરિપત્ર-દસ્તાવેજને આધાર સ્પષ્ટ કરી હતી. ભોજન અને ગુલાબમાળાની ભક્તિ બાદ શિબિરના એક અગત્યના પડાવ, પેનલ ડિસ્કસન(સીધી વાત)નું સફળ આયોજન કર્યું હતું. માબાપ અને સંન્યસ્તો આગળ યુવાનોએ પોતાના મનની વાત પ્રશ્ન સ્વરૂપે રજૂ કરી હતી. યુવાનોની મૂંઝવણો, ધર્મસભાની પારદર્શિતા, માબાપ-ધર્મગુરુઓની ભૂમિકા વગેરે ગંભીર મુદ્દાઓની છણાવટ પ્રશ્નકાળ દરમિયાન થઈ હતી.

૨૬મીનો સમગ્ર દિવસ 'પર્યાવરણ આધ્યાત્મિકતા' વિષય અન્વયે ફાધર રપ્પાઈ, અર્ચના અને જ્યોતિ ઝેવિયરે પર્યાવરણ જાગૃતતા કેળવવામાં ખર્ચ્યો હતો. પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સ્વાર્થી માનવ દ્વારા પર્યાવરણના નાશ અંગે યુવાનોમાં સભાનતા કેળવી હતી. ભોજન પછીના સમયમાં કેમ્પસમાં પર્યાવરણ પદયાત્રા કરી હતી જેમાં યુવાનોએ વિવિધ ઝાડપાન-વૃક્ષોવેલીઓનો પ્રત્યક્ષ પરિચય કેળવી રોમાંચ અનુભવ્યો હતો. સંધ્યાકાળે ખુલ્લા આકાશ નીચે - ઈશ્વરના પ્રકૃતિ મહાદેવાલયમાં ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. પાન-ફૂલોથી સજાવેલ વેદી, દીવડા અને તારાના પ્રકાશ વચ્ચે, પર્યાવરણના નિકંદન માટે પશ્ચાતાપ, પર્યાવરણનું રક્ષણ કરવાના વચનનું અર્પણ અને પર્યાવરણના વરદાન માટે આભાર સાથે વિશેષ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો.

ભોજન પહેલાં 'દિવ્ય દયાની ભક્તિ' અને સોસાયટી ઓફ વિન્સેન્ટ દે પોલ અંગેની માહિતી મંડળના હોદ્દેદારોએ આપી હતી. સૈલેશ જાદવ (મંજીપુરા) અને સંગીત ટૂકડીના સંગીત સાથે યુવાનોએ પોતાની શક્તિની અભિવ્યક્તિ કરી હતી. ગરબા-ડાન્સમાં યુવાનો મોડી રાત સુધી ઝૂમ્યા હતા. ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ સ્ટેની ફર્નાન્ડીઝે બપોરના ભોજન પહેલાં યુવાનોની મુલાકાત લઈ સંદેશ આપ્યો હતો.

૨૭મીની બન્ને બેઠક સલેશિયન ફાધર જેમ્સ તુસ્કાનો અને ફાધર અશ્વિને 'યુવાનો અને આધ્યાત્મિકતા' વિષય સાથે 'હવે શું?' સાથે પૂર્ણ કરી હતી. શ્રદ્ધામય યુવાની જીવવાના કોડ સાથે સમાજ માટે કંઈક કરી છૂટવાની તમન્ના તેમણે યુવાનોમાં જગાડી હતી. લેખિત મૂલ્યાંકન બાદ અભારયજ્ઞ રાઈટ રેવ. બિશપ થોમસ મેકવાને અર્પણ કર્યો હતો. જેમાં તેમણે યુવાનોને ઈસુકેન્દ્રી જીવન જીવવા હાકલ કરી હતી અને આયોજકોને અભિનંદન પાઠવ્યાં હતાં.

ડીવાઈન મર્સી યુથ કોન્ફરન્સના યુવાનો અને ફાધર મયંકની મહિનાઓની તૈયારી અને સંચાલન, ફાતિમા કોન્ફરન્સના સભ્યો તથા પ્રમુખ મગનભાઈ પટેલિયાની સતત હાજરી અને માર્ગદર્શન, ડોન બોસ્કોના રેક્ટર ફાધર આઈવન ડી'સોઝાની સતત કાળજી-સંભાળ, સાથે સિ. કિરણ, સિ. ઉર્મિલા, સિ. વનિતા, સિ. મારિયાની ઉપસ્થિત તથા ધર્મજનો અને વિવિધ સંસ્થાઓના આર્થિક સહકાર સંસ્થાના કર્મચારીઓની નિસ્વાર્થ નિષ્ઠાને કારણે ૭૨ યુવા-યુવતીઓ સાથેનો આ 'યુથ સેમિનાર' સફળ-સાર્થક બન્યો હતો.

— કૃપેશ ચૌહાણ દ્વારા

## એક સાહિત્યિક સરનામું

ગુજરાત કેથલિક પ્રેસ કાઉન્સિલ એટલે જી.સી.પી.સી. આ ટૂંકુ નામ હવે ખૂબ જ લાકડું અને લોક જીભે રમતું બની ગયું છે. માંડ બાર વર્ષનો કિશોરકાળ ધરાવતું જી.સી.પી.સી. શબ્દ સાધના દ્વારા પ્રભુનો સંદેશ વહાવી રહ્યું છે.

જી.સી.પી.સીના ઉદ્ભવનો ઈતિહાસ પણ જાણવા જેવો છે. ઈન્ડિયન કેથલિક પ્રેસ એસોસિએશન (I.C.P.A.)ના એક એકમ તરીકે ગુજરાત કેથલિક પ્રેસ એસોસિએશન (G.C.P.A.)ની સ્થાપના સને ૧૯૮૬માં કરવામાં આવી હતી. એ જ વર્ષે વડાધર્મગુરુ પોપ જોન પોલ બીજા ભારતની મુલાકાતે આવવાના હતા. એની તૈયારી

રૂપે ફાધર વર્ગીસ પોલ એસ.જે.એ 'દૂત'માં લખતા બધા કેથલિક લેખકો અને પત્રકારોને એકત્ર કર્યા. એની પ્રથમ મિટિંગમાં લેખક અને પત્રકારોની ટુકડીને G.C.P.A. નામ આપવા સાથે પોપ જોન પોલ બીજાની મુલાકાતની તૈયારીરૂપે એક શિબિર અને મુલાકાતને અનુરૂપ સાહિત્ય સર્જન માટે એક કાર્યશાળા યોજવામાં આવી. આ પ્રસંગે 'દૂત' ૧૯૮૬ના જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલના અંકમાં વડાધર્મગુરુ જોન પોલ બીજા અને તેમની મુલાકાતને સ્પર્શતા ઘણા લેખો છાપવામાં આવ્યા. જે તે સમયે 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' વર્તમાનપત્ર સહિત બીજા છાપાં અને સામયિકોમાં વિવિધ સમાચાર-લેખો છપાવીને G.C.P.A. લોક જાગૃતિ જગાડવાનું કામ કર્યું હતું.

સમય જતાં ગુજરાતમાં જમણેરી અને કોમવાદી લોકોના ઉદય સાથે રાજ્યની રાજકીય અને સામાજિક પરિસ્થિતિ જ નહિ પણ ધાર્મિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ પણ બદલાવા માંડી. ધાર્મિક સ્વતંત્રતા પર તરાપને જોતાં જંગી મેદનીને સરઘાસાકારે લોકોને રસ્તા પર ઊતરી આવવા મજબૂર થવું પડ્યું.

પછી ૧૯૯૮માં અને ત્યારબાદ ૨૦૦૦માં ખ્રિસ્તીઓ તેમજ દેવળો, સ્કૂલો અને છાત્રાલયો જેવી ખ્રિસ્તી સંસ્થાઓ સામે ગુજરાતમાં ઠેર-ઠેર સંગઠિત હુમલાઓ થયા. ખ્રિસ્તીઓ સામેની આવી સતામણીના સમયે ફક્ત કેથલિકો જ નહિ પણ બધા ખ્રિસ્તી સંપ્રદાયો કે મંડળના પત્રકારો અને લેખકો સંગઠિત થઈને સામનો કરે તે જરૂરી બન્યું હતું. આ સંદર્ભે અમદાવાદ, આણંદ, નડિયાદમાં ખ્રિસ્તી લેખકો-પત્રકારો અને લેખકો સંગઠિત થઈને સામનો કરે તે જરૂરી બન્યું હતું. એટલે મિટિંગો યોજી સંગઠિત થવાનું નક્કી થયું. એના નક્કર પરિણામ સ્વરૂપે સને ૨૦૦૨માં G.C.P.A.એ G.C.P.C. (ગુજરાત ક્રિશ્ચિયન પ્રેસ કાઉન્સિલ)નું સ્વરૂપ ધારણ કર્યું.

આજે બાર વર્ષ બાદ જી.સી.પી.સી. સાહિત્યના ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. પોતાના શબ્દસંધાન મુખપત્ર દ્વારા પ્રભુ પ્રેમનો સંદેશ ઘેર-ઘેર ફેલાવી રહ્યું છે. જી.સી.પી.સી.ને હાલમાં મળેલ નવા પ્રમુખ ફાધર અંતોન મેકવાન અને સ્થાપક પ્રમુખ ફાધર વર્ગીસની દીર્ઘદૃષ્ટિમાં કારોબારી સભ્યો અને અન્ય સેવાધારીઓની નિઃસ્વાર્થ સેવા થકી પોતાના કિશોરકાળમાં વિકાસની ગતિ પકડી રહ્યું છે તેમ કહીં શકાય.

ગત તા. ૨૬ ઓક્ટોબર, ૨૦૧૪નો દિવસ નડિયાદના ઈતિહાસમાં આગવા સ્થાને અંકીત થઈ ગયો. આ દિવસની સાંજ જી.સી.પી.સી.ના નામે રહી. જી.સી.પી.સી.એ નડિયાદમાં પ્રથમ વખત એક સાથે પચાસ પુસ્તકોનું લોકાર્પણ કર્યું. જી.સી.પી.સી. સાથે સંકળાયેલા ૨૮ લેખકોના ૫૦ પુસ્તકોનું એક સાથે વિમોચન પ્રસંગે એક હજારથી વધુ સુજ્ઞજનોની હાજરી ધ્યાનાકર્ષક હતી.

ગાંધીનગર મહાધર્મપ્રાન્તના મહાધર્માધ્યક્ષશ્રી સ્ટેની ફર્નાન્ડીઝ એસ.જે.ના મુખ્ય મહેમાન પદે અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ફાધર અંતોન મેકવાન, એરિક ખ્રિસ્તી, ડો. બેન્જામીન સુવાર્તિક, ડો. રેવ. ચંદ્રકાન્ત પથિક, ફ્રાન્સિસ ડાયર્સા, ક્લેરા ક્રિશ્ચિયન, કલ્પેશ સોલંકી, ડો. કે.પી. રાજભારતી, ડો. સુરેન્દ્ર આસ્થાવાદી, ફાધર વર્ગીસ પોલ, નિહિલ મેકવાન, ઈસુ ડભાણિયા, પ્રવીણ પ્રવાસી, પ્રજ્ઞેશ દેવાંશી, જોન કાનીસ, નરેન્દ્ર પરમાર, રજની ગોહિલ, કિરીટ પ્રવાસી, નરોત્તમ ક્રિશ્ચિયન, પ્રકાશચંદ્ર પરમાર, લક્ષ્મીબેન પરમાર, શાં. ખુ. ખ્રિસ્તી, નરોત્તમ તૃષિત, શૈલેષ ક્રિસ્ટી, ડો. રમલ માધવ, પીટર મેકવાન, હસમુખ વાઘેલા અને હસમુખ મેકવાનના પુસ્તકો પ્રકાશિત થયાં છે.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રમુખશ્રી ઉપરાંત મંત્રી નરેન્દ્ર પરમાર, ઉપપ્રમુખ કે.પી. રાજભારતી અને ખજાનચી રમણ નડીઆદીનો સિંહફાળો રહ્યો હતો. — ફ્રાન્સિસ ડાયર્સા

## 'દૂત' કાર્યશાળા

તારીખ ૮,૯, નવેમ્બર, ૨૦૧૪ના રોજ 'દૂત' લેખન કાર્યશાળા જીવનદર્શન વડોદરા મુકામે યોજવામાં આવી હતી. કાર્યશાળામાં સમગ્ર ગુજરાતમાંથી ૩૨ લેખનપ્રિય સર્જકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યશાળાનો શુભારંભ રાઈટ રેવ. ધર્માધ્યક્ષશ્રી ગોડફ્રી રોઝરીઓ એસ.જે. (વડોદરા ધર્મપ્રાંત)ના વરદ્હસ્તે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પદ્ધતિસર કાર્યશાળા શરૂ થઈ હતી.

પ્રથમ બેઠક 'સમૂહ માધ્યમો અને તેની અસરકારકતા' અંગે ફાધર વિનાયક જાદવે સુંદર અભ્યાસપૂર્ણ રજૂઆત કરતા નવા પેઢી અને પડદા પેઢીની સમજ આપી રોજિંદા જીવનમાં માધ્યમોની અસરકારકતા સમજાવી હતી.

બીજી અને ચોથી બેઠક શ્રી નવીન મેકવાને સંબોધી હતી. શ્રી મેકવાને પત્રકારત્ત્વ એટલે શું તેની આપી સર્જનાત્મક લેખન અંગેની વ્યવહારુ સમજ આપી હતી. ત્રીજી બેઠક સંબોધતા ડો. રોમાન ભાટિયાએ 'દૂત'ની આજ અને આવતીકાલની છણાવટ કરી હતી. તેમનું વક્તવ્ય અભ્યાસપૂર્ણ, હકીકત અને 'દૂત'ની દિશા ચીંધતું હતું. દિવસની અંતિમ બેઠક ફાધર વિલ્યમ અને હસમુખ ક્રિશ્ચિયને સંભાળી હતી. 'રિશ્તા' દ્વારા વર્તમાનપત્રનો પરિચય અને પત્રલેખનનું મહત્ત્વ સમજાવ્યું હતું.

બીજા દિવસની પ્રથમ બેઠકમાં સહતંત્રીશ્રી શૈલેષ ક્રિસ્ટી દ્વારા લેખનકળા રીતે ઉપયોગી વક્તવ્ય આપ્યું હતું. ક્રિસ્ટીએ લેખનું બંધારણ, સંપાદકની નીતિ, લેખનું મથાળું, સંશોધન અને લેખના આયોજન સહ લેખ લખવાની સરળ પદ્ધતિ સમજાવી હતી.

બીજી બેઠક 'દૂત' કાવ્યધારાના સંપાદકશ્રી ડો. સિલાસ પટેલિયાએ સંભાળી હતી. કાવ્ય, કાવ્યમાં કલ્પન, પ્રતીક, બાઈબલના

અનેક સંદર્ભ સહિત કવિતા કેવી રીતે લખી શકાય તેની વિદ્વતાભરી રજૂઆત તેમણે કરી હતી. ત્રીજી બેઠક ‘દિવ્યભાસ્કર’ના ચીફ બ્યુરો શ્રી શૈલેષ રાઠોડ સંબોધી હતી. તેમાં તેઓશ્રીએ અહેવાલ લેખન, તેમાં પણ વર્તમાનપત્રમાં તેઓ કેવી રીતે અહેવાલ લેખન કરે છે તેની સમજ આપી હતી.

ત્યારબાદ જૂથ ચર્ચા અને ભાવિ કાર્યક્રમ માટે હાજર રહેલ સર્જકોના અભિપ્રાય માંગવામાં આવ્યા હતા. કાર્યશાળા નિમિત્તે રેવ. ફા. થોમાસ મેકવાન હાજર રહ્યા હતા. તેમના વરદ્‌હસ્તે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો.

સમાપન કાર્યક્રમમાં ફાધર જયંત રાઠોડ સભાપુરોહિત સેંટ જોસેફ ચર્ચ વડોદરા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે તેમના વક્તવ્ય ‘દૂત’ની ઉપયોગીતા, મૂલ્યો સમજાવ્યાં હતાં. સર્જકોને ધર્મસભામાં ઉપયોગી થવા હાકલ કરી હતી. કાર્યશાળામાં ‘દૂત’ તંત્રીમંડળના સર્વ સભ્યો હાજર રહ્યા હતા. — ઈલોમીનાબેન મહીડા

## ‘દૂત’ સ્નેહ સંમેલન

**આણંદ:** ૨૩-૧૧-૨૦૧૪ના રવિવારે પ્રારંભે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરી પરમપિતાનો આભાર માનતાં ‘દૂત’ પરિવારનું સ્નેહસંમેલન રજીસ્ટ્રેશન તથા ચા-નાસ્તો પતાવી ‘દૂત’ સંમેલન શરૂ થયું. તંત્રીશ્રી જસવંત મેકવાને સૌને પ્રાર્થનામાં દોર્યા. ઈલોમીનાબેન શાસ્ત્રપઠન કર્યું. તંત્રીશ્રીએ સર્વ ઉપસ્થિત સ્વયંસેવકો, લેખક-કવિઓ તથા હિતચિતકોનું સ્વાગત કર્યું તથા સંમેલનના આયોજન પર પ્રકાશ પાડ્યો.

‘દૂત’ના માનદ્‌તંત્રી ફાધર વિનાયક જાદવે “દૂતનું ધ્યેયકથન” પર પોતાના સુંદર વિચારો રજૂ કર્યા. તેમણે ‘દૂત’ પરિવારને આંખો અને પાંખો તરીકે સંબોધ્યા. પક્ષીની આંખો અને પાંખો હોય તો જ ઉડ્ડાન કરી શકે છે. ‘દૂત’ ઘર-ઘરનું નજરાણું છે. આપ સર્વે માતા ધર્મસભાના સંદેશાવાહકો છો, ‘દૂત’ અન્ય સામયિક કરતાં નિરાળું છે. ‘દૂત’માં શુભસંદેશ છે, તેના દ્વારા શ્રદ્ધાળુઓની આધ્યાત્મિક ભૂખ-તરસ છિપાય છે. ‘દૂત’ માનવમાં પડેલાં શુભતત્ત્વો અન્યોને પહોંચાડવાનું કામ કરે છે. શાંતિ-પ્રેમનો ચાહક છે. તથા ઘર-ઘરનો વાહક છે. ઈસુના સમયમાં સુવાર્તાકારોએ પ્રભુની વાણી લખી છે. આજે બે હજાર વર્ષ પછી તમે આજના સમયમાં પ્રભુની વાણી લખો છો. ‘દૂત’નાં લખાણો અન્યોને જોડવાનું કામ કરે છે. સદ્‌ભાવના પ્રેરે છે. શુભ-કલ્યાણનું કામ કરે છે. બીજાને આશ્વાસન આપે છે, ‘દૂત’ શુભસંદેશનો આનંદ આપવાનું કાર્ય કરે છે.

ડો. ફાધર આરસકુમારે “શુભસંદેશનો આનંદ” વડાધર્મગુરુના પરિપત્ર ઉપર શાસ્ત્રનાં વચનો ટાંકી સુંદર વ્યાખ્યાન આપ્યું, હૃદયપલટો કરો તથા શુભસંદેશની ઘોષણા કરો. હંમેશા પ્રભુના સાનિધ્યમાં આનંદ રહો. શુભસંદેશનો આનંદ એટલે સંતાનો તરીકે પ્રથમ ઈશ્વરે આપણી ઉપર પ્રેમ કર્યો. ઈશ્વરે પહેલું પગલું ભર્યું. ઈશ્વર આગળ આવ્યા સૃષ્ટિના પ્રારંભથી જ ઈશ્વર આપણી ઉપર પ્રેમ રાખે છે. ઈશ્વરે આપેલો પ્રેમ અન્યોને પહોંચાડીએ. ઈશ્વરની નજરમાં આપણે ખુબ કિંમતી છીએ. તેમણે જણાવ્યું કે ધર્મસભામાં કોઈ ત્રુટી હોઈ શકે. ધર્મસભા ધર્મજનોથી બને છે. ઈશ્વરે આપણને વિવિધ શક્તિઓ આપેલી છે. પવિત્રઆત્મા આપણી સાથે છે. આપણને શુભસંદેશની ઘોષણા કરવાનો હક્ક મળેલ છે. આપણે પ્રત્યેકને માન-સન્માન આપીએ. એક મનના બનીએ.

આપણે આજે અનેક પારિવારિક ચિંતાઓ વચ્ચે જીવીએ છીએ. આપણે પ્રાર્થના કરીએ કે ઈસુના શિષ્યોમાં હતો તેવો પ્રેમ, આનંદ અને સંતોષ જીવનમાં મળે, આપણે આપણી સંસ્કૃતિ આપણી પરંપરાઓને પકડી રાખી શુભસંદેશની ઘોષણા કરીએ. ધર્મસભામાં સ્ત્રીઓને પૂરતું પ્રાધાન્ય આપીએ. તેમને માન-સન્માન આપીએ પવિત્ર મારિયાને આપણો આદર્શ માનીએ. વડાધર્મગુરુએ તેમના પત્રમાં કહ્યું કે, ‘ધર્મસભા ગરીબો માટેની ગરીબ ધર્મસભા બની રહે. આજના નિરંકુશ ઉપભોગવાદના સમયમાં ‘બગાડની સંસ્કૃતિ’ વ્યાપેલ છે. એક બાજુ અનાજનો બગાડ થાય છે, બીજી બાજુ હજારો લોકો ભૂખે ટળવળે છે. ઈસુ ગરીબોના બેલી હતા. આપણે ગરીબોની સેવા કરીએ. આપણા અંગત જીવનમાં સ્વાર્થને બાજુ પર મૂકી અન્યોને માટે સમય કાઢીએ પેરિશના ગરીબોને મદદરૂપ બનીએ. આપણે ઈશ્વરની વાણીને પડી મૂકીને ભાણાની ચિંતા ન કરીએ. આપણે વિચારીએ ધર્મસભામાં હું શું ફાળો આપી શકું? તેનું ચિંતન કરીએ, પવિત્ર કુટુંબ ઈસુ મારિયા. યોસેફને આપણો આદર્શ બનાવીએ, પોતાની ફરજો સમજીએ સમાનતા અને માન-સન્માનની લાગણી ધરાવીએ. સંતાનોનાં દિલમાં ઈસુની વાણી મુકીએ.

બપોરના ભોજન વિરામ બાદ બીજી બેઠક મળી સ્વયંસેવકોની તથા લેખકોની અલગ અલગ બેઠક મળી. લેખકોના વિચારો, અનુભવો સાંભળ્યા તથા ‘દૂત’નું મૂલ્યાંકન થયું. પ્રત્યેક માસે વિશેષ દિન અંગે માહિતી પત્રલેખન કાવ્ય, કિશોરમિત્ર, દૂતના લેખન કાર્યોમાં વધુ લેખકો જોડાય વગેરે વિષય પર વિશદ ઘણાવટ થઈ. ‘આહ્‌વાન’ દ્વારા નવા લેખકોને પ્રોત્સાહન મળે છે તેની સુંદર વાત થઈ. ‘દૂત’ તંત્રીમંડળે ‘દૂત’ને વધુ લોકભાગ્ય બનાવવાની તૈયારી બતાવી.

અંતમાં ગુજરાત સાહિત્ય પ્રકાશના પ્રકાશક ફાધર જેરીએ સૌ સ્વયંસેવકો-લેખકો-કવિઓ વગેરેનો હૃદયપૂર્વક આભાર માન્યો. તથા **આગામી વર્ષ ૨૦૧૫, ૧૫ નવેમ્બરે ‘દૂત’નું સંમેલન મળશે** તેની જાહેરાત કરી ફાધરે સૌને ૨૦૧૫નું કેથોલિક પંચાંગ તથા બાઈબલ ડાયરી ૨૦૧૫ ભેટ આપી. અંતે ફાધર વિનાયકના આશીર્વાદ મેળવી સૌએ વિદાય લીધી. — પીયૂષ એમ. પરમાર

# સંદર્ભ સૂચિ – ૨૦૧૪

## 'દૂત' ૨૦૧૪ અંક ૧-૧૨

**નોંધઃ** ૧) આ સૂચિમાં ૨૦૧૪ના વર્ષમાં પ્રસિદ્ધ થયેલ કૃતિઓના રચયિતાઓનાં નામ ક્કાવારી પ્રમાણે આપેલાં છે.

૨) દરેક કૃત્તિના શીર્ષક સામે કૌંસમાં આપેલા અંક માસ અને પાન નંબર દર્શાવે છે.

---

**સંકલનઃ શૈલેષ ક્રિસ્ટી, અનિલ ક્રિસ્ટી, ફ્રાન્સિસ ડાયર્સા, સંજય વાઘેલા**


**અનિલ ક્રિસ્ટી**
○ મધર ટેરેસા (૯:૨૨)
**અલ્પેશકુમાર કનુભાઈ પટેલિયા**
○ જીવનમાં દુઃખ શા માટે? (૫:૩૯)
**અનિલ વાઘેલા**
○ યોહાનની શહાદત (૬:૧૪)
○ રાજાધિરાજ ઈસુખ્રિસ્ત (૧૧:૪૨)
**અમિત ચૌહાણ**
○ આપણો આનંદ (૧:૪૨)
**ઈન્દુ રાવ**
○ દામ્પત્ય જીવનની ગરિમા (૫:૧૫)
○ મૃત્યુ એટલે મહોત્સવ (૧૧:૨૬)
○ મેરી ક્રિસમસ (૧૨:૩૧)
**ઈશ્વર વાઘેલા**
○ જંગલ કરે મંગલ (૩:૩૬)
○ પ્રકાશ પાથરે પુસ્તક (૪:૩૦)
○ વિશ્વ કામદાર દિન (૫:૩૪)
○ જીવન અમોઘ શાસ્ત્ર (૭:૧૮)
**ઈશ્વર ડી. પરમાર**
○ હવે કાલથી વેકેશન (૫:૨૬)
**કિરીટ પ્રવાસી**
○ સાવિત્રીબાઈ ફૂલે (૯:૨૮)
**કલ્પેશ સોલંકી**
○ રતનનું જતન (૧૧:૧૬)
**જોન ફિલિપ**
○ સ્વૈચ્છિક...ભાવના (૧:૩૯)
○ સુલેમાનથી મારિયો (૨:૩૮)
○ સંત જોસેફની ધાર્મિકતા વિશે બોધ (૩:૧૪)
○ પુનરુત્થાન અને ખ્રિસ્તયજ્ઞ (૪:૨૦)
○ ઈન્ડિયા વિરુદ્ધ ભારત (૮:૨૨)
○ મેરી વાગ્નર (૯:૨૦)
○ શબ્દ માનવ બન્યો (૧૨:૪૭)
**જયંતિ આર. પરમાર**
○ મંદબુદ્ધિના બાળકોની... (૩:૧૫)
○ તપઋતુ બારેમાસ (૪:૧૬)
**જયંત એમ. પરમાર**
○ જે કર ઝુલાવે પારણું (૩:૨૦)
**જોન ફૂલજી મેકવાન**
○ પડકારો ઝીલનાર ભડવીર (૩:૨૬)
**જેકબ સિલ્વેસ્ટર મેકવાન**
○ આઘાતના શુભ પ્રત્યાઘાત (૬:૩૨)
**ડૉ. થોમાસ પરમાર (તંત્રી લેખ)**
○ ગુજરાતનાં પ્રથમ... લેખિકા (૩:૯)
○ પ્રસન્ન દાંપત્યકુટુંબ (૫:૭)
○ માતાપિતાના ચરણેથી (૬:૫)
○ ધર્મસભાના... સંબંધો (૪:૭)
○ વિદાય ટાણે (૮:૧૬)
**ડૉ. રશ્મિન સેસિલ**
○ ડૉક્ટર્સ ડે (૭:૨૬)
**ડૉ. ચંપક મોદી**
○ વાંચે ગુજરાત (૮:૨૭)
**ડૉ. આર.કે. પરમાર**
○ મારે જીવવું છે (૫:૨૧)
○ વેદના સંવેદના (૯:૩૩)
**ડૉ. સિલાસ પટેલિયા**
○ આનંદો રે... તંત્રી લેખ (૧:૧૧)
○ વેલેન્ટાઈન ડે... તંત્રી લેખ (૨:૯)
○ ભાષાવૃક્ષનાં પર્ણોનું રુદન (૨:૨૪)
○ જેણે પાપ કર્યું ના એકે... (૬:૧૬)
**ડૉ. રોમાન ભાટિયા**
○ મુક્તિ અપાવે તે શિક્ષણ (૯:૨૪)
**ડીકન મહેશ બાગુલ**
○ મારી હાકલ (૧૨:૫૨)
**થોમસ પરેરા**
○ પવિત્ર ગુલાબમાળા...(૧૦:૧૪)
○ ગોવાના સંત ફ્રાન્સિસ (૧૨:૨૦)
**દોમનિક એમ. ડાભી**
○ સોચ બદલો, દિશા બદલો, દશા બદલો (૪:૨૯)
○ જીવનને એક વિશેષ (૫:૨૪)
**દીપકભાઈ જી. પરમાર**
○ વસ્તી વિસ્ફોટ (૭:૨૪)
**દક્ષા સંઘવી**
○ સંત કુરિયાકોસ ચાવરા (૧૧:૩૬)
**ધીરુભાઈ જે. પટેલિયા**
○ મહિલા ઉત્કર્ષ (૩:૨૨)
**ધર્મબંધુ થોમસ પીટર એમ.સી.**
○ નવા જીવનનો અનુભવ (૧:૨૮)
○ પુનરુત્થાન (૪:૧૯)
○ ક્ષમા બક્ષવી એ... (૬:૩૧)
**નિહિલ મેકવાન**
○ માફ કરો (૮:૧૭)
**પ્રજ્ઞેશ વિજયકુમાર દેવાંશી**
○ ભગવાનને નામે ફોરવર્ડ (૭:૧૪)
○ વેદના સંવેદના (૯:૩૩)
**પૉલ મેકવાન**
○ આપણાં સિસ્ટરો... (૧:૩૧)
**પ્રકાશ જલાલ / વિજય પ્રકાશ સોલંકી**
○ ભલા એક નિષ્ઠાવાન (૪:૨૮)
**ફ્રાન્સિસ ડાયર્સા**
○ અશ્રદ્ધાળુની શ્રદ્ધા (૭:૧૩)
**ફાધર જેરી સિક્વેરા એસ.જે.**
○ કેથોલિક પંચાંગ (૧:૨૩)
**ફાધર વર્ગીસ પૉલ એસ.જે.**
○ પૉલ ફ્રાન્સિસ મહેંક (૪:૨૪)
○ શુભસંદેશની ઘોષણા (૭:૨૮)
○ હયાતીની પ્રથમ ક્ષણથી (૯:૩૪)
**ફાધર એન્ડ્રુ સિલ્વેરા**
○ શુભસંદેશનો આનંદ (૫:૧૨)
○ ઘેર ઘેર બાઈબલ સત્સંગ (૧૧:૨૦)
**ફાધર હેરી પિન્ટો**
○ ઘડતર સતત પ્રક્રિયા (૮:૧૧)
○ મુક્તિ પોતાની પસંદગી (૧૨:૨૪)
**ફાધર જેમ્સ બી. ડાભી એસ.જે.**
○ નિરાશ્રિતોનો સ્વીકાર (૮:૧૮)
○ શિક્ષણ સમાજ ઘડે (૯:૧૮)
○ જીવનનું પ્રવેશદ્વાર (૧૧:૨૮)
○ ઈસુનો જન્મ (૧૨:૩૨)
**ફાધર રેમન્ડ એ. ચૌહાણ એસ.જે.**
○ ઈસુસંઘનું નાબૂદીકરણ (૮:૨૪)
**ફાધર રોકી પિન્ટો**
○ શિક્ષણ એટલે જીવનઘડતર (૯:૨૧)
**ફાધર શંકર ડોડિયાર / ફાધર દરેશ રાઠવા**
○ મારી હાકલ (૯:૪૧)
**ફાધર ડૉ. અરસકુમાર**
○ યુવાવર્ગ, ધર્મ... (૧૦:૧૬)
○ ઈસુ કેમ આવ્યા (૧૨:)
**ફાધર વિનાયક જાદવ**
○ શુભસંદેશનો... પ્રસાર... (૧૦:૧૭)
**ફાધર જોન પાઉલ લોબો**
○ હે ભગવાન તવ.... (૧૦:૨૬)
**ફાધર જોસેફ અપ્પાઉ**
○ સમુદાય આપત્તિ... (૧૦:૨૮)

**ફાધર ફ્રાન્સિસ પરમાર એસ.જે.**
○ કુટુંબ અને શ્રદ્ધા (૧૨:૪૮)
**ફાધર મયંક પરમાર એસ.ડી.બી.**
○ પારિવારની સંપર્ક યાત્રા (૧૨:૫૦)
**ફાધર લોરેન્સ એ.**
○ પવિત્ર ઘડી (૬:૧૮)
**ફાધર કિરણ ગોહિલ**
○ પ્રેમ અને પ્રસન્નતાનું પ્રતીક (૨:૨૩)
**ફાધર કમલેશ રાવળ**
○ ઈસુની હાકલનું બયાન (૨:૨૮)
**બાસિલ એ. પરમાર**
○ સંત ઈગ્નાસ... (૭:૨૦)
**બકુલ મેકવાન**
○ વિશ્વ તમાકુ નિષેધદિન (૫:૨૨)
○ ઈસુસંઘનું સામુદાયિક (૯:૫૧)
**બ્રધર આનંદ**
○ બેરોજગારી... (૬:૩૪)
**બ્રધર નિલેશ મેકવાન**
○ એ લટકી રહેલું ચિત્ર (૭:૨૨)
**બ્રધર સુશીલ**
○ નાનેરા એટલે કોણ? (૯:૩૦)
**બ્રધર લીઓ સ્ટીફીન એ.**
○ એકલતા એટલે... (૧૧:૧૪)
**બ્રધર એમોઈસન એસ.જે.**
○ પ્રાર્થનાનો હેતુ (૩:૪૧)
**બ્રધર અશ્વિન પાંડવ**
○ પ્રાર્થના હેતુ (૪:૪૦)
**બ્રધર જેસુરાજ**
○ પ્રાર્થના હેતુ (૫:૩૬)
**બ્રધર જેરાલ્ડ સ્ટાલીના**
○ સર્વ ખ્રિસ્તી સંપ્રદાયોની... (૧:૪૦)
**બ્રધર રમણ દળવી**
○ સંત જોન દે બ્રિટો (૨:૨૨)
**બ્રધર જેમ્સન**
○ ધર્મસભામાં અને... (૨:૪૩)
**મજીદખાન પઠાણ**
○ વિશ્વ ઓઝોન ડે (૯:૫૮)
**યોસેફ મેકવાન**
○ પ્રેમની પાંખે (૬:૨૦)
**સ્વ. રમેશ વાઘેલા**
○ અંતર ઝૂરતું એવું (૧૧:૨૪)
**રાજુભાઈ ગોપાલભાઈ**
○ સ્વપ્નની ભાષા (૨:૨૬)
○ વૃક્ષ એટલે...આશીર્વાદ (૬:૧૨)
**રાજેશ ક્રિશ્ચિયન**
○ ઉઘાડી આંખે દીઠું... (૩:૧૮)
○ બે વડાધર્મગુરુ... (૬:૨૪)
○ આદિવાસીનો ચાહક (૮:૨૦)
○ સંત સિસ્ટર યુફ્રેસિયા... (૧૧:૩૭)
**રાજુલ આઝાદ**
○ વિશાળ હૃદયનાં... (૧:૧૭)
○ વિશાળ હૃદયનાં... (૨:૧૫)
**વિમળા બાસિલ પરમાર**
○ વધસ્તંભ...સાત વચનો (૪:૧૩)
○ હું એક મા છું (૫:૨૦)
**વિક્ટર મેકવાન**
○ મા મરિયને વંદન (૫:૧૬)
○ HIV એઈડ્સ (૧૨:૨૬)
**શૈલેષ ક્રિસ્ટી**
○ ઉત્તરાયણઃ... (૧:૪૪)
○ પુનરુત્થાન અને આશા (૪:૨૨)
○ પરિવર્તન એટલે... (૬:૨૨)
○ પ્રાંતાધ્યક્ષ સાથે મુલાકાત (૮:૩૪)
○ આહ્‌વાન (શિક્ષણ) (૯:૪૫)
○ આહ્‌વાન (મૃત્યુ) (૧૧:૪૪)
○ ભેટ પ્રભુની... (૧૦:૨૦)
○ દીવાથી દીવો (૧૧:૩૯)
○ આભાર (૧૨:૫૩)
**સ્નહેલત્તા ભાટિયા**
○ મોસમ (૮:૩૮)
○ ગાંધી સંદેશ... (૧૦:૪૦)
○ નાતાલનું નજરાણું (૧૨:૩૬)
**સિસ્ટર ફૂલમણી**
○ કારાવાસ સેવા (૮:૧૪)
**સિસ્ટર રેશ્મા મેન્યુઅલ મેકવાન**
○ અજબ માગીરાજાઓની... (૧:૩૦)
○ ગર્ભવતી ગગનને... (૩:૨૩)
○ સજીવન થયેલો... (૪:૧૮)
○ અવલોકિત દિવ્યરૂપ... (૮:૧૨)
○ એક સમર્પિત આયખુ (૧૧:૧૯)
**સિસ્ટર મનિષા**
○ ઊઠ જાગ મુસાફિર (૬:૧૩)
**સ્વ. સિસ્ટર વિજ્યા ઓ.પી.**
○ દર્દીની મુલાકાતે (૨:૩૬)
○ વાંચન કેળવણી (૪:૨૬)
○ આવ્યો મે મહિનો (૫:૧૮)
○ હે અમારા બાપ (૭:૧૬)
**ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી**
○ આંખ વગરનાં અજવાળાં (૧:૩૪)
○ શાંતિ ઉતારો નાથ (૯:૩૨)
**સંધ્યા ફિલિપ પરમાર**
○ શું આ છે પ્રેમ? (૨:૩૦)
**સ્મિતા બકુલ મેકવાન**
○ જળ એ જ જીવન (૩:૨૮)
○ પર્યાવરણ માનવજીવન (૬:૧૦)
**સુમિત મહેન્દ્ર રાઠોડ**
○ નિરક્ષરતા કેમ? (૩:૨૫)
**સરૂપ ધ્રુવ**
○ વિકાસ કોના માટે...? (૧૦:૨૩)
**હસમુખ વાઘેલા**
○ તું જ ભાગ્યવિધાતા (૯:૨૬)
**હસમુખ ક્રિશ્ચિયન**
○ ધર્મશિક્ષક સ્વ. યોહાન પરમાર (૪:૩૮)
**જસવંત મેકવાન – તંત્રી લેખ**
○ પસંદગી પ્રત્યેક પળે (૭:૭)
○ નાગરિક ધર્મ (૮:૫)
○ રજતતાર સન્માન (૯:૯)
○ પરિવારની પ્રાર્થના (૧૦:૭)
○ શ્રદ્ધાપર્વ (૧૧:૭)
○ આનંદ, પૂર્ણ આનંદ (૧૨:૧૧)
**સંકલન**
○ અભિનંદન... (૯:૪૨)
○ વિશ્વ વિકલાંગ દિન (૧૨:૨૧)
**આહ્‌વાન – સહતંત્રી (શૈલેષ ક્રિસ્ટી)**
**“શિક્ષણ”**
○ સંજય વાઘેલા
○ રજનીકાંત રાઠોડ
○ મહેન્દ્ર જોસેફ પરમાર
○ પારૂલ હેરિસ રાઠોડ
○ નરોત્તમ તૃષિત
○ પિયુષભાઈ એમ. પરમાર
○ જયંત સુતરિયા
○ શૈલેષ રાઠોડ
**“મૃત્યુ”**
○ સંજય વાઘેલા
○ વિનુ શાહ
○ સુરેન્દ્ર આસ્થાવાદી
○ વિક્ટર મેકવાન
○ ફાધર વિલિયમ
○ પીટર મેકવાન

## કાવ્યવિભાગ

**ડૉ. સિલાસ પટેલિયા**
○ નૂતન વર્ષાભિનંદન (૧:૧)
○ ભસ્મ બુધવાર (૩:૧)
○ વૃક્ષ (૬:૫)
○ સ્વાતંત્ર્ય દિને (૮:૫)
○ વાર્ધક્ય (૧૦:૫)
○ કબ્રસ્તાનમાં (૧૧:૫)
○ નાતાલ (૧૨:૧૩)
**સુરેન્દ્ર આસ્થાવાદી**
○ નવા વરસનો સૂરજ (૧:૨)
○ પ્રીતિ (૩:૨)
○ મહાનતાની મૂરત મા (૫:૨)
○ શુભ સનાતન ગૃહ (૬:૧)
**સવિતાબેન પરમાર**
○ પ્રાર્થું નૂતન વર્ષે (૧:૩)

○ ઊતર્યો હરખ (૩:૫)
○ મૃત માતાને (૪:૩)
○ રઘવાયો માણસ (૫:૩)
○ જીવન રણ (૭:૧)
○ ઝાકળ (૮:૩)
○ આકાશી અવનવું (૧૦:૨)

**પ્રકાશ જલાલ**
○ સત્ય (૧:૪)
○ હજાર છે (૩:૪)
○ ઈસુ પધારશે (૧૨:૧૩)

**શૈલેષ પરમાર**
○ તુ આપજે (૧:૫)

**જોસફ વાય. મેકવાન**
○ વંદુ તારું બાળ (૨:૧)
○ પાપોના ભારા (૪:૧)
○ ચાહનારા ગયા (૯:૧)
○ વીણા વાગે છે (૧૨:૧૩)

**ફ્રાન્સિસ ગાલ્લુસ**
○ વિસામો (૨:૩)
○ કંઈક થાય છે (૩:૩)

**રમણ નડિયાદી**
○ હથેળીમાં (૨:૨)

**રજનીકાંત રાઠોડ**
○ માણસ (૨:૪)
○ ક્યાં છે પ્રભુ (૮:૪)

**નટુભાઈ વાઘેલા**
○ ઘેટું હું તો... (૨:૫)
○ કવિતાએ ક્રોસ (૯:૪)

**ધીરુભાઈ પટેલિયા**
○ કૃપા આપજે (૪:૨)
○ પ્રાર્થી રહ્યો છું (૭:૪)

**બાસીલ મેકવાન "શૈલ"**
○ જિંદગી (૪:૫)
○ તું જાણે ને હું જાણું (૭:૫)
○ નીકળે... (૧૧:૨)

**વત્સલ ખ્રિસ્તી**
○ હું ક્યાં જાઉં (૪:૪)

**શશીકાંત મેકવાન**
○ સમય થઈ ગયો (૫:૧)

**કલ્પેશ સોલંકી 'કલ્પ'**
○ રાત છે... (૫:૫)
○ ઈશ્વર કહે છે (૭:૨)
○ અથડાય છે (૯:૨)
○ આપણામાં હોય છે (૧૧:૧)

**કૃણાલ પટેલિયા**
○ જિંદગી એનું નામ (૫:૪)

**જયંત સુતરિયા**
○ અભાવ છે (૬:૩)

**હરિશ આમોદરા**
○ સાચવજે મને પ્રભુ (૬:૪)

**આલ્ફોન્સ મેકવાન**
○ સવાલ જવાબ (૭:૩)

**બકુલ મેકવાન**
○ માની કૃપા (૮:૧)
○ જિંદગી (૧૦:૧)
○ મેરી ક્રિસમસ (૧૨:૧૩)

**રોનક મેકવાન**
○ બાળપણનો આનંદ (૮:૨)
○ પ્રકૃતિ-સંસાર (૧૦:૪)

**દીન પાટીલ**
○ મધર ટેરેસા (૯:૫)

**જોન કાર્લ પરમાર**
○ વિશ્વાસે... (૯:૩)

**સિસ્ટર ગીતા જોન એલ.ડી.**
○ દુ:ખ નથી (૧૦:૩)

**ફેડરિક ક્રિશ્ચિયન**
○ હવે હું... (૧૧:૩)

**સૂર્યકાંત પરમાર**
○ એક કાવ્ય (૧૧:૪)

**યાકુબ પરમાર**
○ નાતાલે મુક્તકો (૧૨:૧૩)

**રમેશ મેકવાન**
○ જિંદગી (૬:૨)




'ઓ થાકેલાઓ અને ભારથી કચડાયેલા તમે બધા મારી પાસે આવો
હું તમને વિસામો આપીશ.' (માથ્થી ૧૧:૨૮)

રોજબરોજના થાક, ત્રાસ, ભારથી જીવનનો ઉત્સાહ મરી પરવારે છે ત્યારે ભગવાન ઈસુનું શરણું આપણું આશ્રયસ્થાન છે. ઈસુનું આમંત્રણ સ્વીકારી ભક્ત પોકારી ઉઠે 'તુજ કોની પાસે પ્રભુ જઈએ?'

કેવળ આપત્તિમાં જ નહીં, આભાર માનવા પણ પ્રભુ પાસે જઈએ.

ભગવાન અને ભક્તની સંગત સઘન બનાવવા મદદરૂપ બને તેવી પુસ્તિકા

## 'Come, I Will Give You Rest'

## 'આવો, હું તમને વિસામો આપીશ.'

પરમપ્રસાદની આરાધનમાં પ્રત્યેકને પસંદ પડે તેવી છે, આજે જ વસાવો...

**મૂળ લેખક: ફાધર એન્થોની રોબીન્સ**

**પ્રાપ્તિ સ્થાન :** **ફાધર ફ્રાન્સિસ ક્રૂસ એસ.જે. (મો: ૯૭૨૭૦ ૭૯૫૯૬)**
કેથોલિક ચર્ચ, મહાત્મા ગાંધી રોડ, ભરૂચ - ૩૯૨૦૦૧

# અમારી સાપુતારાની અવિસ્મરણીય શિબિર

મારાં મમ્મી-પપ્પા (સુસાન્નાબહેન-બિપિનભાઈ આઝાદ)ના બીજા સંતાન તરીકે મારો જન્મ ગૂજરાત વિદ્યાપીઠમાં થયો હતો. અમદાવાદમાં વીજળીના દિવા-બત્તીનું આગમન અને વિદ્યાપીઠની સ્થાપના બંને એક સાથે થયાં હતાં. એ વખતે ત્યાંના કણકણમાં ગાંધીજી જીવતા હતા. એ વખતની અમારી વિદ્યાપીઠ ગુરૂકૂળ હતી. દેશના – એ વખતના – લગભગ બધા જ મહાનુભાવોનાં દર્શન અમે ગૂજરાત વિદ્યાપીઠ ખાતે કર્યાં હતાં. એ વખતે અમે રેંટિયો કાંતતાં હતાં અને ખાદી પહેરતાં હતાં. એ વખતના વિદ્યાર્થીઓ પારેવાં જેવાં ભોળાં હતાં. શિક્ષક વિદ્યાર્થીને કાંઈ પૂછે તો વિદ્યાર્થી અદબવાળીને બોલવા લાગતો. એ વખતે દર વર્ષે વિદ્યાપીઠમાં શિબિરનું આયોજન થતું હતું, જેમાં અમે શિક્ષણ, સમૂહજીવન, શ્રમ, એકમેક માટે હૃદયના ઊંડાણથી સહકારની ભાવના વગેરે શીખતાં હતાં. આપણી આજુબાજુ વિસ્તરેલી આ ધરતીમાંથી અંકુરિત થતાં, મહેંક મહેંક થતાં ફૂલોનાં સૌંદર્યથી વિદ્યાપીઠના સમયમાં સાવ મુગ્ધવયે અભિભૂત થયેલું મારું વિસ્મય હજુ આજે પણ શમ્યું નથી. અહીંતહીં આ ચોગમ ઊગી નીકળેલાં સુંવાળાં ચમકતાં, લીલાંછમ લહેરાતાં ઘાસની સાથે હું પણ લહેરાયો છું. દસે દિશાઓમાંથી ફૂંકાતા ફંગોળાતા પવન સાથે હું પણ ફંગોળાયો છું. વરસાદની ઝીંકાતી ઝાકમઝોળ ધારા, નદી અને ઝરણાંના ખળખળ વહેતાં પાણી સાથે હું પણ વહેતો રહ્યો છું. આવી આ સુંદર ધરતી પર મેં પગલાં પાડ્યાં છે, એનો મને અનહદ આનંદ છે. રાત-દિવસના એના ચક્ર સાથે શુભમાં શ્રદ્ધા રાખીને જીવન જીવવાનો ભરચક રોમાંચ મેં માણ્યો છે. શ્રી અરવિંદ કહે છે કે, ઉતારી શકો તો આ પૃથ્વી પર સ્વર્ગ ઊતારો. એ સમજણથી અને અમારા વિદ્યાપીઠના સમયની, વિદ્યાપીઠની શિબિરની આખી વાતને – આખી આબોહવાને પુનઃજીવીત કરવા તથા લાગણીથી ધબકતાં ક્રિશ્ચિયનયુથને સરકારી નોકરીઓ માટે સજ્જ કરવા – મોટીવેટ કરવા માટે અત્યંત પવિત્ર શુભાશયથી હું સાપુતારા શિબિરનું આયોજન કરતો રહ્યો છું.

આ વખતે અમારી સતત ત્રણ મહિનાની GPSCની ક્લાસ વન-ટુની તૈયારી પછી ગૌણ સેવા પસંદગી મંડળની બિનસચિવાલયના ક્લાર્કની ૨,૪૪૪ જગ્યાઓ અને સચિવાલયના ઓફિસ આસિસટન્ટની ૨૦૦ જગ્યાઓ માટે દિવાળીની રજાઓમાં ક્રિશ્ચિયન યુથ માટે ફરી એકવાર સાપુતારા ખાતે સફળતાપૂર્વક શિબિરનું અયોજન ફાધર ઈશવાન ગામીતના પ્રેમભર્યા અભૂતપૂર્વ સહયોગથી કરવામાં આવ્યું હતું.

આ શિબિરનો શુભારંભ તા.૧૯મી ઓક્ટોબર, ૨૦૧૪ના રવિવારે સાંજે ચાર વાગ્યે થયો હતો. મણિનગર મેથોડિસ્ટ ચર્ચ પાસે અમારાં વિદ્યાર્થીઓ ને તેમના પેરન્ટસ આવી ગયાં હતાં. નડિયાદનાં વિમળાબહેન શાંતિલાલ મેકવાને પ્રાર્થના કરાવી પછી અમારી બસ ઉપડી હતી. નડીઆદ, આણંદ, વડોદરાથી વિદ્યાર્થીઓને લઈને નબીપુરની હોટલ ખાતે રાત્રિ ભોજન લીધું હતું.

અમારી બસ બીજા દિવસે સવારે પાંચ વાગ્યે સાપુતારા પહોંચી હતી. સવારે નવ વાગ્યે અમારી શિબિરનો શુભારંભ થયો હતો. ટાઈમટેબલ મુજબ સવારના પ્રથમ સેશનમાં બે લેક્ચર રાખવામાં આવતાં હતાં. દરરોજ સવારે સાડા આઠથી અગિયારનું એક લેક્ચર પછી દસ મિનિટનો બ્રેક અને ત્યારબાદ અગિયારથી એક વાગ્યનું બીજું લેક્ચર રાખવામાં આવતું હતું. ત્યારબાદ, લન્ચબ્રેક અને આરામ. અમારું બીજું સેશન ત્રણથી પાંચ વાગ્યનું રહેતું, ત્યારબાદ ટી બ્રેક અને પછી પાંચ વાગ્યાથી સાડા સાત વાગ્યા સુધી વિદ્યાર્થીઓ, અલગ અલગ ટુકડીમાં, સાપુતારામાં ફરવા જતાં હતાં. રાત્રિના ભોજન પછી રાત્રિના નવથી અગિયારનું અમારું છેલ્લું સેશન રહેતું. અમે વિષયવાર મોક-ટેસ્ટ પણ લેતાં હતાં. સવારની આદુ-ફૂદીનાવાળી ચા સાથે નાસ્તામાં ગરમાગરમ ઈડલી-સંભાર, બટાટાપૌંઆ, ભાજી-પાઉં, બેસનના બટર-કાંદા પૂડલાં, અલગ અલગ પ્રકારના ભજીયાં અને બ્રેડ, ઈંડા-ખીમા-પાઉં વગેરેનો આસ્વાદ વિદ્યાર્થીઓને કરાવ્યો હતો. જ્યારે બપોરના લન્ચમાં દાળ-ભાત, શાક-રોટલી, પાપડ, અથાણું, કચુંબર અને કેળાં સાથે સ્વીટમાં લસલસતાં ચુરમાના લાડુ, લાપસી, શીરો અને બે વાર પીસ્તા-જાયફળથી ભરપૂર ગુલાબી ઝાંયવાળો દૂધ-પાક પીરસ્યો હતો. નોર્મલી તો સાંજની ચા સાથે બિસ્કીટ રહેતાં, પરંતુ એકવાર સાંજે ટી-બ્રેક વખતે ચા સાથે પડોશના સેંટ આન્નના સિસ્ટર સુપિરીયર રાહેલે ખૂબ પ્રેમથી શિબિરાર્થીઓ માટે કાજુ-બદામ-દ્રાક્ષવાળી મસ્ત ઑવનફ્રેશ કેક મોકલી હતી. જે બધાંને ખૂબ ભાવી હતી. અમારાં મણિનગરમાં જેમનું નામ લોકજીભે છે એવા અત્યંત પ્રેમાળ સિસ્ટર સુપિરિઅર રાહેલનો આભાર. સાંજના ડિનરમાં દરરોજ આપણી ખીચડી તો ખરી જ, સાથે કઢી, શાક, રોટી/ભાખરી, તળેલાં પાપડ, અથાણું, તળેલાં મરચાં, સલાડ વગેરે રહેતું. બધાં જ શિબિરાર્થીઓને ચા-નાસ્તો અને બન્ને ટાઈમના ભોજનની ખૂબ મઝા પડી હતી.

સાપુતારામાં એક તો સાંજ ખૂબ વહેલી ઊતરી આવતી હતી અને મોસમે પણ અચાનક પલટો ખાધો હતો એટલે વાતાવરણ થોડુંક વાદળછાયું અને વરસાદી બની ગયું હતું. વરસાદ એ તો ઈશ્વરે માણસને આપેલી જાદુની ઝપ્પી છે. માણસ પણ માટીનો જ બનેલો હોય તો આ દેહને મેહનું મિલન થવા દેવું જોઈએ. છાંટા બહાર પડે પણ ભીનાશ અંદર સુધી પ્રવેશી જાય. માણસની ભીતરમાં ભંડારેલી, સંગોપિત સંવેદનાઓ સુધી વરસાદી ભીનાશ પહોંચીને સળવળાટ શરૂ કરે છે. વાત કે જે કહેવાઈ નથી, વાત કે જે સમજાઈ નથી, વાત કે જે જીવાઈ નથી – આવી સંઘરેલી વાતોને લીલી ટશરો ફૂટે છે. આથીસ્તો, આવા ઠંડા-વરસાદી વાતાવરણમાં પોતપોતાના ગ્રુપ સાથે ફરવાની પણ ખૂબ જ મઝા આવતી હતી. સાપુતારાનું પ્રખ્યાત મ્યુઝિયમ તો જોયું જ, સાથે સાથે બોટીંગની પણ મઝા માણી અને રોપ-વેમાં બેસવાની થ્રીલ પણ અનુભવી હતી. રોપ-વે જ્યાંથી પસાર થાયછે તેની નીચેની ખીણ જેવા ઢોળાવવાળી જમીન ચોમાસામાં અને એ પછીના દિવસોમાં રંગબેરંગી ફૂલોથી છવાઈ જતી હોય છે. જેમાં મહત્ત્વનો ફાળો ઓર્કીડના ફૂલોનો હોય છે. આ વિસ્તાર 'વેલી ઓફ ફ્લાવર્સ' તરીકે ઓળખાય છે. આવા વરસાદી વાતાવરણમાં પણ રોમાંચક પેરાગ્લાઈડીંગ ચાલુ થઈ ગયું હતું. સનરાઈઝ પોઈન્ટ તો અમે સવારે ચાલતાં જતાં હતાં અને સાંજે સનસેટ પોઈન્ટ પર જતાં. સાપુતારાનો સાપ, સ્ટેપ ગાર્ડન, રોઝ ગાર્ડન, ઈકો પોઈન્ટ, ટેબલ પોઈન્ટ, ગાંધી શિખર, સરદાર શિખર, હની સેન્ટર, નાગેશ્વર મહાદેવ મંદિર અને નવાગામ ગણેશમંદિરની સહુએ મુલાકાત લીધી હતી. અમે જ્યારે ઋતુંભરા વિશ્વ વિદ્યાપીઠની મુલાકાત લીધી ત્યારે પૂર્ણિમાબહેન પકવાસા અંદર પોતાના રૂમમાં આરામ કરી રહ્યાં હતાં. હાલમાં તેઓ ૧૦૩ વર્ષના છે. તેઓ મૂળ સુરેન્દ્રનગરનાં છે અને તેઓ ગાંધીજી સાથે સ્વતંત્રતાની ચળવળમાં જોડાયાં હતાં. તેમણે કસ્તુરબાને અક્ષરજ્ઞાન આપ્યું હતું. સેંટ આન્નના સિસ્ટર નીતા કે જેઓ અમારાં વિદ્યાર્થી ડેનિશના માસી પણ થાય, તેઓએ જ્યારે અમને તેમના ત્યાં ચા પીવા માટે બોલાવ્યાં ત્યારે તેમણે પૂર્ણિમાબહેનનો તાજેતરમાં જ લીધેલો ફોટો તેમના મોબાઈલ પર બતાવ્યો હતો. તે જોઈને અમે સહુએ ખુશી વ્યક્ત કરી હતી. એવી જ રીતે ડાંગ જિલ્લાને મહારાષ્ટ્રમાં જતું રોકનાર અને ડાંગના સરદાર તરીકે જાણીતા ૯૩ વર્ષના ઘેલુભાઈ નાયકને મળ્યા ત્યારે ગૂજરાત વિદ્યાપીઠની ઘણી જૂની યાદો તાજી થઈ હતી. વહેલી સવારે અમે ચાલવા જતા હોય ત્યારે કે સાંજે ફરવા નીકળીએ ત્યારે ત્યાંની પ્રજા તાપણાં સળગાવતી હતી. તેમની પાસે બેસીને તાપવાની અનોખી મઝા અમે લૂંટી હતી. દિવસ દરમ્યાન, સમય મળે ત્યારે અમારાં વિદ્યાર્થીઓ કેમ્પસમાં જ આવેલાં ગિરિમાતાના ચર્ચમાં જઈને પ્રાર્થના કરતાં હતાં.

એક દિવસ, જ્યારે અમે સાપુતારાના તળાવની આસપાસ ફરતાં હતાં ત્યારે એક વિદ્યાર્થીનીનો અમદાવાદથી ફોન આવ્યો હતો કે તેની સાથેના અમારાં બીજા બે ક્રિશ્ચિયન વિદ્યાર્થીઓ હાલમાં જ GPSCની સાઈટ પર જે ચીફ ઓફિસરનું રીઝલ્ટ મૂક્યું છે તેમાં પાસ થઈ ગયાં છે. જે ૧૦૦ ઉમેદવારોને પર્સનલ ઈન્ટરવ્યુ માટે બોલાવ્યાં છે; તેમાં આ ત્રણેયનાં નામ છે. ફક્ત ત્રીસ જણને જ ચીફ ઓફિસર તરીકે લેવાના છે. એટલે વિદ્યાર્થીનીના સામા છેડેથી શબ્દો હતાં કે, 'રાજુલ સર, તમે અમને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સતત જાગૃત કર્યાં, શિક્ષણ આપ્યું માટે ખૂબ ખૂબ આભાર. પરંતુ હવે ઈન્ટરવ્યુમાં સિલેક્ટ થઈ જઈએ માટે પ્રાર્થના કરજો.' અમારાં ટીમલીડર પ્રદીપ ગામીત GPSC-મિશન મંગલમ ખાતે ડિસ્ટ્રીક્ટ લાઈવલીહૂડ મેનેજર તરીકે સેકન્ડ આવ્યાં છે. હવે ઈશ્વરકૃપાથી તેઓ પણ સિલેક્ટ થશે જ! સાપુતારા આવેલી અમારી પેટલાદની એક દીકરી સ્નેહલ મિતેષકુમાર હાલમાં જ તલાટી તરીકે સિલેક્ટ થઈ ગઈ છે. જ્યારે નડિયાદનો અમારો એકદમ સિનસીયર વિદ્યાર્થી નિસર્ગ દેસાઈ તલાટીમાં સિલેક્ટ થઈ ગયો છે, પરંતુ હાયર પોસ્ટમાં જવાની પોતાની ઇચ્છાને કારણે તે આ પોસ્ટને ડ્રોપ કરશે. તાજેતરમાં જ બીજી એક દીકરી સેજલ કે જે સતત ત્રણ મહિનાના મણિનગર ખાતેના ક્લાસમાં આવતી હતી તેણે દાહોદ ખાતે ડેપ્યુટી ટી.ડી.ઓ. તરીકે પોતાની સર્વિસ જોઈન કરી લીધી છે. અમારા જ ગ્રુપનો એક વિદ્યાર્થી I.B. ઓફિસર તરીકે સિલેક્ટ થઈ ગયો છે. ઈન્ટાલીજીન્સ બ્યુરોમાં ઓફિસર તરીકે હાલમાં તેની ટ્રેઈનીંગ ચાલી રહી છે. આપણાં નવથી દસ જણા બેન્કમાં જોઈન થયાં છે. આ બધાં જ સમાચાર આપણા સહુ માટે આનંદના સમાચાર છે. આ બધાં સમાચારો સાંભળીને આપણું નાનું-અમથું પ્રેમાળ મન ઝૂમી ઊઠે છે. હજુય અમારાં કેટલાંય વિદ્યાર્થીઓ સરકારી નોકરીઓમાં લાગવાના જ છે. તેઓ પુષ્કળ મહેનત કરે છે. તેમનામાં પુષ્કળ ધીરજ છે. એક પરીક્ષામાં પાસ ન થાય તો એટલા જ ઉત્સાહ અને ખંતથી તરત જ બીજી

પરીક્ષાની તૈયારી કરવા માટે મંડી પડે છે. પ્રતીક્ષાનું પ્રમાણ અને પદ્ધતિ જુદાં જુદાં હોઈ શકે, પણ પ્રતીક્ષામાં સો ટચની પ્રામાણિકતા જરૂરી છે. આપણને નોકરી મળે તેની પ્રતીક્ષા, આંખોથી રસ્તાના ઓવારણાં લે છે ને પછી આંખોને પાંખો ફૂટે છે.

દિવાળીનો દિવસ આવી ગયો હતો. નાતાલ હોય કે દિવાળી, હવે ઉત્સવો ઉજવવાની પદ્ધતિ સાવ બદલાઈ ગઈ છે. હવે ઘેર મઠીયા-સુંવાળી-ઘૂઘરા બનતાં નથી, પરંતુ ડાયરેક્ટ ઈન્દુબહેનના લવાય છે. પહેલાં કાર્ડના ઢગલા થતાં, હવે સેલફોનનાં ઈનબોક્સ મેસેજીસથી ભરચક થાય છે. પહેલાં સહુને હળવા-મળવાનું ઘેલું હતું, હવે બહાર ફરવા ઉપડી જવાનો ક્રેઝ છે. આ ક્રેઝને કારણે આ વખતે પણ સાપુતારા સહેલાણીઓથી ભરચક થઈ ગયું હતું. ઠેર ઠેર ટ્રાફિક જામનાં દશ્યો સર્જાયાં હતાં. આવા સમયે, દિવાળીના દિવસે, સવારે આઠ વાગ્યે શિબિરાર્થીઓ ચા-નાસ્તો કરીને ડાંગમાં ઈકો ટુરીઝમ માટે જવા તૈયાર થઈ ગયાં હતાં. અમારી જીપો અમારે આંગણે આવી ઊભી રહી ગઈ હતી. વિદ્યાર્થીઓ પોતપોતાની ટીમમાં, અલગ અલગ જીપોમાં ગોઠવાઈ ગયાં, અને અમારો ડાંગનો પ્રવાસ શરૂ થયો. પ્રથમ તો, અમે અંબિકા નદીમાં પાણીના એક સ્તોત્ર આગળ છબછબિયાં કરીને મઝા માણી. પછી અમે સીધા જ શામગહનની સેંટ ઝેવિયર્સ સ્કૂલ અને હોસ્ટેલ વગેરે જોવા માટે ગયાં. હજુ ગઈકાલે જ ફાધર ટોની જ્યારે અમારા ઉતારા પર આવ્યા હતા ત્યારે તેમણે અમને તેમના ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું હતું. આ વખતે ફાધર ઈશવાન ગામીત પીંપરી ખાતેના બાઈબલ અધિવેશન અને વ્યારા ખાતેના આદિવાસી સંમેલનમાં પુષ્કળ વ્યસ્ત હતા. ફાધર ટોનીએ સેંટ ઝેવિયર્સ સ્કૂલ, હોસ્ટલ, વરસાદી પાણીને સાચવતી ખૂબ મોટી ટાંકી વગેરે ખૂબ જ પ્રેમપૂર્વક બતાવ્યાં, જે સહુએ રસપૂર્વક નિહાળ્યાં. પછી ત્યાંથી અમે સીધા જ ગીરા ધોધ ઉપર ગયાં, રીતસરનો આ ધોધ અમે માણ્યો, પુષ્કળ ફોટોગ્રાફી કરી, બધાંએ લીંબુપાણી પીધું, વાંસની ગીફ્ટ આઈટમોની ખરીદી કરી. ત્યાંથી અમે બોટોનિકલ ગાર્ડન ગયાં. જો બોટોનિકલ ગાર્ડન આરામથી ફરવું હોય તો ચારથી સાડા ચાર કલાકનો સમય જોઈએ. બોટોનિકલ ગાર્ડનની સ્થાપના તા.૧-૫-૧૯૬૬ના રોજ કરવામાં આવી હતી, જે ૨૪ હેક્ટરમાં ફેલાયેલું છે. ગાર્ડનમાં પ્રવેશતાં જ ગ્રીન હાઉસ છે, પછી અલગ અલગ પ્લોટો આવેલાં છે, જેવાં કે, ડ્રાય ડેસીડ્યુઅસ પ્લોટ, ટેક્ષોનોમી પ્લોટ, મોઈસ્ટ ડેસીડ્યુઅસ પ્લોટ, મેડીશનલ પ્લોટ, બામ્બુ પ્લોટ, સ્કબ થોર્ન ફોરેસ્ટ, એવરગ્રીન પ્લોટ, ડાંગ પ્લોટ, આરોગ્ય વન વગેરે.

અહીં ફક્ત મેડિશનલ પ્લોટની ટૂંકમાં વાત કરું તો આપણી પ્રાચીન આર્યુવેદિક વિદ્યામાં વપરાતાં અલગ અલગ ઔષધના લગભગ બધાં જ છોડ ડાંગમાં જોવા મળે છે. અમે જે છોડ જોયાં તેમાંથી થોડાક છોડની માહિતી આપું તો–

કચુરો - સોજો તથા કૃમિ માટે. પેલટા - તાપડિયા અળઈ માટે. કાળી કારવ - સર્પદંશ ઉપર, લોંબીયા આચૂક - પેટના રોગ, પેટનો દુઃખાવો, ગાંઠ માટે. જંગલી સુરણ - ગુમડા પર લેપ લગાડવા માટે. આંબા હળદર - સોજો, આધાશીશી માટે. વડવાળીયો - ઝાડા બંધ કરવા, કોલેરામાં ઉપયોગી. વિદારીકંદ - બાળપુષ્ટિ, પ્રમેહ, પેટની ગાંઠ ઓગાળવા માટે. દિવેલો - પેશાબની તકલીફ માટે. ઉપરસલી - વાયુના રોગ માટે. મરી - શરદી માટે બીજ ખાવું. સાલપર્ણી - મૂઢ માર માટે રસ પીવો. પુત્રંજીવા - હાથ-પગ પર સોજો આવ્યો હોય ત્યારે લગાડવા માટે.

બીજી અસંખ્ય ઔષધિઓના છોડ ત્યાં આવેલાં છે. જેનો અહીં ઉલ્લેખ કરતો નથી, પરંતુ જેનાથી ઘણાં અસાધ્ય રોગો મટી શકે છે. અહીંના ગામડાંઓમાં આર્યુવેદિક સારવાર 'ભગત' કરતા હોય છે. જ્યારે IAS શ્રી એસ. કે. નંદા અહીંના કલેક્ટર હતા ત્યારે તેમણે ભગતમંડળીની સ્થાપના કરી હતી. આજે પણ આ આર્યુવેદિક ભગતમંડળી ચાલે છે.

પછી, ત્યાંથી અમે સાગના લાકડાંનું ફર્નિચર બનાવતા વનીલ ઉદ્યોગ તરફ ગયા અને ત્યાંથી અમે વાંસનું ફર્નિચર બનાવતો ઉદ્યોગ પણ જોયો. વાંસનું સીઝલીંગ થાય એટલે વાંસ લાંબો સમય ટકી રહે છે. હાજર બધાંને વાંસનું ફર્નિચર ખરીદવાની ઈચ્છા થઈ આવી હતી. પછી, ત્યાંથી નજીકની સારી હોટલમાં આરામથી અમે ભાવતાં ભોજન લીધાં હતાં.

લન્ચ બ્રેક પછી વાંસદા નેશનલ પાર્ક પહોંચ્યાં, ત્યાં પ્રવેશતાં જ રસ્તાની ધારે ઊગેલી આમલીના ઝાડ પરથી વિદ્યાર્થીઓ કાતરાં ઊતારતાં હતાં. કાતરાં ઊતારતાં આમલીની ખટાશ ટેરવાની ટશરોમાં ભળે અને ત્યારે જીવનનો સાચુકલો અને અનેરો સ્વાદ મળે. વાંસદા નેશનલ પાર્કમાં અડાબીડ જંગલ આવેલું છે. ડાંગમાં અમુક વર્ગ મધમાખીનું મધ કાઢવાનો વ્યવસાય કરે છે. દરેકના રીતરીવાજો અલગ હોય છે. અમારા ટીમલીડર પ્રદીપભાઈ ગામીતના સઘન પ્રયત્નોથી અમને વ્યાજબી ભાવે શુદ્ધ મધ મળી ગયું હતું. નવતાડ, મહાલનું અભ્યારણ વગેરે જોતાં જોતાં, સાંજે થાકીને ઠુસ્સ થઈને અમે અમારા ઉતારા પર પરત આવ્યાં હતાં. આ રીતે શૈક્ષણિક પ્રવાસમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓની સાથે સાથે ડાંગના નૈસર્ગિક સૌંદર્યને નિહાળવાનો અમે અભૂતપૂર્વ લાહવો માણ્યો હતો.

ગુજરાતી, અંગ્રેજી, મેથ્સ-રીઝનીંગ, વિજ્ઞાન અને ઇતિહાસ વગેરે ટાઈમટેબલ મુજબ ભણીને અમે શિબિરના અંત તરફ આવી ગયાં હતાં. ૨૯મી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ સવારે આઠ ત્રીસથી દસ ત્રીસનું છેલ્લું લેક્ચર હતું, પછી પ્રત્યેક વિદ્યાર્થીએ પોતાનો ફીડ-બેક લખીને તો આપ્યો જ, સાથે સાથે ઊભા થઈને જાહેરમાં બોલીને પણ પોતાની લાગણી વ્યક્ત કરી હતી. ઘણાંની આંખમાં આંસુ હતાં. આ આખો પ્રસંગ લાગણીસભર હતો, જે સહુને લાંબા સમય સુધી યાદ રહેશે.

સવારથી જ અમારી બસ અમારે આંગણે આવીને ઊભી રહી ગઈ હતી. જે બધાંને જાણે કહેતી હોય કે બેગ-બિસ્તરા જલ્દી બાંધી લો, હવે અહીંથી વિદાય લેવાનો સમય આવી ગયો છે. ફરી એકવાર વિદાયની વેળાની સાંજ ઉતરી આવી હતી.

યાદ કર્યાનાં અજવાળામાં સાંજ ઢળી ગઈ
સાત રંગના સરવાળામાં સાંજ ઢળી ગઈ
એક અમસ્તા ટહુકામાં તરબોળ થયા ત્યાં
શ્વાસ લીધાના વચગાળામાં સાંજ ઢળી ગઈ.

આ સાંજ એક સાથે કૈં કેટલાંય ભાવોના પડછાયાને વિસ્તારતી હોય છે, ઢળતો સૂરજ એક જ હોય છે, પણ દરેક વ્યક્તિની સાંજ જુદી જુદી હોય છે. સાંજ સાથે બે ક્રિયાપદો જાણીતાં છે – સાંજ પડી ગઈ, સાંજ ઢળી ગઈ. આ 'પડવું' અને 'ઢળવું' બંને એક ગમગીની વ્યક્ત કરે છે. બધાં જ શિબિરાર્થીઓ સાંજનું વાળું કરીને, એકમેકની સગવડ સાચવતાં, પ્રેમપૂર્વક બસમાં ગોઠવાઈ ગયાં હતાં. કેથરિનબહેને પ્રાર્થના કરાવી અને બસ ઉપડી હતી. લાગણીથી બધકતાં ક્રિશ્ચિયન યુથને જોતાં મને તે વખતે જાણીતા શાયર જાવેદ અખ્તરે તેમની દીકરી ઝોયાએ જીવનમાં કયો રસ્તો પસંદ કરવો તે માટે લખેલી કવિતા યાદ આવી-


'યે જીવન ઈક રાહ નહીં ઈક દોરાહા હૈ
પહલા રસ્તા બહુત સરલ હૈ
ઈસમેં કોઈ મોડ નહીં હૈ
ઈસ રસ્તે પર મિલતે હૈ
રીતો કે આંગન, રિશ્તો કે બંધન.
ઈસ રસ્તે પર ચલનેવાલે
ખુદ કો ખોકર જગ પાતે હૈં
ઉપર ઉપર તો જીતે હૈં
અંદર અંદર મર જાતે હૈં
દૂસરા રસ્તા બહુત કઠિન હૈ
ઈસ રસ્તે મેં કોઈ કિસીકે સાથ નહીં હૈ
ઈસ રસ્તે મેં ધૂપ હૈ, કોઈ છાંવ નહીં હૈ
યે ઉન લોગો કા રસ્તા હૈ
જો ખુદ અપને તક જાતે હૈ.
તુમ ઈસ રસ્તે પર હી ચલના.
મુજે પતા હૈ, યે રસ્તા આસાન નહીં હૈ
લેકિન મુઝકો યહ ગમ ભી હૈ
તુમ કો અબ તક ક્યું અપની પહચાન નહીં હૈ?!

બરાબર એ જ વખતે અમારી બસ સાપુતારાના પર્વતો ઊતરી રહી હતી અને વિદ્યાર્થીના બે ગ્રુપમાં અંતાક્ષરીની રમત શરૂ થઈ ગઈ હતી. એક ગ્રુપે કોરસમાં ગીત ગાયું, 'તેરી ગલીયાં ગલીયાં...' જ્યારે બીજા ગ્રુપના શબ્દો હતા 'જબ કોઈ બાત બિગડ જાય, જબ કોઈ મુશ્કિલ પડ જાયે, તુમ દેના સાથ મેરા...' આમ સાપુતરાની અમારી અવિસ્મરણીય શિબિર પૂરી થઈ ગઈ હતી. જય ઈસુ.

અમે તો અહીંથી જશું, પરંતુ અમે ઉડાડ્યો ગુલાલ રહેશે,
ખબર નથી શું કરી ગયા, પણ કરી ગયા તે કમાલ રહેશે.!

**(શિબિર આયોજક શ્રી રાજુલભાઈ બિપિનભાઈ આઝાદ દ્વારા આલેખન)**

## વિદ્યાર્થી મિતેષે સાપુતારા ખાતે આપેલો પોતાની ફીડ-બ્રેક, તેના પોતાના જ શબ્દો અને અક્ષરોમાં



સાપુતારા કાર્યશિબિર

તા. 19/10/14 થી તા. 27/10/14 સુધી સાપુતારા મુકામે યોજાયેલ કાર્યશિબિર અદ્ભુત હતી.

આ કાર્યશિબિરના મુખ્ય આયોજક શ્રી અતુલ [illegible] આપેલી વિવિધ વ્યવસ્થાઓ નાની નાની બાબતોનું પણ ખૂબ જ ધ્યાન રાખ્યું હતું. રહેવાની વ્યવસ્થા, જમવાની વ્યવસ્થા, ફરવાની વ્યવસ્થા, ગરમ પાણીની વ્યવસ્થા, કપડાં ધોવાની વ્યવસ્થા, ફેકલ્ટીની વ્યવસ્થા અફલાતૂન હતી.

આટલે દૂર સુધી વિદ્યાર્થીઓને લાવવા ને તેમને સાચવવા એ ખરેખર ઘણું જ કઠિન હતું પરંતુ તેમના પ્રેમાળ ને નમ્ર વ્યક્તિત્વને લીધે આ બધું જ સરળ બન્યું. સામાન્ય લેવલે જ્યાં એક સાદું ભોજન મળે ને ફેકલ્ટીની વ્યવસ્થા કરવામાં આવે તો પણ ૩૫૦૦ રૂ. ના પરવડે. તેની જગ્યાએ આટલે દૂર, કુદરતના સાનિધ્યમાં, નવા જ વાતાવરણમાં આવી વ્યવસ્થા કરવી ખરેખર કાબિલે તારીફ છે.

દરેકે દરેક દિવસનું ભોજન તેમજ નાસ્તો ખૂબ જ અદ્ભુત હતા. વળી ટાઈમટેબલ કોઈ બેસાડવામાં આવ્યું નહીં કે પણ એક સુંદર આયોજન કે વિદ્યાર્થીઓના હિતમાં તેમને અનુરૂપ આયોજન કરવામાં આવ્યું.

શું અતુલભાઈએ આ બધું આયોજન તેમના માટે કર્યું હશે? બિલકુલ નહીં. તેમનો એક જ આશય છે કે તેમના બધા બાળકો સારી સારી નોકરી મેળવે. તેમને ખબર છે કે કદાચ નોકરી મળ્યા પછી કોઈ તેમને યાદ પણ નહીં કરવાના. પણ તેમનો આ સ્વભાવ સદા હંમેશા આપવાનો જ છે. આજકાલ દરેક જગ્યાએ વ્યક્તિઓ પ્રોફેશનલ થઈ ગયા છે ત્યારે આ આધુનિક દુનિયામાં કોઈનું ભલું કોણ કરે ભલા?

સાહેબને મારે એટલું જ કહેવાનું છે કે જે લોકોને નિઃસ્વાર્થ મદદ કરે છે તેમને ભગવાન કદી નિરાશ નહીં કરે. આ કાર્યની સુવાસ હંમેશા પ્રસરતી જ રહેશે. ભલે તમને કોઈ Thank You ન કરે પણ અમારી દરેકની જિંદગી પર આપની છાપ હંમેશા રહેશે જ.

તમે જે કર્યું છે એ કદાચ અમારા મા બાપ પણ ન કરે. આટલા તો પણ પૈસા આપીને છૂટી જાય. એટલા માટે અમારી ચિંતા કરવા બદલ, અમને આપના બાળક ગણવા બદલ, આ સપનાને સાકાર કરવા માર્ગદર્શન આપવા બદલ અને હંમેશા અમારું હિત ઈચ્છવા બદલ Thank You Sir.

હવેની આવી શિબિરમાં જો વધારે અભ્યાસ અંગે વધારે sessions હોય તેવા વિદ્યાર્થીઓ જોડાય તો વધારે સારું output મળી શકે. બાકી આયોજનમાં કોઈ જ ખામી નહીં એ ઘણી અદ્ભુત આયોજન કહેવાય.

Thank You Very Much Sir
From bottom of my heart
Mitesh (Petlad)

# અમારી સાપુતારાની અવિસ્મરણીય શિબિર



સાપુતારામાં પોતપોતાના ગ્રુપમાં સાંજે ૫ થી ૭.૩૦ વાગ્યા સુધી ફરવા જતા વિદ્યાર્થીઓનું એક ગ્રુપ; કે જેમાં જમણી બાજુથી શ્રેયસ, નિકુંજ, કિંજલ, કેથરિન, રીંપલ, પ્રિયંકા, ઈશ્વર, ગુંજન અને જોઈસીને નિહાળી શકાય છે.



એક દિવસ ડાંગના પ્રવાસે નીકળ્યા ત્યારે હોટલમા અમારા વિદ્યાર્થીઓ સ્પંદન, અર્પિત અને સ્મિથ પોતપોતાનાં ટેબલ પર ભાવતાં ભોજન લઈ રહ્યાં છે.



સાપુતારામાં ક્લાસને સંબોધતા શિબિર સંચાલક શ્રી રાજુલભાઈ આઝાદ.



સાપુતારા ખાતે ક્લાસરૂમમાં નવ-નવ કલાકનું સતત શિક્ષણ લઈ રહેલાં અમારાં વિદ્યાર્થીઓ.



ડાંગની અંબિકા નદીમાં વિદ્યાર્થીઓ મસ્તીમાં પાણીમાં પગ પલાળી આનંદ લૂંટે છે. વિદ્યાર્થીઓમાં કેથરીન, જોઈસી, મિત્તેષ સ્નેહલ ગ્રેના, ગુંજન, શ્રેયસ, સ્પંદન વગેરે દૃષ્ટિગોચર થાય છે.



ફાધર ટોનીના પ્રેમાળ આમંત્રણને સ્વીકારીને શિબિર સંચાલક શ્રી રાજુલભાઈ આઝાદ, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ શામગહનની સેંટ ઝેવિયર્સ સ્કૂલ, હોસ્ટેલની મુલાકાતે.

*(નોંધઃ ઉપરના ફોટાઓ અમારાં વિદ્યાર્થીઓ ડેનિશ, મિત્તેશ, શ્રેયસ, અને જેનિસને લીધાં છે)*

# અમારી સાપુતારાની અવિસ્મરણીય શિબિર



સાપુતારા ગીરામાતાના ચર્ચ આગળ ગ્રુપ ફોટોગ્રાફમાં ફાધર ઈશવાન ગામીત સાથે શિબિર સંચાલક રાજુલભાઈ આઝાદ, ફેકલ્ટી કૈલાશભાઈ, વિનયભાઈ, વિદ્યાર્થીઓમાં પ્રદીપ ગામીત, ગ્રેના, સિલવિયા, જોઈસી, ગુંજન, સ્નેહલ, કેથરીન, જૈમીની, દિપલ, રીંપલ, પ્રિયંકા, ક્રિના, સ્નેહલ, અંકિતા, જેનિસન, સાયમન, લુઈસ, ગોડફ્રી, રામદાસ, સેમ્યુલ, ચંદુભાઈ, નીરજ, ઈશ્વર, મિતેષ, શ્રેયસ, અર્પિત, સ્પંદન, ક્રિશ, સ્મિથ, દિવ્યાંક, નિસર્ગ, ગુલશન અને નિર્મિત વગેરે દૃષ્ટિગોચર થાય છે. આ ફોટોગ્રાફ અમારાં વિદ્યાર્થી ડેનિસે લીધો છે.



# અશ્રુભરી શ્રદ્ધાંજલિ



દીકરી સોફિયા,

સ્વજનોની પ્યારી, તું હતી નિરાલી...
સમય જિંદગીનો ઓછો હશે, તે ક્યાં હતી ખબર?

વિદાય તારી અણધારી હશે, તે ક્યાં હતી ખબર?
સૂનું થઈ ગયું છે અમારા ઘરનું આંગણું.
આંખો શોધે છે ઘરમાં તને
મન નથી માનતું નથી કે તું હયાત નથી.
જીવનની જ્યોત અચાનક ઝબકીને બુઝાઇ ગઈ.

રહી ગઈ આશા અધૂરી ને આંખડી મિંચાઈ ગઈ.
જ્યારે જ્યારે સ્મરણ તારું થાય છે,
ત્યારે મન મૂકીને રડીએ છીએ અમે.
મમ્મી અને બહેનોને મઝધારે મૂકીને તું કેમ ચાલી નીકળી.
વિદાય એવી લીધી કે મન માનતું નથી.
હૃદયના ઘા રૂઝાશે નહિ, મૃત્યુનાં આંસુ કદી સુકાશે નહિ.

સમય વિતતો જશે પણ તારી યાદ અકબંધ રહેશે.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું એજ આશા સાથે


**સ્વ. સોફિયા અમીન ભાણજી**
**જન્મ : ૦૬-૦૮-૧૯૭૫**
**મરણ : ૧૫-૧૦-૨૦૧૪**



**લિ. જશી અમીન ભાણજી (મમ્મી)**
**રેહાના - રોઝી**
35, Farm avenue, Middle Sex - HAO 4UY , Wembly, London

**કમુબેન જી. મેકવાન**
**મુકેશ - શીલા**
**રેખા, પૂજા, મૈયુરી, વિશાલ, નિખિલ**
૨, જે.કે. પાર્ક, મિશન રોડ, નડીઆદ

**માર્ટિન ડી. મેકવાન**
**દયા**
**તથા બાળકો**
૨, ન્યુ રવિકુંજ સોસાયટી, આણંદ



# શ્રદ્ધાસુમન



'હે મૃત્યુ, તારો વિજય ક્યાં? ઓ મૃત્યુ, તારો ડંખ ક્યાં?'
(૧ કરિંથ ૧૫:૫૫)

## સ્વ. જોસેફભાઈ સિમોનભાઈ પરમાર

**આલોકે આગમનઃ ૨૪-૧૨-૧૯૫૫**

**પરલોકે ગમનઃ ૨૦-૧૦-૨૦૧૪**



વ્હાલા પપ્પા,

ઘરને અજવાળતા અમારા પપ્પા સ્વ. શ્રી જોસેફભાઈ...!

મનમાં દુઃખ કરીએ તો દુઃખ થાય. દુઃખ ગણીએ તોય દુઃખ થાય. પરંતુ જો એ દુઃખને દુઃખ જ ન ગણીએ તો દુઃખ ન થાય.

આ તો સંસાર છે. સંસારમાં ભાતભાતના અને જાતજાતના લોકો વસે છે. એમના ચહેરા અલગ અલગ છે એટલે વિભિન્નતા તો રહેવાની જ. અને જેટલી વિભિન્નતા હોય એટલા મતભેદ હોય. આ મતભેદ જ માનવીને પીડે છે અને એની માનવતાને મિટાવી દે છે. પરંતુ જેમ નાનકડો દીવો, ભલે નાનકડો હોય એની વાટ નાની હોય છતાંય એ એના ઘરના ખૂણાને તો અજવાળી શકે છે, પ્રકાશિત કરે છે. એ અંધકારને દૂર કરે છે.

એમ ભલે ને...! જોસેફભાઈ એ... જોસેફભાઈ જ હોય. પરંતુ એ તો ઘરનો દીવો હતા. કુટુંબની જ્યોત હતા. સંસારની એ તેજરેખા હતા અને જીવનની વિકાસ રેખા હતા. તેથી જ એ દુઃખ અમને સુખમય બનાવે છે. સંસારના સિતમોને ઘોળી ઘોળીને પી જઈને અમૃત અર્પે છે. દુઃખને દૂર કરી એ સૌને સુખની સેજમાં સુવાડે છે. અમારા પપ્પા જોસેફભાઈ, એ તો ઘરનો દીવો હતા.

"અમારા પરિવારને સાંત્વના અને હૂંફ આપનાર સૌનો અંતઃકરણથી આભાર!"

આપે જીવનપર્યંત સખત પરિશ્રમ કરીને, હંમેશાં કુટુંબની જવાબદારી વફાદારીપૂર્વક નિભાવીને, આધ્યાત્મિક જીવન જીવીને, આજે અમે સૌ કોઈ જે કાંઈ પણ છીએ, આપના આશીર્વાદના પ્રતાપે છીએ. તમારો પ્રેમાળ સ્વભાવ, ઉદ્યમી જીવન, ધર્મપરાયણતા, ઉદારતા, કૌટુંબિકભાવના, સહનશીલતા અમારા હૈયામાં અખંડ રહેશે.



તમે અમારામાં સિંચેલા સંસ્કારો અને પ્રેમની સુવાસ સદાય મહેંકતી રહેશે. તમારાં અધૂરાં સ્વપ્નો પૂરાં કરવાની શક્તિ પ્રભુ અમને આપતા રહે. પુનરુત્થાનની રમ્ય પ્રભાતે મિલનની આશામાં...

**અમારી મમ્મી જોસ્ફીનાબેન જોસેફભાઈ પરમાર**
**આપનાં બાળકો અને સમગ્ર પરિવાર**

પરેશ - પ્રિયંકા    પિયુષ - વિભૂતિ - આરોહિ    કિર્તી - રોબિન - પરિ

રેગીનાબેન
પાઉલભાઈ - એલીશાબેન
સવિતાબેન - જોનભાઈ

'પરિશ્રમ'
૧-રામા ટ્વીન્સ બંગ્લોઝ
મિશન રોડ, કરમસદ - ૩૮૮૩૨૫

'પરેશ ઈન્ડસ્ટ્રિઝ'
સી/૧, બી-૪૧૨, જી.આઈ.ડી.સી.
વિઠ્ઠલ ઉદ્યોગનગર - ૩૮૮૧૨૧

મો. +૯૧૯૮૨૫૫૭૧૪૫૫    ફોનઃ ૦૨૬૯૨-૬૫૩૬૮૩


# શ્રદ્ધાસુમન

'કોઈપણ જીવતો મનુષ્ય જે મારામાં શ્રદ્ધા રાખશે તેને કદાપી મૃત્યુ નહીં આવે.'

**સ્વ. પંખ્રાસભાઈ પી. હિલવાલા**


**આલોકે આગમનઃ ૨૫-૧૨-૧૯૩૬**

**પરલોકે ગમનઃ ૨૩-૧૨-૨૦૦૯**



જોતજોતામાં આપની વસમી વિદાયને પાંચ-પાંચ વરસનાં વહાણાં વહી ગયાં. જોકે, પવિત્ર આત્માથી તમે સભર ભર્યા હતા એથી આજે પણ અમારાં હૃદયમાં જીવંત છો. પરમપિતાએ સોંપેલી યોજના તમે શ્રદ્ધા-આશા અને પ્રેમ સાથે પૂર્ણ કરી. ઈશ્વર ઉપરની શ્રદ્ધા અને હિંમતની દાદ તો પરિચિતો આજે પણ આપે છે.


ઈસુ ખ્રિસ્તરૂપી સાચા દ્રાક્ષના વેલાની સાથે જોડાયેલી ઉત્તમ ડાળી તમે હતા. પિતા દ્વારા છટણી પામેલી આ ડાળે ઉત્તમ ફળો આપ્યાં છે. એમાનાં એક ઉત્તમ બીજનું તમે જતાં પહેલા જતન કર્યું. એને ખીલતું જોઈને તમારું અંતર આનંદથી ઉભરાઈ જતું હતું, ઝળાંઝળાં થઈ જતું હતું. તમારાં વંશનો એ વિજયપતાકા ફરકાવશે. તમારી લીલીવાડીના આ પુષ્પો અને ફળો ન્યાય અને ધર્મની આણ વર્તાવતા રહે એ માટે પિતાના સાયુજ્યમાં તમે વિનંતી કરતા રહેજો.





**લિ. ખ્રિસ્તમાં આપનાં**
**રેગીના તથા સમસ્ત પરિવાર**
**અમદાવાદ**

# બાઈબલ ડાયરી – ૨૦૧૫




**Hardbound:** Rs. 150.00
**Paperback:** Rs. 120.00

## ‘બાઇબલ ડાયરી’માં

નીચેની બાબતોનું સુગ્રથન કરવામાં આવ્યું છે.

૧. રવિવારના દિવસનાં ત્રણ વાંચન અને બાકીના અન્ય દિવસનાં બે વાંચન.
૨. હરેક વાંચન ઉપર મનનચિંતન.
૩. તારીખ અને સંતનાં નામ.
૪. દરરોજનની સ્તોત્રમાળા.
૫. પ્રત્યેક દિવસ માટે નોંધ લખવાની જગ્યા.
૬. જાહેરાત આપનારનો અંગત હેતુ અને સરનામું.
૭. ‘સમર્પિત વર્ષ’ની ઉજવણીને ધ્યાનમાં રાખી, ગુજરાતને કર્મભૂમિ બનાવી સમર્પિત જીવન પસાર કરી, સ્વર્ગસ્થ સાધ્વીબેનો તેમજ પુરોહિતગણની નામાવલિ.

**નિયામક**
**ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ**



PAVAN HRUDAYA DOOT, December, 2014 No. of Pages 88 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2012-16 and LWPP-02. Licensed to post without Prepayment Up to 31.12.2016
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.






Publisher's & Printer's Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan